'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'નાં ૬૮ ગ્રંથોમાંથી ઉદ્ધૃત કરેલ

# પરમ ભદ્રંકર પ્રશમથી કષાયોનો પ્રતિકાર

|| ૧૨ ||



પ. પૂ. પંન્યાસ શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય

સંકલન : પંન્યાસ વજસેનવિજય ※ આચાર્ય હેમપ્રભસૂરિ

ક્રોધ, માન, માયા, લોભ, મોહ, મદ, મત્સર, રાગ, દ્વેષ, તપસ્યા

ક્રોધથી પિત્ત, લોભાદિથી [illegible] વાયુ, માયાથી કફ અને
માન [illegible] મોહથી ત્રિદોષ ક્ષોભ પામે છે.

ક્રોધિત મગજને વધારે લોહીની જરૂર પડે છે.
આ વધારાનું લોહી નાના મગજ તરફ જતાં લોહીના
પ્રવાહમાંથી મોટું મગજ ખેંચી લે છે, તેથી ક્રોધિત માનવના
મુખ અને આંખ લાલ બની જાય છે. નાનું મગજ અને
તે અંગોના જ્ઞાનતંતુઓ શક્તિહીન બને, ત્યારે તેનો દમ,
લોહી દબાણ, લકવો, કીડનીના રોગો વગેરે લાગુ પડે છે.
અભિમાન મહાસાગરમાં વાયુ-પિત્ત-કફ ત્રિદોષોમાં ઓટ્ટી સાથે
ઉત્પાત મચાવતા નાના-મોટાં વ્યાધિઓથી પીડાતો રહે છે.

પરમ પૂજ્ય સકલાગમરહસ્યવેદી

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય દાનસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કર્મસાહિત્ય નિષ્ણાંત

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય પ્રેમસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કલિકાલકલ્પતરૂ

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય અધ્યાત્મયોગી

**પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય**

॥ श्री शिवंकराय भद्रंकराय नमोनमः ॥

પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજા



मयि तद्रुपं सोऽहं ।
પરમાત્માનું રૂપ મારામાં છે અને તે જ હું છું.

આગમન : સંવત ૧૯૫૯ ને માગશર સુદ ત્રીજ (ઇ.સ.૧૯૦૨)
ઉર્ધ્વગમન : સંવત ૨૦૩૬ ને વૈશાખ સુદ ચૌદસ (ઇ.સ.૧૯૮૦)












**આ QR Code ઉપર મોબાઈલથી સ્કેન કરતાં જ આપને 'હસ્તાક્ષર થીમ સોંગ' સાંભળવા મળશે.**

'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'નાં ૬૮ ગ્રંથોમાંથી ઉદ્ધૃત કરેલ

# પરમ ભદ્રંકર પ્રશમથી કષાયોનો પ્રતિકાર

|| ૧૨ ||



**પ. પૂ. પંન્યાસ શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય**

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય * આચાર્ય હેમપ્રભસૂરિ

ક્રોધ, માન, માયા, લોભ, મોહ, મદ, મત્સર, રાગ, દ્વેષ, તપસ્યા

- **PARAM BHADRANKAR PRASHAM THI KASHAYO NO PRATIKAR**

  Personal Diaries comprising of thoughts regarding Anger, Ego, Illusion, Greed etc.
  by Pujya Panyashshri Bhadrankar Vijayji Maharaj.

---

- **VOLUME - 12**

  Year 2025 • સંવત્ ૨૦૮૧ • 500 Copies / 276 Pages • For Private Circulation only.

---

- **PUBLISHER**

  © Shri Bhadrankar Gyandeepak Public Charitable Trust - Rajkot

  team@mindfiesta.com

---

- **SPONSOR**

  Smt. Jayaben Chunilal Dodhia (Parasbhai)
  Halar | London

---

- **ENHANCED & DESIGNED BY**

  Bharti Deepak Mehta
  Fiesta Studios
  Pattani Bldg., M.G.Road, Rajkot - 1.
  bharti@mindfiesta.com
  +91 98252 15500

- **eBOOKS AVAILABLE AT**

  www.bhadrankar.com
  www.navkarday.com
  Amazon Kindle
  Telegram : HastaksharNuAkshayPatra




પૂજ્યપાદ્ અધ્યાત્મયોગસંપન્ન પરમ ગુરૂદેવ પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્યશ્રીનાં જીવનમાં આત્મસાત્ કરેલ ગુણો એટલે મૈત્રી-પ્રમોદ-કરૂણા-માધ્યસ્થ્ય. તેના વિપરીત દોષો એટલે ક્રોધ-માન-માયા-લોભ. જૈન શાસનમાં જો કાંઈપણ મુખ્ય ધ્યેય હોય, તો તે એક જ છે કે રાગ-દ્વેષના સર્વથા નાશ સાથે બંધ-ઉદય-ઉદીરણા અને સત્તાથી ક્રોધ-માન-માયા-લોભનો સર્વથા અભાવ કરવો.

અરિહંત પ્રભુના શરણથી મૈત્રી આવે અને ક્રોધ જાય, સિદ્ધના શરણથી પ્રમોદ આવે અને માન જાય, સાધુભગવંતોના શરણથી કરૂણા પ્રવેશે અને માયા જાય, ધર્મના શરણથી માધ્યસ્થતા આવે અને લોભ જાય. સર્વ જીવો મિત્ર છે-કોઈ દુશ્મન નથી, એ મૈત્રી. ક્રોધનો પ્રતિકાર મૈત્રી છે. ગુણવંતોને જોઈ આનંદ પામવો પણ તેમના પ્રત્યે દ્વેષ ન કરવો, એ પ્રમોદ. માનનો પ્રતિકાર પ્રમોદ છે. દુઃખી પ્રત્યે સહાનુભૂતિ બતાવવી પણ તિરસ્કાર ન કરવો, તે કરૂણા. માયાનો પ્રતિકાર કરૂણા છે. વિપરીત વૃત્તિવાળા પ્રત્યે ઉદાસીન ભાવ રાખવો પણ ધિક્કારવા નહીં. લોભનો પ્રતિકાર માધ્યસ્થ્ય છે.

આવા અનુપમ ચિંતનો માતુશ્રી **જયાબેન ચુનીલાલ દોઢીયા** પરિવાર એવં તેમના વિનયી સુપુત્રરત્ન **પારસભાઈ**ની આર્થિક ઉદારતાથી આપણા સુધી પહોંચી રહ્યા છે, તેઓનો તો કઈ રીતે ૠણસ્વીકાર કરવો, તે જ પ્રશ્ન છે તથા રાજકોટના સુશ્રાવિકા **ભારતીબેન દિપકભાઈ મહેતા**નો જ્ઞાનભક્તિપૂર્વકનો પુરૂષાર્થ અત્યંત પ્રશસ્ય છે! આ. મનમોહનસૂરિ

હેમપ્રભ વિ.

# મારા ઉપકારીના ઉપકારીનો
# કરું હું ઋણસ્વીકાર,
# કરી નતમસ્તકે નમસ્કાર!



પ.પૂ. અધ્યાત્મયોગી દાદાગુરૂદેવ પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજીગણિવર્યના જીવન અને જ્ઞાન વિશે મોટાગુરૂદેવ પં.વજ્રસેનવિજયજી મહારાજ ઘણી વાતો કરતા. અમને પૂજ્યશ્રીનાં દર્શન-વંદન-વાણીનો લાભ તો નથી મલ્યો, કિન્તુ ગુરૂદેવ પૂ.હેમપ્રભસૂરિજી મહારાજે જણાવેલ વાતો સુણી 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'નું વાંચન થતું, એટલે એ લેખિત હિતશિક્ષા ઉપર અહોભાવ તથા બહુમાન વધતાં જ ગયાં.' તેમાં પૂજ્ય ગુરૂદેવે વાત કરી કે: 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'ના ૬૮ ગ્રંથોમાંથી હવે વિષયવાર શ્રેણીઓ પ્રકાશિત થનાર છે, તેમાં લાભ લેવા જેવો છે. મને તત્ત્વજ્ઞાનથી ભરેલા સાહિત્ય માટે તો ખૂબ જ ભાવ, તેથી પૂર્વે 'આત્મસાધના માર્ગ', ૪૫ આગમ પેટી, ગુજરાતી 'શ્રી ઉપમિતિપ્રપંચ કથા' તથા મંત્રના ૭ ભાગનો લાભ મળેલ છે, તેમાં આ અંતિમ ૧૪ ભાગનો લાભ કેમ જતો કરાય?

પરમ દાદાગુરૂદેવ મારા ઉપકારીના ઉપકારી છે. તેઓની ઉત્તમ વાણી અનેકનું કલ્યાણ કરી રહી છે. આપણને ગમતી વાણી વધુમાં વધુ આત્માઓ સુધી પહોંચે, તેનો અનહદ આનંદ આનંદ છે. પરમાત્મા, પૂજ્ય દાદાગુરૂદેવ, પૂજ્ય મોટાગુરૂદેવ અને પૂજ્ય ગુરૂદેવના ઉપકારોમાં આ એક બહુ જ મોટા ઉપકારનો ઉમેરો થયો છે. આ ગ્રંથના વાંચન દ્વારા સૌને સમકિતની પ્રાપ્તિ થઈ આત્મવિકાસ થાય, તેવી અંત:કરણપૂર્વક પ્રાર્થના.



લંડન / હાલાર

પારસભાઈ ચુનીલાલ દોઢીયા

## ૫ આસ્રવ : મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય, યોગમાં

### 'કષાય' એટલે શું ?

'કષાય' શબ્દમાં 'કષ' એટલે ક્લેશ અથવા કષ્ટ અને
તેનો 'આય' એટલે લાભ, તે કષાય છે.
અભ્યંતરમાં પરમ શાંત સ્વરૂપ અને
અનંત જ્ઞાન આદિના ધારક જે પરમાત્મસ્વરૂપ,
તેમાં ક્ષોભ ઉત્પન્ન કરનાર તથા
બાહ્ય વિષયોમાં બાબતો પ્રત્યે ક્રોધાદિ
આવેશનું રૂપ ધારણ કરનારને 'કષાય' કહેવાય છે.

'ભક્તપરિજ્ઞા પયન્નો'માં કહ્યું છે કે...

'વિષયાસક્તિનું મૂળ કષાયો છે.
વળી કષાયોને જીત્યા સિવાય વિષયો જીતાતા નથી,
એ કારણે ક્રોધાદિ કષાયોના દુષ્ટ વિપાકો સમજી લઈને
પ્રશમ દ્વારા તેને જીતી લેવાનો તું ઉદ્યમ કર.
અહીં જગતને વિષે જે અતિ તીવ્ર દુઃખ કે સુખ છે,
તે સર્વ અનુક્રમે કષાયોની વૃદ્ધિ અને હાનિનું મૂળ છે.'

કષાયો ચાર છે : ક્રોધ - માન - માયા અને લોભ.

કષાયો આત્માની દુર્ગતિના કારણભૂત છે.

તેના દરેકના ચાર પ્રકાર છે.

તેમાં અનંતાનુબંધી (એક વર્ષ કરતાં વધુ ટકે તેવા) તે સમ્યક્ત્વની પ્રાપ્તિ અને ટકાવમાં બાધક છે, એટલે વર્ષ પુરું થતાં પહેલાં તેનો અંત લાવી, મોક્ષમાર્ગની નજીક આવવા માટે ક્ષમાપનાનું પર્વ પર્યુષણ આવે છે.

અનંતાનુબંધી ક્રોધ - માન - માયા - લોભ

સદ્ગુરુ ઉપરનો ક્રોધ એ અનંતાનુબંધી ક્રોધ છે,
આત્મજ્ઞાન - કેવળજ્ઞાન વડે ક્રોધ મૂળમાંથી હણાય છે.
સદ્ગુરુને હલકા પાડવા, તે અનંતાનુબંધી માન છે,
સદ્ગુરુના ગુણો ગોપવવા અને પોતાના
અછતા ગુણોને ય દેખાડવા, તે અનંતાનુબંધી માયા છે,
અન્યની સાચી પણ પ્રતિષ્ઠા ન સાંખવી તથા
પોતાની ખોટી પણ માન - પ્રતિષ્ઠા ઇચ્છવી,
તે અનંતાનુબંધી લોભ છે.

## ક્રોધ, માન, માયા તથા લોભ - ૪ કષાયો

કામ, ક્રોધ, લોભ - એ ત્રણે ય નરકનાં દ્વાર છે,
સર્વ અનર્થોનું મૂળ છે તથા
વ્યષ્ટિ અને સમષ્ટિ - ઉભયને અશાંતિનું કારણ છે.
તેમનું વિસર્જન કરી, અંતઃકરણને શુદ્ધ બનાવવા,
દેહાધ્યાસ (પશુતા)નો ત્યાગ કરી
આત્માના અસલ પરિપૂર્ણ સ્વરૂપનો અનુભવ અને
સમગ્ર જીવન દ્વારા તેનો પ્રાદુર્ભાવ કરવો,
એ જ જીવનનો ઉચ્ચતમ આદર્શ છે, પરમ સિદ્ધિ છે.
આત્માનું ચિન્તન, પરમાત્માનું સ્મરણ, જપ તથા ધ્યાન
એ આ અવસ્થા પ્રાપ્ત કરવાનો સર્વોત્તમ માર્ગ છે.

## આખર કઈ વસ્તુનો ત્યાગ કરવો જરૂરી ?

કામ, ક્રોધ, લોભ, મદ, માયા, કપટ, સ્વાદ, શૃંગાર, ચોરી
તથા આસક્તિ રૂપી ૧૦ વસ્તુનો ત્યાગ કરવો જોઈએ.

'લેને કો હરિ નામ હૈ, દેને કો અન્ન દાન;
તરને કો આધિનતા, ડૂબને કો અભિમાન.'

'હારિભદ્રીય આવશ્યક'માં કહ્યું છે તેમ...

'વિષય' એટલે ૫ ઇંદ્રિયના 23 વિષયો તથા
'વિકલ્પ' એટલે ક્રોધ - માન - માયા - લોભરૂપ ૪ કષાયો.
તે બેનું શમન = ઉપઘાતથી રહિતપણું = યાપનીય.
'કષાય' એટલે માનસિક ફીલીંગ, તે જ કર્મનો લેપ છે.
જો કષાય ન હોય, તો
કોઈપણ ક્રિયા જીવને બંધનમાં રાખી શકતી નથી.
કષાયોના અનેક વિકલ્પોનો સંક્ષેપ રાગ-દ્વેષમાં થાય છે.
અજ્ઞાન, મિથ્યાત્વ કે પ્રમાદ આદિ પણ
રાગ-દ્વેષના સંબંધથી જ કર્મબંધના કારણ ગણાય છે.
રાગ-દ્વેષની માત્રા વધે એટલે જ્ઞાન વિપરીત રૂપે પરિણમે.
કષાયની મંદતા થયાં વિના સમ્યક્ત્વ પ્રગટતું નથી,
કષાયની મંદતા થયાં વગર નિરાગ્રહીપણું આવતું નથી
તથા શાસ્ત્રો પણ સમ્યક્ પ્રકારે સમજાતા નથી.
કષાયની મંદતાથી પ્રાપ્ત થતો પ્રશમ ગુણ જ્યાં સુધી ન
આવે, ત્યાં સુધી સ્યાદ્વાદ લખ્યાં, તો પણ શું ?

કષાય = રાગ-દ્વેષવાળી પ્રવૃત્તિઓ.

જીવો પ્રત્યે અનુરાગ ન હોવો, એ જ વિષયાનુરાગ છે.

વિષયોનો રાગ એ સ્વરાગનો સૂચક છે.

જેનું નિવારણ સર્વ પ્રત્યેના અનુરાગથી જ થાય છે,
તેથી સર્વાનુરાગ જ વિષયો પ્રત્યેનો વૈરાગ્ય પદાર્થ છે.

કષાય હંમેશા પરની ભૂલને વિચારવાથી થાય છે,
નહીંતર કષાયનું કોઈ નિમિત્ત રહેતું નથી.

સ્વની ભૂલ જોનારનો તો કષાય જ શમી જાય છે.

મન એ જાગૃત બેઠું આત્માની અને દુરાગ્રહી છે.

વિષયો એ બળતા અગ્નિ, વિષધર સર્પ અને
ખુલ્લા તલવારની ધાર જેવા છે.

ઇંદ્રિયો દ્વારા તેનો યથેચ્છ ઉપભોગ લેવા-દેવામાં આવે,
તો અકૃત્રિમ આત્માનંદનો નાશ થાય અને ન લેવા-
દેવામાં આવે, તો મનને આઘાત થઈ વ્યાકુળ થાય છે,
તેથી જ્ઞાન વડે અને સદ્ગુરુના આશ્રય વડે
શનૈઃ શનૈઃ વિષયોથી મોકળા થવાનો અભ્યાસ કરવો.

## સાધુ કષાયનિરોધની અપેક્ષાએ વીતરાગ છે.

'નિરોધ' એટલે કષાયને ઉદયમાં ન આવવા દેવા અથવા કષાયો જો ઉદયમાં આવે, તો ફળ બેસવા ન દેવું, તે

કષાયરહિત અવસ્થા ગણાય છે.

કષાયનો મૂળથી ઉચ્છેદ અથવા ઉદયનિરોધ -

બંનેને વીતરાગ અવસ્થા કહેવાય છે.

કષાયનું બળ ઘટવાથી હાસ્યાદિ નોકષાયનું બળ ઘટે છે, તેથી વેદ-મોહનીય પણ ક્ષય પામે છે. અને ઉત્તરોત્તર અંતરાયથી મોહનીય અને મોહનીયથી અંતરાય ઘટે છે, જ્ઞાન-દર્શન વધે છે, આત્મશક્તિ-આત્મપ્રકાશ પ્રગટે છે. ક્રોધ-માન-માયા-લોભવિહીન જીવન શાંત બનાવે.

## કષાયો જીતાય છે ધર્મથી.

વૃત્તિઓને ચંચળ બનાવનાર પાંચે ઈન્દ્રિયોના વિષયો છે અને વૃત્તિઓને મૂઢ બનાવનાર ક્રોધાદિ ૪ કષાયો છે. જેને આત્મસ્વરૂપનું લક્ષ નથી, તેનું કષાયચક્ર ચાલુ જ રહે, શુભ પછી તેને તુરંત જ અશુભ આવે છે.

'जेण हु आराणे वहि णं विणा कलुसाण होइ उप्पत्ति ।
तो तज्जाइं ववसिणो कलुसजाइं चेव इच्छंता ॥'
'શ્રી નિશીથ પીઠીકા'ના આ શ્લોકનો ભાવાર્થ એ છે કે:
કષાયજયની ઇચ્છાવાળાએ વિષયોનો જય કરવો જોઇએ.

મમત્વના ત્યાગમાં વિષયોનો વૈરાગ્ય છે,
સમત્વના સ્વીકારમાં કષાયોનો ત્યાગ છે, જ્યારે
ભક્તિના અભ્યાસમાં ગુણાનુરાગનો વિસ્તાર છે.

સત્ક્રિયાઓ આત્મસ્વરૂપ ઉપર કેન્દ્રિત થવાના અભ્યાસરૂપ સાંસારિક મોહના નાશના પરમ ઉપાયરૂપ છે. કહ્યું છે કે:

'जत्थय विसय विराओ कसायचाओ गुणेसु अणुराओ ।
किरियासु अप्पमाओ सो धम्मो सिवसुहोवाओ ॥'

અર્થાત્: જે ધર્મમાં વિષય પ્રત્યે વૈરાગ્ય, કષાયનો ત્યાગ, ગુણ પ્રત્યે અનુરાગ અને ક્રિયામાં અપ્રમત્તતા રહેલ,
તે ધર્મ શિવસુખનો ઉપાય છે.

કષાયથી મુક્ત થયેલો આત્મા મોક્ષ છે,
પરમાત્મા સિવાય સંસારમાં કશું શાશ્વત છે નહીં.

ભગવાન ભવથી મુક્ત થયાં છે, એટલે
વિષય - કષાયથી રહિત થયાં છે.

વિષય - કષાયથી મુક્તિ ઈચ્છવી, તે ભગવદ્ બહુમાન છે.
દોષ - દર્શનરૂપ વૈરાગ્ય વડે વિષયોમાંથી મુક્ત થવાય છે.
ગુણદર્શન રૂપ ભક્તિથી કષાયમુક્તિ મળે છે.
કષાયની ઉત્પત્તિ વિષયના રાગમાંથી છે, તેથી
વિષયોમાં દોષદર્શન કરવા દ્વારા મંદ પડેલા કષાયો
જીવોમાં રહેલાં ગુણદર્શનથી નિર્મૂળ થાય છે.
દોષદર્શન કષાયોને પાતળા પાડે, ગુણદર્શન નિર્મૂળ કરે.
તેનો અર્થ છે: વિષયોમાં દોષ અને જીવોમાં ગુણ જોવા.

'नाऽहं नारको नाम न तिर्यंचं नाऽपि मानुषः ।
न देवः किन्तु सिद्धात्मा सर्वोऽयं कर्मविक्रमः ॥'

આ જીવ શરીર નથી, કષાય નથી, કર્મ નથી એટલે કે
મનુષ્ય, તિર્યંચ વગેરે નથી, પરંતુ આત્મા છે,
એમ જોતાં જ રાગ - દ્વેષ, ભય કે આસક્તિ જતાં
આત્મા સમભાવપૂર્વક રહી આત્માનંદને અનુભવે છે.

## અનંતાનુબંધી ક્રોધ - માન - માયા - લોભ એટલે શું ?

ક્રોધ : પરાધીનતાનો અને રાગ-દ્વેષ રૂપ ઔપાધિક ભાવોનો આદર અને સ્વતંત્ર ચિદાનંદ આત્માનો અનાદર કરવો, તે અનંતાનુબંધી ક્રોધ કહેવાય છે.

માન: 'પરવસ્તુ અને નિમિત્તરૂપ કર્મ મને રાગ, દ્વેષ, મોહ કરાવે છે અને હું પરનું કરી શકું છું' એમ માનવું, તે અનંતાનુબંધી માન છે.

માયા : અક્રિય, સ્વતંત્ર સ્વભાવ ન માનવો, દેહાદિ, રાગાદિથી ઠીક માનવું, તે અનંતાનુબંધી માયા છે.

લોભ: 'પરવસ્તુમાં હું લોભાઈ ગયો, પુણ્યાદિ સાધન રહે, તો મને ગુણ થાય. શુભાશુભ ભાવ મારા છે, તેનો હું કર્તા છું' વગેરે પ્રકારે મૂર્છાઈ જવું, તે અનંતાનુબંધી લોભ છે.

આટલું યથાર્થ નક્કી થતાં, અનંતા પર સાથેનો અનંતા કર્તાપણાનો તીવ્ર રાગ-દ્વેષ ઘટી જાય છે, તે જ અનંતાનુબંધી કષાયનો નાશ છે.

ચારિત્ર ઘટે છે તેમ ૬ 'આતતાયી' કયા કયા છે?

૬ 'આતતાયી' છે : ક્રોધ, માન, માયા, લોભ, મદ, કામ.

તથા 'જિન' યાને ક્રોધ - માન - માયા - લોભને જીતનારા.

કષાયોની ઓછપ વિરતિ સ્થિરતા લાવે, કિન્તુ
જે અનંતાનુબંધી કષાય - મિથ્યાદર્શનશલ્યમાં જોડાયો છે,
તેને સાચા નિમિત્તનું કાંઈ બહુમાન કે ભક્તિ નથી જાગી.
કષાય વિના બાહ્ય સામગ્રી કાંઈ સુખ - દુઃખની દાતા
નથી. કષાય તે સર્વ આકુળતામય છે, તથા ઇંદ્રિયજનિત
સુખોની ઇચ્છા કે દુઃખોનો ડર એ ભય છે.

પરમેષ્ઠિ સ્તુતિ આદિ કષાયની મંદતાપૂર્વક હોય છે,
તે સમસ્ત કષાયભાવ મટાડવાનું સાધન છે, તથા
શુદ્ધ પરિણામનું કારણ પણ ગણાય છે.

પૌદ્ગલિક લાભ માટે થતી અરિહંત ભક્તિમાં
કષાયની તીવ્રતા હોવાથી પાપબંધ થાય છે.

વળી જિનાજ્ઞાભંગના ભયવાળાનો, સૂક્ષ્મ તત્ત્વવિષયક
ભય તીવ્ર કષાયનું કારણ ન હોવાથી મોક્ષબાધક નથી.

"त्रिविधं नरकस्येदं, द्वारं नाशनमात्मनः ।
कामः क्रोधस्तथा लोभस्, तस्मादेतत्त्रयं त्यजेत् ॥"

નરકના દ્વારરૂપ અને આત્માનો નાશ કરનાર કામ, ક્રોધ અને લોભ આ ત્રણ છે, તેથી ત્રણેનો ત્યાગ કરવો.

## કામ - ક્રોધ - લોભ - મોહને જીતવાના ઉપાય

બ્રહ્મચર્ય અને વસ્તુવિચાર વડે કામ જીતાય.
અહિંસા અને ક્ષમા વડે ક્રોધ જીતાય.
અસ્તેય અને અપરિગ્રહ વડે લોભ જીતાય.
સત્ય અને યથાર્થ જ્ઞાન રૂપી વિવેક વડે મોહ જીતાય.

## કઈ વૃત્તિ શું જીતાવે ?

સેવાવૃત્તિ ક્રોધને જીતાવે, વિનયવૃત્તિ માનને જીતાવે,
સદાચરણ માયાને જીતાવે અને
આત્મરમણતા લોભકષાયને જીતાવે છે.
મૈત્રીનો અભાવ ક્રોધ, પ્રમોદનો અભાવ માન,
કારુણ્યનો અભાવ માયા તથા
માધ્યસ્થ્યનો અભાવ લોભ સૂચવે છે.

<u>પંચ પરમેષ્ઠિ શું શું મિટાવનાર છે?</u>

(1) અરિહંત = મદ અને મોહ મિટાવનાર.

(2) સિદ્ધ = ઈર્ષ્યા અને લોભ મિટાવનાર.

(3) સૂરિ = અનાચાર અને માયા મિટાવનાર.

(4) ઉપાધ્યાય = અજ્ઞાન - અહંકાર - માન મિટાવનાર.

(5) સાધુ = અનાધીતા - ક્રોધ - તિરસ્કાર મિટાવનાર છે.

'મોહ' એટલે મૂર્છા ઉપરાંત

કામ - ક્રોધ - લોભ - રાગ - દ્વેષ - અહં - મમ.

તત્ત્વથી જે બધું માયિક - કાલ્પનિક અને અસત્ય છે,

તે અહં અને મમથી સત્ય લાગે છે.

ક્રોધ પ્રીતિનો, માયા મૈત્રીનો, માન વિનયનો અને

લોભ એ સર્વ કષાયોનો નાશ કરે છે, તેથી

<u>ઉત્તરોત્તર અધિક અધિક દુર્લભ વસ્તુઓ</u>

દુર્લભ મનુષ્યજન્મ, આર્યક્ષેત્ર, ઉત્તમ કુળ, રૂપ, આરોગ્ય,

દીર્ઘ આયુષ્ય, ગુરુનો સંયોગ, ગુરુનું દર્શન, પર્યુપાસન,

ધર્મશ્રવણ, તત્ત્વબુદ્ધિ, તત્ત્વશ્રદ્ધા અને અંતે તત્ત્વબોધ.

આત્માના ષડ્રિપુનાં નામ અનુક્રમે

કામ, ક્રોધ, લોભ, માન, મદ અને મત્સર છે.
એ ષડ્રિપુ છે, કેમકે તે આત્માની ષટ્સંપત્તિને હણનારા છે.

આત્માની ષટ્સંપત્તિનાં નામ અનુક્રમે

જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વીર્ય અને ઉપયોગ છે.
કામથી જ્ઞાન હણાય છે, ક્રોધથી દર્શન હણાય છે,
લોભથી ચારિત્ર હણાય છે, માનથી તપ હણાય છે,
મદથી વીર્ય હણાય અને મત્સરથી ઉપયોગ હણાય છે.
આમ છએથી છ હણાય છે અને
એકેકથી પણ છ એ છ હણાય છે.
ષટ્સંપત્તિની રક્ષા માટે ષડ્રિપુઓને હણવા જોઈએ.
જ્ઞાનથી કામ જીતાય છે, દર્શનથી ક્રોધ જીતાય છે,
ચારિત્રથી લોભ જીતાય છે, તપથી માન જીતાય છે,
વીર્યથી મદ જીતાય છે અને ઉપયોગથી હર્ષ જીતાય છે.
આત્મજ્ઞાનથી છ એ જીતાય છે અને
અનાત્મભાવથી છ એ છ પોષાય છે.

## ષડ્‌રિપુઓથી જે મુક્ત, તે સર્વથી મુક્ત.

મન જ્યારે કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, માત્સર્યથી મુક્ત બને છે, ત્યારે બહુવિધપર્યાયથી 'ન + મન' નમન બની જાય છે, મન મટીને બીજું કાંઈ બની જાય છે. 'નમન' એ જ કારણે ઝુકવું, નમવુંનો પર્યાય બને છે. આ નમનની અસર 'અહં' તત્ત્વના મહારાજ્યની સત્તા સૂરજના ઉદયથી અંધકારની જેમ વિલીન થઈ જાય છે.

## લોભ અને માયા શેનાથી દૂર થાય?

લોભ દૂર કરવો હોય, તો લોભને ઉલ્ટાવો, ઉલટે જે ભલો બને, તે જ લોભરૂપ લુંટારાને હરાવી શકે. માયારૂપી નર્તકીના મોહમાંથી છૂટવું હોય, તો પ્રભુકીર્તન કરો, જેથી માયાની મોહિની મોટાઈ બતાવી શકે નહીં.

સ્વસંરક્ષણ - દેહસંરક્ષણ : ક્રોધ, માન, માયા.

જાતિસંરક્ષણ: લોભ.

દેહરક્ષણ માટે આહારનો લોભ.

બાળ શિકારી પશુથી રક્ષણ માટે ક્રોધ - માન - માયા.

ષટ્સંપત્તિઓનો નાશ કરનાર ષડ્રિપુઓ છે.

ષડ્રિપુઓ ઉપર વિજય અપાવનાર ૭ ક્રિયાની ભક્તિ અને અનુકંપાદાન એ પરમ સાધનદ્રવ્ય છે.

| | | |
|---|---|---|
| કામ | દેવભક્તિ | દર્શન |
| ક્રોધ | ગુરુભક્તિ | જ્ઞાન |
| લોભ | શાસ્ત્રભક્તિ | ચારિત્ર |
| મોહ | ધર્મક્રિયા | તપ |
| મદ | મંત્ર | વીર્ય |
| મત્સર | સ્તુતિ | ઉપયોગ |

શરીરના રોગની ચિકિત્સાની જેમ માનસિક રોગોની ચિકિત્સા પણ ઉપર્યુક્ત સાધનોથી થઈ શકે છે.

આ ષડ્રિપુઓથી થતાં શારીરિક રોગો

ક્રોધથી જ્વર, પિત્તપ્રકોપ થાય,
કામથી વાયુવિકાર થાય, લોભથી કફજન્યાત થાય,
મોહથી જડતા, આળસ્ય થાય. મત્સરથી ઈર્ષા થાય
તથા મદથી લોહીનું દબાણ થાય.

મોહ ત્યાગવા જે વાત ન ભૂલવી જોઈએ:

શરીરની અનિત્યતા એટલે મૃત્યુ અને

આત્માની નિત્યતા એટલે મોક્ષ.

માન ત્યાગવા જે વાત હંમેશ ભૂલી જવી જોઈએ:

મારું કોઈ ભૂંડુ કરે છે અને હું કોઈનું ભલું કરું છું.

કષાયોથી વિરામ પરમાત્મ પ્રાપ્તિના 3 ઉપાયો

ગરીબી, બીમારી, અનાદર કર્મક્ષયના અણમોલ સાધન છે.

પ્રભુમાં ચિત્ત ચોંટાડવાના 3 અકસીર સાધનો

(१) કદી કોઈના પણ ઉપર ક્રોધ ન કરો.

(२) દુનિયાને ચલાવવાનો ભાર તમારા ઉપર નથી જ.

(3) ધર્મનિરપેક્ષતાનું ધ્યેય ધર્મસદ્ભાવના જ બનાવો.

કયા કષાયને જીતવા કઈ ભાવના વધારવી?

ક્રોધને જીતવા માટે ક્ષમા વધારો.

માનને જીતવા માટે પ્રમોદ વધારો.

માયાને જીતવા માટે કરુણા વધારો.

લોભને જીતવા માટે માધ્યસ્થ્ય વધારો.

## ચાર કષાયોની જીત માટે શું કરવું ?

(૧) ક્રોધ જીતવા માટે પ્રેમ આપો.

સર્વ જીવોને સત્તાએ શુદ્ધ સ્વરૂપ જોવાની ટેવ પાડવાથી શુક્લ ધ્યાનના આલંબનભૂત ક્ષમા આવી શકે છે.

(૨) માન જીતવા માટે બીજાને માન આપો.

આ જગત એ બોધ મેળવવા માટે સર્જન પાઠશાળા અથવા વિચારવાનને એક જીવતા ગુરૂની ગરજ સારે છે. એ રીતે દુનિયાને ગુરૂરૂપે માની પોતે શિષ્યરૂપે રહેવાથી નમ્રતા ગુણ કેળવાય છે અને અભિમાનની વૃત્તિનો નાશ કરી શકાય છે.

(3) માયા જીતવા માટે પોતે નાનો - બીજાને મોટો બનાવો.

કુદરતના કાનુનમાં ગુપ્તમાં ગુપ્તપણે કરેલી ક્રિયાનું ફળ મળે છે, એટલે 'માયા - પ્રપંચને વિશ્વમાં અવકાશ જ નહિ' એમ વિચારવાથી છાનું પાપ કરવાની માયાવૃત્તિ વિલય પામે. વ્યવહાર દૃષ્ટિએ પોતે પોતાને જ નાનો જોવાની માયા કરવાથી માયા સહેલાઈથી જીતાઈ જાય છે.

(૪) લોભ જીતવા માટે આત્મદૃષ્ટિએ પોતાને પૂર્ણ માનો.
'દેહ અને શુભાશુભકર્મ સર્વથી, ત્યાગ કરવા યોગ્ય છે'
એમ માનનારને લોભનો અવકાશ જ ક્યાં છે?
'બાહ્ય વસ્તુનો લોભ જ સ્વરૂપનું આવરણ ઊભું કરે'
એમ વિચારવાથી પણ લોભ જીતાય છે.
આમ બીજાને પ્રેમ આપવાથી ક્રોધ જીતાય છે,
બીજાને માન આપવાથી માન જીતાય છે,
બીજાને મોટા - પોતાને નાના માનવાથી માયા જીતાય,
પોતાના આત્માને પૂર્ણ દૃષ્ટિએ જોવાથી લોભ જીતાય છે.
વિતર્કોનો હેતુ ક્રોધ - લોભ - મોહ છે, માટે તેને ટાળવા.
કષાયની ઉત્પત્તિ વિષયોના રાગમાંથી થાય છે અને
દોષદર્શનથી વિષયોમાં વૈરાગ્ય થાય છે, તેથી
ક્રોધ - માન - માયા - લોભ આમ કષાયો મંદ પડે છે.
મંદ પડેલા કષાયો જીવોમાં ગુણદર્શનથી નિર્મૂળ થાય છે.
પરહિતચિંતાથી ક્રોધ - વેર ટળાય છે અને
સ્વાત્મહિતચિંતાથી કામ - લોભાદિ ટળાય છે.

# કષાયોનો પ્રતિકાર ગુણવૈભવથી

રાગનો પ્રતિકાર વૈરાગ્ય, દ્વેષનો પ્રતિકાર મૈત્રી,
ક્રોધનો પ્રતિકાર ક્ષમા, માનનો પ્રતિકાર માર્દવ,
માયાનો પ્રતિકાર આર્જવ, લોભનો પ્રતિકાર સંતોષ,
મોહનો પ્રતિકાર વિવેક, અસૂયાનો પ્રતિકાર અનસૂયતા,
મન્મથનો પ્રતિકાર સ્ત્રીશરીર અશુચિભાવના, મત્સરનો
પ્રતિકાર પરસંપત્તિના ઉત્કર્ષમાં પણ ચિત્તની અબાધા.

આ પ્રતિકારો અશક્ય છે, એમ ન માનવું.

(૧) સર્વ જીવો મિત્ર છે... કોઈ દુશ્મન નથી, એ મૈત્રી.
એ રીતે ગુસ્સા કે ક્રોધનો પ્રતિકાર મૈત્રી છે.
(૨) ગુણવંતોને જોઈ આનંદ પામવો પણ તેમના પ્રત્યે
દ્વેષ ન કરવો, એ પ્રમોદ. માનનો પ્રતિકાર પ્રમોદ છે.
(3) દુઃખી પ્રત્યે સહાનુભૂતિ બતાવવી પણ તિરસ્કાર
ન કરવો, તે કરુણા. માયાનો પ્રતિકાર કારુણ્ય છે.
(૪) વિપરીત વૃત્તિવાળા પ્રત્યે ઉદાસીન ભાવ રાખવો,
કિન્તુ ધિક્કારવા નહીં. લોભનો પ્રતિકાર માધ્યસ્થ્ય છે.

## રાગ-દ્વેષ અને ક્રોધ-માન-માયા-લોભમાં શું ફેર ?

રાગ અને દ્વેષ પ્રચ્છન્ન સ્વરૂપે રહે છે,
ક્રોધ, માન, માયા, લોભ વ્યક્ત સ્વરૂપ ધારણ કરે છે.
રાગની અભિવ્યક્તિ મુખ્યતયા માયા અને લોભરૂપે
અને દ્વેષની અભિવ્યક્તિ ક્રોધ અને માનરૂપે થાય છે.

કર્મપ્રકૃતિમાં રાગ તથા દ્વેષને સ્થાન નથી,
પરન્તુ શાસ્ત્રકારો જ્યારે ગુણોની મહત્તા જણાવવા તૈયાર
થાય છે, ત્યારે અવ્યક્ત સ્વરૂપના નાશને જ ગુણ તરીકે
જણાવી વીતરાગપણાદિકને જ ગુણ તરીકે જણાવ્યા છે.

રાગ-દ્વેષ અને ક્રોધ-માન-માયા-લોભ વચ્ચે
જે તફાવત છે, તે આ જ છે.

મહામોહના બે પુત્ર : રાગ અને દ્વેષ.
રાગકેસરીના બે પુત્ર : માયા અને લોભ.
દ્વેષગજેન્દ્રના બે પુત્ર : ક્રોધ અને માન.
રાગકેસરીના વિષયાભિલાષ મંત્રીના ૫ પુત્રો ૫ ઇંદ્રિયો,
તેનો પ્રપંચ અને તે જ સકલ સંસાર.

ક્રોધ, માન, માયા કે લોભ ત્યાં સુધી જ ખ્યાતિ ધરાવી શકે,
જ્યાં સુધી સર્વજીવવિષયક સ્નેહભાવ પ્રગટ્યો નથી.

સર્વ જીવને સમાન માન્યા પછી ક્રોધ કોના ઉપર?

પછી માન, માયા કે લોભ કોના ઉપર?

ધર્મનું કોઈપણ અંગ ધર્મ ત્યારે જ બને કે જ્યારે
તે સર્વ જીવો પ્રત્યેના સ્નેહના આવિર્ભાવરૂપે હોય!

દીક્ષુકતા યતિઓએ કોઈ પરમ પ્રમોદ ધારણા કરવો.

એનાથી દીક્ષુકતા થવું સુકર બને છે.

દેહભાવ એ મિથ્યાત્વ, મોહ અને અજ્ઞાન છે.

જ્ઞાનથી સમશત્રુ-મિત્રતા, અરાગ-દ્વેષતા,
અક્રોધ-અમાન-અમાયા-અલોભતા, તેથી અકષાયતા,
તેથી સમ્યક્ત્વ, તેથી જીવાદિ પદાર્થોનો બોધ,
તેથી અનાભિગ્રહિકમિથ્યાત્વનો ક્ષય, તેથી વિવેક,
વિવેકથી હેયોપાદેય વસ્તુના વિચારમાં અનેકાંતબહુલતા,
તેથી અવિરતિનો પરિત્યાગ, વિરતિનું આચરણ, તેમાં અભ્યુદ્યમ,
તેથી ક્ષાંત્યાદિ ૧૦ પ્રકારના અહિંસા લક્ષણ.

## એક કષાય - એક તિથિ - એક સંકલ્પ

આઠમે ક્રોધ નહીં કરું, અગીયારસે અભિમાન નહીં કરું,
પાંચમે માયા નહીં કરું, ચૌદસે લોભ નહીં કરું.
'સંક્લેશ' એટલે ક્રોધ, માન, માયા, લોભ,
રાગ - દ્વેષ, ઈર્ષ્યા, અસૂયા, દ્રોહ વગેરે નહીં કરું.

## પંચ મંગલનાં ઉપધાન શા માટે?

'ગૌતમ! પહેલું જ્ઞાન થાય પછી દયાનો લાભ આવે છે.
દયા વડે આત્મસમદર્શિત્વ આવે છે અને તેથી
સંઘટ્ટ, પરિતાપ, કિલામણાં, ઉપદ્રવથી ભયરહિત બનાય છે.
વળી આશ્રવ રોકાય છે, સંવર થાય છે, ક્ષયોપશમ આવે છે,
શત્રુ - મિત્ર ઉપર સમાનભાવ આવે છે,
રાગ - દ્વેષરહિત થવાય છે,
ક્રોધ-માન-માયા-લોભ જાય છે, અકષાયપણું આવે છે,
સમ્યક્ત્વ અને જીવાદિ પદાર્થોનું વિશેષ જ્ઞાન થાય છે,
સર્વત્ર નિર્મળ ભાવ ઉત્પન્ન થાય છે તથા
અજ્ઞાન, મોહ, મિથ્યાત્વ જાય છે, સુવિવેક આવે છે.'

કર્મમાર્ગનું વિઘ્ન કામ, રાજમાર્ગનું વિઘ્ન ક્રોધ તથા
ભક્તિમાર્ગનું વિઘ્ન લોભ છે.

મન જ્યારે ઊર્ધ્વનો પ્રકાશ અને રાગ ઝીલવા મથે છે,
ત્યારે બ્રહ્માંડની દખલ વધે છે અને
ક્રોધ, માન, લોભ, મોહ, મદ, શોક અને આવેશનાં
અનિષ્ટ તત્ત્વો અંગારાની જેમ બ્રહ્માંડમાંથી ઊઠે છે.
સર્વ જીવોના આત્માની એકતાના પાયા ઉપર જ
માનવજીવનના સુખ અને શાંતિ રચી શકાય છે.
ક્રોધ, માન, માયા, લોભ જેનાથી દૂર થાય, તે ધર્મ.

રાગરહિત પ્રેમની દ્રષ્ટિ જ
કરુણાસાગર વીતરાગની દ્રષ્ટિ કહેવાય છે.
તેથી જ જૈન શાસ્ત્રોના સ્તુતિ - સ્તવન - પદોમાં
કામ - ક્રોધ - લોભ - મોહ જેવા કષાયોને મટાડવાનું
અને તે ઉપરાંત વળી તેમાં
પ્રત્યેક લૌકિક કાર્યને ઓછું કરી નાંખીને ઘટાડવાનું
મુખ્ય પ્રયોજન રૂપે નિરૂપિત કરેલ છે.

## 'નમો અરિહંતાણં'માં...

નમો = વિમુક્તકલ્પના જાલં = કામજય.

અરિહં = સમત્વે સુપ્રતિષ્ઠિતં = ક્રોધજય.

તાણં = આત્મારામં મન: = લોભજય.

માનને નમાવવા માટે 'નમો'માં સામર્થ્ય છે.

નમનવૃત્તિ એ સર્વોત્કૃષ્ટ શુભવૃત્તિ છે. તે માનની સાથે રહેનાર માયા-ક્રોધ-લોભવૃત્તિનો એક સાથે વિલય કરે છે.

વિષયોનું બહુમાન એ ચૈતન્યનું અબહુમાન છે.

ક્રોધ, માન, માયા અને લોભનાં ઉત્પાદક એવા પાંચ વિષયોના બહુમાનમાં ચૈતન્યતત્ત્વનું અબહુમાન છુપાયું છે.

કષાયો કરવા જ છે? તો કરો પણ...

અભિમાન કરવું જ પડે, તો ધર્મનું અભિમાન કરવું,
દંભ કરવો જ પડે, તો અધર્મનો દંભ કરવો,
ક્રોધ કરવો જ પડે, તો ક્રોધ ઉપર કરવો અને
લોભ કરવો જ પડે, તો સંતોષનો લોભ કરવો, કેમકે
અહંકાર, દંભ આદિ આસુરી વૃત્તિઓ ત્યાજ્ય છે.

# વૃત્તિ અને પ્રવૃત્તિ વચ્ચે ભેદ

નિર્વૈર ક્રોધ હોઈ શકે છે, નિર્ધન માન હોઈ શકે છે,
નિર્લોભ લોભ હોઈ શકે છે, નિર્માય માયા હોઈ શકે છે,
પરંતુ નિર્મોહ મૂર્છા કદાપિ હોઈ શકતી નથી નથી,
નિઃસત્ત્વ કદાપિ સત્ત્વ હોઈ શકતું નથી.

## વીર અને ધીર

કામ ક્રોધ, લોભ, મોહાદિ જેને પરાજિત ન કરે તે વીર છે.
સુખ-દુઃખ જેના ઉપર આક્રમણ ન કરી શકે તે ધીર છે.
આ વીરતા કે ધીરતામાં શારીરિક બળની કોઈ જરૂર નથી,
પરન્તુ પ્રભુમાં અનન્ય પ્રેમ કરવો તો પરમ આવશ્યક છે.
મૌનાદિ ક્રોધ, કરુણાદિ કામ અને પ્રપંચાદિ લોભ-
એ ત્રણ જે નરકનાં દ્વાર છે, તે જાણજે.

o

The foes to be conquered are
the four passions of ક્રોધ - માન - માયા - લોભ
or anger, pride, deceit and greed.

નાઽયં હંતિ (આત્મા મારતો નથી), તેથી ન હન્યતે ।

દયા - હન્તિ = જુલમ કરનાર = ક્રોધ.

દાન - હન્યતે = જુલમને વશ થનાર = લોભ.

દમ - ઘાતયતિ = જુલમ કરાવનાર = કામ.

अ = ઇંદ્રિયદમનનો ઉનાળો કામને કરમાવશે.

उ = દયાવૃત્તિનો શિયાળો ક્રોધને ઠુંઠવશે.

म = દાનબુદ્ધિનું ચોમાસું લોભને ધોશે.

નિષ્કામ(ન ઘાતયતિ), નિષ્ક્રોધ કે નિર્વેર (ન હન્તિ) તથા નિર્લોભ (ન હન્યતે) સ્વરૂપ પ્રગટ થશે.

કામ એ વાતવર્ધક છે, જેનું ઔષધ ચારિત્ર છે.

ક્રોધ એ પિત્તવર્ધક છે, જેનું ઔષધ દર્શન કહ્યું છે.

લોભ એ કફવર્ધક છે, જેનું ઔષધ જ્ઞાન કહ્યું છે.

રાગ ટળવાથી વાતવિકાર શમે છે. દ્વેષ જવાથી પિત્ત-વિકાર શમે છે અને મોહ જવાથી કફવિકાર શમે છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર વડે રાગ-દ્વેષ અને મોહ જવાથી દ્રવ્ય - ભાવ ઉભય પ્રકારનું સ્વાસ્થ્ય અનુભવાય છે.

# ત્રિદોષશમન

વિષયવૃત્તિ કફદોષને, કષાયવૃત્તિ પિત્તદોષને તથા
આગ્રહવૃત્તિ વાતદોષને વિસ્તાર વધારે છે.
વિષય વિરક્તિ, કષાય નિવૃત્તિ અને નિરાગ્રહ વૃત્તિ -
અનુક્રમે ત્રણે દોષો: કફ - પિત્ત - વાતદોષને શમાવે છે.
કફદોષની વૃદ્ધિ જણાય, ત્યારે ૫ વિષયોનું સેવન
પ્રમાણથી અધિક થયું છે, તેવું અનુમાન કરવું જોઈએ.
પિત્તપ્રકોપ થાય, ત્યારે માનવું કે ક્રોધ, માન, માયા તથા
લોભરૂપી કષાયનું સેવન અધિક થયેલું હોવું જોઈએ.
વાતદોષના પ્રકોપ વખતે દુરાગ્રહ, દુરભિનિવેશ, પૂર્વાગ્રહ
વગેરે બુદ્ધિના દોષોનું સેવન કે પ્રજ્ઞાપરાધ ગણાવો.
તેથી પ્રજ્ઞાપરાધનું નિવારણ કરવાર્થે પ્રથમ પ્રયાસ કરવો,
પછી વિષય - કષાયની અધિકતાદિ રોગોનું નિરસન કરવું.
આમ કરવાથી ત્રિદોષ શમે છે અને ત્રિગુણ વધે છે.

રાગ, દ્વેષ, મોહ એ ત્રિદોષ છે તથા
જ્ઞાન, દર્શન, ચારિત્ર એ ત્રિગુણ છે.

પાપનું મૂળ જો પુદ્ગલ પ્રત્યેનો પ્રેમ છે, તો ધર્મનું મૂળ જીવોનો દ્વેષ છે. એ દ્વેષ કેમ દૂર કરવો?

જપ વડે કામ, ક્રોધ, માયા તથા લોભનો નાશ થાય છે. જપ એ ભક્તિનો એક પ્રકાર છે, તેમાં મૈત્રી, માધ્યસ્થ્ય તથા કરૂણા છૂપાયેલાં છે. પુદ્ગલ પ્રત્યે નમનશીલ જીવને ચૈતન્ય પ્રત્યે નમનશીલ બનાવવાનો ઉપાય નવકાર છે.

આત્મવાન સંયમી કામ-ક્રોધ કે લોભને દબાવતો નથી.

આત્મવાનને ઈશારો જ પૂરતો છે.

કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર અને બીક, ચિન્તા, આઘાત, ભય, વહેમ, પૂર્વગ્રહ, તાણ, ઉતાવળ, અધીરાઈ, ચીડીયાપણું વગેરે મહાવૃત્તિઓ અને તેની ઉપવૃત્તિઓ,

અતિહર્ષ, અતિલાભ, અતિશોક વગેરે

શરીર રૂપી ત્રાજવાને ડામાડોળ બનાવે જ છે.

માનસિક સમતોલન, કાળજાની ટાઢક તથા જૈનો જેને 'સમતા' કહે છે, તે જ રોગનિર્મૂલનનો અથવા ખરૂં જોતાં સર્વ રોગોમાંથી મુક્ત થવાનો સર્વોત્તમ માર્ગ છે.

દેખાવું તે બાળ માટે છે, થવું તે પીઢતા માટે છે.

આત્મઅજ્ઞાન તે મોટામાં મોટો રોગ છે.
કામ - ક્રોધ - લોભાદિ રોગ નથી, પરંતુ
આપણી અંદર રહેલાં રોગનાં ચિહ્ન છે.
જેમ તાવ એ રોગ છે, ટેમ્પરેચર એ ચિહ્ન છે.
તેનાથી તો માત્ર અંદરનો રોગ ઓળખાય છે.
હિંસા - અસત્ય - મદ - ક્રોધ વગેરેથી અનેક ઘણું
આત્માનું અજ્ઞાન એ જ સાચી સમસ્યા છે.
તેને લક્ષ્ય જ બાળ દેવો છે.

આત્મઅજ્ઞાન ટળ્યાંની નિશાની નિરહંકારિતા - અકામ-
અક્રોધ - અલોભ - અહિંસા - સત્ય - અપરિગ્રહિતાનો
આવિર્ભાવ છે. આ બધા આત્મજ્ઞાનના જ લક્ષણો છે.
સ્વાર્થપ્રિય ક્રૂરતા, સ્વસુખેચ્છા પ્રેરિત નીચતા અને
આત્મસુખને ગૂંગળાવનારા કામ, ક્રોધ, લોભ, વાસનાના
જાળપાશમાંથી છટકવું, એ જ સ્વતંત્રતા અને મુક્તિ છે.
તે મળવાથી બ્રહ્માંડ જોડે એકતા અનુભવાય છે.

# શરીર અને મનના રોગોમાં સમાનતા

(૧) શરીરને તાવ આવે છે, તો મનને ક્રોધરૂપ તાવ આવે.
(૨) શરીરને વાયુ થાય છે, તો મનને કામવિકાર થાય છે.
(૩) શરીરને કબજિયાત, તો મનને લોભદોષ થાય છે.
(૪) શરીરને જડતા - આળસ, મનને મોહ તથા આસક્તિ.
(૫) શરીરને લોહીનું દબાણ, મનને મદ વડે બીજા પર દબાણ.
(૬) શરીરને વજન વધવું, તો મનને મત્સર વડે બીજાથી પોતાનું વધુ મહત્ત્વ સ્થાપવું ગમે છે, તે મનનો રોગ છે.

શારીરિક રોગોની જેમ ચિકિત્સા હોય છે, તેમ મનના આ રોગોની ચિકિત્સા ધર્મની સાધના વડે થઈ શકે છે.

તે માટે ધર્મગુરુ, ધર્મગ્રંથ, ધર્મસ્થાન, ધાર્મિક ક્રિયાકર્મ અને પૂજા - વિધિઓનાં અનુષ્ઠાનો સહાયક બને છે.

ઈર્ષાદિ આમ્લપિત્ત, ક્રોધાદિ પિત્ત, શોકાદિ કફ - મંદાગ્નિ થાય, ભિન્નાદિ વાયુ વધે, રાજસભાવોદિ સ્નાયુમાં ક્ષોભ થાય, એથી હૃદય કુબ્જ બને, સ્નાયુની ગતિમાં વિક્ષેપ થાય છે, તેથી એ રોગોનું કારણ બને છે.

# કષાયો અને જીવનશક્તિ

ક્રોધ કરવા મગજને ચિંતી અતિ ઓજસનો ઉપયોગ કરવો પડે છે, પરિણામે જીવનશક્તિ ઓછી થઈ જાય છે. ક્રોધથી પિત્ત, લોભરૂપી ભયથી વાયુ, માયાથી કફ અને માન રૂપી મોહથી ત્રણે ક્ષોભ પામે છે.

ક્રોધિત મગજને વધારે લોહીની જરૂર પડે છે. આ વધારાનું લોહી નાના મગજ તરફ જતાં લોહીના પ્રવાહમાંથી મોટું મગજ ખેંચી લે છે, તેથી ક્રોધિત માનવના મુખ અને આંખ લાલ બની જાય છે. નાનું મગજ અને તે અંગોના જ્ઞાનતંતુઓ શક્તિહીન બને, ત્યારે તેને દમ, લોહી દબાણ, લકવો, કીડનીના રોગો વગેરે લાગુ પડે છે. અભિમાન મનુષ્યમાં વાયુ-પિત્ત-કફ ત્રણેયમાં એકી સાથે ઉત્પાત મચાવી નાના-મોટાં વ્યાધિઓથી પીડાતો રહે છે. ઈર્ષ્યા કરનારમાં પિત્ત વધી જાય છે અને દંભ આચરણ શરીરમાં કફના પ્રમાણમાં ગડબડ પેદા કરે છે. જાડીયાપણું, ગેસ તેમ જ કફજન્ય રોગો એ દંભનું જ પરિણામ છે.

૬ ચર્યાનાં નામ : રાગ, દ્વેષ, મોહ, શ્રદ્ધા, બુદ્ધિ, વિતર્ક.

રાગચરિતમાં માયા, શાઠ્ય, પાપેચ્છા, અસંતોષ,
લોભ તથા માનની અધિકતા હોય, જ્યારે
દ્વેષચરિતમાં ક્રોધ, દ્વેષ, ઈર્ષા, માત્સર્ય, દંભાદિ વધુ હોય.

દર્શનથી ક્રોધ, જ્ઞાનથી માન, ચારિત્રથી માયા,
તપથી લોભ જીતાય અને અનંત ચતુષ્ટય પ્રાપ્ત થાય.
કષાયચતુષ્ટય ઉપર વિજય પ્રાપ્ત કરી અનંત ચતુષ્ટયનો
વિસ્તાર કરવો, તે જ સાધુધર્મનું એક ધ્યેય હોવું જોઈએ.

સંયમ એ ક્રોધાદિ ચાર કષાયના નિગ્રહરૂપ છે.

અજ્ઞાન અવસ્થામાં અહંકાર દેહથી મળીને દેહમય,
પ્રાણથી મળીને પ્રાણમય, મનથી મળીને મનોમય,
બુદ્ધિથી મળીને જ્ઞાન - વિજ્ઞાનમય તથા
કામ, ક્રોધ, લોભાદિ વિકારોથી મળી તન્મય - તદ્રૂપ બને છે.

હિંસા, પરિગ્રહ, ઈર્ષા, તૃષ્ણા, કામ, ક્રોધ વગેરે -
એ બધા રોગ નથી, કિન્તુ રોગનાં ચિહ્નો છે.
મૂળ રોગ આત્માનું અજ્ઞાન છે, ધર્મ એની ચિકિત્સા છે.

કામ-ક્રોધ-લોભાદિના કેન્દ્ર જ વાસ્તવમાં ષટ્ચક્રો છે.

કામ-ક્રોધ આદિ સ્વરૂપતઃ અશુભ નથી,
પરન્તુ તેના અસદુપયોગથી તે ખરાબ બને છે.
અગ્નિ અને તલવારની જેમ જ
ઉપયોગ કરનારના દોષથી તે પણ દોષરૂપ બને છે.
કામ ભગવત્પ્રાપ્તિની ઇચ્છા રૂપે જ્યારે પ્રગટ થાય,
ત્યારે વિતર્કદલન, સંશયનિરાસ આદિ રૂપે ક્રોધ પ્રકટે છે.
ભગવદ્ સ્વરૂપમાં આસક્તિ લોભ રૂપે પ્રકટે છે,
તે વખતે આત્મવિસ્મૃતિરૂપ મોહ પ્રકટે છે.
આનંદ કે નિર્મળ ભાવાવેશના આકારે મદ તથા પ્રભુ
અને અહંની પ્રતિષ્ઠાસ્વરૂપ માત્સર્ય પ્રકટે છે, વળી
પાપકર્મોનું ફળ નીચબુદ્ધિ છે, તેથી કામીને કુબુદ્ધિ,
સ્વાર્થપરાયણને મંદબુદ્ધિ, ક્રોધીને સંશયબુદ્ધિ,
માનીને મિથ્યાબુદ્ધિ તથા લોભીને દુર્બુદ્ધિ રહે, જ્યારે
દાનીને તીવ્ર બુદ્ધિ, શ્રદ્ધાવાનને શુદ્ધ બુદ્ધિ અને
ચારિત્ર્યવાનને સૂક્ષ્મ બુદ્ધિ પ્રાપ્ત થાય છે.

# પાંચ મંત્રીની અલગ કાર્યશૈલી

જગતસત્તામાં મિથ્યાત્વ-માન એ મુખ્યમંત્રી,
લોભ એ અર્થમંત્રી, મોહ-માયા એ ગૃહમંત્રી,
ક્રોધ એ વિદેશમંત્રી તથા કામ એ પ્રાંતીયમંત્રી છે.
નવકારના પ્રથમ પદથી પાંચે મંત્રી વશમાં આવે છે.
કામ-ક્રોધ-લોભ-મોહ અને મદનો નાશ થયે
મનુષ્ય શાંત-જિતેન્દ્રિય-સંતુષ્ટ-નિર્મોહી-
નિર્મળ ઉપરાંત નિરહંકારી પણ બને.
ક્રોધ, લોભ, મોહ એ તામસ વૃત્તિનાં સૂચક છે.
એમાં આનંદ નથી, કિન્તુ આનંદાભાસ છે.
સાત્ત્વિક વૃત્તિમાં મન સમ્યગ્જ્ઞાનને લીધે નિર્મળ
અને નિશ્ચળ થયેલું હોવાથી તેમાં રાગ-દ્વેષ હોતાં નથી.
કામ અને કુવિચારો જ્યારે તૃપ્ત ન થાય,
ત્યારે અંતર્મુહૂર્તમાં પણ ક્રોધ આવે.
નિઃશલ્યતા મૌન-પ્રમોદ-કારુણ્ય-માધ્યસ્થ્યમાં છે,
તેથી ક્રોધ-માન-માયા-લોભરૂપી શલ્ય નાશ પામે.

## કામ - ક્રોધ - લોભ એ ત્રણ નરકનાં દ્વાર ગણાય છે.

मातृवत्परदारेषु, आत्मवत्सर्वभूतेषु, परद्रव्येषु लोष्ठवत् ।
એ ૩ પ્રકારના લક્ષણ તે સમ્યક્ત્વ કાળમાં આવે છે,
જે સમ્યક્ત્વ ચતુર્થ ગુણસ્થાન ક્ષાન્ત, દાન્ત, શાન્ત રૂપે
અને પછીથી અહિંસા - સંયમ - તપરૂપે આવિર્ભાવ પામે.

## શાંતિના ત્રણ શત્રુ

કામ જુલમ કરાવે છે, ક્રોધ જુલમ કરે છે અને લોભ
જુલમને વશ થાય, તેથી તે ત્રણેને નરકના દ્વાર કહ્યાં છે.
તે ત્રણના પ્રતિપક્ષ દમ, દયા અને દાન છે.
જુલમ કરવાવાળો, જુલમને વશ થવાવાળો અને
જુલમને કરાવવાવાળો - એ ત્રણ શાંતિવ્રતના શત્રુ છે.
કામનો શત્રુ દમન, ક્રોધનો શત્રુ દયા, લોભનો શત્રુ દાન છે.
ઇંદ્રિયદમનથી કામવૃત્તિ ઉપર વિજય પ્રાપ્ત થાય છે,
દાનથી લોભવૃત્તિ મરે છે, દયાથી ક્રોધવૃત્તિ નાશ પામે છે.
જેણે પોતાના ૩ નેત્રથી કામ - ક્રોધ - લોભનું દહન કર્યું છે,
તે શાન્ત તેજની સામે ઉપાસના કરીએ છીએ.

શાન્ત, દાન્ત તથા કરુણ સાધક કોણ ?

ક્રોધને જીતનાર શાન્ત - તે સાચો અહિંસક છે,
કામને જીતનાર દાન્ત - તે સાચો સંયમી છે અને
લોભને જીતનાર કરુણ - તે સાચો તપસ્વી છે.

જડ પ્રત્યેના વિરાગથી કામ - ક્રોધ - લોભ ઘટે છે,
જીવ પ્રત્યેના અનુરાગથી શમ - દમ - સંતોષ વિકસે છે.

અંતરાત્માને મૈત્રી - કરુણા - પ્રમોદની ભૂખ છે, જ્યારે
બહિરાત્માને કામ - ક્રોધ - લોભની ભૂખ છે.

શારીરિક ક્ષુધા અને તૃષા અન્ન તથા જળની હોય.
માનસિક ક્ષુધા અને તૃષા યશ અથવા કીર્તિની હોય.
આધ્યાત્મિક ક્ષુધા - તૃષા પ્રેમભાવની હોય, જે સંતોષવા
મૈત્રી - કરુણા - પ્રમોદ - માધ્યસ્થ્યભાવ અને પ્રશમ,
જે ક્રોધ, કામ અને લોભનાં મારણ છે.

પાપની ઉત્પત્તિ પુદ્ગલના રાગથી થાય છે.

પુદ્ગલનો વિરાગ કામ - ક્રોધ - લોભને હરે છે,
ચૈતન્યનો અનુરાગ શમ - દમ - સંતોષને આપે છે.

નવપદનો આરાધક કરુણ - દાન્ત - શાન્ત સહિત
કામ, ક્રોધ, લોભનો વિજેતા ઉપરાંત
આધ્યાત્મ કામ-ક્રોધ-લોભનું વર્જન કરનારો હોવો જોઈએ.

પરસ્ત્રીમાં માતૃત્વબુદ્ધિ આધ્યાત્મ કામ ઉપર વિજય,
પરધનમાં પત્થરત્વબુદ્ધિ આધ્યાત્મ ક્રોધ ઉપર વિજય અને
જીવોમાં આત્મૌપમ્યત્વબુદ્ધિ આધ્યાત્મ લોભ ઉપર વિજય.

વેદોમાં વર્ણવેલ ત્રણ 'દ'કાર સહિત
દમ એટલે કામને દમનારો, દયા એટલે ક્રોધને હણનારો
અને દાન એટલે લોભને જીતનારો બને છે.

કામ, ક્રોધ, લોભ - ત્રણે દોષો સ્વાર્થવૃત્તિમાંથી જન્મે છે
અને એ ત્રણેનો હ્રાસ પરાર્થવૃત્તિ દ્વારા થાય છે, તેથી
નવપદનો સાચો આરાધક પરાર્થવૃત્તિપરાયણ હોય છે.

આત્મતત્ત્વનો વર્ણ કેવો ? સફેદ.
ક્રોધ કાળો - માન રાતો - માયા લીલી - લોભ પીળો છે.

તે પરદ્રવ્યમાં અરાગતારૂપ યા ૧૪ લોકમાં ૮૪ લાખ
યોનિમાં રહેલ જીવો ઉપર વૈરાગ્ય અને કરુણારૂપ છે.

હિંસા વગેરે પરનો દ્રોહ છે અને ક્રોધાદિ સ્વનો દ્રોહ છે.
બંનેનું મૂળ વિષયોની મમતા, ઇંદ્રિયોની પરાધીનતા છે.
તેનો નાશ નમસ્કાર વડે થાય છે, કેમકે તે વિષયોના
વિમુખ અને જીવને પરમેષ્ઠિઓની સન્મુખ બનાવે છે.
પરમેષ્ઠિઓની સન્મુખતા મૈત્ર્યાદિ ભાવોને જગાડે છે,
તેથી ક્રોધ - માન - માયા - લોભ સમા કષાયો નાશ છે.

'ખંતી દંતો સંતો ઉવસમારાહગો નરો હોઇ ।
જો પુણ વિવરીય ગુણો ઉવસમ વિરાહગો સો ઉ ॥'

સૂક્તિ : નમો - ખમો - શમો. ક્ષાન્ત, દાન્ત, શાન્ત થવાનો
ઉપાય 'નમો' મંત્રનું અનવરત આરાધન છે.

તે મનને દમે, ક્રોધ - માનને વશ કરે, માયા - લોભને
શમાવે, મૈત્રી વિકસાવે, પ્રમોદ પેદા કરે, કરુણા જગાડે,
માધ્યસ્થ્યને પોષે, આસ્તિક્યને લાવે, અનુકંપા જગાવે,
નિર્વેદ પમાડે, સંવેગ વધારે, ઉપશમ સ્થિર કરે,
સમિતિ, ગુપ્તિ અને મહાવ્રતોને વિકસાવે, સદ્ગુણોનું
બાગ બને અને સર્વ દુર્ગુણોના બાગને બાળી નાંખે છે.

સર્વ જીવો આત્મસમ છે, આત્મા પરમાત્મસમ છે અને
તેથી સર્વ જીવો પરમાત્મની સમાન જ છે.
જીવો સાથે આત્મસમતાનો વિચાર ક્ષાન્તતા,
પરમાત્મસમતાનો વિચાર દાન્તતા અને
'જીવો પરમાત્મસમ પૂર્ણ છે' વિચાર શાંતતાને આપે છે.
પ્રથમ વિચારથી ક્રોધનો, બીજા વિચારથી કામનો અને
ત્રીજા વિચારથી લોભનો ક્ષય થાય છે.
કામ, ક્રોધ, લોભ - ત્રણે જીવના શત્રુ + નરકનાં દ્વાર છે.
તે ત્રણેને જીતાવનાર પ્રશમ છે અને તેના મંત્રો છે:
'ૐ નમઃ સિદ્ધં ।' અને 'ૐ અર્હં નમઃ ।'
ૐ = ક્ષાન્તતા, અર્હં = દાન્તતા, નમઃ = શાન્તતા લાવે છે.
તેથી નરકના દ્વારો રોકાય છે, સ્વર્ગના દ્વારો ખૂલે છે
તથા પરંપરાએ અપવર્ગના અધિકારી થવાય છે.
કામ, ક્રોધ અને લોભનો ક્ષય જેઓને ઇષ્ટ છે,
તેઓને એ ત્રણેનો ક્ષય કરનાર અને ક્ષય કરવામાં
પરમ સહાયક થનાર મંત્રપદ પણ પરમ ઇષ્ટ છે.

**ક્યા ત્રણ ગુણવાળો ધર્મનો આરાધક બને છે?**

અક્રોધ, અકામ તથા અલોભ ગુણવાળો ધર્મ પામે છે.

**ક્યા ગુણથી ક્યા દોષને ટાળવા?**

વિવેકથી મોહ, વૈરાગ્યથી રાગ, મૈત્રીથી દ્વેષ, ક્ષમાથી ક્રોધ, માર્દવથી માન, આર્જવથી માયા, સંતોષથી લોભ, ધૈર્યથી ભય, બ્રહ્મચર્યથી કામ, બુદ્ધિથી શોક તથા દમથી રતિ - અરતિ - હાસ્ય - જુગુપ્સા અને પાંચ ઇન્દ્રિયના દોષોને ટાળવા. ક્રોધાદિ વિભાવિક કુટુંબને ટાળવા માટે ક્ષાન્ત્યાદિ સ્વાભાવિક કુટુંબની અને સ્વજનાદિ ત્રીજા કુટુંબની સહાય લેવી.

ક્ષાન્તતા = વચનથી દુઃખને ખમવું કે સ્વીકારવું.

દાન્તતા = કાયાથી સુખને દમવું કે પરિત્યાગવું.

શાન્તતા = મનથી સુખરાગ કે દુઃખનાશની ઇચ્છા રોકવી.

ક્રોધથી પાપ થાય, કામથી દુઃખ મળે, લોભથી ભવ વધે છે. પાપનું મૂળ હિંસા, દુઃખનું મૂળ અસંયમ, ભવનું મૂળ તૃષ્ણા પણ ક્ષાન્ત, દાન્ત, શાન્ત - સૌ ધર્મનાં પ્રતિકાર કરવાના આપણા પરાક્રમી આત્માનાં ગુણો છે.

સમાજ મોટે ભાગે ચિત્તની ઉચ્છૃંખલ વૃત્તિમાં
કામ, ક્રોધ, લોભની અસર તળે જીવન જીવતો હોય છે.
ચિત્તરૂપી સરોવર કામ, ક્રોધ, લોભ આદિ આવેગોની
અસર તળે જ્યારે હોય છે, ત્યારે ખળભળેલું રહે છે.
પવનની લહેરોથી તળાવનું જળ અસ્થિર હોય છે,
લહેરો બંધ થતાં જ તે શાંત - સ્થિર થાય છે.

વૃદ્ધાવસ્થામાં લોભ જતો મુશ્કેલ

વૃદ્ધાવસ્થામાં કામ મરે છે, કિન્તુ લોભ મરતો નથી.
'लाभात् लोभः प्रवर्धते ।' વૃદ્ધાવસ્થામાં શક્તિ ઓછી થવાથી
ક્રોધ ઓછો થઇ જાય છે, પરન્તુ લોભ જતો નથી.

સત્કર્મમાં વિઘ્ન કરનાર લોભ છે,
લોભને સંતોષથી જીતાય, સંતોષગુણ પ્રયાસથી કેળવાય છે.

'उवसमेण हणे कोहं, माणं मद्दवया जिणे ।
मायं च ऽऽज्जव भावेण, लोभं संतोसओ जिणे ॥'

સદુક્તિ: ક્ષમાથી ક્રોધનું, મૃદુતાથી માનનું, સરલતાથી માયાનું
અને સંતોષથી લોભનું શમન કરી શકાય છે.

સાધનામાં બે પ્રકારનાં વિઘ્નો : બાહ્ય અને આંતર.
કામ-ક્રોધાદિ આંતર અને રોગ-જરાદિ બાહ્ય વિઘ્નો છે.

પ્રત્યેક દોષ એ ગુનો એકલો હોતો નથી,
તેની સાથે સંબંધિત બીજા દોષો એ ગુનામાં જોડાયેલા છે.
દા.ત. : ક્રોધ સાથે અસત્ય, પરનિંદા, પૈશુન્યાદિ તથા
કામ સાથે મૈથુન, અહિંસા જોડાયેલા છે.

લોભ-તૃષ્ણા એક જ કુમતિના જોડલાં ભાઈ-બહેન છે.
લોભ સંતોષને હણે છે, તૃષ્ણા ઉદારતાને રોકે છે.

કુસંસર્ગ એ કામ-ક્રોધાદિ, માન-માયાદિ,
લોભ-મોહાદિ દોષોને ઉત્પન્ન કરે છે, તેથી જ
સત્સંગ એ મોટામાં મોટું આલંબન છે,

યોગના ચરમ લક્ષ્ય સુધી પહોંચવા માટે
સરળ અને નિષ્કપટ જીવન પ્રધાન સાધન છે.
કામ, ક્રોધ, લોભ વડે થતાં અસત્ય, હિંસા વગેરે
વ્યાપારોનો ત્યાગ તથા યોગની ચરમ સીમાએ
પહોંચેલની ઉપાસના એ તેમાં આવશ્યક શરત છે.

વિશ્વપ્રેમ એજ પરમ ધર્મ તથા જૈન ધર્મનો પાયો છે.

વિશ્વપ્રેમના પાયા ઉપર ક્રોધ-માન-માયા-લોભાદિરહિત જીવન જીવી શકાય છે અને સદાચારના સાંગરૂપ સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહનું આચરણ થઈ શકે.

કામવાસના, લોભવાસના અને ક્રોધવાસના - એ ત્રણ ઉપર જેનો કાબુ હોય, તે અંશે 'મુક્ત' કહી શકાય.

આકાશની જેમ આત્મા અનંત અવિરોધની મૂર્તિ છે

અને આત્માનું પરમ શુદ્ધ સ્વરૂપ

કામાતીત, ક્રોધાતીત તથા લોભાતીત શાંતિ છે.

શાંતિ અને ૐકાર ઓતપ્રોત રહેલા છે.

ૐકારથી શાંતિ - શાંતિથી ૐકાર અલગ ન કરી શકાય.

ઈશ્વર કેવળ પવિત્રતા છે,

જેનું નિરંતર સ્મરણ કામ, ક્રોધ, લોભમાંથી છોડાવે છે.

સ્નેહ ક્રોધને રોકે છે,

તે અયોગ્ય કામને, અનાવશ્યક લોભને અવશ્ય રોકે છે.

કામ, ક્રોધ, લોભરૂપી વિકારો એજ મૃત્યુરૂપ યમ છે.

ભગવાનની ભક્તિમાં અનંત જ્ઞાનાદિ ગુણોનું સ્મરણ છે.

એ સ્મરણમાં ક્યા કષાયની પુષ્ટિ થાય છે?

ક્રોધ, માન, માયા કે લોભ?

એ સ્મરણથી એક પણ કષાયની પુષ્ટિ થતી નથી.

પ્રસ્તુત પ્રભુગુણોના સ્મરણથી અરિહંતના દ્રવ્ય - ગુણ - પર્યાયનું જ્ઞાન થાય છે, તે સાક્ષાત અરિહંત છે

અને પરોક્ષમાં ગુણસ્મરણ રહે.

સાક્ષાતમાં દ્રવ્ય - ગુણ - પર્યાયનું જ્ઞાન થાય છે.

## સમન્વિત જીવનની દૃષ્ટિ

કામ - ક્રોધ - લોભ - મોહ - મદ - મત્સર એ સર્વે રજોગુણ અને તમોગુણથી ઉત્પન્ન થતાં દુશ્મનો છે,

તેમ સત્વગુણના પ્રકર્ષે ઉત્પન્ન થતાં

શમ - દમ - ઉપરતિ - તિતિક્ષા - શ્રદ્ધા - સમાધાન જેવા મિત્રો પણ સહાય કરવા માટે તૈયાર છે. અવિચલિત ચરિત્રના ગુણોથી ચલિત ન થતી આત્મનિષ્ઠા સ્વભાવ રૂપી પંખને સ્વ - અધ્યાય રૂપી ચાવી વડે ખોલી શકાય છે.

જો જીવ - બ્રહ્મ વચ્ચે અભેદ સત્ય હોય,
તો જીવમાં કામ - ક્રોધ - લોભ - મોહાદિ વિકારો કેમ ?
ક્ષુધા - તૃષા, સુખ - દુઃખનો અનુભવ શાથી ?
જીવ અલ્પજ્ઞ - અલ્પશક્તિવાળો શાથી ?
આવા અસંભાવનાઓ તથા વિપરીત ભાવનાઓનું
નિરાકરણ કરવા શાસ્ત્રોના શ્રવણ પછી મનન અને
છેવટે નિદિધ્યાસનની આવશ્યકતા છે.

'ભાવઆપત્તિ' એટલે મોહવિષનું વધવું તે.
મોહનાશથી મહાન થવાય, લોભનાશથી સાચો લાભ થાય,
માનના નાશથી સન્માન મળે છે અને
માયાના નાશથી પ્રેમ - સ્નેહ - સદ્ભાવ મળે છે.
નવકાર ક્રોધ, લોભ, મોહ, માન, માયાદિનો ધ્વંસ કરે છે.

ભાવઉણોદરી એટલે શું ?
ભાવઉણોદરી = અલ્પ ક્રોધ - લોભ - શબ્દ આદિ
થોડું બોલવું, થોડું ઝગડવું, થોડું તમ તમ કરવું, ઉપરાંત
ક્રોધાદિક કષાયોની ઉદીરણા ન કરવી.

## થોડા પ્રશ્નોત્તર

વિષ શું ? ક્રોધ, મદ, માયા.

અમૃત શું ? અહિંસા.

શત્રુ શું ? માન. હિત શું ? અપ્રમાદ.

શરણ્ય શું ? સત્ય.

દુઃખ શું ? લોભ. સુખ શું ? સંતોષ.

સાદડી, સં. ૨૦૨૬, આસો સુદી ૮, તા. ૮-૧૦-૭૦, ગુરૂવાર

કામ, ક્રોધ, લોભ અને મોહ પેદા કરનાર કુત્સિત નામ
જે શબ્દમાં જો કામ, ક્રોધ અને મોહ ઉત્પન્ન કરવાની
શક્તિ હોય, તો શ્રી વીતરાગ પ્રભુના પવિત્ર નામમાં
પણ પવિત્રતા પેદા કરવાની શક્તિ કેમ ન માનવી ?
એક ગધેડો કે બદમાશ શબ્દ જો ક્રોધ જન્માવી શકે,
એક નાટક કે સિનેમાના નટ યા નટીના નામમાં પણ
જો કામ યા મોહ પેદા કરવાની શક્તિ છે,
તો એક દેવ અને એક ગુરૂના પવિત્ર નામમાં
કામ, ક્રોધ યા લોભ નિવારવાની શક્તિ કેમ નહીં?

## ધનતેરસનાં દિવસે ૨૩ ગુણો મેળવવા:

સત્ય, અહિંસા, ચિત્તશુદ્ધિ, સદાચાર, પ્રામાણિકતા, સંયમ,
પવિત્રતા, તપ, દાન, દયા, શ્રદ્ધા,
મોક્ષ માટે ઉદ્યમ અને નિંદાનો ત્યાગ.

## કાળી ચૌદશે ૨૪ દોષ વર્જવા:

કામ, ક્રોધ, મોહ, મદ, દંભ, લોભ, દર્પ, ઈર્ષા, નિંદા, ચુગલી,
જૂઠ, સંશય, કઠોર ભાષણ અને અપવિત્રતા.

## દિવાળીના દિવસે આંતરપ્રકાશ મેળવવો.

જેણે કામ, ક્રોધ, લોભ જીત્યા, તેને નિત્ય દિવાળી છે.
સર્વ જીવો આત્મા સમાન છે, ત્યાં...
ક્રોધ કોનો? માન શાનું? માયા કેવી? લોભ કયાંથી?
મમત્વ કે મારાપણાંનો આગ્રહ જ દુઃખદાયી છે.
અરિહંતરૂપ મંગલથી ક્રોધકષાય,
સિદ્ધરૂપ મંગલથી માનકષાય, સાધુરૂપ મંગલથી માયાકષાય
અને ધર્મરૂપ મંગલથી લોભકષાય નષ્ટ થાય છે.
કષાય નષ્ટ થયાં વિના કષ્ટ નષ્ટ થતું નથી.

સં. ૨૦૨૫, આસો વદી ૧૪, દિવાળીનો દિવસ

આઠે કષાયો દૂર કરનાર અષ્ટપ્રકારી પૂજાનો રહસ્યાર્થ

ધર્મક્રિયા વડે થતી નિર્મળતા એ
સ્વચ્છ જળથી થતી આત્મા રૂપ દેવની પૂજા છે.
સ્થિરતા એ સુગંધી ચન્દન વડે થતી પૂજા છે.
તન્મયતા એ સુગંધી પુષ્પો વડે થતી ઉપાસના છે.
દુષ્કૃતગર્હા રૂપ પાપેન્ધન બાળવા માટે ધૂપનું કામ કરે છે.
સુકૃતાનુમોદના રૂપ ગુણરૂપી પ્રકાશ ફેલાવવાને માટે
પ્રગટેલાં દીપકનું કાર્ય કરે છે. ચતુઃશરણાગમન એ
ફળ - નૈવેદ્ય તથા અક્ષતનું કાર્ય કરે છે.

કષાયો દૂર કરનાર અષ્ટપ્રકારી પૂજા વેળા વિચારવું કે:

જળપૂજા - ધૂપપૂજા વખતે આત્મા નિર્મળ, ચંદન તથા
દીપપૂજા વખતે આત્મા સ્વરૂપમાં સ્થિર થઈ રહ્યો છે
અને પુષ્પપૂજા તથા અક્ષતાદિ વડે થતી પૂજા વખતે
આત્મા સ્વરૂપમાં તન્મય બની રહ્યો છે.
આવું વિચારવાથી આઠે કષાયો દૂર થાય છે.

ધૂપપૂજા એ પ્રેમનું પ્રતીક છે,
તે વડે દ્વેષ અને ક્રોધ દૂર થઈ રહ્યાં છે.
દીપપૂજા એ જ્ઞાનનું પ્રતીક છે,
તે વડે અજ્ઞાન અને મોહ દૂર થઈ રહ્યાં છે.
નૈવેદ્યપૂજા એ પરોપકારનું પ્રતીક છે,
તે વડે લોભ અને સ્વાર્થ દૂર થઈ રહ્યાં છે.
જળપૂજા વડે ક્રોધ અને દ્વેષ શમે છે,
ચંદનપૂજા વડે મોહ અને અજ્ઞાનની દુર્ગંધ દૂર થાય છે
તથા પુષ્પ અને અક્ષત પૂજા વડે સર્વ કર્મો ટળાય છે.
આ રીતે ધૂપ, દીપ, નૈવેદ્ય, જળ, ચંદન, પુષ્પ તથા અક્ષતાદિ
પૂજા વડે જીવનમાં રહેલ ક્રોધાદિ કષાયો, મોહાદિ દુર્બુદ્ધિ
અને લોભાદિ વૃત્તિઓ નાશ પામે છે.
ક્રોધ, લોભ અને મોહ - એ ત્રણ દોષને જીતવા માટે
અનુક્રમે પ્રેમ, પરોપકાર અને જ્ઞાનની સાધના જરૂરી છે.
પ્રેમ એ ક્રોધરૂપી તાપને ટાળવા માટે શીતળ જળ છે
અને પાપરૂપી ઈન્ધનને બાળવા માટે પ્રચંડ અગ્નિ છે.

## સ્થૂળ દેહમાં...

પૃથ્વીતત્વ - અસ્થિ, ત્વચા આદિ.
જળતત્વ - મેદ, રક્ત, રેતસ્ આદિ.
અગ્નિતત્વ - ક્ષુધા - તૃષાદિ.
વાયુતત્વ - દોડવું, ચાલવું વગેરે.
આકાશતત્વ - કામ, ક્રોધ, લોભ આદિ.
સૂક્ષ્મ દેહના ૫ આકાશતત્વ: કામ, ક્રોધ, શોક, મોહ, ભય.

## પંચતત્વોનું કાર્ય

(૧) પૃથ્વીતત્વમાંથી હાડ, ચામ, નાડી, રોમ, માંસ બને.
(૨) આપતત્વમાંથી વીર્ય, રક્ત, રસ, મૂત્ર, પ્રસ્વેદ બને.
(૩) અગ્નિતત્વમાંથી ક્ષુધા, તૃષા, આળસ, નિદ્રા, મૈથુન બને.
(૪) વાયુતત્વમાંથી હલન, ચલન, આકુંચન, પ્રસારણ થાય.
(૫) આકાશતત્વમાંથી કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, ભય બને.

આધ્યાત્મિક જીવન એટલે પ્રકૃતિ ઓછી કરી નાંખવી એમ નહીં, બલ્કે કામ, ક્રોધ, લોભ જેવી વૃત્તિઓ, જે જાગતી જ રહે છે, તેને ઓછી કરવી.

## બધી ક્રિયા જિનાજ્ઞાપાલન માટે જ.

રાગ - દ્વેષ - કામ - ક્રોધ - લોભ - મોહાદિના હ્રાસ માટે, બહિરાત્મભાવમાંથી છૂટીને અંતરાત્મભાવમાં આવવા માટે, અહિંસાદિના પાલન, આત્મગુણોને વિકસાવવા, રત્નત્રયના આરાધન માટે પ્રત્યેક ધર્મક્રિયા હોય, તેમ જ તે ક્રિયા 'જિનાજ્ઞાપાલનનો અપૂર્વ લાભ મળશે' એ સંતોષથી કરવી.

આત્માનું અનુસંધાન કરવાથી મન લય પામે છે.

## મનનો લય એ જ મુક્તિ છે.

મોક્ષને માટે ચિત્તને નિરંતર આત્માને વિષે જોડવું જોઈએ. પરમાત્માના સતત અનુસંધાનથી ચિત્ત નિર્મળ હોય છે, સર્વ પ્રકારની વાસનાઓથી તથા કામ - ક્રોધ - લોભ - મોહ - મદ - મત્સર વગેરે વિકારોથી રહિત હોય છે.

## પરમાત્માના વિવિધ અવતારમાં

અજ્ઞાનના સમુદ્રમાંથી જ્ઞાનનો સૂર્ય ઉગવાનો અવતાર એ મત્સ્યાવતાર[૧] છે અને ક્રોધ - લોભ - મોહરૂપ વાસનાઓનો નાશ કરવો, એ વરાહાવતાર[૨] છે.

પાંચ વિકલ્પ = કામ, ક્રોધ, લોભ, મોહ, મદ - અહંકાર.
જીવાત્માના આ મહાશત્રુઓ સાથે યુદ્ધ એ ધર્મયુદ્ધ છે.
છ આંતરશત્રુઓ: કામ - ક્રોધ - લોભ - મોહ - મદ - મત્સર.
છ ઊર્મિઓ: ક્ષુધા - તૃષા - શોક - મોહ - જરા - મૃત્યુ.
છ દ્વન્દ્વો : શીત - ઉષ્ણ - સુખ - દુઃખ - હર્ષ - વિષાદ.
જ્યારે આપણે જીવોને નારકી, તિર્યંચ અથવા દેવરૂપે જોઈએ છીએ, ત્યારે ક્રોધ - માન - માયા - લોભ આદિ મોહરૂપી વિકલ્પો આપણા મનોભાવ યાને આત્મભાવને બગાડી નાંખે છે અર્થાત્ અત્યંત વિક્ષિપ્ત કરી નાંખે છે. 'આ જીવ શરીર નથી, કષાય નથી, કર્મ નથી અરે! કે મનુષ્ય, તિર્યંચ વગેરે નથી, પરંતુ આત્મા છે' એમ જોતાં જ રાગ-દ્વેષરૂપ ભાવ કે આસક્તિ જતી રહે છે તથા આત્મા પોતાના શુદ્ધ સ્વભાવમાં સર્વ આત્માઓ સાથે સમભાવપૂર્વક રહી આત્માનંદને અનુભવે છે.

હિંસા, ક્રોધ, લોભ તથા મોહ વગેરેથી
સૂક્ષ્મ શરીરને દૂષિત કરવું, એ મૂર્ખતા છે.

ચાર કષાયને જીતવાથી ચાર ગુણ પ્રગટે છે તથા
વીર્ય અને ઉપયોગગુણ શુદ્ધ બને છે.
ક્રોધકષાયથી આત્માનો દર્શનગુણ,
માનકષાયથી આત્માનો જ્ઞાનગુણ,
માયાકષાયથી આત્માનો ચારિત્રગુણ તથા
લોભકષાયથી આત્માનો તપગુણ હણાય, ઉપરાંત
ઉપયોગ અને વીર્ય બહુ અશુદ્ધ થાય છે.
લોભ અને ક્રોધને પરસ્પર વિરોધ છે તથા
મોહ બહુ આળસમાં પરિણમી પરસ્પરને બાધક બને છે.
લોભમૂલક - દ્વેષમૂલક - મોહમૂલક પ્રવૃત્તિ અકુશળ અને
પરોપકારમૂલક - પ્રેમમૂલક - જ્ઞાનમૂલક પ્રવૃત્તિ કુશળ છે.
તત્ત્વચિંતન, ધ્યાન, સ્વાધ્યાય, સમાધિ આદિ વિભાવ છે,
કામ-ક્રોધ-લોભ-મોહ-મદ-માયાનો અભાવ તે અનુભાવ છે
અને ધૃતિ, રતિ, મતિ, બુદ્ધિ આદિ સંચારીભાવ છે.
લોભકષાય સંસારના બંધનરૂપ સર્વ પાપોનું મૂળ છે,
તેના ઉપર કાબૂ મેળવી સંતોષપૂર્વક જીવન વીતાવવું.

ક્રોધને પાત્ર જીવ ઉપર ક્રોધ ન કરીએ, એ જ ક્ષમા છે.

ક્ષમા = ક્રોધ અને ઉપલક્ષણથી માન, માયા, લોભ ઉપર
વિજય, ઋજુતા, નમ્રતા, નિર્લોભિતા મેળવવા તે.

છલપ્રપંચમાં ફસાયેલા પ્રત્યે આપણે
નિશ્છલ વ્યવહાર કરીએ, એમાં જ આર્જવ છે.

ક્રોધ - માન - માયા - લોભમાં સંસાર ફસાયેલો છે,
એને જો આ ચક્રમાંથી બહાર કાઢવો હોય, તો ક્રોધાદિનો
પરિત્યાગ કર્યા વિના એ કઈ રીતે સંભવિત બનશે?

'મહાપુરુષ' એટલે કેવા પુરુષ ?

મનનો નિગ્રહ કરી શકે એવા નરપુરુષો જ
ચિત્તવૃત્તિઓ ઉપર વિજય મેળવે છે.

જે મનુષ્ય પોતાની કામ, ક્રોધ, લોભ, મોહ વગેરે
વૃત્તિઓને પ્રભુપ્રાપ્તિની ઉત્કટ ઇચ્છા રૂપી
અગ્નિમાં હોમી દે, તે જ દિવ્ય સુખ માણી શકે છે.

કોઈના પણ ભલામાં નિમિત્ત બનવા
જે હરપળે તત્પર રહેતાં હોય, તેનું નામ 'મહાપુરુષ'.

મહાલોભમાં ડૂબેલામાં દાન ક્યાંથી હોય?
અને મહાક્રોધી પાસે ધન ક્યાંથી હોય? શક્તિ ન હોય.

ક્રોધ કે લોભ અલ્પ હોય, ત્યારે
રોકવામાં ન આવે, તો વધી જાય. આત્માને પણ
ધીમેધીમે દ્વેષહીન, ક્રોધહીન, પાપહીન બનાવવો જોઈએ.
સમજદારને માટે ક્રોધ કોઈપણ અવસ્થામાં ઉચિત નહિ,
કેમકે તે આગ છે, જેને વધતાં વાર લાગતી નહિ.

ક્રોધને કે કામને કે લોભને વશ થવું,
તે મોટાં દુશ્મનને વશ થવા બરાબર જ છે.

કામ છે, ત્યાં સુધી ક્રોધ જવાનો નહિ, વળી
મોહ છે, ત્યાં સુધી લોભ જવાનો નહિ અને
અજ્ઞાન છે, ત્યાં સુધી મોહ પણ જવાનો નહિ.

એ રીતે બધાનું મૂળ એક જ છે અને
તે છે સ્વરૂપનું અજ્ઞાન - સત્યનું અજ્ઞાન.
આત્મજ્ઞાન વડે જ અજ્ઞાન નાશ પામે છે, કિન્તુ
તે જ્ઞાન માહિતીનું નહીં, અનુભૂતિનું હોવું જોઈએ.

કષાય = ક્રોધ, માન, માયા અને લોભવાળી પરિણતિ.

ક્રોધ - માન - માયા - લોભકષાયનું કામ શું?

આત્માને અવિરતિ કરાવવા અને
બીજાં આડે આવનાર પ્રત્યે દ્વેષ - અરૂચિ કરાવવા.

આવે કષાયનું ઔષધ છે મૈત્રી,
નિર્વિકારાત્મથી આત્મતત્ત્વની એકતાનો વિચાર.

જ્યારે સાધક પોતાના અંતઃકરણમાં શિવશક્તિનું આવું મિલન કરી શકે છે, ત્યારે તેનો નવો જન્મ થાય છે.
એને જ શિવ - શક્તિનો પુત્ર કાર્તિકેય અથવા
દેવોનો સેનાપતિ સ્કંદ કહેવાય છે.

મનુષ્યના આ નવા જન્મથી
કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર જેવા ષડ્રિપુઓ
સમાન આસુરી બળોનો નાશ સ્કંદ સેનાપતિ કરે છે.

આત્મસ્મૃતિના પરિણામે અહંભાવ -
અહંકૃતિ નાશ પામે છે, નામશેષ થાય છે અને
કામ, ક્રોધ તથા લોભાદિ ષડ્રિપુ દૂરથી જ ભાગે છે.

ત્રણ વાતને રોજે છોડો : ક્રોધ, લોભ અને મમતા.

ત્રણ વસ્તુની કદર કરો : સૌજન્ય, નમ્રતા તથા શાન્ત.

કામથી કર્મ - ક્રોધથી શાપ - લોભથી ભક્તિ ઉત્પન્ન છે.
ભક્તિ વધે, ત્યારે અભિમાન મરે તથા દીનતા આવે છે,
કિન્તુ અભિમાન વધે તો માનજો કે ભક્તિમાં ભૂલ છે.
કામ - ક્રોધ - લોભ - મોહ - મત્સર આદિ શત્રુઓનો
નાશ કરવા અરિહંતનું નામ જપો, બેડો પાર થશે.

આ જિનશાસનના પર્વોનું યોજન શા માટે ?

અનાદિકાળથી જીવને કર્મના બંધનમાં જકડી રહેલાં
ક્રોધ, માન, માયા અને લોભ -
એ ચાર કષાયોને પાતળાં પાડી નાશ કરવા માટે
આ જિનશાસનના પર્વો યોજાયેલાં છે તથા
એ માટે જ આગમમાં અહિંસા અને
વિચારમાં અનેકાન્તની પ્રરૂપણા કરી છે.

કામ, ક્રોધ, લોભ, મોહ, મત્સર, અહંકાર, સ્વાર્થનો ત્યાગ
તથા ક્ષમા, ઉદારતા, નમ્રતા, તપ, શૌચ, બ્રહ્મચર્ય છે.

કામ - ક્રોધ - લોભ વગેરે ideal reality છે.

આખો સંસાર ideal reality ઉપર છે, કિન્તુ objective ઉપર નહિ. કામ - ક્રોધ - લોભાદિ તથા જ્ઞાન - દર્શન - ચારિત્ર વગેરે ideal reality અધ્યવસાયની સૃષ્ટિ ઉપર અવલંબેલા છે.

નોકર જે શેઠની મિલ્કતને પોતાની માને અને કતરૂં મટીરિયલનો માલિક પોતે છે - એમ માનીને વર્તે, તે કલ્પનાસૃષ્ટિ ideal reality છે.

જૈન સિદ્ધાંત મુજબ આ સંસાર ૪ ચોકડી = ક્રોધ - માન - માયા - લોભની રમત છે, તે ય અનાદિ કાળથી છે અને અનંત કાળ ચાલવાની છે. જે મૂળસ્વરૂપે જશો, તે જ તેમાંથી મુક્ત થઈ શકશો.

મોહ, માયા, લોભ, તૃષ્ણા જેવાં મોજાઓનાં પ્રચંડ પ્રહારો સામે પણ જિનભક્તિનું મંદિર યુગ-યુગાન્તરો સુધી અખંડ રહી શકે છે, જેનું કારણ દાન, દયા, ધર્મ, સત્ય, તપ વગેરે આત્માના ગુણો છે.

ક્રોધ, માન, માયા કે લોભને આશ્રિત તપશ્ચર્યા ન હોય,

પરન્તુ તે ઋદ્ધિ તપશ્ચર્યાને આશ્રિત રહે છે.

આત્મરમણતા કરનાર તપશ્ચર્યાથી કષાયો દૂર રહે છે.

સમ્યક્ત્વથી ખુદ પોતે શોભે, તે આરાધક અને

જે સમ્યક્ત્વને શોભાવે, તે પ્રભાવક.

શક્તિ મુજબ દ્રવ્ય - ભાવ જિનપૂજા અને

ક્રોધાદિ કષાયોનો નિગ્રહ - એ તપને શોભાવનાર છે.

ઇચ્છા = મોહકર્મનો ઉદય, તેનો નાશ આત્માથી થાય છે,

તેથી આત્માનું આરાધન એજ મોક્ષનો પરમ ઉપાય છે.

પ્રેમનું કોડિયું, દયાનું દીવેલ અને ધ્યાનની દીવેટના

દીવામાં પરમાત્મતત્ત્વનો અગ્નિ પ્રકટાવીને

કામ - ક્રોધ - લોભના અંધકારને દૂર કરવો.

ક્રોધને પચાવવાથી જીવનનું તે Tonic બની જાય છે.

મૈત્રીનો અભ્યાસ ક્રોધ - માનથી મુક્ત કરાવે છે અને

વૈરાગ્યનો અભ્યાસ માયા - લોભથી છોડાવે છે.

માયા - લોભ જવાથી કામદોષથી પણ મુક્ત થવાય છે.

# જીવનમાં સદ્ગુરુની સહાય પરમ ઉપયોગી

કામ-ક્રોધ-લોભ-મોહ-માયા-મમતા સાથેના યુદ્ધમાં
સદ્ગુરુની સહાય, એમના વચનનું પાલન, એમના
ઉપદેશની લગામ બહુ જરૂરી-ઉપયોગી નીવડવાની છે.
એવા સાધુ સોંઘા નહિ, પ્રયત્ને મળે એવા છે.
આવા સાધુ મળે, આવી સાધુતાની સ્નેહમૈત્રી ફળે,
તો જ તારા-મારાનું મમત્વ છૂટે, સૌ જીવો તરફ
અદ્વૈતભાવ વ્યાપી રહે, મન રાગ-દ્વેષરહિત નિર્મળ બને.
એ મન પરબ્રહ્મ પરમાત્મામાં તદ્રૂપ રહે, તો અભિમાન-
ગર્વ ગળે, કામવાસના ટળે, ઇંદ્રિયો કાબૂમાં આવી જાય,
મનનાં તરંગો આડાં ન આવે, આંતરઆનંદ વ્યાપી રહે,
જીવન પરમ ઉપકારી બની રહે અને એ રીતે સાચા
બેલીના સાંનિધ્યમાં, સુખધામમાં જીવન મહેંકી ઉઠે
અને તે આપત્કાળમાં દુઃખી ન રહે.

અતિ બળિષ્ઠ રિપુઓ સાથેની લડાઈમાં
આપણે આજે એ રીતે સાબદા થઈ જવાની જરૂર છે.

સાધના = મનને ઈશ્વરીયતામાં ભરી દેવા યત્ન કરવું તે.

સાધના માટે સતત આત્મનિરીક્ષણ જોઈએ કે:

કેટલી વાર રોષ - અભિમાન કર્યાં?

વાસના ઢંઢોળી, જગાડી, રમાડી? કેટલી વાર સમતા ગુમાવી?

કેટલી વાર જાણી - જોઈને અસત્ય બોલ્યાં?

કેટલી વાર માયા કરી? લોભ કર્યો? તૃષ્ણા વધારી?

જે ક્ષુદ્ર હોય, તે છલકાય.

સાગર મર્યાદા મૂકે નહીં = નિર્મદ હોય, ગંભીર હોય.

યુદ્ધમાં સુભટને દુશ્મનને જીતવાનું જ કાર્ય હોય છે,
તેમ મુનિ પણ આત્માના કામ અને ક્રોધાદિ
દુશ્મનોને જીતવા માટે સુભટ જેવા જ હોય.

સાધુને પાંચ વ્રતો હોય છે:

નિષ્કામ, નિર્લોભ, નિઃસ્વાદ, નિર્માન, નિર્મોહ.

કામનાનું પ્રતિપક્ષ સાધના, વાસનાનું પ્રતિપક્ષ ઉપાસના.
ક્રોધ, માન, માયા, લોભનો વિલય સદ્સત્‌ના બોધથી જ
સ્વયંમેવ થઈ જાય છે. knowledge is power.

જડ - ચેતન આદિ પદાર્થો ઉપરની શ્રદ્ધા
ક્રોધ - દ્વેષ આદિ વૃત્તિઓનો નિગ્રહ કરે છે અને
જડ - ચેતન આદિ પદાર્થોનું જ્ઞાન
લોભ - તૃષ્ણાદિ વૃત્તિઓનો નાશ કરે છે.
કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સરાદિ ભાવો મનમાં
ઉત્પન્ન થાય છે અને તેમાં 'હું અને મારાપણું'ની
બુદ્ધિ કરી મનુષ્ય મનુષ્ય મટી જઈ રાક્ષસ બને છે.
એ મનોભાવનો નાશ કરવા માટે
આત્મભાવને પરમાત્મભાવ સુધી પહોંચાડવો જોઈએ.
ત્રીજું સાધન અહિંસા - સંયમ - તપધર્મની આરાધના છે.
અહિંસા - સંયમ - તપથી એક બાજુ કામ - ક્રોધ તથા
લોભનો નિગ્રહ થાય છે અને
બીજી બાજુ શમ, દમ, તિતિક્ષા સધાય છે.
પ્રમાદમાં પડતાં આત્માને નિયમમાં રાખવા માટે
ઈંદ્રિયો અને વિષય - કષાયોને ત્યાગવા, મન - વચન
તથા કાયાના યોગોને સંયમમાં રાખવા, તે સંયમધર્મ છે.

3 સંજ્વલન = ક્રોધ - માન - માયા - બાદર લોભ.

સૂક્ષ્મસંપરાય ગુણસ્થાને સૂક્ષ્મ લોભ ખપાવે છે.

ક્રોધમાં બીજાને દુઃખ દેવાનો ભાવ છે,
માનમાં બીજાનો તિરસ્કાર છે,
માયામાં બીજાને ઠગીને પોતાને લાભ લેવાનો ભાવ છે
અને લોભમાં બીજાની પાસેથી લઈ લેવાનો ભાવ છે.

ક્રોધ થાય, એ એક પ્રકારનું ધ્યાન છે,
કિન્તુ જો 'ક્રોધ કરવા જેવો છે' એમ માને,
તો તે રૌદ્રધ્યાન બની જાય છે.

મોહનો દીકરો કામ અને કામનો દીકરો ક્રોધ છે.

જેનું મન પ્રભુના ચરણોમાં આળોટી રહ્યું છે,
તેને માટે તો સંસારના પદાર્થો વિષ સમાન લાગે છે.
તેને પુદ્ગલના સુખની ઈચ્છા રહેતી જ નથી, તેની
તૃષ્ણા પ્રજળી જાય છે, તેના કામ - ક્રોધ - લોભ -
મોહ - મદ - માન અને માયા ભાગી જાય છે તથા
દેવોના ભોગવિલાસ પણ તેને ફિક્કાં જ લાગે છે.

## કષાયોથી છૂટવા કેવા વિચારો કરવા?

'હું કદી ક્રોધ નહીં કરું' એ વિચારથી ક્રોધ નહીં છૂટે,
'હું કદી લોભ નહીં કરું - મોહ નહીં કરું'
એના સ્થાને એવો વિચાર વધુ યોગ્ય છે કે:
'હું સર્વ ઉપર પ્રેમ કરીશ, દાની બનીશ,
સંતોષવૃત્તિ ધારણ કરીશ, હંમેશા નમ્ર બનીને જ રહીશ,
કેમકે ક્રોધકષાયથી પાપ ઉદ્ભવે છે અને
અભિમાનથી વિનાશ સર્જાય છે.'

## વીતરાગની ભક્તિ કેવી છે?

તે રાગ-દ્વેષ-મોહની પ્રતિપક્ષભૂત ભાવનાનો ભંડાર છે.

## નિર્ગ્રન્થની ભક્તિ કેવી છે?

તે કામ, ક્રોધ, લોભ, હિંસા, અસત્ય, અબ્રહ્માદિ દોષોની પ્રતિપક્ષભૂત ભાવનાથી ભરેલી છે. જ્ઞાન-દર્શન અને ચારિત્રાદિ ગુણોનું બહુમાન જેમ જેમ વધતું જાય, તેમ રાગાદિ દોષો અને ક્રોધાદિ કષાયો નિર્બળ થતાં થતાં અનુક્રમે પાતળાં પડતાં જાય, એ નિશ્ચિત છે.

ક્રોધ, માન, માયા, લોભ, મદ, મત્સર - આ
સૌ દોષો ડુબાડનારા છે, તેમાં નાનો - મોટો કોઈ નહિ.

દુસ્તર એવા આ ભવસાગર તરવાને માટે
મનરૂપી તુંબડામાં એક પણ દોષરૂપી કાણું ન જોઈએ.

ભવસાગર તરવાના બે તુંબડા એટલે...
દોષમાત્રની નિંદા - ગર્હા અને ગુણમાત્રની અનુમોદના.

સર્વ દોષરહિત અને સર્વ ગુણસહિત હોય,
તેનું શરણું સ્વીકારવાથી જ ભવસાગર તરી શકાય છે.

રૌદ્રધ્યાનની ઉત્પત્તિનું મૂળ ક્રોધાદિ ચાર કષાયો છે.

રૌદ્રધ્યાનનું મુખ્ય મથક લોભ છે.

લોભનું મુખ્ય મથક ૫ ઈંદ્રિયોના વિષયો છે.

ક્રોધનો ત્યાગ દર્શનથી, માનનો ત્યાગ જ્ઞાનથી,
માયાનો ત્યાગ ચારિત્રથી, લોભનો ત્યાગ સંતોષથી થાય.

ભોગનો ત્યાગ નહીં - વિષયનો ત્યાગ કરવાનું કહ્યું છે.

ભોગનો ત્યાગ માનકષાયને પોષનાર છે, જ્યારે
વિષયનો ત્યાગ વૈરાગ્યભાવને લાવનારો છે.

અજીતસેન મુનિ કેવા રીતે વિચરતાં ?

એમણે ક્ષમા રૂપી ખડ્ગ વડે ક્રોધરૂપી યોદ્ધાને હણ્યો,
માર્દવરૂપી વજ્ર વડે માનરૂપી પર્વતને હણ્યો,
સરળતાના ખીલા વડે માયારૂપી વિષવલ્લીને હણી,
મુક્તિરૂપી નાવ વડે લોભરૂપી સાગરને તર્યો,
સંવેગરૂપી યંત્ર વડે કંદર્પરૂપી સર્પને હણ્યો,
ત્રિવિધ રાગરૂપી રંગને મનરૂપી પટ થકી દૂર કર્યો,
દુષ્ટ દ્વેષરૂપી ગજેન્દ્રને ઉપશમરૂપી અંકુશ વડે વશ કર્યો,
વૈરાગ્યરૂપી મુદ્ગર વડે મોહરૂપી મહામલ્લને પીડ્યો,
દુર્જય આંતરરિપુઓને લીલામાત્રમાં જીતી લીધા,
રાગરોષથી મુક્ત, કરૂણામાં એક તત્પર,
પ્રધાનધર્મના સ્વરૂપને કહેતાં વિચરે છે.
આપણે પણ ક્ષમા રૂપી કરવત વડે ક્રોધને હટાવો,
માર્દવની તલવાર વડે માનને હટાવો,
આર્જવ રૂપી દંડ દ્વારા વૃક્ષ એવા માયાને હટાવવા નકી,
સંતોષ રૂપી અગ્નિ દ્વારા જાળ એવા લોભને હટાવો.

આંશિક દર્શને દોષો ભયંકર લાગે; પરન્તુ
પૂર્ણ દર્શને એમની પણ મહત્તા છે.

કામ, ક્રોધ, લોભ, મોહ, મદ વગેરેનો
જો વિવેકપૂર્વક ઉપયોગ આવડે, તો એ જરૂરી પે છે.
મરચાં મરચાં તરીકે ખાઈએ તો ઈજા કરે, ભળ રસોમાં
મિશ્રિત થઈ રસોઈને સ્વાદિષ્ટ બનાવે, પચવામાં સહાય કરે.
એમ સર્વગ્રાહી નજરે જોતાં કશું પણ નકામું નથી.
સ્વસ્થ-તટસ્થ દર્શનથી સર્વની ઉપયોગિતા સમજાય છે.

ઠંડક પણ તેજ છે, જ્યોતિમાં પણ ઠંડક છે.
તેજમાં પણ ઠંડક જોઈએ.
ક્રોધમાં પણ પ્રેમ અને પ્રેમમાં પણ ક્રોધ આવશ્યક છે.

અહિંસા એટલે...

આત્મામાં રહેલ રાગ-દ્વેષ, કામ-ક્રોધ, લોભ-મદ,
મોહ-મત્સર આદિ દુર્ભાવોને નિગ્રહમાં લાવવાની વૃત્તિ.
'સ્થિતપ્રજ્ઞ' તે છે જે જ્ઞાનેન્દ્રિયોને વશમાં લાવી કર્મેન્દ્રિયો
દ્વારા વિવિધ પ્રવૃત્તિઓ નિષ્કામ ભાવે કરતો રહે છે.

V.V. [signature]

નાંદીયા, માગસર સુદ ૯, શનિ

ધર્મલાભ માટે લોભને હટાવવો જોઈએ અને
કષ્ટનાશ માટે કષાયનો નાશ કરવો જોઈએ.

અરિહંતના શરણથી મૈત્રી આવે છે અને ક્રોધ જાય છે.
સિદ્ધના શરણથી પ્રમોદ જાગે છે અને માન જાય છે.
સાધુના શરણથી કરુણા પેદા થાય અને માયા જાય છે.
ધર્મના શરણથી માધ્યસ્થ્ય આવે અને લોભ જાય છે.

ક્રોધ કાપવા અરિહંતશરણ, માન મારવા સિદ્ધનું શરણ, માયા ડારવા સાધુનું તથા લોભને ટાળવા ધર્મનું શરણ લેવું.

દ્વેષ એ હિંસા, અસત્ય, ચોરી, કલહ કે પરિગ્રહરૂપે;
ક્રોધ એ માન, માયા કે લોભરૂપે;
રાગ-દ્વેષ એ કલહ, અભ્યાખ્યાન કે પરપરિવાદરૂપે, રતિ-અરતિરૂપે, માયા-મૃષા કે મિથ્યાત્વશલ્યરૂપે પ્રગટ થાય છે.

મૈત્ર્યાદિ ભાવોનો અભ્યાસ એ ક્રોધાદિ કષાયો પ્રત્યેના વૈરાગ્યને પુષ્ટ કરે છે અને પૌદ્ગલિક પદાર્થો પ્રત્યેનો વૈરાગ્ય એ બાહ્ય વિષયોની તૃષ્ણાનો છેદ કરે છે.

## શ્રી શ્રીપાળરાજાના રાસમાં કહ્યું છે કે:

'કાયા વશ કરી રાખીએ, વચન વિચારી બોલ,
ધર્મધ્યાન મન શું ધરી, રાખો મન અડોલ.'

અર્થાત્: આ માટીની કાયા વશ રાખવાથી કામ જીતાય, મૃદુ વચન વિચારીને બોલવાથી ક્રોધ જીતાય અને મનને ધર્મધ્યાનમાં અડોલ રાખવાથી લોભ જીતાય. કામ-ક્રોધ-લોભને વશ રાખવાથી ધર્મ ફળીભૂત થાય.

## 'પરમેષ્ઠિ' શબ્દમાં 'ઇષ્ટ' એટલે...

કામ, ક્રોધ, લોભ - એ ત્રણ દોષ જેમણે જીત્યા છે, તે. તેનું સ્મરણ, પૂજન કામ - ક્રોધ - લોભને જીતાવનાર છે. એ ત્રણ દોષોનો વિજય જેને ઇષ્ટ છે, તેને એ ત્રણ ઉપર વિજય પ્રાપ્ત કરનાર જે હોય, તે જ ઇષ્ટ છે. કામને રહેવાનું સ્થાન કાયા, ક્રોધનું સ્થાન વચન તથા સૌથી આકરા કષાય લોભને રહેવાનું સ્થાન મન છે. મોહ જવાથી મહાન થવાય, લોભ જવાથી લાભ થાય, માન જવાથી માન મળે, માયાનાશથી માયા-તૃષ્ણા જાય છે.

મૈત્રીવાન ક્રોધ ન કરે, તેથી પાપથી રહિત બને છે.

પાપનું સાધન ક્રોધ છે, દુઃખનું કારણ અસંતોષ છે અને
ભવનું મૂળ ઇચ્છા છે.

કામ-ક્રોધ-લોભ એ ત્રણ દોષોનું એકસાથે નિવારણ
મૈત્રીનું જ પરિણામ છે, કેમકે મૈત્રી એ દુઃખરહિત,
પાપરહિત અને ભવરહિત બનવાની ભાવના છે.

'બધા જીવો કામ-ક્રોધ-લોભરહિત થાઓ'
એ જ મૈત્રીભાવના તથા પ્રશમનું તત્ત્વ છે.

દુઃખરહિત થવા માટે કામનો, પાપરહિત થવા માટે ક્રોધનો
અને ભવરહિત થવા માટે લોભનો વિજય આવશ્યક છે.

અહંકાર, હિંસા, અસત્ય, કામ, ક્રોધ, લોભ તથા મોહ
- એ બધાં લક્ષણ છે, સંકેત છે, બાહ્ય ચિહ્નો છે.
બધાનું મૂળ આત્માનું અજ્ઞાન છે. એ જ રીતે
હિંસા, સત્ય, અકામ, અક્રોધ આદિ શુભ લક્ષણો છે,
પરંતુ તે સર્વ આત્મજ્ઞાનના
લક્ષણ કે શબ્દ, સંકેત અથવા ઇશારો છે.

'કપાળે ક્રોધ, ગળે માન, હૃદયે માયા જાણ,
આખા અંગે લોભ, એ કષાયચાર પ્રમાણ'.

યોગવિદ્યા એટલે...

આપણા મનને જગતના પદાર્થોથી ખેંચી લઈ
બ્રહ્મસાક્ષાત્કાર કે પરમાત્મદર્શન કરાવવાની વિદ્યા.
તેના અભ્યાસથી કામ, ક્રોધ, લોભ, મોહ, મદ તથા મત્સરાદિ
વૃત્તિઓ ઉપર કાબુ મળે, મન એકાગ્ર બને, ધ્યાનમગ્ન
રહેવાનું બળ વધે, શારીરિક વાસનાઓમાં પરિવર્તન આવે.
મનના વિકાર કામ - ક્રોધ, ઈંદ્રિયોના વિકાર રાગ-દ્વેષ,
હૃદયના વિકાર આશા - તૃષ્ણા, બુદ્ધિના વિકાર સંકીર્ણતાદિ
અને અહંકારના વિકાર ભેદબુદ્ધિ - જુદાઈ આદિ છે.

ઉપરના દરેક રાગ અને વિકારો
ઉપાસના અને સાધનાદિ યોગથી દૂર થાય છે.
કામ, ક્રોધ, શોક, મોહ વગેરે વિકારો
વિચારરૂપ વરદાનના આધારે થાય છે.
યથાર્થ વિચાર થાય, તો બધા વિકાર મટી જાય છે.

ક્રોધાદિ સર્વ દોષોના નિવારણ માટેની જડીબુટ્ટી
અરિહંતાદિ પંચપરમેષ્ઠિના સર્વના સ્મરણાદિમાં છે.

પંચપરમેષ્ઠિઓ ન્યાયપૂર્વક વર્તે છે, દયા - સ્નેહસહિત છે,
તેઓ વિશ્વમાં આનંદ અને ઉત્સાહમય રીતે રહેલા છે,
પછી ભય શાનો? શોક શાનો?
જુગુપ્સા, ક્રોધ કે રતિ - અરતિ પણ શાની?

જગતમાં જેમ ક્રોધ છે - તેમ સ્નેહ પણ છે,
જેમ ભય છે - તેમ ન્યાય પણ છે.

ક્રોધાદિ વિભાવ જીવતત્ત્વને પીડાકારક છે.

દુ:ખ, શોક, ભય, ક્રોધ અને સ્વાર્થાદિ મલીન વૃત્તિઓને નિરખવાના બદલે આનંદ, ઉત્સાહ, ન્યાય, દયા અને ઉત્સાહાદિ શુભ વૃત્તિઓને જોવા, માણવા તથા તેની પુષ્ટિ કરવી અને તેમાં જ રસ લેવો, એ નમસ્કારભાવ છે.

કામ ક્રોધ, લોભ, મોહાદિ જેને પરાજિત ન કરે, તે વીર.
સુખ - દુ:ખ જેના ઉપર આક્રમણ ન કરી શકે, તે ધીર.
શમ = ક્રોધકષાય અને વિષય - તૃષ્ણાનો ઉપશમ.

## ચારે કષાયો શેના ફળરૂપ?

કામ એ વીર્યશક્તિના અભાવનું પરિણામ છે,
ક્રોધ એ સ્નેહશક્તિના અભાવનું ફળ છે,
લોભ એ સંતોષશક્તિના અભાવનું પરિણામ છે તથા
મોહ એ જ્ઞાનશક્તિના અભાવનું ફળ છે.

ધર્મફળના રસ - ઉત્સાહ, આનંદ, ન્યાય, દયા, સ્નેહ.
અધર્મફળના રસ - દુઃખ, પાપ, અજ્ઞાન, સ્વાર્થ, મોહ
અથવા શોક, ક્રોધ, મદ, જુગુપ્સા અને રતિ - અરતિ.

'યસ્ય ચિત્તં નિર્વિષયં હૃદયં યસ્ય શીતલમ્ ।
તસ્ય મિત્રં જગત્ સર્વં, તસ્ય મુક્તિઃ કરે સ્થિતા ॥'

અર્થાત્: જેનું ચિત્ત કામ તથા હૃદય ક્રોધ વિવર્જિત છે,
જગત તેનું મિત્ર છે અને મુક્તિ તેના હાથમાં છે.
ક્રોધ જીતવાથી મૈત્રી અને કામ જીતવાથી મુક્તિ મળે.
સત્ક્રિયાથી વીર્ય વધે અને સત્સંગથી સ્નેહ વધે.
જ્ઞાનશક્તિ સત્ક્રિયા અને સત્સંગને પુષ્ટ કરે છે,
તેથી જ્ઞાન મેળવવા સતત પ્રયત્ન કરવો.

# ષડ્રિપુને જીતવા ષટ્ સંપત્તિઓ

કામને જીતવા માટે ધર્મગુરુ - શમ.

ક્રોધને જીતવા માટે ધર્મગ્રન્થ - દર્શન.

લોભને જીતવા માટે ધર્મસ્થાન - ચારિત્ર.

મોહને જીતવા માટે ધર્મક્રિયા - તપ.

કાર્ય વડે ઉપાસના - ઉદ્યોગ.

મદને જીતવા માટે મંત્ર, મત્સરને જીતવા માટે શ્રુતિ.

ષટ્સંપત્તિઓનો નાશ કરનાર ષડ્રિપુઓ ઉપર વિજય અપાવનાર સાત ક્ષેત્રની ભક્તિ અને અનુકંપા દાન એ પરમ સાધન છે.

એક કૂતરો પણ જો ગંદી જગ્યામાં બેસવા તૈયાર નથી, તો પછી કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, માયા, અહંકારથી મલિન થયેલ અંતઃકરણમાં પરમાત્માનું આવવું કેમ બને?

કામ-ક્રોધાદિનો બહિષ્કાર કરીને આપણું મનમંદિર પરમાત્માને વસવાલાયક બનાવવું જોઈએ.

પ્રભુને મળવાની ઇચ્છા હોય, તો કોઈનું દિલ ન દુઃખાવો.

## લોભ, દ્વેષ તથા મોહ

જેનામાં લોભ મંદ છે અને દ્વેષ તથા મોહ તીવ્ર છે,
તે સંતોષી સાથે મૂર્ખ અને દ્વેષી (ક્રોધી) છે.
જેને મોહ પ્રબળ છે પરંતુ શેષ બે મંદ છે,
તે મંદબુદ્ધિ, ક્ષમાશીલ અને સંતોષી છે.
જેનામાં દ્વેષ બળવાન અને શેષ બે મંદ છે,
તે દ્વેષી છતાં સંતોષી અને પ્રજ્ઞાવાન છે.
જેને ત્રણે મંદ છે, તે સંતોષી, ક્ષમાશીલ અને બુદ્ધિમાન છે,
જેનામાં ત્રણે દોષ બળવાન છે, તે લોભી, મૂર્ખ, દ્વેષી છે.

રાગચરિતને સ્નિગ્ધ અને મધુર ભોજન પ્રિય હોય છે,
દ્વેષચરિતને રૂક્ષ અને ખાટું ભોજન ગમે છે અને
મોહચરિતની રુચિ અનિયત હોય છે.
રાગી ગુણ જુએ છે, દ્વેષી દોષ જુએ છે અને
મોહી સ્વયં નિર્ણય કરી શકતો નથી, કિન્તુ
લોકો જેમ કરે, તેમ પોતે કરે છે.
સત્પુરુષના બધામાં કુશલતા - વિમલતા હોય છે.

એક સહસ્ત્રારાત્મક બિન્દુ કે મહાબિન્દુમાં
શરીરમાં રહેલા ષટ્ચક્રોના અંતર્ભાવો છે.
એક જ બિન્દુ ચતુર્દલ મૂલાધારચક્રમાં
મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકારરૂપ છે.
ષટ્દલ સ્વાધિષ્ઠાનમાં કામ - ક્રોધ - લોભ - મોહ - મદ -
મત્સર કે માયાદિ ષટ્ કંચુકરૂપથી છ પ્રકારના છે.
આ ૧૦ બિન્દુ સંસ્કારના કારણો છે. તેમાં ૨ ઉમેરીને
૧૨ દલ અનાહતના અને તેમાં મૂલાધારના ૪ ઉમેરીને
૧૬ વિશુદ્ધિના બને છે. મૂલાધાર અને સ્વાધિષ્ઠાન બંને
પ્રાકૃતિક હોવાથી આજ્ઞા દ્વિદલ ચક્રરૂપ છે.
એ રીતે મણિપૂર, અનાહત, વિશુદ્ધિ અને આજ્ઞા -
એ ચારે ચક્ર મૂલાધાર અને સ્વાધિષ્ઠાનથી
ઉદ્ભૂત થવાના કારણે બે દલમાં અંતર્ભૂત છે અને એ
બંને ચક્ર બિંદુભેદ થવાના કારણે સહસ્ત્રારમાં અંતર્ભૂત છે.
એ રીતે સર્વ ચક્રોનું ઐક્ય થઈ જાય છે અને તે
એક જ બિન્દુ દશ પ્રકારનું થઈને સર્વમય બની જાય.

સ્વભાવ = પોતાના જ્ઞાનાદિ ગુણો.

વિભાવ = પોતાના કામ - ક્રોધાદિ દોષો.

દુઃખનું મૂળ લોભ, ક્રોધ અને મોહ છે.

લોભથી થતું દુઃખ ઉદારતાથી,

સ્વાર્થથી થતું દુઃખ નિઃસ્વાર્થતાથી અને

ભોગથી થતું દુઃખ સંયમથી દૂર થઈ શકે છે.

આત્માનું શુદ્ધ સ્વરૂપ એટલે

કામ, ક્રોધ ઉપરાંત લોભાતીત શાંતિ.

જે જ્ઞાન રૂપી પ્રકાર જ્યોતિથી

સંસારસાગર તરવાનો માર્ગ પ્રગટે, તે જ્ઞાનતીર્થ છે.

કામ - ક્રોધ વગેરે ચાર કષાયોને

જીતવાનો ઉપાય બતાવનારું જ્ઞાન તે શાશ્વત તીર્થ છે.

તે ત્રિકાળાબાધિત સત્ય છે.

અર્થાત્ આપણી સાધના અને આપણું જ્ઞાન

એ જ ભાવતીર્થ છે.

એ તીર્થ કોઈ વ્યક્તિ નહીં, આત્માનું નિર્મળ ચૈતન્ય છે.

## કોનો પ્રતિપક્ષ કોણ ?

ન્યાયનું સ્થાન શિર, તેનો પ્રતિપક્ષ લોભ છે,
સત્યનું સ્થાન કંઠ, તેનો પ્રતિપક્ષ કામ છે નહીં.
દયાનું સ્થાન હૃદય, તેનો પ્રતિપક્ષ ક્રોધ છે.
બુદ્ધિનું સ્થાન મસ્તક છે,
તેના પ્રતિપક્ષી ક્રોધનું પણ સ્થાન ત્યાં છે.
લજ્જાનું સ્થાન દૃષ્ટિમાં છે,
તો પ્રતિપક્ષી લોભનું સ્થાન પણ ત્યાં છે.
શ્રદ્ધા અને ચિંતનું સ્થાન હૃદયમાં છે,
તો શંકા અને ભયનું સ્થાન પણ ત્યાં જ છે.
ક્રોધ બુદ્ધિનો નાશ કરે છે, લોભ લજ્જાનો નાશ કરે છે
અને શંકા શ્રદ્ધાનો નાશ કરે છે.
ક્રોધનાશ કરવા બુદ્ધિનો, લોભનાશ કરવા દૃષ્ટિનો નહીં,
ભયનો નાશ કરવા શ્રદ્ધાનો ઉપયોગ કરવો જોઈએ.
તે સદુપયોગ છે, બાકી દુરુપયોગ છે.
મંત્રથી ક્રોધ, મૂર્તિથી કામ નહીં, ગુરુથી કુબુદ્ધિ ઉન્માદ છે.

## સાધુતામાં કોણ ટકી શકાય ?

દેહાધ્યાસથી રહિત થયેલા, બ્રહ્મપદને જાણનારા, સંયમી,
સર્વાત્મભાવવાળા સમદર્શી, નિઃસ્વાર્થ તથા
ક્રોધ - લોભ વગેરે અજ્ઞાનજન્ય વિકારોથી પર
એવા મનુષ્યોને જ સાધુતામાં ટકી શકાય છે.

સંતોષ, વિચાર, શમ અને સંત સમાગમ -
એ ચાર મોક્ષના દ્વારપાળો છે.

'આત્મા નિજગુણથી પૂર્ણ છે'
એ ભાવના નિર્લોભતાને જગાડે છે અને
નિર્લોભતામાંથી જ ક્રોધ - માન - માયારહિત દશા પ્રગટે છે.
નિર્લોભતા એ પૂર્ણતાની ભાવનાનું ફળ છે.

કામ-ક્રોધ-મદ-માન-માયા વગેરે વિકારરૂપી પશુઓનો
હોમ કરવા માટે તપ - સંયમ - સમભાવરૂપ યજ્ઞ છે.

અશુભ કર્મ = ૧૮ પાપસ્થાન, ક્રોધ - માન - માયા - લોભ,
ઈર્ષ્યા, અસૂયા, દ્વેષ, માત્સર્ય, હિંસા, ક્રૂરતા, કૃતઘ્નતા,
સ્વાર્થપરાયણતા અને રાગાદિ દુષ્ટભાવોથી બંધાતા કર્મ.

ધર્મગુણાર્થે ક્ષમતા = ક્રોધરહિતતા,

દમતા = માનરહિતતા અને શમતા = લોભરહિતતા.

કામ, ક્રોધ અને લોભયુક્ત અનુષ્ઠાન ધર્મહેતુ ન બને.

આત્મસમદર્શિત્વ ભાવનાને ખીલવવાથી
એ ત્રણે દોષોનું નિવારણ આપોઆપ થઈ જાય.
જગતને આત્મસમ માનનાર ક્રોધ કોના ઉપર કરે?
કામ-લોભનું સેવન પરવસ્તુનિરપેક્ષપણે કઈ રીતે થાય?
પરવસ્તુની સ્વવસ્તુ જેવા જ માનવામાં કામ, ક્રોધ અને
લોભ એ ત્રણે દોષો ઓગળી જાય છે અને એવા જ
રીતે માયા, મિથ્યાત્વ અને નિદાનશલ્ય ચાલ્યા જાય છે.

હેમ અને રત્નો કમાવા છે?

કાયાથી થતો ધર્મ એ માટીમાંથી સોનું મેળવવાનો કીમિયો
અને મનમાં થતાં શુભ વિચારો તથા ભાવોથી થતો ધર્મ
એ તો રેતીમાંથી રત્નો ઉપાર્જન કરવાનો વ્યાપાર છે.

પ્રભુપ્રીતિ ક્યારે કરવી? અત્યારે જ, આ જ સમયે.

કોની સાથે પ્રીતિ ન કરવી? કામ, ક્રોધ, મોહાદિ સાથે.

## દમ દ્વારા કષાયોનો વિજય

અહિંસા અને બ્રહ્મચર્યથી કામ, કૃપા-ક્ષમા દ્વારા ક્રોધ,
સત્ય - અસ્તેય - આર્જવ દ્વારા લોભ,
મિતાચાર - શૌચ દ્વારા મોહ અને સર્વ વિદ્યા દ્વારા
મદ તથા મત્સરનો વિજય કરવો, તે દમ છે.
દમ સર્વ ઉપરતિસ્વરૂપ છે.

ક્રોધાદિ કષાયોથી દૂષિત જ્ઞાન હોય, ત્યાં સુધી
અહિંસાદિના પાલનરૂપ વ્યવહારચારિત્ર પ્રગટ ન ટકે.
જ્યારે જ્ઞાન આત્માના સ્વરૂપમાં જ સમાઈ રહે,
ત્યારે પાપસ્થાનો પલાયન કરી જાય છે.
પાછું જ્ઞાન જ્યારે વિષયાકાર પરિણમે, ત્યારે તુરત જ
હિંસાદિ અવ્રતો - ક્રોધાદિ કષાયો આવીને ઊભા રહે.

**આત્મવિકાસના પોષક ગુણો છે:**
સત્ય, પ્રેમ, કરુણા, ત્યાગ, સંયમ, ક્ષમા આદિ.

**આત્મવિકાસના અવરોધક દોષો છે:**
અસત્ય, હિંસા, લોભ, માન, માયા, ક્રોધ, વિલાસ આદિ.

'કામ-ક્રોધ-મદ-લોભ કી, જબ લગ મન મેં ખાન,
ક્યાં પંડિત, ક્યાં મુરખ, સબ હી એક સમાન !'

આત્મા એ તો રાજાની જેમ સ્વતંત્ર છે.

તેને રાગ-દ્વેષ-કામ-ક્રોધ-મદ-મત્સર જેવા ચોરોએ આ સંસારરૂપી અરણ્યમાં દેહરૂપી ઝાડ સાથે સખત રીતે ઘણાં દોરડાથી બાંધી દીધો છે. એ બંધનનો ત્યાગ કરાવી તેને સ્વધામ મોકલનાર ગુરૂ પરમ ઉપકારી છે. પોતાના રાજ્યની રાજધાનીમાં પાછા ફરેલા રાજાની જેટલો જ આનંદ તે વખતે આત્માને થાય છે. આત્મામાં કેવળજ્ઞાન, વીતરાગતા, મતિ-શ્રુતજ્ઞાન, ક્રોધાદિ કષાય - એ સર્વ વ્યવહારનયના વિષયો છે.

નિશ્ચયનયથી એમ નિશ્ચય થાય છે કે આત્મા ગુણ-પર્યાય ભેદરહિત ત્રિકાળ ધ્રૌવ્ય સ્વભાવી છે.

મહાપુરુષે બે પ્રસંગે પોતાનું મોં બંધ રાખવું જોઈએ:
એક સામાને ગુસ્સો ચડે ત્યારે અને
બીજું પોતાને ગુસ્સો ચડે ત્યારે.

## રાગ - દ્વેષ અને ક્રોધ - માન - માયા - લોભ શું છે ?

જૈન શાસનમાં જો કોઈપણ મુખ્ય ધ્યેય હોય તો તે એક જ છે કે રાગ અને દ્વેષનો સર્વથા નાશ કરવો અને ક્રોધ - માન - માયા તથા લોભનો બંધ, ઉદય, ઉદીરણા અને સત્તાથી સર્વથા અભાવ કરવો.

કર્મની મૂળ કે ઉત્તર પ્રકૃતિઓમાં રાગ-દ્વેષને સ્થાન નથી, કેમકે રાગની અભિવ્યક્તિ માયા - લોભરૂપમાં અને દ્વેષની અભિવ્યક્તિ ક્રોધ તથા માનરૂપમાં હોય છે.

રાગ અને દ્વેષ પ્રચ્છન્ન સ્વરૂપે રહે છે, જ્યારે ક્રોધ, માન, માયા, લોભ વ્યક્ત સ્વરૂપ ધારણ કરે છે.

કર્મપ્રકૃતિમાં રાગ તથા દ્વેષને સ્થાન નથી, પરન્તુ શાસ્ત્રકારો જ્યારે ગુણોની મહત્તા જણાવવા તૈયાર થાય છે, ત્યારે અવ્યક્ત સ્વરૂપના નાશને જ ગુણ તરીકે જણાવી વીતરાગપણાંદિકને જ ગુણો તરીકે જણાવ્યા છે.

રાગ - દ્વેષ અને ક્રોધ - માન - માયા - લોભ વચ્ચે જે તફાવત છે, તે આ જ છે.

તપાસો: રોજ કેટલા વાર - કેટલો વખત ક્રોધ કર્યો?

ક્રોધ એ શાંતિનો શત્રુ છે.

હૃદયમાં છૂપાયેલા કામનાઓનું તે ચિહ્ન છે.
કામના પૂર્ણ ન થાય, ત્યારે ગુસ્સો આવે, પરન્તુ ક્ષમા,
પ્રેમ, અહિંસા તથા આલંબનાશથી ગુસ્સો નાશ પામે અને
પછી તે ઉશ્કેરાયેલા જ્ઞાનતંતુઓને શાંત કરે છે.
ગુસ્સો આવે, ત્યારે થોડું ઠંડુ પાણી પીને
'ૐ શાંતિ'નો થોડો વખત જાપ કરવો.
ગુસ્સો ન રોકાય, તો તે સ્થાનનો ત્યાગ કરી અર્ધો
કલાક ફરી આવો, ઈશ્વરની પ્રાર્થના કરો,
પ્રભુનામનો જપ તથા ધ્યાન પણ કરો, કારણ કે
ધ્યાનથી ક્રોધને જીતવાનું ઘણું બળ આવે છે.
ક્રોધનું નિમિત્ત ઉભું થાય, ત્યારે ત્યાંથી ખસી જવું.
તેમ ન થઈ શકે, તો મૌન સેવવું.
તમારી આંખમાં કાંકરી રહે, ત્યાં સુધી
બીજાની આંખમાં પડેલા રજને જોવા ન જશો.

## ક્રોધને દૂર કરવાના ઉપાયો

ક્રોધ આવે, ત્યારે ક્રોધની વસ્તુ કે વ્યક્તિથી દૂર થઈ જવું.

ક્રોધની અવસ્થામાં સૂર્યાસ્ત કે સૂર્યોદય ન થવા દેવો.

ક્રોધ શમ્યા પછી ભૂલ કબુલ કરી માફી માંગવી.

ક્રોધી મનુષ્યના મુખ સામે દર્પણ ધરવું.

ક્રોધાવેશ વખતે મૌન અથવા અશબ્દ જ રહેવું.

ક્રોધાવેશ ઉતરે, પછી જ બીજું કામ શરૂ કરવું.

ક્રોધ આવે, તો ૧ થી માંડી ૧૦૦ સંખ્યા ગણવા અને ૧૦૦ વાર પોતાના ઇષ્ટદેવ - ભગવાનનું નામ લેવું.

તેટલા સમયમાં તો ક્રોધનો આવેશ ઉતરી જ જાય છે.

અપમાનને પ્રેમપૂર્વક સહન કરવાની ટેવ પાડવી.

નુકસાન તો અપમાન કરનારને છે, સહેનારને નહિ.

ક્રોધ આવતો રહે, તેણે તામસી ખોરાકનો ત્યાગ કરવો.

કોઈ ક્રોધ કરે, ત્યારે તેના સામે હસો ઉપરાંત માયાળુ વર્તન કરો, કેમકે નમ્રતાને કાંઈ અસાધ્ય નથી.

ક્રોધની લાગણી વિના માત્ર ક્રોધનો દેખાવ કરો.

દયા અને ક્ષમા એ ક્રોધ જીતવાના ઉપાય છે.

ક્રોધને જીતવાનો એક ઉપાય સાકર પણ છે.

એક ગાંગડી ખાવી અને એક સામાને ખવડાવવી, તેથી
બન્નેના મોંઢા સાકરની મીઠાશ ચાખવા માટે બંધ થઈ
જશે અને ક્રોધની લાગણીનો બધો આવેશ શમી જશે.
આધ્યાત્મિક અર્થમાં સાકર તે પ્રેમના સ્થાને છે.

ક્રોધદમનનો એક ઉપાય મૌન છે.

ક્રોધથી દૂર એટલા સારાં...!

પ્રેમનો એક શબ્દ બોલવાથી અને
સામાને સંભળાવવાથી ક્રોધાવિષ્ટનું મુખ રહી,
તેનું મન તે પ્રેમનું રસાસ્વાદન ચાખવામાં,
તેનું ચિત્ત તે રસાસ્વાદનનું સ્મરણ કરવામાં,
તેનો આધ્યાત્મિક આસ્વાદ લેવામાં લીન થવાથી
ક્રોધાવેશની લાગણી આપોઆપ શાંત થઈ જશે.
તમારા દોષ જે હોય, તે પ્રથમ કાઢવાનો પ્રયત્ન કરો,
પછી તમે બીજાને સુધારવાને લાયક બનશો.

## ક્રોધના ૮ પરમ મિત્રો

પૈશુન્ય, સાહસ, દ્રોહ, ઈર્ષ્યા, અસૂયા, અર્થદૂષણ,
વાગ્દંડ અને પારુષ્ય એ ૮ ક્રોધની સાથે જ વસે છે.
જલતા વડવાનલથી સાગરનું પાણી કદી ઉકળી શકે નહીં.

## સાધુધર્મનો સાર - ૪ નિયમો

(૧) મૃષાવાદનું અસેવન - ભૂલનો સ્વીકાર.
(૨) વિશુદ્ધ બ્રહ્મચર્ય - અંગાદિભૂષા, સ્ત્રીનો સંસર્ગ,
પ્રણીત ભોજન - તાલપુટ વિષની જેમ વર્જે.
(૩) અનિમિત્ત - અનિમિત્ત અક્રોધ.
ક્રોધનું નિમિત્ત આવ્યું હોય, તો તે વ્યાજબી માનવું,
જો નિમિત્ત ન આવ્યું હોય, તો બાલસ્વભાવ માનવો.
(૪) અક્રોધ, બ્રહ્મચર્ય અને સત્ય - એ ત્રણ ગુણોનું
પાલન જેનામાં ન હોય, તે મુનિ સાથેનો સંસર્ગ ત્યાગે.
જેનામાં સાધુતા - સજ્જનતા છે, તે જ સાચા સાધુ છે.
તેઓ આવેશ અને ક્રોધથી પર હોય છે.
એમના ચહેરા ઉપર શાંતિ - સમતાનો ભાવ હોય છે.

## 'ક્રોધ કંડૂતિ' એટલે શું ?

પોતાના સાચા કે ખોટા દોષો બીજાના મોઢેથી સાંભળતાં અંતઃકરણમાં જે વિક્ષેપ થાય તથા, તેને લીધે ઉચ્ચારના આકારમાં પણ ફેરફાર થાય અને તેથી વિચાર વગરનું પગલું ભરાઈ જાય, તે ક્રોધ કંડૂતિનાં ચિહ્નો છે.

મૈત્ર્યાદિ ગુણો પામવા માટે વિષયતૃષ્ણા, દર્શનમાં અરુચિ અને ક્રોધકંડૂતિનો અભાવ આવશ્યક છે.

જ્યારે જિનાગમ અને જિનોક્ત અનુષ્ઠાનોનું આલંબન લેવામાં આવે, ત્યારે તે મોક્ષફલપ્રદ બને છે, અન્યથા સંમૂર્છિમ ક્રિયારૂપ કે લોભ - ક્રોધ ક્રિયારૂપ બની આત્મા માટે ભવભ્રમણનો હેતુ થઈ જાય છે.

જેમ ઉકળતા પાણીમાં મનુષ્ય પોતાનો ચહેરો ન જોઈ શકે, તેમ ક્રોધી પરિણતિની ભલાઈ શેમાં છે, એ ન જોઈ શકે.

સમત્વની સાધના માટે સ્વ સાથેના સર્વના સંબંધને સમજવો પડશે. સ્વની સર્વ સાથેની Harmony કેળવવાના પ્રયોગને જ 'સમત્વની સાધના' કહેવાય છે.

## ક્રોધસંજ્ઞાના લક્ષણો તથા પરિણામો

ક્રોધથી ચહેરો બિહામણો થાય છે.

ક્રોધથી આંખો ફૂલીને લાલ ટેટા જેવી થાય છે.

ક્રોધથી હોઠ ફફડે છે અને માનસિક નિર્બળતા લાગે છે.

ક્રોધથી શ્વાસોશ્વાસ જોરથી ચાલે છે.

ક્રોધથી દેખાવ અને આકૃતિ પણ અમાનુષી થાય છે.

ક્રોધ પ્રેમ તથા તેજ - કાંતિનો સમૂળગો નાશ કરે છે.

વાઈ, હીસ્ટીરીયા, ગાંડપણ વગેરે ક્રોધાપણાંમાંથી થાય છે.

અપવિત્ર વિચારોમાં કૃષ્ણ - નીલ - કાપોત લેશ્યા છે.

તેનું વર્તુળ શરીર પાસે બને છે.

અદેખા મનુષ્યોને હૃદયના રોગો જલ્દી થાય છે.

જેટલા ચાડીયા - ક્રોધી છે, તેને આંચકી લાગે છે.

જ્ઞાનતંતુ તૂટી જતાં ગાંડા બની જાય કે લકવો થાય છે.

જ્ઞાનતંતુની જાળ આખા ય શરીરમાં પથરાયેલી રહે છે.

જ્યારે તનમાં અવ્યવસ્થા ફેલાય છે,

ત્યારે લકવો, ક્ષય, મંદાગ્નિ જેવા દર્દો થાય છે.

# ક્રોધથી શું શું થાય છે ?

ક્રોધથી આપઘાત અને તેનાથી મરણ થાય છે.
ક્રોધથી લોહી વધારે વેગથી ફરે છે અને જ્ઞાનતંતુઓ
નબળા પડી જાય છે, પાચનશક્તિ પણ મંદ બને છે.
પસીના અને ઊંઘ ઉપરથી તેના ક્રોધાદિની પરીક્ષા થાય છે.
સ્ત્રી જો બહુ ક્રોધ કરે અને પછી બાળકને તરત
દુગ્ધપાન કરાવે, તો તેનું બાળક સ્તનપાનથી મરી જાય.
ક્રોધની લાગણી ઉત્પન્ન થતાં તેની અસર જ્ઞાનતંતુઓ
ઉપર થાય છે અને આખું અંગ વિકૃત થઈ જાય છે.
તે ગમે તેમ બોલવા લાગી જાય છે, મારામારી કરે છે.
હૃદયરોગ, લોહીનું અસમતોલ દબાણ, આંતરડામાં ચાંદા
વગેરે જીવલેણ રોગો વ્યગ્રતા કે ટેન્શનમાંથી થાય છે.
વર્ષાઋતુ અને સરોવરના વતનીને જલોદર થાય નહિ.
ગ્રીષ્મઋતુ અને મારવાડના વતનીને નિરોગિતા.
તીર્થંકરોના પ્રાણ સદા નિરોગી - પવિત્ર પરમાણુઓવાળા
હોય, જેના પ્રભાવે ૧૨૫ યોજન સુધી રોગો નાશ પામે છે.

કામ અને ક્રોધ એ રોગના મૂળ કારણો છે.
પ્રેમના વિચારો કરે, તેને રોગ ન થાય.

તીર્થંકરોનું શરીર કેવું હોય છે?
જેમના હૃદયમાં પ્રેમ ભરેલો છે.
લોકોત્તર દ્રષ્ટિએ આરોગ્ય એટલે સ્વસ્થતા,
પરંતુ જ્યાં સુધી આત્મા આત્મામાં ન હોય,
ત્યાં સુધી સ્વસ્થતા ન કહેવાય.
આત્મા અનંત સુખથી ભરેલો છે.
તેનામાં રોગનું નામ નથી. રોગ તો મન - શરીરમાં છે.
મુક્તિ પ્રાપ્ત થશે, ત્યારે જ સાચું આરોગ્ય પ્રાપ્ત થશે.
શરીરમાં જ્યાં સુધી પાપની પ્રકૃતિ ઉદયમાં છે,
ત્યાં સુધી અસ્વસ્થતા છે.
તે પ્રકૃતિ પુણ્યરૂપ બનશે, ત્યારે સ્વસ્થતા આવશે.

કામ અને ક્રોધની પ્રકૃતિ નાશ પામશે,
ત્યારે સાચું આરોગ્ય પ્રાપ્ત થશે.

આપણો ઉદ્દેશ અને આપણો ધ્યેય તે જ છે.

૯ અંગની પૂજા ૯ ચક્રના સ્થાને કરવાની છે.

પ્રભુની પૂજાથી આપણા તે ૯ ચક્રો ખૂલી જાય છે.

જગતના કલ્યાણાર્થે અરિહંતે સંકલ્પ કરેલો છે,

તેથી જગત ખેંચાઈને અરિહંત પાસે આવે છે.

અહીં ભુવન ભગવાનને ભજે છે.

માનસિક શરીર (aura)માં લોહચુંબક છે.

બાળક માતા પાસે ખેંચાય, તેમાં કારણ માનસિક શરીર છે.

સંકલ્પ અને ધ્યાનની શક્તિ ગજબ હોય છે!

માનવ જેવા વિચારો કરશે, તેવો તે બનશે.

'ક્રોધ એ નરકનું દ્વાર અને ક્ષમા એ સ્વર્ગનું દ્વાર છે'

તેનો અર્થ એ થશે કે:

જીવમૈત્રી એ સ્વર્ગનું - જીવદ્વેષ એ નરકનું દ્વાર છે.

જીવતત્ત્વ પ્રત્યે આદર, બહુમાન, હિતચિંતા, માધ્યસ્થ્ય

અને કરુણા ઈત્યાદિ સ્વર્ગનાં દ્વાર છે અને

અનાદર, અબહુમાન, અહિતચિંતવન, ઉપેક્ષા,

ક્રોધ, રોષ, ઈર્ષ્યા, અસૂયા આદિ નરકનાં દ્વાર છે.

શત્રુ પ્રત્યે પણ કલ્યાણની ભાવના રાખો.

કામ - ક્રોધના વિચારો આવતા હોય, તો કેમ કાઢવા ?
'જતો રહે, જતો રહે' એમ કહેવાથી તે ન જાય.
ક્રોધ કરનારને સામાનું ખૂન કરવાની ઇચ્છા પહેલાં
હતી નહીં. પહેલાં સામાનો દ્વેષ હોય, પરન્તુ તે વિચારો
વિકૃતિ કરવાથી અપવિત્ર વિચારો ખેંચાઈ આવે છે,
તેથી તે પછીથી ખૂન કરવાના વિચારો હોય છે.
કામી કામનાપૂર્તિના પુદ્ગલો ગ્રહણ કરે છે, પછી તો તેવા
વિચારમાં ને વિચારમાં પાગલ અને લાચાર બની જાય છે.
અપવિત્ર કરતાં પવિત્ર વિચારોમાં ઘણું બળ હોય છે.
વિચારોમાં લોહચુંબક કરતાં વધુ આકર્ષવાની શક્તિ છે.
ભૂલેચૂકે કામ - ક્રોધનો વિચાર કર્યો, તો તેમાં ઘેરાઈ જશો.
પછી તેમાંથી છૂટવું પણ મુશ્કેલ બનશે.

વિચારો ટાળવા તેને દૂર કરવાનો વિચાર ન કરતાં
ક્રોધ સામે પ્રેમનો વિચાર, કામ સામે બ્રહ્મચર્યનો અને
અભિમાન સામે નમ્રતાનો વિચાર કરવો.

સંત્યજ = કામી - ક્રોધી. તેનો સ્વાભિમાન ત્યાજ્ય છે.

બીજાની હલકાઈ કે તિરસ્કાર કરવાનું આપણા દોષોથી નહીં,
કિન્તુ પોતામાં રહેલા માન, ક્રોધ વગેરે દોષોથી થાય છે,
માટે તેવું કરનારો સ્વદોષોથી કર્મો બાંધી ભારે થાય છે.
ક્રિયાઓ કામ - ક્રોધને જીતવાના ઉપાય રૂપે સત્ય છે.
તેનો નિષેધ કરનારે બીજા ઉપાયો બતાવવા જોઈએ
અને જો બીજા ઉપાય ન હોય,
તો જે ક્રિયાઓ છે, તેને ખોટી ન કહેવી જોઈએ.
ધર્મના ક્ષેત્રમાં મનુષ્યે પોતાની જ ઉપર કામ કરવાનું છે,
તેથી બહુ સંયમ અને એકાંતની જરૂર છે.
વૈરાગ્યતા - જ્ઞાનના બોધ માટે ત્યાગી સાધુઓની જરૂર છે.
ધર્મનો ઈતિહાસ મનુષ્યના સ્વભાવમાં રહેલાં
કામ - ક્રોધને જીતવા માટે છે, છૂટ આપવા માટે નહીં.
નિજસ્વરૂપમાં રમણ કરવાથી મોહ, અવિવેક,
ક્રોધાદિ કષાય અને શબ્દાદિ વિષયોનો પરાજય અને
જ્ઞાનાદિ રત્નોની પ્રાપ્તિ થાય છે.

દ્વેષ ક્રોધની માતા અને ક્રોધ હિંસાની માતા છે.

નમ્રતા અને સહનશીલતા બહુદર્શનનું પરિપક્વ ફળ છે,
જેમકે બહુ સર્વજ્ઞ સમાન હોવાથી ગર્વ કે ક્રોધ ટકી ન શકે.

અક્રોધ = ક્રોધ પેદા થયે મનમાં મારીને શાંત કરી દેવો.

ક્રોધ જ્ઞાન અને સમાધાન સમજણને લૂંટી લે છે.

જ્ઞાનરૂપી અજવાળી રાત્રીમાં ક્રોધરૂપી ચોર ફાવતો નથી.

વિકટ પર્વતરૂપ દુર્ગમ સંસારને ધ્યાનવજ્ર વડે ભેદાય.

કેવળજ્ઞાન રૂપી સૂર્યોદય - આત્માનુભવ જેને થયો છે,
તેઓનું સ્મરણ કરતાં ક્રોધ પલાયન કરી જ જાય છે.

સૂક્ષ્મમાં સૂક્ષ્મ પણ ક્રોધાદિનો ત્યાગ કરવો.

ક્રોધનો જરા પણ વિશ્વાસ ન કરવો.

અગ્નિના તણખાની જેમ જો ક્રોધની ઉપેક્ષા કરી, તો તે
અગ્નિની જેમ આત્માના અનંત ગુણોને બાળી નાંખશે.

ક્ષમાવાળી પરિણતિ જ કર્મક્ષય કરવામાં પ્રધાન હેતુ છે.

ક્રોધના નિગ્રહમાં મૌન ઘણું મદદ કરે છે, તેથી રોજ
ઓછામાં ઓછું એકાદ તો કલાક મૌન રહેવું જ જોઈએ.

પ્રિયના વિયોગથી શોક છે, અપ્રિયના સંયોગથી ક્રોધ છે.

મમતા પાપસ્વરૂપ છે,

કેમકે તેથી હિંસા અને ક્રોધાદિ પાપો પેદા થાય છે.

સમતા ધર્મસ્વરૂપ છે,

કેમકે તેનાથી અહિંસા - ક્ષમાદિ ધર્મો ઉત્પન્ન થાય છે.

અરિ + હંતાણં પદમાં...

મહાન આત્મશસ્ત્ર વડે ક્રોધાદિ ભાવશત્રુઓને

હણી નાંખ્યા છે, તેનો બોધ થાય છે.

વિષયોની વાસનાઓથી ક્રોધાદિ કષાયોની ઉત્પત્તિ થાય.

તેના પુનઃ પુનઃ સેવને આત્માની મૂળ ગાઢ આકુળતા પામે.

તે આકુળતાને દૂર કરવાનો ઉપાય પણ ભેષજની જેમ

ભગવાનનું નામસ્મરણ છે અને

કુપથ્ય વર્જનની જેમ વિષયોના સંગનો ત્યાગ પણ છે.

કયો જીવ સરાગતાને પામે ?

ક્ષીણમોહ એટલે જે કામ - ક્રોધ - ઈર્ષ્યા - શોક - રાગ - દ્વેષાદિ

વિકારોને કરનાર જીવ સરાગતાને પામે છે.

એક માત્ર રુદ્ર કાળી મજૂરી કરનારને
શક્તિનો જે લાભ થાય છે,
તેથી અધિક શક્તિ ૫ મિનિટના ક્રોધમાં ખર્ચાઈ જાય છે.

વિશ્વમાં જેટલું નુકસાન એટમબોંબ નહિ કરતો,
તેટલું નુકસાન વિશ્વમાં રોજ ને રોજ ક્રોધ કરે છે.
ક્રોધ આત્મિક, માનસિક, શારીરિક રીતે નુકસાન કરે છે.
'રૌદ્ર - રુદ્રરૂપા' તેથી કહેવામાં આવે છે કે અલ્પપ્રયત્નથી
કામ - ક્રોધ આદિ શત્રુઓને જેઓ જીતી શકવાને
અસમર્થ છે, તેઓને માટે આ ઉપાય અનિવાર્ય છે.

વર્ષો રુદ્ર જપ કર્યા, માળાઓ ફેરવી...

છતાં મનમાં પવિત્રતાનું એક ચિહ્ન પણ ન ફૂટ્યું, કામ-
ક્રોધ સમાન દુશ્મનો ઉપર જો વિજય ન મળ્યો, અણુ
જેટલો પણ રાગ જો ઘટ્યો નહીં, તો રુદ્રવલ્લિસમને
બદલે પત્થરલસમ ખાધા કે અંદર કોઈ છૂપો વિકાર હતો,
તે રુદ્રવલ્લિસમની શક્તિને ખાઈ ગયો.
ખરી જરૂર છે સચ્ચાઈ, હૃદયરસ, અંતરની તન્મયતાની.

જીવ ઉપર સંજ્વલનનું દબાણ એટલું બધું છે કે
તે ન ઈચ્છે, તો પણ તેને વિષય-કષાયમાં ખેંચાવું પડે છે.

ઈંદ્રિયોના તુચ્છ અને અસાર વિષયોમાં તેને
હંમેશા મહત્ત્વ અને સારભૂતતા લાગે છે.
ક્રોધાદિ કષાયો વિષ સમાન હોવા છતાં
તેનું પાન કરવા માટે તે સદા ય તલસે છે તથા
તેમાં કાંઈ ખોટું કરું છું તેવું ભાન સુદ્ધાં તેને રહેતું નથી.
એ રીતનું સંજ્વલનનું દબાણ
હંમેશા તેને નીચે પાડવામાં સહાય કરી રહ્યું છે.
બીજી બાજુ નિર્મળત્વ તેને ઊંચે લઈ જવા
દબાણ કરીને ઈંદ્રિયોના વિષયોમાં નહીં,
આત્મગુણોમાં સારભૂતતાનો ખ્યાલ આપ્યા કરે છે.
જ્યારે આત્માનું શુદ્ધ સ્વરૂપ કશાથી પ્રભાવિત થયા
વગર જ્યારે યોગીની સમાધિમાં પ્રતીત થાય, ત્યારે તે
શાંત રહે અને હંમેશા બધાનું કલ્યાણ કરવામાં જ
રત રહે, માટે તેને દયાવાન યા ધર્મવાન પણ કહે છે.

સામાન્ય રીતે ભય સાથે ક્રોધ અને

સત્ય સાથે શોભાઈ કે શોભા જોડાયેલા હોય છે, પરન્તુ

તે ભય અને સત્યનું આવિષ્કૃત સ્વરૂપ નથી.

જે બુદ્ધિ વડે વિષયોનું ચિન્તન કરાય છે, તે બુદ્ધિનો જ

સંગ, કામ, ક્રોધ, સંમોહ અને સ્મૃતિવિભ્રમ વડે

વિષયોનો નાશ કરે છે અને પ્રસન્નતા જોખમાય છે.

પ્રભુની આશાને પાળવા માટે જ જીવન ગાળવું જોઈએ,

કેમકે તેથી રાગ-દ્વેષ દૂર થાય છે.

રજોગુણમિશ્રિત તમોગુણમાંથી આવિર્ભૂત થયા

તેમાંથી જ કામ, ક્રોધ અને ગાઢ અજ્ઞાન જન્મે છે.

રજોગુણ કામ અને ક્રોધનો જનક છે.

તમોગુણની અધિકતા રજોગુણમાં અને રજોગુણની

અધિકતા સત્ત્વગુણમાં જાય. સત્ત્વમાંથી સત્ત્વગુણ વધે.

રજોગુણ અને તમોગુણની પ્રબળતા ઉત્પન્ન થવાથી

અહંકાર, અભિમાન, દ્વેષ, ક્રોધ, હિંસા અને

મિથ્યાચાર આદિ વધી ઉભયલોકે દુઃખમય બને છે.

રત્નેગ્રહણ એ કદી તૃપ્ત ન થાય, તેથી અગ્નિ છે.
ક્ષુધાકાંક્ષ જેમ અગ્નિ, ધૈર્યાદિ જેમ ઈપ્સિતા, પદાર્થ જેમ ગર્ભ
તેમ રત્નેગ્રહણે ઉત્પન્ન થતો, મહારથી ખાઉધર અને
મહાપાપી એવા કામ-ક્રોધરૂપી શત્રુથી જીવ ઘેરાયેલો છે.
મોટા મોટા જ્ઞાનીઓનું જ્ઞાન પણ એનાથી ઘેરાય છે.
જો મનુષ્યો સ્વતંત્રતાનો અનુભવ કરવા માંગતા હોય,
તેમણે ઈંદ્રિયોનો સંયમ કરીને કામ અને ક્રોધની
નાગચૂડમાંથી મુક્ત થવું જોઈએ, એ જ પુરુષાર્થ છે.
ભાવસંશુદ્ધિ = હૃદયનિર્મળતા, કામ-ક્રોધાદિ મળનિવૃત્તિ.
શાંતિ = કામ-ક્રોધાદિનો જય, ઉપદ્રવોનું નિવારણ.
જગતનો કોઈ શત્રુ તારી શાંતિને હણવા સમર્થ નથી,
તે શાંતિને તું પોતે જ ક્રોધ વડે કેમ હણે છે ?
પ્રતિકૂળતાનો પ્રસંગ આવતાં સામા ઉપર જે ક્રોધ કરે,
તે ક્રોધ વડે પોતે પોતાના ઘરની શાંતિને બાળે છે.
ક્રોધાગ્નિ બુઝાવવાને પોતે પોતાના શાંત સ્વભાવમાં રહે,
તો તેના પોતાની આત્મિક શાંતિ જળવાઈ રહે.

## આરાધનાનો માર્ગ: ઘાણેરાવ, મહા વદી ૧૨

'શમવું' એટલે સ્વાર્થથી ઉપશમવું અથવા તો
સર્વ જીવોની હિતચિંતા વડે સ્વાર્થભાવથી વિરમવું.
'શમાવવું' એટલે સર્વ જીવો સ્વાર્થભાવથી વિરમો તથા
એ માટે પરાર્થભાવવાળા બનો, એમ ભાવવું.
શમવા અને શમાવવાથી હિંસાદિ આસ્રવો,
ક્રોધાદિ કષાયો તથા વેદાદિ નોકષાયો અટકવા અને
એથી સ્વ અને પરના આત્મહિતનું થવું,
એ જ આરાધનાનો માર્ગ છે.

'નિવૃત્તિ' એટલે નિષ્ક્રિયતા નહીં, પરન્તુ
બુદ્ધિને પરમાત્મામાં સ્થિર કરી રાગ, દ્વેષ, કામ, ક્રોધ,
સ્વાર્થ વગેરે અંતઃકરણની વિપરીત ગતિઓને રોકી,
સ્થિતપ્રજ્ઞ થઈને સ્વધર્માનુસાર કર્મ કરવું તે.
રાગ-દ્વેષ વિના હિંસાદિમાં પ્રવૃત્તિ થતી નથી.
ઈષ્ટાનિષ્ટ વિષયોમાં રાગ-દ્વેષ ન કરવો,
ક્રોધાદિ કષાયોનો અનુદય અથવા ઉદિતને નિષ્ફળ કરવો.

મનુષ્યમાં શેની અપાર શક્તિ રહેલી છે?

પોતાની જાતને પલટવાની અને ઇતિહાસને ઘડવાની.

મનુષ્યે પોતાની જાતને પલટવાની આ તાકાતને
જ્યારે જ્યારે સક્રિય બનાવી છે,
ત્યારે ત્યારે તે સાચા સર્જક તરીકે બહાર આવ્યો છે.

ક્રોધ, તિરસ્કાર કે હિંસા નહીં, પરંતુ કરુણા,
પ્રશમતા, ઉદારતા, નમ્રતા, સહનશીલતા - ગુણો વડે જ
માનવજાત એકમેકમાં સુગ્રથિત બનતી રહી છે.

ક્રોધ, માનની જે ચોકડી x ચાર કે ૪ + ૪ = ૮ તથા ૪
અરતિ, શોક, ભય, દુર્ગંધ - એ ૧૨ દ્વેષના ઘરની છે.
માયા, લોભ આદિ ૮ અને હાસ્ય, રતિ તથા ૩ વેદ -
એ ૧૩ રાગના ઘરની ચોકડી છે.

જીવ શુદ્ધ જ્ઞાનોપયોગે ભાવનિર્જરા કરે છે તથા
વૈરાગ્યભાવની ઉદાસીનતાએ દ્રવ્યનિર્જરા કરે છે.
પૌદ્ગલિક ઇચ્છા એ જીવના અજ્ઞાનપણાંને અને
મૂર્છા એ જીવના મિથ્યાત્વને પુષ્ટ કરે છે.

## પરમેષ્ઠિને નમસ્કાર

ક્રોધનું સ્થાન પ્રેમ અને ઉદ્વેગનું સ્થાન નિશ્ચલતા લે છે.

પાપથી મુક્ત બનો = ક્રોધને તજો.

દુઃખરહિત થાઓ = અસંયમને તજો.

કર્મરહિત થાઓ = વાસનાને જીતો.

જે માનવ આપણા ઉપર અપકાર કરે,
તેમને ધિક્કારવાના પાપથી બચવાનો એક જ માર્ગ છે:
અને તે માર્ગ છે તેમનું ભલું કરવાનો.

ભલમનસાઈથી જ ક્રોધને સારી રીતે જીતી શકાય છે.

'ઈશ્વરનિષ્ઠા' એટલે ઘૃણા વિરુદ્ધ કરુણા આપીએ,
આસક્તિ વિરુદ્ધ પ્રેમ તથા ક્રોધ વિરુદ્ધ મૈત્રી પાળીએ.

ક્રોધ કરે તે તથા ક્રોધ દબાવે તે, બન્ને ભૂલ કરે છે.

ક્રોધ ઉઠે, ત્યારે તટસ્થ થઈ સંયમી દ્રષ્ટા બની જાય,
તો તે સંયમી આત્મા વીતરાગ બને છે.

ચૈતન્યનો રાગ - પુદ્ગલનો વિરાગ શમ, દમ, સંતોષથી
યુક્ત અને કામ - ક્રોધ - લોભથી જીવને મુક્ત કરે છે.

મનમાં ક્રોધ પેદા ન થાય, એ શાંતિ - ક્ષમા.

ક્રોધ એ વિભાવ અને ક્ષમા એ સ્વભાવ છે.

પાણી અગ્નિના સંબંધથી ઉષ્ણ બને, નહીંતર શીતળ રહે, તેમ ક્રોધ પણ બાહ્ય કર્મના, શરીરના, અન્ય પદાર્થના સંબંધથી થનારી વસ્તુ છે, માટે વિભાવ છે. ક્ષમા કોઈના સંબંધથી નહિ પણ સદા - કાયમ છે, માટે સ્વભાવ છે.

ક્ષમાથી કાર્યસિદ્ધિ થાય, ક્રોધથી સ્વપરનો વિનાશ થાય.

સમ્યગ્દ્રષ્ટિ જીવ ક્ષમા માંગે છે,

તેને ક્ષમા આપવાની રીતી નહિ, કેમકે પોતાના અશુભ કર્મ સિવાય બાહ્ય કોઈને ય તે અપરાધી માનતો નહિ. બીજો જીવ તેની ક્ષમા માંગે, ત્યારે તે એમ કહે છે કે: 'મને તારા ઉપર કોપની લાગણી કદી થઈ નહિ અને થતી પણ નહિ, માટે મારા તરફથી તું નિર્ભય રહેજે. હું કોઈને અપરાધી માનતો નહિ. મારું કર્મ જ મારું અપરાધી છે. તું પણ કર્મને અપરાધી માનતા શીખશે, તો તને પણ કોઈના ઉપર ક્યારેય ક્રોધ આવશે નહીં'.

ક્ષમાપનામાં ક્રોધ કરવાની ઇચ્છાનો નિરોધ છે.

ક્ષમામાં ક્રોધ ન કરવો એટલું જ નહિ, કિન્તુ
ક્રોધ કરનાર દુશ્મનને કે જેના ઉપર ક્રોધ આવે છે, તે
વ્યક્તિને ક્રોધના બદલે શુદ્ધ પ્રેમથી નવડાવવો તે છે.

ક્રોધ પ્રીતિનો વિનાશ કરે છે.

ક્રોધ હેય છે અને પ્રીતિ ઉપાદેય છે.

માનવસંબંધોનું નિર્માણ પ્રીતિ ઉપર આધારિત છે.
પ્રીતિનો નાશ કરી ક્રોધી ચારે બાજુ શત્રુઓ ઊભા કરી
તે જીવન જીવવાનો આનંદ ગુમાવી બેસે છે.
તેનું શારીરિક સ્વાસ્થ્ય પણ કથળે છે, કારણ કે
તેના મગજની નસો સતત ખેંચાયેલી રહે છે.

અહંકાર એટલે ક્રોધ, માન, માયા અને લોભ.

'અવિરતો દુશ્ચરિતાત્ ।' ખરાબ આચરણથી અટકેલો છું.
ખરાબ આચરણ કે ક્રોધ સાધના માટે અવરોધક છે.

ક્રોધી માનવીનું મન ઉગ્રતા - વ્યગ્રતાનો જે
અનુભવ કરે છે, તે સૌને અનુભવસિદ્ધ છે.

નમ્ર માનવીનું માન ભાગ્યે જ ઘવાય છે, તેથી
તેને ક્રોધના પ્રસંગ ભાગ્યે જ આવે છે.

જ્યારે માનવીનું માન ઘવાય, ત્યારે જ ક્રોધ આવે.
ક્રોધનું કારણ માન છે તથા માનનું કારણ લોભ છે.

સૌને ઊંચે બેસવાનો મોહ છે, તેથી
જ્યારે નીચે બેસવાનો વારો આવે, ત્યારે ક્રોધ ચઢે છે.
નમ્ર માનવીને ઊંચે આસન લેવાની વૃત્તિ કોઈપણ
પરિસ્થિતિમાં હોતી નથી, તેથી તેનું માન ઘવાતું નથી તથા
માન ન ઘવાવાથી તેને ક્રોધ પણ ભાગ્યે જ આવે છે.
'જેમ હું ભૂલો કરું છું, તેમ અન્ય પણ ભૂલો કરે છે'
આ સત્ય માનવી સમજે, તો ક્રોધ ઘણો ઓછો થાય.
જેના હૃદયમાં પરહિતચિંતા વસે, તેનાથી ક્રોધ થતો નથી.
'ક્રોધ એક ભૂલ છે, માનવી ક્રોધથી ભૂલ કરે છે' એ
કરતાં 'ક્રોધની ભૂલ તેનાથી થઈ જાય છે' તેમ માનવું
એ વધુ યોગ્ય છે. ક્રોધાગ્નિથી પ્રજ્વલિત લાલ આંખો
પરિસ્થિતિનું શાંત માપ કાઢી શકતી નથી.

વધુ લાકડા નાંખવાથી અગ્નિ શમતો નથી, પરન્તુ વધે છે,

તેમ ક્રોધથી ક્રોધ અને વેરથી વેર વધે છે.

જીવને નીચી કક્ષામાં લઈ જનાર

છળ, કપટ, પ્રપંચ, સ્વાર્થ, મોહ, ક્રોધ આદિ દૂષણોને દૂર કરીને પરાર્થ આદિ વૃત્તિઓને વિકાસ આપે, તે ધર્મ.

અધ્યાત્મયોગ = આત્માને વિષે આત્માને જોડનાર યોગ.

અધ્યાત્મયોગનો જ વધતો અભ્યાસ જ્યારે

કામ-ક્રોધાદિ અશુભ અભ્યાસથી નિવૃત્તિ કરાવે અને

સત્ત્વ-સંતોષાદિના અભ્યાસમાં વૃદ્ધિ કરાવે,

ત્યારે સચ્ચિત્તની વૃદ્ધિ કરનારો ભાવનાયોગ બને છે.

ક્રોધ અને ઘૃણા - એ પરમાત્માને પામવાનો નહીં,

પરન્તુ પરમાત્માથી દૂર જવાનો માર્ગ છે.

દર્શનમોહનીય કર્મના ક્ષયોપશમનું ફળ

અનુકંપાદિ વડે ક્રોધાદિનો ઉપશમ અને

ભવનિર્વેદાદિ વડે વિષય-તૃષ્ણાદિનો પ્રશમ.

ક્રોધાદિ કષાયનું નિવર્તન - ઉત્તરોત્તર દુર્લભ છે.

આત્મા જ્યારે બાહ્ય ભાવો તથા પદાર્થોથી પ્રભાવિત થાય,
ત્યારે તેમાં રતિ, ક્રોધ વગેરે ભાવો જાગે છે.

ભિન્નતાનો, અસત્ય ભાષણનો, ક્રોધનો, કલહનો -
જાણે ઉધઈના આવા અનેક મળને દૂર કરવા માટે
૨૦ વખત ૐકાર કે ઇષ્ટમંત્ર જાપથી મુખશોધન કરવું.

મૈત્ર્યાદિ ભાવનાઓનું ચિન્તન તે
ક્રોધાદિ કષાયોની પ્રતિપક્ષ ભાવનાઓ છે.

ક્રોધાદિ કષાયોમાં નહીં, જેવો પ્રત્યેક મૈત્ર્યાદિ ભાવોમાં
તે અમૃતતત્ત્વ આસ્વાદનો અનુભવ કરાવવા તલસે છે.
મૈત્રી આદિ ભાવોથી ચિત્તમાં ઉત્તમ શાંતિનો લાભ થાય.
મૈત્રીભાવથી ચિત્તમાં ક્રોધાદિ કષાયોનો અભાવ થાય છે.
આવે કષાયો કડુક વિપાકને આપવાવાળા છે અને
મૈત્ર્યાદિ ભાવો અમૃતત્વને - અજરામરપણાંને પમાડે છે.

પાણી માટે જેમ ગળણું કે નીચે વહેવું સહેલું છે,
તેમ મનબળના મળ માટે પણ
વિષયાધીન બનીને તેમાં જ રાચવું અતિ સુગમ છે.

નિંદક પ્રત્યે ક્રોધના સ્થાને કરુણા અને
આંખમાંના અગ્નિની જગ્યાએ અશ્રુ આવે, ત્યારે
સાચું શાસન પ્રાપ્ત થયું છે, એવો નિશ્ચય કરી શકાય.
એમ શૃંગાર જો ઉત્કટ બને, તો તૃષ્ણાનો નાશ કરે છે,
તેમ હાસ્ય, શોક, ક્રોધ, ભય, જુગુપ્સા કે વિસ્મય અને
રતિ વગેરેનો વિષય પણ ઉત્કટ બને,
તો તૃષ્ણાનો નાશ કરીને શાંતરસમાં પરિણામ પામે છે.
રતિ એટલે સંભોગવિષયક ઇચ્છા.
હાસ્ય એટલે કર્મના નામ ઉપર તિરસ્કારની વૃત્તિ.
શોક એટલે ઇષ્ટનાશ, અનિષ્ટની પ્રાપ્તિથી થતી ચિત્તવૃત્તિ.
ક્રોધ એટલે અપકારી પ્રત્યે ચિત્તવૃત્તિઓનું પ્રજ્વલન.
સાહસ કરવાનો ઉત્સાહ, વિવશ ન કરે તેનો ભય,
વિષયો અને અશુચિતા ઉપર જુગુપ્સા.
'દીર્ઘરોષક' એટલે લાંબા સમય સુધી ક્રોધ રાખનાર.
ક્રોધને ક્ષમાથી, વિરોધને અનુરોધથી, દ્વેષને પ્રેમથી તથા
હિંસાને અહિંસાની પ્રતિપક્ષ ભાવનાથી જીતવા.

ઘૂંઘટનો પડદો ખસતે...

અહંકાર - કામ - ક્રોધ - ઈર્ષા - અસૂયાનો પડદો.

એ પડદો જ પ્રિતમના દર્શન આડે ઉભો છે.

પ્રિતમ પાસે જ છે, પ્રતિપળ નવાજવા આતુર છે.

અહંકાર આદિનો ઘૂંઘટ પટ ખોલો એટલી વાર છે.

કટુવચન ખોલવાથી દિલમાં બેઠેલો દિલદાર રીસાઈ જાય.

ક્રોધ ભરી વાણી એ ઝેર છે.

ક્રોધની પુત્રી દુરુક્તિ - કર્કશ વાણી છે. વાણીમાં ક્રોધ,
અસત્ય કે કટુતાને કદાપિ સ્થાન ના મળવું જોઈએ.

જીવો સાથે ઉચિત વ્યવહારથી ક્રોધ, હિંસા અને
તેના સાથે સંબંધિત સર્વ પાપોનો ક્ષય થાય છે.

વિચારની અહિંસા અનેકાન્ત, વાણીની અહિંસા સ્યાદ્વાદ
અને કાયાની અહિંસા જીવવધનો ત્યાગ.

વિચાર, વાણી અને આચારથી અહિંસકપણાનું આચરણ
જ ક્રોધાદિ કષાયો તથા શબ્દાદિ વિષયોને જીતાવનાર
અને દુર્ગતિમાં પડતાં જીવોને બચાવનાર છે.

જેમ ક્રોધ આદિ ભાવો અનાદિ છે,
તેમ સમાધિ ભાવો પણ અનાદિ છે.

અક્રોધ = ક્ષમા કરવા છતાં કોઈ અપકાર કરે, તો પણ ક્રોધ ન કરવો. ઉત્પન્ન થાય તો તેને રોકવો, પોતાથી વિરુદ્ધ વર્તન કરનાર પ્રત્યે ચિત્તમાં નિર્વિકાર રહેવું.

ક્રોધાદિ કષાયોને શાંત કરનાર,
વિષયરૂપી તૃષાને શમાવનાર અને
કર્મરૂપી મલને ધોનાર તાત્ત્વિક તીર્થ, તે આત્મા છે.

નિશ્ચય તે આત્મા, તેના સિવાય કોઈ તારણહાર છે નહીં. આત્મા જ તાત્ત્વિક શુભદ્રવ્ય અને નિરંતરવર્તી તીર્થ છે. ક્રોધાદિ અપ્રશસ્ત ભાવો છે, મૈત્ર્યાદિ - ક્ષમાદિ પ્રશસ્ત ભાવો છે અને માધ્યસ્થ્યાદિ એ સુવિશુદ્ધ ભાવો છે. ભાવથી અરિહંત એટલે ક્રોધ કે મોહાદિ રહિત પાવન પ્રદેશ,
દ્રવ્યથી અરિહંત એટલે વિજન પ્રદેશ, શુચિસ્થળ.
દ્રવ્યથી સુખાસન આદિ મનોહર પ્રદેશ, ભાવથી પરની આશા અથવા મલિન સંકલ્પો રહિત મનોહર પ્રદેશ.

ઈર્ષ્યા એ ક્રોધની માતા નથી, અજ્ઞાન એ ક્રોધનો પિતા છે.

અહીં 'અજ્ઞાન' એટલે...

'સર્વ આત્માઓ આત્મરૂપ છે' તેવા જ્ઞાનનો અભાવ.

એવા સાચા જ્ઞાનની ઝડી વરસી, તો

મોહ, માયા, ક્રોધ, વિષયવાસના બધું નષ્ટ થઈ જાય છે

અને મનુષ્યનું અંતર શુદ્ધ બની તૃપ્તિ અનુભવે છે.

જે પુરુષ ઉત્પન્ન થયેલા ક્રોધને બુદ્ધિ વડે શમાવી શકે,

તેને જ તત્ત્વદર્શી પુરુષો 'તેજસ્વી' કહે છે.

તેજ, ક્ષમા, ધૃતિ, પવિત્રતા, અભિમાનનો ત્યાગ,

શત્રુતાનો અભાવ વગેરે દૈવી સંપત્તિનાં લક્ષણો છે.

આવા પુરુષોએ સઘળા અનર્થોના મૂળ એવા

ક્રોધ - માન - માયા - લોભ ઉપર વિજય મેળવ્યો છે.

ઉપશમ = ક્રોધનો અભાવ.

વિવેક = મોહનો અભાવ. સંવર = પાપનો અભાવ.

કર્મ ઉપર ક્રોધ કરવો, કિન્તુ જીવ ઉપર નહીં !

જીવ ઉપર મોહ કરવો, કિન્તુ પુદ્ગલ ઉપર નહીં !

## મારા આજના સંવેદનો

ઈરિયાવહી સૂત્રના નિયમિત જાપથી

શુદ્ધ આત્મદ્રવ્યનું અસ્તિત્વ અને કાઉસ્સગ્ગ પ્રસંગે
નિશ્ચલ મન - બુદ્ધિ - વચનનો યોગ સાહજિક થાય છે,
ક્રોધ તદ્દન શાંત થાય છે અને સર્વ જીવો પ્રત્યેનો
અલૌકિક આત્મૌપમ્ય ભાવ સ્થિર રહે છે.

ધ્યાનમાં જાપ અતિ અલ્પ સમયમાં થાય અને શરીરના
કાઉસ્સગ્ગ ઈચ્છિત સ્થાને જાપનું સ્વરૂપ થઈ શકે છે.

'નમિઊણ પાસ વિસહર' મંત્રનો જાપ
અત્યંત વિદ્યુતકારી યોગથી કરતાં કરતાં
વિસ્મયકારક વિશુદ્ધિ - purification અનુભવાય છે.
આરાધનાનાં વિશિષ્ટ ફળની અભિલાષા ન રહેતાં
'આરાધના જ મોક્ષ છે' એવો ભાવ દૃઢ થાય છે.

એવું થાય છે કે:
I don't belong to my present world
& cannot remain with it any longer.

મનમાં જે બળ મળ્યું છે, તે ક્રોધાદિ હંફાવવા માટે છે,

બહારના શત્રુઓને મહાત કરવા નહીં !

બહારના શત્રુ નહીં, પરન્તુ આંતરારિ જ ખરા શત્રુ છે.

બહારના શત્રુ જે ઉપદ્રવ કરે,

તેના કરતાં અંદરના શત્રુ વધુ ઉપદ્રવ કરે છે.

ક્રોધ કરી બાહ્ય આપત્તિ ટાળવા કરતાં એ બળનો ઉપયોગ આપત્તિને સહી લઈ ક્રોધ દબાવવા માટે કરવાનો છે.

ક્રોધ એક પ્રકારનું નાનું મૃત્યુ જ છે.

ક્રોધ અને ધ્રુજારીથી કંપતા શરીરમાંથી મડદામાંથી નીકળતાં ઊર્જાગુચ્છો જેવા જ ઊર્જાગુચ્છો નીકળે છે.

ક્રોધ કરવાથી પુણ્યનો નાશ અને જીવનનો હ્રાસ થાય છે.

પ્રેમમાં આપણને કાંઈક મળે છે, જ્યારે

ક્રોધમાં આપણે કાંઈક ખોઈએ છીએ.

પ્રેમ, કરુણા બાદ તાજગી આવે તથા શક્તિ વધે છે, જ્યારે ક્રોધ કર્યા બાદ આપણે થાકી જઈએ છીએ.

કરુણાવાન કદી થાકતો જ નથી, ક્રોધી થાકેલો જ રહે.

## ક્રોધ પ્રેમથી જ જીતાય છે.

ક્રોધમાં કાર્ય કરાવવું, એ દાનવ શક્તિ છે અને
ક્ષમામાં કાર્ય કરાવવું, એ દૈવ શક્તિ છે.

(૧) મહાવીર ભગવાનનો ચંડકૌશિક સર્પ પ્રત્યેનો પ્રેમ અને અધમ એવા સંગમાસુર પ્રત્યેનો પ્રેમ અનુક્રમે ડંસસ્થળ વડે અને અશ્રુપાત વડે દેખાઈ આવે છે.

(૨) શાંતિનાથ ભગવાનનો પારેવા ઉપરનો પ્રેમ પોતાનું માંસ આપવા વડે દેખાઈ આવે છે.

(3) પાર્શ્વનાથ ભગવાનનો ક્રૂર કમઠ પ્રત્યેનો પ્રેમ.

(૪) નેમનાથ ભગવાનનો રોતાં પશુઓ ઉપરનો પ્રેમ.

(૫) મુનિસુવ્રત સ્વામીનો અશ્વ ઉપરનો પ્રેમ.

(૬) સુદર્શન શેઠનો અભયા રાણી ઉપરનો પ્રેમ.

(૭) મેતાર્ય મુનિનો ક્રૌંચ પક્ષી ઉપરનો પ્રેમ.

(૮) ...અને સૌ તીર્થંકર દેવોનો પોતાના સમવસરણમાં એકત્ર થયેલ પ્રાણીમાત્ર ઉપરનો પ્રેમ તો અકથ્ય અને અવર્ણનીય રહેલ છે.

## ક્રોધાદિ કષાયો કઈ ભૂમિકા ઉપર નિર્બળ થાય ?

'જેવો હું તેવા જાણ, જેમ મને સુખ પ્રિય છે અને
દુઃખ અપ્રિય છે, તેમ સર્વને પણ અપ્રિય જ છે.
મને જીવવું ગમે છે અને મરવું ગમતું નથી,
તેમ અન્ય સર્વ જીવોને માટે પણ સમજુ છું.
કુપથ કર્મ હું મારો અને સૌ કોઈનો દુશ્મન છું
અને ધર્મે હું મારો અને સૌ કોઈનો મિત્ર છું.
મારાં સુખ - દુઃખ એ મારાં જ કર્મનાં ફળ છે.'
એ શ્રદ્ધા વડે સૌ કોઈ સુખ પામો, ન્યાયથી જીવો
અને કલ્યાણના માર્ગને અનુસરો, એ મંગલમય છે.
ક્રોધાદિ કષાયો આ ભૂમિકા ઉપર નિર્બળ થઈ જાય છે.
તેને કોઈ જાતનું દુઃખ, ચિંતા કે ભય હોતાં નથી.
કોઈપણ સ્થિતિમાં તે આનંદ જ માણે અને અપૂર્વ
સમભાવનો સ્વાદ લઈને પોતાના આત્મા સિવાય
કોઈની પણ અપેક્ષા રાખતો નથી, આ જ સ્થિતિમાં
અભ્યાસ વધતાં વધતાં તે શુક્લ ધ્યાનમાં પ્રવેશ કરે છે.

ગુસ્સો થવું એ બીજાની ભૂલ માટે
પોતાની જાત ઉપર વેર લેવા બરોબર છે.

ટાઢ અગ્નિથી જાય છે, પાણીથી નહીં...
છતાં જોવાય છે ગરમ પાણીથી, તેમ નાશ ક્રોધથી થાય છે,
આત્માથી નહીં, છતાં ફરિયાદ છે કષાયાત્માથી.
તારું કોઈ બગાડે, તો એ સ્વનું હિત સાધવા કરે છે.
આમ તારાં કરતાં પોતાનું હિત એ વધારે પસંદ કરે,
તો તેમાં એના ઉપર ક્રોધ કરવાનું કારણ શું છે?
માનવોને માન આવશ્યક છે, દાનવોને ક્રોધ આવશ્યક છે.

ક્રોધ અને અભિમાનનું મૂળ હિંસા છે.
ક્રોધ અને પ્રેમને આપસમાં સખ્ખત વિરોધ છે.
ક્રોધ કરનારમાં ધર્મના સિદ્ધાંતનું અજ્ઞાન અને
માનવસ્વભાવની સહજ નબળાઈ કારણભૂત છે.

o

Anger does not solve anything,
but it can destroy Everything.

ક્રોધ એ પોતાના બળનું આવરણું છે.

પ્રભુની ભૂમિકા ઉપર કામ અને ક્રોધ એક જ છે.

જો વ્યક્તિનું માનસિક બંધારણ અતિ મજબૂત હોય,
તો તે પ્રભુનાં બળોને શરીરની ભૂમિકા ઉપર જરાપણ
ન ઉતરવા દઈ પ્રભુની ભૂમિકા ઉપર જ ટકાવી રાખે છે.
તે સ્થૂલ બ્રહ્મચર્ય પાળી શકે, અક્રોધી પણ રહી શકે, પરંતુ
પ્રભુનાં બળોને અટકાવવાથી તે નાશ પામી જતાં નથી.

જરાપણ માનસિક દબાણ ઓછું થતાં જ
તે પાછાં સ્થૂલ ક્રિયાઓમાં પ્રેરાઈ જાય છે.

જ્યારે જ્યારે વ્યક્તિ પ્રભુની સાથે મનથી લડાઈ કરે,
ત્યારે ત્યારે પ્રભુ ખાસ કરીને સચોટતાથી સામે થાય છે.
આના પરિણામે નબળા માનસિક બંધારણવાળી વ્યક્તિ
ઉપર પ્રભુ હુમલો કરી તેઓનાં માનસિક દેહનો કબજો
લઈ લે છે અને તે વ્યક્તિને ઉન્માદ રોગ લાગુ પડે છે.

સામાજિક ધર્મ મોહવિષને હણે છે.

તે ક્રોધ-અગ્નિથી નહીં બળવાપણું ઔષધિ આહાર્ય છે.

નિર્ધન કે નિરાભિમાની હોવું, તે મોટો ગુણ છે.
કોઈ અપમાન કરે, તો ક્ષમા કરવાની તથા, કોઈ માન
આપે, તો નિરહંકારી બનવાની તક માનવી જોઈએ.
વસ્તુપાળે સોનાના ચરૂમાં સંપત્તિવાન થવાની અને
અનુપમાએ એના ચરૂમાં સુકૃતવાન બનવાની તક જોઈ.
કોઈ ઠગે, તો એ નિર્લોભી બનવું, લોભના નિમિત્તોમાં
સંતોષ રાખીને સદ્ગુણો કેળવવાની તકોને વધાવવા,
તે મળેલાં ઉત્તમ માનવજન્મને સાર્થક કરે છે.
બહારથી દુઃખના કારણોમાં કોઈ વ્યક્તિ, કર્મ,
સ્વજનનો વિયોગ, ધનનાશ અથવા અપમાન છે,
કિન્તુ અંદરથી જો જોઈએ, તો દુઃખના કારણ અનુક્રમે
પોતાના જ દોષ, સ્વાર્થ, લોભ તથા માન છે.
સ્વજનના વિયોગનું દુઃખ એ સ્વાર્થ, ધનનાશનું દુઃખ
એ લોભ તથા અપમાનનું દુઃખ માન (અભિમાન) છે.
'લેને કો હરિ નામ હૈ, દેને કો કછુ દાન;
તારન કો હૈ નમ્રતા, ડૂબન કો અભિમાન.' ...(૨)

'હરિ કરે સો ખરા!' પરન્તુ હરિ કરે છે શું?
હરિ આપણી ઇચ્છા અને અહંકારનું હરણ કરે છે.
'હું'નો ઘડો ફૂટે, અંદરનું જલ ચૈતન્યસમુદ્રમાં ભળી જાય.
જગત અને ભગવાન પાસેથી મળેલું જો ભગવાનને નહીં
આપો, તો અભિમાન વધશે અને નવું મળતું અટકશે.
અન્યને આપ્યા પછી અભિમાન થતું નથી, કેમકે હવે
તે તમારાં એકલા પાસે નથી, અન્ય પાસે પણ છે.
ન આપવામાં આવે, તો એવું અભિમાન થાય છે કે
તે માત્ર મારી પાસે છે, ભગવાન પાસે નથી!
આત્માએ મનના ઉદયમાં ભળવું કે ન ભળવું,
તે તેની માલિકીની વાત છે!
જો મન કે શરીર સાથે અભિમાનને ભેળવવામાં આવે,
તો તે ભાવનાનો પ્રવાહ બંધાય છે.
આત્મરસનું પીયૂષ મેળવીને કર્મ ભગવાન થાય છે.
અભિમાનથી મનનું બંધન નભે છે.
આત્માથી અવશ પામેલું મન તુરંત જ મરવા પડે છે.

ચિત્તમાં અભિમાન રૂપી જે કઠણ ભાગ છે,

તે પાંચ વિષયો તરફ વાળવો.

વિષયો પોતાને દબાવે નહીં, તે માટે શુરવીરતા જરૂરી છે.

તેને અંગ્રેજીમાં Positive ભાવ કહે છે.

'ચિત્તનો જે ભાગ દ્રવીભૂત થયો તેવો છે,

તે ભગવાન તરફ વાળવો' એટલે દીનતા રાખી પ્રભુને

કહેવું કે: 'મારામાં કાંઈ નથી.' એ Negative ભાવ છે.

શરણાગતિ એને જ કહે છે.

પ્રભુ Positive છે, તેથી તેના પ્રત્યે Negative થવું,

વિષયો Negative છે, તેથી તેના પ્રત્યે Positive થવું.

તેમ કરવાથી અંદર - બહાર પ્રસન્નતાનો અનુભવ થશે.

વ્યવહારિક મનુષ્યો વિષયો તરફ દીન રહે અને

પ્રભુ તરફ શુરવીર રહે છે, તેથી તેમને સત્ય મળતું નથી.

ભક્ત શરણે થાય, કિન્તુ માન કે મોટપ મૂકે નહીં,

તો ભગવાન તેનો સ્વીકાર કરતાં નથી,

તેથી ભક્તિમાર્ગમાં દીનતાની ઘણી જરૂર રહે છે.

## માયા એટલે શું?

એવું હોવા છતાં જે દેખાય, તેને 'માયા' કહે છે.

લક્ષ્મી, કામ, સુખ, પૈસા, કપડાં, ઘર, કુટુંબ -
જ્યાં જુઓ, ત્યાં સઘળે માયા પથરાઈ જ જાય છે.
પૈસામાં માયા છે. ગમે તેટલાં આવે, તોય જીવ ન ધરાય.
માયામાં જીવ ભળી ગયો છે. જીવ ઈશ્વરનો અંશ છે,
પરન્તુ જીવ જો માયામાં ભળી જાય, તો તે ખોટું છે.
જેમ લક્ષ્મી સાધન છે, પરન્તુ સાધ્ય નહિ,
તેમ દેહ એ સાધન છે, પરન્તુ સાધ્ય નહિ.
જીવ અનંત કાળથી કામસુખ ભોગવતો આવ્યો છે,
પરન્તુ તેના પ્રત્યે ઘૃણા થતી નહિ.

## માયાના દાસ કેમ ન બનવું?

માયાને આધીન રહે, તે જીવ અને
માયા જેને આધારે રહે, તે પરમાત્મા.
કોઈપણ કામ કરવું હોય, તો માયાની જરૂર પડે,
તો માયાનો ઉપયોગ કરો, કિન્તુ માયાના દાસ ન બનો.

# માયાશક્તિ - એક મોટો પ્રભાવ

માયાની બે શક્તિઓ: વિક્ષેપ શક્તિ - આવરણ શક્તિ.

ઈશ્વર વિના બીજું દેખાય, એ માયાની વિક્ષેપશક્તિ.
સર્વ જીવોમાં રહેલા છતાં પણ ઈશ્વર દેખાતાં નથી,
તે માયાની આવરણ શક્તિ કહેવાય છે.

વિક્ષેપ = ન હોવા છતાં ય દેખાય તે.
આવરણ = હોવા છતાં ય ન દેખાય તે.

માયાની બંને શક્તિનું કાર્ય શું?

આવરણ શક્તિ પરમાત્માને ઢાંકે છે, જ્યારે
વિક્ષેપ શક્તિ ઈશ્વરમાં જગતનો ભાસ કરાવે છે.

કામ = દમ, ક્રોધ = શમ, લોભ = સંતોષ.

સ્વરૂપનિદિધ્યાસનથી શમ, દમ, સંતોષગુણ પ્રગટે છે તથા
માયાશક્તિ, મિથ્યાત્વશક્તિ અને નિદ્રાશક્તિ નષ્ટ છે.
માયા કામજનની - મિથ્યાત્વ ક્રોધજનક - નિદ્રા લોભજનક છે.
સ્વરૂપનિદિધ્યાસન ચૈતન્યના અનુભવરૂપ છે અને
ચૈતન્યનું અનુભવન અચિંત્ય શક્તિયુક્ત છે.

# ત્રણ શલ્યમાં માયાશલ્ય પ્રધાન

પાપને પ્રકટ ન કરવું, તે માયાશલ્ય.
પાપને પાપ ન માનવું, તે મિથ્યાત્વશલ્ય.
પાપને ધર્મના બદલામાં માંગવું, તે નિદાનશલ્ય.
બધા જીવોને અવગણવા, તે પ્રથમ પાપ.
પોતાના આત્માને અવગણવો, તે બીજું પાપ.
પરમાત્માને અવગણવા, તે ત્રીજું પાપ.

માયા, મિથ્યાત્વ અને નિદાન - ત્રણ શલ્યના ત્યાગી
સરલ માયા, નિદાન અને મિથ્યાત્વરહિત વ્રતી હોય.

તે નિર્દંભ - નિરાશંસ - નિઃશંક હોય.
તેવા તે જ થઈ શકે જેને શ્રી જિનવચનમાં શ્રદ્ધા હોય.
શ્રદ્ધાળુ આત્મા કોઈને હલકો પાડવા કે સ્વોત્કર્ષ માટે
ક્રિયા ન કરે. જેમાં પરાપકર્ષની વૃત્તિ હોય, તે માયા છે.
અંધારામાં ન હોય, તે દેખાય - હોય, તે ન દેખાય.
માટે માયાની ચર્ચા ન કરતાં માયાપતિની જ ભક્તિ કરો.
માયા એ પાપ છે. પાપની મા મમતા, પાપનો બાપ લોભ.

માયા છાયા જેવી છે. માયા બહુ ખરાબ નહિ, પરન્તુ
જે માયાને આધિન રહે છે, તેને માયા રડાવે છે.

માયાનો ઉપયોગ કરો, ત્યારે ધ્યાન રાખો કે:

'હું ઈશ્વરનું સ્વરૂપ છું.'

જીવ માયાનો ઉપયોગ કરે છે, ત્યારે 'તે ઈશ્વર છે' એ વાત જીવ ભૂલે છે અને તેથી માયા એને મારે છે.

જે સૂર્યની સામે ઊભે, તેને માયા ન દેખાય, પરન્તુ સૂર્યથી વિમુખ થાય, એટલે છાયા ત્વરિત સામે આવે.

માયાની બે શક્તિઓ: વિદ્યા અને અવિદ્યા.

વિદ્યા પંડિતોને તથા અવિદ્યા મૂર્ખાઓને નચાવે છે.

વિદ્યા કદી વચનાંત અને અવિદ્યા કદી રચનાંત થતી નહિ.

વિદ્યાનો અંત આવતો નહિ,

તે નવા નવા તર્ક - વિતર્કો કરે જ જાય છે.

અવિદ્યાની રચના પણ વધતી જ જાય છે.

તેના નવા નવા જંજાળાઓ થતાં જ જાય છે.

વિદ્યા લહેરીઓને લલચાવે - અવિદ્યા મૂર્ખને ફસાવે.

'માયા' એટલે છતી શક્તિનું નિગૂહન.

સદાચારમાં મળેલ શક્તિ સરળ ભાવે ફોરવવી, તે
પંચાચારનું પાલન કરનાર આચાર્યોનું મુખ્ય કર્મ છે,
તેથી માયાદોષ નિર્મૂળ થાય છે.

એ વિચાર માયાવૃત્તિનો મૂળથી નાશ કરે છે અને
ઘણું પાપ કરવાની વૃત્તિ આપોઆપ વિલય પામે છે કે...
'કુદરતના કાનૂનમાં ગુપ્તમાં ગુપ્તપણે કરેલી ક્રિયાનું ફળ
મળે છે, એટલે માયાપ્રપંચને વિશ્વમાં અવકાશ જ નથી'.

વ્યવહાર દૃષ્ટિએ પોતે પોતાને જાણીએ ભલો ભોળાની
માયા કરવાથી માયા સહેલાઈથી જણાય છે.

માયાનું બળ ક્યાં સુધી? 'બ્રહ્મ સત્ય - જગત મિથ્યા'
વાળા સકળ શાસ્ત્રના સિદ્ધાંતમાંથી ભય, ત્યાં સુધી.

માયાથી આચ્છાદિત સત્યને ભગવાનમાં અને
ભગવાનના રૂપ રૂપી માયા વડે જ મેળવી શકાય છે.
યુક્તિપૂર્વક માયાનો આધાર લઈને જ
ઈશ્વરની સમીપે પહોંચી શકાય છે.

પ્રાણીમાત્ર માટે પ્રભુની પ્રતિજ્ઞા છે કે:

'જો કોઈ આત્મા 'હું આપનો છું' એમ કહીને
એક જ વાર વાણીથી પણ મારું શરણ સ્વીકારીને
તેના રક્ષણની જો પ્રાર્થના કરે, તો તેને
હું સર્વ પ્રાણીઓથી હંમેશ માટે નિર્ભય કરી દઉં છું.'
પરમ દયાળુ પરમાત્મા એ નથી જોતાં કે તે પાપી છે.
પરમ પિતા પરમાત્મા તો તેના સર્વ સંતાનો પ્રત્યે
વાત્સલ્યમયી માતા કરતાં પણ અનંતો પ્રેમ રાખે છે.

ભગવાન સમાન સૌંદર્ય, માધુર્ય, સત્ય,
વૈરાગ્ય, ઐશ્વર્ય, બળ, યશ વગેરે ગુણ કોનામાં છે?
પ્રભુ સિવાય પ્રલોભનની લાયક કઈ વસ્તુ હોઈ શકે
કે જેને માટે આપણે દિવ્ય સુધાસાગર છોડી દઈ
વિષયોના ઝેરથી ભરપૂર માયાના આપાત
મધુર વિષયોની પાછળ પાગલ બની રહ્યાં છીએ?

પ્રેમમાં આગ્રહ હોય છે, પરન્તુ દુરાગ્રહ નહીં.
દુરાગ્રહ તો મોહ-માયામાં જ હોય છે.

જીવોને આંતરદૃષ્ટિથી પરમાત્મસ્વરૂપ શીખવવામાં આવે, તો
પછી માનસિક દુનિયામાં માયા-કપટને સ્થાન જ નહિ.

'હું મોટો અને એ નાનો' આવી વિષમ દૃષ્ટિ હોય,
ત્યારે જ કપટનો પ્રયોગ યોજાય છે.

આત્મદૃષ્ટિથી સર્વને સરખાં યા પરમાત્મદૃષ્ટિથી અન્યને
મોટાં જોવા અને વ્યવહારદૃષ્ટિથી પોતાને નાનો જોવો,
માયાને જીતવા માટે આવી માયા કરાય, તો તે પ્રશસ્ત છે
અને અપ્રશસ્ત માયાને જીતવાનું સરળ સાધન બને છે.

માયારૂપ કાદવ સરળતારૂપ નદીના નિર્મળ જળથી ધોવો.

લોભ રૂપી મેલ હોંશિયાર કારીગર પાસે દૂર કરાવવો.
લોભ એ પરવસ્તુની તૃષ્ણારૂપ છે,
તે સ્વવસ્તુના જ્ઞાનરૂપ નીરાકુળતાથી, વિવેકજ્ઞાનથી અને
ભેદજ્ઞાનથી ઘસી કાઢવો જોઈએ.

'ગીતા'માં કહે છે: 'જે પુરુષ મને પામે છે,
તે દુઃખે કરીને પણ ન તરાય, એવી જે
મારી ગુણમયી માયા છે, તેને પણ તરી જાય છે.'

**'લોભ' એટલે લાલસા, લોલુપતા, તૃષ્ણા, કૃપણતા.**
અતિશય અથવા અત્યાધિક ઈચ્છા પણ લોભ જ છે.

**લોભસંજ્ઞાના લક્ષણો તથા પરિણામ**

રોજ વિચારો કે હું શાનો લોભ રાખું છું ?
તેના થકી મળનારું સુખ કેટલો વખત ટકશે ?
અંતે તેનાથી શો લાભ થવાનો છે ?
લોભનું મૂળ અજ્ઞાન છે. બિનજરૂરી સંગ્રહ અને
બીજાને જરૂર હોય, ત્યારે પણ ન આપવું, તે લોભ.
ભોગની અસ્થિરતા તથા વસ્તુની અનિત્યતાનું
સાચું જ્ઞાન થતાં જ લોભ ઓસરી જાય છે.
પર્વત પરથી પડતો ધોધ, કાજળનું બિંદુ, શરદના વાદળા,
પાણીના પરપોટા, ઝાંઝવાના નીર, કુપથ્ય અન્ન કે
ખારા પાણી જેવા સર્વ પ્રકારના ભોગો
અનિત્ય, અસાર, દુઃખકારક અને અતૃપ્તિકર પણ છે.
આજે ભોગવેલા ભોગ કાલે સ્મૃતિ અને સ્વપ્નરૂપ
બની જાય છે. કામનાઓ મનુષ્યની કટ્ટર શત્રુઓ છે.

લોભ - કામ - ક્રોધાદિક ઉગારવા ધર્મસત્તા અનિવાર્ય છે.

માનવમાં લોભ એ માનસિક રોગ - અસાધ્ય વ્યાધિ છે.
તૃષ્ણાની તૃપ્તિનો પ્રયત્ન બળતામાં ઘી હોમવા જેવો છે.
સંતોષ વગર તો એક મનુષ્યની કામનાઓને પૂરવા તો
આ સમસ્ત સંસારના સર્વ પદાર્થો પણ પૂરતાં નથી.

'નોકરી કરવાથી પગાર મળશે'
એમ સમજવા કરતાં 'મારા શેઠ પગાર આપે છે,
માટે તેની નોકરી કરવી, એ મારી ફરજ છે'
એમ માનીને નોકરી કરવી, તે શ્રેષ્ઠ છે.
એકમાં સ્વાર્થની વૃત્તિ છે, તેથી લોભસંજ્ઞા પોષાય છે,
બીજામાં કર્તવ્યબુદ્ધિ છે, તેથી ધર્મ પુષ્ટ થાય છે.

## કયા પાપ સૌથી મોટાં ?

બધાં પાપોમાં સૌથી મોટાં નવમું લોભ અને
અઢારમું મિથ્યાત્વશલ્ય પાપસ્થાન ગણાય છે, તેનો નાશ
એક નવકારથી જ સધાય છે, કેમકે તે દુન્યવી લોભનો
શત્રુ થઈને જીવમાં મુક્તિના સુખનો લોભ જગાડે છે.

## લોભને દૂર કરવાના ઉપાયો અને ચિંતનો

નાનામાં નાની કામનાને પણ સંતોષથી દાબી દેવા.

ઇચ્છારૂપી માછલીને ત્યાગરૂપી કાંટાથી પકડો.

આપણને જેના વગર ચાલે જ નહીં, એવી કેટલી વસ્તુઓની દુનિયામાં આપણને ખરેખરી જરૂર છે ?

જરૂરીયાતો થોડી છે, માગેલી વસ્તુઓ ઘણી વધારે છે.

પૃથ્વી એ પલંગ, હાથ ઓશીકું, આકાશ છત્ર, ચંદ્રમા દીપક, દિશાઓનો પવન એ પંખો, વૈરાગ્ય એ પત્ની, ભિક્ષા તે ભોજન, તેવું માનતા જીવન સરળ બને છે.

આપણે ખાસ જરૂરીયાતો ઉપર જ લક્ષ આપવું.

આપણને ઘણાં જ ઓછા પદાર્થોની જરૂર છે અને
તે પણ અલ્પ સમય માટે જ.

શરીરનો દુરુપયોગ થાય, તો રોગ - વિકારોની વધે
ધનનો દુરુપયોગ થાય, તો મમતા - લોભની વૃદ્ધિ થાય.

અનાત્મસમદર્શિત્વ લોભકષાયને પુષ્ટ કરે છે અને પરમાત્મસમઅદર્શિત્વ મિથ્યાત્વરૂપી પાપને વધારે છે.

## પાપનો બાપ 'આપ' છે અને
## 'આપ'નો લોભ પાપનો બાપ છે.

પાપના બાપરૂપ 'આપ'નો રાગ એ લોભનો મોટો દીકરો.
પોતાનું સાધવું એમાં પોતાનું યાદ રાખ્યું પણ હિત ભૂલ્યા.
'પોતાનું સાધવું' એ ધર્મ નહિ, 'પોતાનું હિત સાધવું' એ ધર્મ.
પોતાનું હિત તો જ સધાય, જો પરહિતનો વિચાર આવે.

પ્રત્યેક વ્યક્તિ - વસ્તુમાં ગુણો રહેલા છે,
પરન્તુ માનકષાય તે શોધવા દેતો નહિ.
પરવસ્તુના લોભે માટીમાં રગદોળાશો,
પાણીમાં ડૂબશો, ત્રિવિધ તાપમાં તપશો... પરન્તુ
'હું આત્મા' એવો જો સિંહનાદ થાય,
તો મોહરૂપી બકરી બેં બેં કરી ભાગવા માંડે.
રાગના બદલે વૈરાગ્ય, લોભના બદલે સંતોષ,

દ્વેષને બદલે પ્રેમ, માનને બદલે નમ્રતા, ક્રોધને બદલે ક્ષમા.
મોહના ત્યાગપૂર્વક ક્રોધ-લોભ થાય, તે અહિંસાદિ ધર્મ.
જો મોહપૂર્વક ક્રોધ-લોભ થાય, તો તે હિંસાદિ અધર્મ.

લોભ પાપ-પુણ્યના વિવેકને ભુલાવે છે.

કારખાના એ કારખાના નહીં, કિન્તુ કાળખાના છે.

સમજવા છતાં સંસારના કારખાના ચલાવે છે,

તેનું કારણ લોભ છે.

લોભથી ચિત્ત હંમેશા આકુળ રહે છે,

જેમ શરીરમાં મોટો વ્યાધિ હોય છે, નિદ્રા નહિ આવતી.

લોભનો ખાડો કદી પૂરાતો નહિ.

'क्षुद्रो लोभरतिर्दीनो मात्सर्यी भयवान् शठः ।

अज्ञो भवाभिनन्दी स्यात् निष्फलारंभ-संगतः ॥'

તુચ્છતા ક્ષુદ્રતારૂપ છે. ક્ષુદ્રતા લોભને જન્માવે છે.
લોભ દીનતાને, દીનતા માયાવૃત્તિને, માયાવૃત્તિ ભયને,
ભય શઠતાને, શઠતા અજ્ઞતા, ભવાભિનન્દિતા અને
નિષ્ફલારંભતા વગેરે દોષોની પરંપરાને જન્માવનાર છે.
તેમાંથી બચવા માટે ક્ષુદ્રતા, કૃપણતા ટાળીને ઉદારતા,
વિશાળતા, ઉચ્ચતા અને ઉદાત્તતા પ્રગટાવવા જોઈએ.
ઉદાત્તતા = સૌ જીવોને હૃદયમાં સમાન સ્થાન આપવું.

આપણી અંદર એક દિવ્ય તત્વ છે,
માટે જ આપણને અધમતાનો ખેદ આવે છે.
દા.ત. વાઘ કદી પોતાને ઘાતકી માનતો નથી.
ઘોડો પોતાના અજ્ઞાન માટે પોતાને ધિક્કારતો નથી
કે ડુક્કરને પોતાના લોભ માટે પશ્ચાતાપ થતો નથી.
માણસ પોતાનું ઘાતકીપણું, અજ્ઞાનપણું, લોભીપણું સ્વીકારે
અને તે ઉપરાંત ખામીઓ દૂર કરવા પ્રયત્ન પણ કરે છે.

સર્વ પ્રત્યે સ્નેહપરિણામ જગાવાથી
લોભવૃત્તિ બંધ છે તથા માયાવૃત્તિ રહેતી નથી,
ભાવને આત્મરૂપ ન ગણવારૂપ મિથ્યાવૃત્તિ પણ ટકતી નથી.
મોહમાર્ગમાં શલ્યવૃત્તિ જેવી તેના સાથે રહેવાવાળી
માનવૃત્તિ, ક્રોધવૃત્તિ, કામવૃત્તિ આદિ પણ જતા લાગે છે.

આજના લોભરહિત જીવો માટે
ધનને બંધ કરવાની બાબત પણ ઘણી ભારે છે.
જેથી દાનનો ઉપદેશ આપતાં ઉપદેશકો લોભીઓના
લોભાદિથી ઉત્પાદ ન અનુભવે, એવી અત્યંતે હિતાવહ છે.

અનુકરણથી નમસ્કાર એ લોભવૃત્તિ છે, જ્યારે
નમસ્કારથી અનુકરણ એ ધર્મવૃત્તિ છે.

લાખોમાંથી કોઈક જ ધનના લોભમાંથી બચી શકે, કરોડોમાંથી કોઈક જ નારીના મોહમાંથી બચી શકે અને અસંખ્યાતમાંથી લોકૈષણાના મોહમાંથી કોઈક જ બચી શકે. ધનલોભ, નારીમોહ અને લોકૈષણાની આ ત્રિપુટી કાઢવી, તે ઘણું જ કઠિન છે. એ ત્રિપુટી ત્યારે જ કાઢી શકાશે કે

જ્યારે જગતને પર્યાયાર્થિક દૃષ્ટિથી અને
જગતને દ્રવ્યાર્થિક દૃષ્ટિથી જોતાં શીખવાની ટેવ પડશે.

લોભ = સ્વરક્ષણ. તેનું રહસ્ય સંગ્રહ છે.
જ્યાં સંગ્રહ છે, ત્યાં લોભ છે.

દાનપ્રવાહ વહેવડાવવામાં ડર અભાવનો નહિ, લોભનો છે.
શુભ કરવું છતાં પાપમાં જોડનારું, લોભને વધારનારું છે.
લોભને મારવાથી લાભ થાય, કષાયને ટાળવાથી કષ્ટ જાય.
પુણ્યનો લોભ ઈશ્વરભક્તિ પ્રત્યે બેદરકારી બતાવે છે,
તેથી ભક્તિમાં અંતરાયભૂત લોભ ત્યાજ્ય જ છે.

ભોગમાં સંતોષ રાખો અને ભક્તિમાં લોભ રાખો.

ભક્તિ સિવાયનાં લોભ એ માનસિક પાપ છે.

આત્મદૃષ્ટિએ બધા જીવો સરખાં છે,
પરમાત્મદૃષ્ટિએ બધા જીવો મહાન છે અને
વ્યવહારની દૃષ્ટિએ પોતે સર્વથી પશ્ચાત છે.

કર્મકૃત સર્વ ભાવો ભેદ છે, તેથી અનુક્રમે
ક્રોધ, માન, માયા કે લોભને અંશે ય અવકાશ રહેતો નથી.

આત્મા સિવાય બાહ્ય વસ્તુનો લોભ જ સ્વ-સ્વરૂપને
આવરણ ઊભું કરે છે, એ વિચાર લોભને જીતાવે છે.

'દેહ અને શુભાશુભ કર્મ સર્વથી, ત્યાગ કરવા યોગ્ય છે'
એમ માનનારને લોભનો અવકાશ રહેતો જ નથી.

આત્મભિન્ન શરીરાદિમાં આત્માભિમાન રૂપી મોહ,
લોભ, ક્રોધ, હિંસા, અસત્ય આદિ સૌ ક્લેશોનું મૂળ છે.

તૃષ્ણાનું બીજું નામ 'લોભ' છે અને
કર્તવ્યાકર્તવ્યના વિચારનો નાશક તથા અગ્નિસ્વરૂપ
એવા ચિત્તની એક અવસ્થાનું નામ 'ક્રોધ' છે.

પરિગ્રહ તથા લોભાદિ જયવું હશે, તો
સંતોષ અને ત્યાગને જીવનમાં સ્થાન આપવું પડશે.

મન અતિ લોભ - અતિ તૃષ્ણા બને છે,
તેથી લોભની વૃત્તિ પુષ્ટ થાય છે.

ધનનો અતિ લોભ શાહુકારને ચોર બનાવે છે,
શેઠને શઠ અને સાહેબને શેતાન બનાવનાર છે.

અધર્મની પત્ની મિથ્યા ભાષણ - મૃષાદેવી,
તેનો પુત્ર દંભ, દંભનો પુત્ર લોભ, લોભનો પુત્ર ક્રોધ.

'લોભ મૂલાનિ પાપાનિ, રસમૂલાશ્ચ વ્યાધયઃ ।
સ્નેહમૂલાનિ દુઃખાનિ - ત્રીણિ ત્યક્ત્વા સુખી ભવ ॥'

લોભના કારણે પાપ થાય, રસને કારણે રોગો થાય,
સ્નેહના કારણે દુઃખ થાય - આ ત્રણે તજીને સુખી થા.

સુખ - સુખનાં સાધન માટે તીવ્રતમ લોભ, તે રાગ છે.
દુઃખ - દુઃખનાં સાધન માટે તીવ્રતમ ક્રોધ, તે દ્વેષ છે.

ક્રોધ - લોભ જેવી વૃત્તિઓની સખત કસોટીમાંથી
શ્રેયંકર રીતે પસાર થવામાં જ પ્રેમનું પ્રેમત્વ છે.

## 'અદત્તાદાન વિરમણ'નો અર્થ

માલિકે ન આપેલી વસ્તુનું ગ્રહણ - એ શબ્દાર્થ છે.
તેનો ભાવાર્થ લોભ અને લાલચના ત્યાગમાં છે.
લોભ-લાલચ જેવી મલિનવૃત્તિ જ અદત્તાદાનને પ્રેરે.
ત્રીજા મહાવ્રત એવા અદત્તાદાન દ્વારા
નિર્લોભીપણું અને નિર્લાલચપણું પોષવાનું ધ્યેય છે.
નામથી અર્થવાસના, રૂપથી કામવાસના અને સચ્ચિદાનંદ
સ્વરૂપથી અનુક્રમે લોભવાસના નાબૂદ થઈ શકે છે.
દુન્યવી પદાર્થોનો લોભ જાગે ત્યાં સુધી જ રહે કે જ્યાં
સુધી આત્મામાં રહેલ અનંત ઋદ્ધિનું દર્શન થતું નથી!
સિદ્ધપદનો નમસ્કાર આત્મઋદ્ધિનું દર્શન કરાવે છે,
તેથી બાહ્ય પદાર્થોની લોભકષાયરૂપી તૃષ્ણા શાંત થઈને
અનુપમ સંતોષવૃત્તિ પેદા થાય છે.
પરોપકાર એ સ્વાર્થરૂપી દુર્ગંધને હરવા માટે
ચંદનગંધ છે અને લોભરૂપી કીચડને શોષવા માટે
સૂર્યનો પ્રકાશ તથા રત્નના દીપ સમાન છે.

સાચી દરિદ્રતા = લોભ. જેટલો લોભ, તેટલી દરિદ્રતા.

તેને દૂર કરવાનો ઉપાય, નિર્લોભ થવું તે.

નિર્લોભ થવાને માટે શ્રેષ્ઠ રસ્તો કયો ?

'જ્ઞાનાદિ ગુણોના વૈભવથી આત્મા સદા ય પૂર્ણ છે'
તેવું શુદ્ધ આત્મદ્રવ્યનું ધ્યાન તે ઉપાય છે.

સુખ વિષયભોગથી થાય. જ્યાં ભોગ, ત્યાં રોગ છે.
સુખથી તૃષ્ણા વધે, તૃષ્ણાથી તાપ, તાપથી પાપ વધે છે.

'લોભમૂલાનિ પાપાનિ ।'

પાપો લોભ મૂળવાળા છે - લોભના કારણે પાપો થાય.
લોભવૃત્તિ સ્વાર્થના કારણે જન્મે છે,
તે લોભનો નાશ માધ્યસ્થ્ય ભાવ કરે છે.
મનુષ્યની જડ સ્વાર્થવૃત્તિ હિંસા ઉપરાંત
લોભવૃત્તિ અને મોહ - મમત્વની ભાવનામાં જ છે.
તે વૃત્તિઓ અને વિષમ ભાવનાઓને પલટાવવાની રીત
ક્રમે ક્રમે સ્વાર્થત્યાગ કરવાના પ્રયત્નમાં છે અને
સ્વાર્થને ત્યાગ કરવાનું કાર્ય દાનધર્મ વડે સધાય છે.

દાનમાં મમતા નહીં, લોભના અંશનો ત્યાગ, તે નિવૃત્તિ.
પ્રેમપૂર્વક અર્પણ તે પ્રવૃત્તિરૂપ છે. દાનના સંકલ્પમાં
એક બાજુ લોભની નિવૃત્તિ છે અને બીજી બાજુ
કરુણા અને પ્રેમની ધારા, તે પ્રવૃત્તિ છે.

ક્રોધ-લોભ વગેરેથી જ્યાં લાભ દેખાય, ત્યાં ખરી રીતે
એ લાભ પુણ્યના ઉદયે છે, કષાયના પ્રતાપે નહીં.
કષાયાદિ દોષો અને હિંસાદિ પાપો ખરાબ લાગવા છતાં
કેમ થાય છે? એનાથી થતાં ને દેખાતાં દુન્યવી લાભમાં
આનંદ અનુભવાય છે, માટે દુન્યવી લાભની પાછળ
પુણ્યરાશિનો ધ્વંસ અને રાગ-રતિ-લોભ વગેરે
કષાયસંવર્ધન રહેલું છે, માટે તે ખટકવો જોઈએ.

ક્રોધ-કષાય ખોટાં, તો એના પર થતો લાભ પણ ખોટો.
પહેલાં આત્માને કાળો કર્યો, પછી
થયેલો લાભ એ લાભ નહીં, પરંતુ ગેરલાભ જ છે.
'જેટલો લોભ મોટો, તેટલો લાભ મોટો' એમ નહીં,
પરંતુ 'જેટલું પુણ્ય મોટું છે, તેટલો લાભ અધિક.'

# સ્વાર્થની વૃત્તિને જીતવાનો ઉપાય

આ પૃથ્વી ઉપર રહેલી બધી જ વસ્તુઓ કરતાં
ચારિત્રને શ્રેષ્ઠ ગણતાં શીખો.

અભિમાન અને સ્વાર્થ વૃત્તિથી દૂર રહો, કેમકે
તે અજ્ઞાન અને લોભમાંથી ઉત્પન્ન થાય છે.
અજ્ઞાનથી જ જીવાત્મા અભિમાની બને છે.
વળી તે લોભને પણ ઉત્પન્ન કરે છે અને
લોભ મનુષ્યને સ્વાર્થી બનાવે છે.

કામ, ક્રોધ, લોભ - એ ત્રણે તમોગુણના દ્વાર છે.
સ્વાર્થી મનુષ્ય ઠેર ઠેર અપમાન - અનાદર પામીને
જીવનમાં દુઃખ અને નિષ્ફળતા મેળવે છે.

તમારા જીવન અને વર્તણુંકથી બીજાઓને સુખ મળે,
તો જ સ્વાર્થ અને અભિમાનની વૃત્તિ જીતી શકાય.
ધર્મ આત્માને શુદ્ધ કરે છે.

'શુદ્ધિ' એટલે દુઃખમાં સમાધિ, સુખમાં વૈરાગ...
જીવનનો લોભ નહીં તથા મરણનો ભય નહીં!

'जहा लाहो तहा लोहो, लाहा लोहो पवड्ढइ ।' અર્થાત્ઃ

<u>જેમ જેમ લાભ વધે, તેમ તેમ લોભ વધે.</u>

ભવ અગ્નિ સમાન છે, લોભ - લાલચ ઇંધન સમાન છે.
૪ ગતિના દુઃખોની ભઠ્ઠ અને પંચમ ગતિના પરમ
સુખ ભોગવવાનો જેને લોભ લાગ્યો છે, તેવા આત્માને
શુદ્ધ ધર્મ માટેનું કષ્ટ અતિ અલ્પ લાગે છે.

દુઃખનું મૂળ મોહ, મોહનું મૂળ તૃષ્ણા,
તૃષ્ણાનું મૂળ લોભ, લોભનું મૂળ સંગ.
સંગત્યાગથી લોભત્યાગ, લોભત્યાગથી તૃષ્ણાત્યાગ,
તૃષ્ણાત્યાગથી મોહત્યાગ અને મોહત્યાગથી દુઃખનાશ.
દુઃખનાશ માટે પાપનાશ કરવો જરૂરી છે.
'પાપ' એટલે મોહ, તૃષ્ણા, લોભ અને સંગદોષ.

<u>દ્રવ્યતીર્થ એટલે...</u>

<u>દાહનો ઉપશમ, તૃષ્ણાનો છેદ અને મલનું ધોવું તે.</u>

ક્રોધનો નિગ્રહ તે દાહોપશમ છે,
લોભનો નિગ્રહ તે તૃષ્ણાનો છેદ છે.

## કયો દોષ કયા ગુણસ્થાનકે જાય ?

જે દોષ વધુ ઊંડો, તેને દૂર કરવા માટેનો ધર્મ પહેલો,
એમ ઉત્તરોત્તર દોષો દૂર કરવા શીલ - તપ - ભાવ છે.
લોભ ઠેઠ દસમે ગુણસ્થાનકે જાય, તેથી દાન સૌ પ્રથમ.
વેદ નવમે ગુણસ્થાનકે જાય, તેથી શીલ તે પછી છે.
આહારસંજ્ઞા છઠ્ઠે ગુણસ્થાનકે જાય, તેથી પછી તપ છે.
ભયસંજ્ઞા ચોથે ગુણસ્થાનકે જાય, તેથી છેલ્લે ભાવ છે.

આત્માનુભૂતિ દ્વારા જીતીએ વિષય - કષાયોને.

વિષયોને અનાત્મ અને અસ્થિર માનીને
જેઓ અવિનાશી એવા આત્માનું ધ્યાન કરે છે,
તેઓ આત્માનુભૂતિ દ્વારા મિથ્યાત્વના પહાડોને,
અવિરતિની નદીઓને, કષાયરૂપી અગ્નિને અને
લોભરૂપી સાગરને લંઘી જાય છે તથા નિર્વાણનગરમાં
પહોંચીને શાંતિના અખંડ સાગરમાં મહાલે છે.
સુખના લોભવાળાને ધર્મનો લોભ રહેતો નથી અને
ધર્મના લોભવાળાને સુખનો લોભ હોતો નથી.

અપ્રકૃતિની દૃષ્ટિ એ લોભનું મૂળ છે, જ્યારે
પ્રકૃતિની દૃષ્ટિ એ સંતોષનું મૂળ છે.

પશુઓમાં ક્રોધ છે, દ્વેષ નહિ. ઇચ્છા છે, લોભ નહિ.

સુધારેલા પશુ - દેવોમાં માનવતાનો વિકાસ નહિ.

માનવતાનો વિકાસ છે પોતે પોતાને ઓળંગી જવામાં!

પશુથી વિશિષ્ટ એવું માનવમાં કંઈક છે.

માનવતા = આચાર, આરામ અને માત્ર ભોગ નહીં.

સ્થૂલ સાધનોથી બાહ્ય જીવન સગવડભર્યું બને, કિન્તુ
તેથી લોભ, મદ, સ્વાર્થ અથવા તો કપટ ઘટતાં નહિ.

અશ્રદ્ધા બે રીતે જાગે છે : મદથી અને લોભથી.

તેના વળી બે-બે પ્રકાર છે : ઇહલૌકિક, પારલૌકિક.

મોક્ષસુખનો લોભ ધર્મમાં સ્થિર કરે છે.

જડનો રાગ અને લોભ ઘટે નહીં.

દુઃખનો દ્વેષ અને મદ ઘટે, તો જ શાન્તિ મળે.

લોભથી કોઈપણ વસ્તુમાં મનને લઈ જવું નહીં અને
મદથી કોઈ વસ્તુમાંથી મનને પાછું ખેંચવું નહીં.

## રાગ - દ્વેષ - લોભ અને ભયના ચાર પાંખા

જ્યાં સુખનો લોભ, દુઃખનો ભય અને
એના કારણે અશાંતિ હોય, ત્યાં સમાધિ ક્યાંથી?
જેનો રાગ એનો લોભ અને જેનો દ્વેષ એનો ભય.
સુખનો રાગ છે, માટે એનો લોભ છે નક્કી.
દુઃખનો દ્વેષ છે, માટે એનો ભય છે. એ રીતે રાગ, દ્વેષ,
લોભ અને ભયના ચાર પાંખા સાહુકારોની વચ્ચે
સંસારી જીવ સપડાયો છે. શાંતિનો માર્ગ એક જ છે:
સુખનો રાગ ઘટે અને દુઃખનો દ્વેષ ઘટે.
આજે સુખ અને એના સાધન વધ્યાં, શાંતિ ઘટી છે.
વિશ્વનો નિયમ છે : જેની અછત, તેની માંગ અધિક.
શાંતિની માંગ આજે વધારે છે, તેનું મૂળ કારણ એ કે
સુખનો રાગ વધ્યો છે નક્કી, રાગમાંથી લોભ જાગ્યો છે.
લોભમાંથી પ્રતિપક્ષી દુઃખનો દ્વેષ ઊભો થાય છે અને
એ કારણે 'જીવનમાં ક્યારે દુઃખ ન આવી જાય'
એવો મહાભય મનની અંદર ઊભો થાય છે.

## આટલાં પુરુષોમાં સાત્ત્વિક ઉત્તમ

'સાત્ત્વિકઃ સુકૃતી દાની, રાજસો વિષયી ભ્રમી,
તામસઃ - પાતકી - લોભી, સાત્ત્વિકોઽપીષુ સત્તમઃ ॥'

અર્થાત્: સાત્ત્વિક, સુકૃતી, દાની, રાજસિક, વિષયી, ભ્રમી, તામસિક, પાપી, લોભી - આટલાં પુરુષોમાં સાત્ત્વિક ઉત્તમ છે.

પરમાત્મા મારા ઇષ્ટનાં સાધન છે.
ઇચ્છાનો વિષય સુખલાભ અને દુઃખનાશ છે.
પરમાત્મા તેનાં સાચા આપનારા છે,
કેમકે તેઓ સર્વનાં સુખનો વિચાર કરનારા છે.
સર્વનાં દુઃખોનો નાશ તેમને અભિષ્ટ છે.
પરમાત્મા તે ખાતર જ જન્મ્યા છે.
તે કાર્ય સિદ્ધ કરીને જ નિર્વાણ પામ્યાં છે,
તેથી પરમાત્માની ભક્તિ
સર્વનાં દુઃખનાશની - સુખલાભની ઇચ્છા જગાડે છે.
તે ઇચ્છા રાગ - દ્વેષ, અહં-મમ, ક્રોધ, માન, માયા,
લોભ, મદ તથા અહંકારનો નાશ કરનારી છે.

'મદ' એટલે ગર્વ, અભિમાન કે ઉન્મત્ત થવું તે.
કેફની ખુમારી અને ગર્વિષ્ઠ વર્તન એ તેનો પરિચય છે.

જેને વિદ્યાનો ગર્વ હોય, તેણે વિચારવું કે...

તારાં પોતાના વિષે તું કેટલું જાણે છે?
દેહના અવયવો, ઈન્દ્રિયોના કાર્યો, લોહીના બિન્દુઓ યા
શરીરની રચના વિગેરે સંબંધી તને કેટલું જ્ઞાન છે?
સ્વપ્રયત્નથી તેં કેટલું જ્ઞાન મેળવ્યું છે?
રેતીનો કણ શાનો બનેલો છે? લોહચુંબક લોઢાને શાથી
આકર્ષે છે? વકતૃત્વ શક્તિ ક્યાંથી આવી છે? હંમેશા
એક્સરખી રહેનારી છે? તેમાં તારો ફાળો કેટલો છે?
શ્રોતાઓનો ફાળો કેટલો છે? કવિ, યોદ્ધા, કલાકારો,
ગણિતશાસ્ત્રીઓનો ગર્વ કેટલો વખત સુધી ટકે છે?
પોતાની શક્તિઓ ઉપર જ પોતાનો કાબુ કેટલો છે?
શરીર, વ્યાધિ, જરા, મૃત્યુ ઉપર કેટલો કાબુ છે?
પોતાનું કે બીજાનું અંતર બદલવાની શક્તિ છે?
અંતઃકરણમાં સૌ પોકળ છે, ઉછીની વસ્તુનો વેપાર છે.

# માન અને મદ - બે રોગ

માનવને માન મારે છે. માન + મદ બે રોગ મનુષ્યના
મનમાં સર્જન છે, તેનો પ્રતિકાર નમ + સમ વડે થાય છે.
માન = અહં, તે નમ વડે ટળે, મદ = મમ, તે સમ વડે ટળે.
આત્મનિરીક્ષણથી મદ કે મિથ્યાભિમાન ટળી શકતું નથી.
નાનામાં નાની શક્તિ પણ મનુષ્યની નથી, કુદરતની છે.

ઈશ્વરની કૃપા કે ચૈતન્યની સહાય વિના
એક તણખલું પણ બાળી શકાતું નથી.
સર્વ શક્તિઓ ચૈતન્યને જ અવલંબીને રહે છે.
નેત્રોનું નેત્ર, વાચાની વાચા અને
મનનું મન પણ એક આત્મા જ છે.
પોતાની શક્તિઓ, ઈચ્છાઓ ઉપરાંત
જીવનમાં જન્મતી આશાઓ કેટલી ક્ષણભંગુર છે!

દરેક પોતાનાથી કોઈ-કોઈ વિષયમાં ચઢીયાતો છે જ.
ધર્મ કે જાતિ હોય, તો તે ય મોટે ભાગે પારકા જ છે.
એક રેતીનો કણ પણ મિથ્યાભિમાનીથી ચઢીયાતો છે.

## મદમાંથી ઉત્પન્ન થતાં અંતરાય દોષો:

**સ્વદોષોની યાદી બનાવો અને તેને રોજ જુઓ.**

મનુષ્ય ઉપર તિરસ્કાર, પરપીડનની વૃત્તિ, દોષદૃષ્ટિ,
અસત્ય વચન, ક્રોધ, ચાડીયાપણું, અદેખાઈ,
જૂઠ, નિંદાખોરી, કડુભાષણ, બુદ્ધિનાશ, ઉદ્વેગ ઇત્યાદિ.

પ્રભુ હૃદયમાં આવે, ત્યારે અહં બહાર જાય છે.
અહં અંદર આવે, ત્યારે પ્રભુ બહાર જાય છે, બે માટે
જગ્યા નથી. એકે તો બહાર નીકળવું જ પડે છે.

કોઈપણ મનુષ્ય એવું કહી શકશે કે: મેં મારું જીવન
તદ્દન ભૂલ વિનાનું અને નિષ્કલંક ગાળ્યું છે?

જેનો ગર્વ થાય છે, તે પદાર્થો મૃત્યુ પછી પોતાના
મટી પારકા બને છે. મૃત્યુ પહેલાં પણ તેમ બની શકે છે.

કર્મજનિત વસ્તુનો મદ દૂર કરવા કર્મરહિત મદને
વારંવાર નમન કરવાથી આપણું મન મદરહિત બને છે.

'મૂળદાસ કહે મોહ-મદ મૂકી, મહાપદમાં રહેવું રે...
અનુભવીને એકલું આનંદમાં રહેવું રે.'

મો = મોહ, ક્ષ = ક્ષય. મોહનો ક્ષય તે મોક્ષ (નિરુક્તિ અર્થ).

'મોહ' એટલે આસક્તિ, મૂર્છા, મતિભ્રમ કે મિથ્યા ભ્રાંતિ.

મોહ = પોતાની વસ્તુ ન હોય, તેને પોતાની માનવી.

શરીર જો પોતાનું હોય, તો એના પણ ધોળા વાળને કાળા કેમ કરી શકાતો નથી? ઘર પોતાનું હોય, તો મરણમાં આવે, ત્યાં સુધી કેમ તેમાં રહી શકાતું નથી?

જેનાથી મારાંપણાની લાગણી થાય, તે મોહ.

તે દેખતી આંખમાં ધૂળ નાંખીને ખરાબ ગંદા પદાર્થોને પણ સુંદર તથા આકર્ષક તરીકે દેખાડે છે.

મોહનું કારણ અવિદ્યા છે, કિન્તુ

જ્ઞાન રૂપી સૂર્યથી અજ્ઞાન રૂપી અંધકાર ટળે છે કે

હું કોણ છું? મારું શું છે?

અંતરથી આશા અને આસક્તિનો ત્યાગ કરીને

સંસારના બધા કર્તવ્યો બજાવતાં આચરો.

કાર્ય કરી પણ કર્તૃત્વનું અભિમાન ન ધરો. અધર્મ કે અનીતિ જ મનુષ્યના શત્રુ છે, નહીં કે બાહ્ય મનુષ્યો.

ક્લેશ - કંકાસનું મૂળ આત્માનો મોહ છે.

મોહ ઘટાડવા માટે પ્રેમનું ક્ષેત્ર વિસ્તારો,
તમારા પ્રેમને વિશ્વવ્યાપી બનાવો અને
સ્વસુખ કરતાં ય પ્રાણીમાત્રના સુખને અધિક ચાહો.
મોહપ્રકૃતિનો વિલય કરવાનું સામર્થ્ય સ્નેહમાં છે.
જ્યાં સ્નેહ હોય છે, ત્યાં વેર - ક્રોધ - ઈર્ષા - અસૂયા -
માન - માયા તથા તીવ્ર લોભ વગેરે ટકતાં નથી.
હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, જુગુપ્સા આદિ સમસ્ત
સ્નેહ વીતરાગાત્મક શુદ્ધ પહોંચાડી વિલય પામે છે.

પાપનો બાપ લોભ, લોભનો બાપ મોહ, મોહનું મૂળ અજ્ઞાન.

દ્વેષ - ક્રોધ - વેર - નિંદા - અનિષ્ટ ચિંતનાદિ તમોગુણ છે
તથા અહંકાર - લોભાદિ રજોગુણ છે.
કામ - ક્રોધ ઘાતક છે, લોભ - મોહ બાધક છે અને
અહંકાર એ પાતક છે.
જ્ઞાન એ મોહરૂપી શત્રુને હણવા માટે ખડગ છે અને
અજ્ઞાનરૂપી અંધકારને હરવા માટે દીપકનું કાર્ય કરે છે.

# સમત્વનો અભાવ એ મોહ છે.

સમત્વરૂપી સૈન્ય વડે કામ, ક્રોધ, લોભ, મોહ નાશ પામે.
રાગ ઉપર વિજય મેળવવા વીતરાગ પ્રત્યે રાગ,
ક્રોધ ઉપર વિજય મેળવવા કર્મ ઉપર ક્રોધ અને
મોહ ઉપર વિજય મેળવવા સત્પુરૂષો ઉપર મોહ કરવો.
ક્રોધ કરવામાં મોહની આજ્ઞાનું પાલન છે, જ્યારે
ક્ષમાગુણનું પાલન કરવામાં તો જિનાજ્ઞાનું પાલન છે.
આ વિચારથી ક્રોધાદિ દોષોને રોકવાનું અને
ક્ષમાદિ ગુણોને પાલન કરવાનું બળ વધે છે.
મમત્વ એક પ્રકારનું તીવ્ર ચિન્તનરૂપ ધ્યાન જ છે.
તેથી જગન્માત્રની પ્રતિમા, દેહ, નામ-રૂપ તથા
રાગ-દ્વેષાદિ વૈભાવિક ગુણો ઉપર આસક્તિ વધે છે.
પરિણામે ક્રોધ, મોહ, સ્મૃતિ, બુદ્ધિનાશ, વિનાશ થાય છે.
તેનાથી બચવાના ઉપાય રૂપે પ્રભુનો દેહ, તેના લક્ષણો,
તેના પ્રાતિહાર્યો, ઐશ્વર્ય, અતિશયો, ભગવાનનું નામ,
શાંતાકાર મુદ્રા તથા જ્ઞાનાદિ ગુણોનું ધ્યાન આવશ્યક છે.

'મોહ બડા બદમાશ હૈ, મોહ હૈ બડા હરામ...
દુર્ગુણ દે કર ત્યાગી કો, દેતા નીચા ઠામ.'

મોહ = દુન્યવી આસક્તિ, બહારની વસ્તુઓ તરફ ખેંચાણ.

'મોહ' એટલે પરની સાથે આત્મસમાન ન વર્તવાથી જે જીવને સુખ મળે, એવા આવરણને થતી ભ્રાંતિ.

'મોહ' એટલે મારાપણાંનું અભિમાન અને સ્વાર્થ. જેના કારણે જ જીવ પાપ કરે છે.

મોહ કેવો લુચ્ચો છે! ત્યાગીઓ એનો ચુરો કરવાની જ તૈયારીમાં હોય, ત્યારે તેમને વ્રત-પ્રવ્રત કરવા નિંદાસૂત્ર આપે છે, જ્ઞાનીઓને અભિમાન પકડાવે છે, દાનીઓને ડુંપદપણું અને તપસ્વીને ખાનાર ઉગ્ર રોષ આપે છે. મોહ આમ દુર્ગુણ પકડાવી દરેકને મારી રહેલ છે. ખાસ ધર્મહીનો તો મરી જ રહેલા છે, પરંતુ ધર્મને સેવનારાને પણ તે આડે રસ્તે ઉતારે છે.

મોહનો ક્ષય આટંનું પડળ તોડીને જ્ઞાનાવરણ, દર્શનાવરણ, અંતરાય કર્મનો ક્ષય કરી સર્વ સાથેના સંબંધને જોડે છે.

## વીતરાગતાની પ્રાપ્તિ માટે

સર્વ જીવો ઉપર રાગ વિકસાવવો જોઈએ.

'સર્વભાવ' એટલે સર્વનું અસ્તિત્વ અનુભવવું.
મોહ વડે જ સર્વ સાથેનો ભાવસંબંધ આવરાયો છે,
તેથી સર્વભાવની જગ્યાએ અહંભાવ આવ્યો છે.
'અહંભાવ' એટલે કેવળ પોતાનું અસ્તિત્વ અને
બાકી બધાનું નાસ્તિત્વ અનુભવવું.

અહંભાવ એ મોહ છે - સર્વભાવ એ મોહનો ક્ષય છે.

સર્વ ઉપર રાગનો સ્પર્શ થતાં જ સમત્વ પ્રગટે છે
અને તો તે રાગ ઉત્કટ climaxનો જ હોય.

જગતના સર્વ જીવો ઉપર રાગ વિકસાવવો,
એ યોગ નહીં, પરન્તુ મહાયોગ છે.
આ યોગના પ્રવેશદ્વારની ચાવી રત્નત્રયી છે.

સર્વ જીવો ઉપર રાગ વિકસ્યા વિના,
'સર્વ જીવો સુખ પામો'ની ભાવના જાગ્યા વિના
'સર્વ જીવોના દુ:ખ ટળો'ની દાઝ પ્રગટતી નથી.

મોહ = અહંકારમય જીવનના ખાડા ખાબોચિયામાં ડૂબવું.

મોહના 3 પ્રકાર: (1) મિથ્યાત્વમોહ - અસત્યમાં આનંદ.

(2) મિશ્રમોહ : સત્ય તથા અસત્ય બંનેમાં આનંદ.

(3) સમકીતમોહ : સત્યમાં કાંઈક મલીનતા હોવી તે.

પાશમિત - અપાશમિત ઉપરાંત મોહના અન્ય બે પ્રકાર:

(૧) દર્શનમોહ (૨) ચારિત્રમોહ.

દર્શનમોહનો ક્ષયોપશમ ઉપશમ - મૌનથી થાય અને
ચારિત્રમોહનો ક્ષયોપશમ વૈરાગ્યથી થાય છે.

દર્શનમોહ વિશ્વનું વિસ્મરણ કરાવી માત્ર સ્વાર્થવિષયક લાભ જ પેદા કરે. તેનો નાશ મૈત્ર્યાદિ ભાવોથી થાય.

ચારિત્રમોહ હિંસાદિ પાપોનું આચરણ કરાવે. તેનો નિરોધ વ્રત - નિયમરૂપ ચારિત્રના પાલનથી થાય છે.

ચારિત્ર મોહનીયના ક્ષયથી એટલે કે અનંતાનુબંધી કષાયનો
નાશ થવાથી સમ્યક્ત્વ પ્રગટ થાય છે અને
એ થયાં પછી જ આત્મપ્રતીતિપૂર્વક જ્ઞાન પરિણમે
અને પરિણામે સાચા ચારિત્રમાં રમણતા થાય છે.

## દર્શનમોહ - ચારિત્રમોહ

મોહ મિથ્યાત્વ તે સંમોહ અને રાગ-દ્વેષ તે વિમોહ.
અહીં સંમોહ એટલે સ્વભાવમાં ભૂલ.
ત્રિકાળી આત્મા સ્વભાવની શ્રદ્ધામાં ભૂલ, તે દર્શનમોહ.
તે અનંત સંસારમાં રખડવાનું મૂળિયું છે.
વિમોહ તે વૃત્તિમાં ભૂલ, તે ચારિત્રમોહ છે.
'નિમિત્ત તથા રાગાદિ રૂપે હું છું' એમ પરમાં અટકવું,
રાગમાં એકાગ્ર થવું, તે અનંતાનુબંધી કષાયરૂપ ચારિત્રમોહ.
ધ્યાનાગ્નિમાં સંશય, મોહ, વિભ્રમ રૂપી વૃક્ષો બળી જાય.

સં. ૨૦૨૪, માગસર વદ અમાસ, 31-12-67, રવિવાર

મનને મોહમાં નહીં, પરન્તુ મોહનમાં રાખો,
તે મોતને પણ મહાત કરે છે, એવી શક્તિ છે.
મનમાં ક્રોધ-માન-માયા-લોભ-મોહ એટલા ભર્યા છે કે
જ્યારે એનું નિરીક્ષણ કરીએ, ત્યારે જ ખબર પડે કે
પરમાત્મા કેમ મળતાં નથી અને સંસાર કેમ ટળતો નથી?
વિષયોમાં નિરસપણાંની ભાવના કરવી જોઈએ.

દેલવાડા, વલ્લભવિજય પુસ્તકાલય, ૯ - ૫ - ૯૨

અસ્થિરતા લાવનાર મુખ્ય મોહ ત્રણ પ્રકારના છે:

(1) રતિ - અરતિ = વર્તમાનકાળ સંબંધી.

(2) શોક = ભૂતકાળ સંબંધી.

(3) ભય = ભાવિકાળ સંબંધી.

મોહનીયના ક્ષયથી અનંત ચારિત્ર, સ્થિરતારૂપ ચારિત્ર અને સ્વરૂપરમણતારૂપ ચારિત્ર મળે છે.

કુદરતના ભંડારમાં એટલી બધી વસ્તુ ભરી છે કે તે શોધ કરી રહી છે કે મારે કોની પાસે જવું ?

તમારી યોગ્યતા નિર્માણ કર્યા પછી ફાંફાં મારવા નહીં પડે.

જીવ પોતાની સત્તાથી ધારેલી વસ્તુઓ મેળવી શકે પરંતુ વસ્તુઓ પોતાની સત્તાથી ધારેલા જીવને મેળવી ન શકે.

જીવ સ્વતંત્ર છે, વસ્તુઓ પરતંત્ર છે.

જગતની વસ્તુઓના મોહમાંથી જીવને છોડાવવો અને વસ્તુઓની મદદથી જ જીવને ઈશ્વરી માર્ગમાં આગળ અને આગળ લઈ જવો, તેનું જ નામ 'ધર્મ'.

ખોટાને સાચું ઠરાવે, તે 'મોહ'.

સાચી સમજનું જાદુઈ આવરણ, તે 'મોહ'.

મોહનું સ્વરૂપ વીજળી જેવું ભયંકર હોય છે.
વીજળીનો ઝબકારો અલ્પ કાળ માટે હોય છે, કિન્તુ
જે તેનો ભોગ થાય, તેને તે બાળીને ભસ્મ કરે છે.

મોહ કર્તવ્યભ્રષ્ટતા લાવે છે.

મોહને મચક આપવી એટલે આત્માને ગુમાવવો. મોહના
રાજરોગના રોગીને તો આત્મજ્ઞાનની ગુટિકા જ જોઈએ.

મોહથી પ્રભાવિત ન થવું અને
મોહને પ્રભાવિત કરવો, તે ચરમાવર્ત દશા છે.

ચરમાવર્તી અપુનર્બંધક અવસ્થામાં આત્મા ઉપર મોહનું
દબાણ ઘટે અને મોહ ઉપર આત્માનું દબાણ વધે છે,
એજ આધ્યાત્મિક વિકાસનું બીજારોપણ છે.

યોગમાર્ગનો પ્રારંભ અહીંથી થાય છે, તેથી
સાધકની પ્રત્યેક પ્રવૃત્તિમાં સરળતા, નમ્રતા, ઉદારતા,
પરોપકારપરાયણતા વગેરે સદાચાર દેખાઈ આવે છે.

વિષયો જેને કડવા ન લાગે,
તેને મોહ રૂપી વિષધર ડસ્યો છે અને
તેનું ઝેર ચઢ્યું છે, એમ સમજવું જોઈએ.
'તન્મોહસ્ય માહાત્મ્યં વિષયેભ્યોऽપિ યત્સુખમ્ ।' અર્થાત્ઃ
તે મોહનો જ મહિમા કે જેથી વિષયોમાં યે સુખ લાગે.

## મોહરાજનો પરિવાર

મહામોહરાજાની ભાર્યા મહામૂઢતા છે. તેને બે પુત્રો છે:
(૧) રાગકેસરીની ભાર્યા મૂઢતા - તેના પુત્રો માયા, લોભ.
(૨) દ્વેષગજેન્દ્રની ભાર્યા અવિવેકિતા - તેના પુત્રો ક્રોધ, માન.
મોહ એ પિતા (રાજા) છે, અજ્ઞાન એ મંત્રી છે અને
રાગ - દ્વેષ એ સેનાની પુત્રો છે.
'અહં' એ 'મોહ' છે, 'મમ' એ 'મન' છે.
'મોહ' મરે તો 'મન' મરે, બાપ મરે તો બેટા મરે.
સ્ત્રી - પુત્ર, ધન - સમૃદ્ધિ, સ્વજન - કીર્તિ,
એ સૌ ઉપર આત્મીય ભાવ એ પ્રેમ નહિ, મોહ છે.
એ બધા તરફની આસક્તિનું જ નામ 'મોહ' છે.

મોહવિષનો વિનાશ કરવા માટે કોણ સમર્થ છે?

વાચના - પૃચ્છના - પરાવર્તનાદિ ૫ પ્રકારનો સ્વાધ્યાય.

'અરિહં' મંત્ર મોહાદિ શત્રુનો નાશક - ત્રાણકર-સ્વરૂપ છે.

ભગવાનને સાક્ષાત માનીને જ બધી ઉપાસના કરી.

પ્રભુની ઉપાસનાથી આપોઆપ સદ્વિચાર સ્ફૂરે છે કે:

'હે ચંડકૌશિક! તું સમજ સમજ સમજ!

તું કોણ છે, તેનો વિચાર કર, તું મોહમાં ન પડ.'

પહેલાં ક્રોધથી બળતો હતો, હવે ક્રોધને બાળવા લાગ્યો.

ભક્તિયુક્ત એકાગ્રતા સાધવાનું પરમ સાધન છે.

સાધનો તરફનો નિરંકુશ મોહ - એનું નામ જ ધર્માંધતા.

અંતરાયનો ક્ષય એટલે...

સ્વ અને પર વચ્ચે રહેલાં ભેદનો છેદ.

મોક્ષ અથવા મુક્તિ એટલે ભેદ તોડનાર મોહનો ક્ષય.

ભેદ પાડનાર મોહ જ દ્વૈત છે.

સંકુચિત આત્મીયતામાંથી જ મોહ પેદા થાય અને તે

ઇષ્ટવિયોગ વગેરે પ્રસંગે શોકનું કારણ બને છે.

પારકાને પોતાનું માનવું, એનું 'મોહ'.

<u>મોહ = જે આપણું નહિ, તેની ઉપરનો આત્મીય ભાવ.</u>

## મોહને મારવા માટેનો મહામંત્ર

'હું શુદ્ધાત્મા છું, જ્ઞાનાદિ ગુણો મારાં છે, તે સિવાય અન્ય પદાર્થો મારાં નહિ અને હું પણ કોઈનો નહિ.'

જેમ ક્ષુધા-તૃષા પ્રાણનો, જન્મ-મૃત્યુ શરીરનો, તેમ શોક અને મોહ એ મનનો સ્વભાવ છે.

બીજાના સુખ-દુઃખ પોતાના સમાન હોવા છતાં તેને ન જાણવા, ન જોવા, તે મોહ + અજ્ઞાન છે.

<u>અજ્ઞાનની જુગુપ્સા એટલે મોહની જુગુપ્સા.</u>

મોહની રાગ-દ્વેષ વૃત્તિ પૌદ્ગલિક અધ્યાસનું પરિણામ છે.

નિરાલંબન ધ્યાનનો વિષય શુદ્ધ ચૈતન્ય છે, તેથી મોહ અને નિરાલંબન ધ્યાન પરસ્પર વિરોધી તત્વ છે.

આત્મા જ્યારે સંસારના પદાર્થોમાં રાગાત્મક સંબંધ જોડે, ત્યારે તે પતનનું કારણ બને છે, કેમકે તેમાં મોહ છે અને મોહ પોતે એક બંધન છે.

મોહ = રાવણ, ધર્મ = રામ.

ચિત્તવિશુદ્ધિ કરવા એટલે બુદ્ધિના ગુણોથી રહિત કરવું,
મોહ - અજ્ઞાનનો અભાવ કરવો, ગુણાતીત કરવું અને
સ્વ-સ્વરૂપમાં લીનતા કરીને કૈવલ્યની પ્રાપ્તિ કરવી.

યોગદર્શનમાં ક્લેશક્ષયથી અને
જૈનદર્શનમાં મોહક્ષયથી કૈવલ્યની પ્રાપ્તિ કહી છે.

સંજ્ઞા = પોતાનો વિભાવ, મોહોદયથી થતું ચૈતન્યનું સ્ફૂરણ.

મોહનીય કર્મના છેદથી અંતરાય કર્મ ભેદાય છે.

જ્ઞાનાવરણ - દર્શનાવરણ ખપતાં કૈવલ્ય પ્રાપ્ત થાય છે.
અસ્તિત્વનો અનુભવ થઈ એવો ભાવ પ્રગટ થાય છે કે:
'સર્વ આત્મા જાતિથી એક છે અને વ્યક્તિથી અનેક છે.'

સિદ્ધમાં બોધ જ્ઞાન અને આનંદ છે, તેમ
તેમને સર્વ જીવો પ્રત્યે એકસમાન પ્રેમ વહ્યું છે.
તેને સમાન દૃષ્ટિ વહ્યું કહી શકાય.
સમાન દૃષ્ટિ કે સમદર્શન પ્રેમના ભાવ વિના શક્ય નથી.
મોહનાશ થવાથી તે શક્તિ પ્રગટે છે.

'આત્માની પ્રકૃતિ' એટલે મોહનો સર્વથા ક્ષય.

મોહનો ક્ષય થતાં જે કેવળજ્ઞાન પ્રગટે છે,

તેને વિવેકજ્યોતિ કે ઋતંભરા પ્રજ્ઞા કહેવામાં આવે છે.

મોહાધીન જીવ અસદ્વસ્તુનો અંગીકાર અને

સદ્વસ્તુનો ત્યાગ કરવા માટે તત્પર છે, જ્યારે

મહાપુરુષો જ મોહના આવેગ - સામર્થ્ય સામે ટકી શકે,

માટે સત્કેવળજ્ઞાન અનુભવથી મેળવી,

મોહરૂપી બળિષ્ઠ રિપુનો સંહાર કરવો જોઈએ.

જ્ઞાનનો મદ અને અજ્ઞાનનું માન -

બન્નેનો નાશ વિનયગુણના પાલનથી થાય છે.

મદ - માન જવાથી કામ અને ક્રોધ,

લોભ - મોહ, લદ - માયાદિ આપોઆપ વિલીન થાય છે.

મદ વડે અષ્ટકર્મનો બંધ, વિનય વડે અષ્ટકર્મનો ક્ષય.

ભેદમાં અભેદબુદ્ધિ અને

અભેદમાં ભેદબુદ્ધિ એ મોહનો ઉન્માદ છે.

મોહના સામર્થ્ય આગળ બુદ્ધિ નિસ્તેજ નીવડે છે.

## મોહને દૂર કરવા...

જેના ઉપર તમારો અધિકાર નથી, તેને તમે ઈચ્છશો નહીં.

તમારો અધિકાર પેટપૂર અન્નનો છે,

એથી વધારેની ઈચ્છા રાખો, તે મોહ છે.

જે તમારું પોતાનું છે, તે જ તમારી પાસે રહી શકશે.

તમારો પોતાનો તો એકમાત્ર આત્મા જ છે.

એને પામીને જ આનંદિત સ્વતંત્ર આત્મારામ થઈ શકશો.

મોહ સ્વાર્થની ગંધવાળો રહે છે, જ્યારે

પ્રેમ સ્વાર્થરહિત અને નિર્હેતુક રહે છે.

o

Be quiet and see that there is a source of life, at centre of our being, which is our own soul itself.

Be humble & you shall see God.

Be light and you shall see light.

Be lowly and you shall be lovely.

**જ્યાં શુદ્ધ વિષયની માગણી છે,**
**ત્યાં શુદ્ધ મોહનો ઉદય હયાત છે.**

**સંસારના પદાર્થો દુઃખમય છતાં સુખરૂપ કેમ દેખાય છે?**

સર્પનું ઝેર ચઢ્યું હોય, તેને કડવો લીમડો ય મીઠો લાગે, તેમાં કારણ સર્પનું ઝેર છે, તેમ અહીં મોહરૂપી સર્પનું ઝેર દુઃખમય - આગળ - પાછળ વચ્ચે અને પરંપરાએ દુઃખ, દુઃખ અને દુઃખથી ભરપૂર હોવા છતાં સંસારના પદાર્થોને સુખ રૂપે જુએ છે, અનુભવે છે.

પ્રતિકૂળતાને દુઃખ માનવું, તે ભૂલ છે.
પ્રતિકૂળ સંયોગો દુઃખનું કારણ નથી, કિન્તુ
અંતરનો મોહ જ દુઃખનું કારણ છે.

'જેટલી પ્રતિકૂળતા, તેટલું દુઃખ' એમ નહીં, પરન્તુ
'જેટલો મોહ, તેટલું દુઃખ' એ સિદ્ધાંત છે.

'આત્મા અવિનાશી છે' તથા
'આત્માના ધ્યાનથી વિરક્તિ પેદા થાય છે' વિગેરે
તત્ત્વનો અવબોધ ન થવા દેવો, તે મોહનું કાર્ય છે.

## નમસ્કાર ક્યારે મળે?

મોહની સ્થિતિ ૬૯ કોડાકોડી જેટલી ઘટે, ત્યારે આત્માને
'નમો અરિહંતાણં |' બોલવાની ભાવના જાગે છે.

માગવાના 'મોહ' અને આપવાના 'અહં'ને મૂળમાંથી
ઉખાડી નાંખવાનું અમોઘ સામર્થ્ય શ્રી નમસ્કારમંત્રના
પ્રત્યેક અક્ષરમાં ભારોભાર ભરેલું હોય છે.

નમસ્કારના સેવનથી મોહવિષ ઘટે છે,
ભવની પીડાનો ભય મટે છે અને કર્મરોગ જાય છે.
મોહનાશનો ઉપાય અને પરિણામ = પ્રેમનો વિસ્તાર કરો.

'મોહ' એટલે વિપરીત સમજ.

મોહનો પરિણામ તત્ત્વની વિપરીત ઓળખાણ કરાવે છે.
મોહનો મંત્ર 'અહં'-'મમ' છે, તેને જીતનાર મંત્ર 'નાહં' છે.
મોહ = જેનાથી પોતાને સુખ થાય, તેના ઉપર રાગ રાખવો.
વિવેક = જેનાથી બીજાને સુખ થાય, તેના ઉપર રાગ થવો.

બાહ્ય વસ્તુ પ્રત્યેનો મોહ ઓસર્યા પછી જ
નિત્ય વસ્તુ તરફ આપણા સૌનું લક્ષ્ય જાય છે.

સત્ય અને વળી શાશ્વત સત્ય પોતાનો આત્મા છે.

તે શરીર રૂપી આવરણથી આવૃત્ત છે.

એ આવરણને મૃત્યુ જ દૂર કરી આપે છે.

મૃત્યુ દેહનું અગર મોહનું - એમ બે પ્રકારનું હોય છે.

મોહનું મૃત્યુ એ મોક્ષ છે અને આખરે મોક્ષ પણ શું છે?

સત્યની પ્રાપ્તિ તે મોક્ષ છે, સત્ય એટલે આત્મા.

આત્માને પ્રાપ્ત કરવા માટે

મોહ, અજ્ઞાન, અસત્યમાં સત્યના ભ્રમનું મૃત્યુ જરૂરી.

રસનેન્દ્રિયનો જય થવા માટે મનનો જય થવો જોઈએ.

મનના જય માટે મોહ જીતવો જોઈએ,

મોહ જીતવા જીવો પ્રત્યે મૈત્રી કેળવવી જોઈએ અને

સર્વ જીવો પ્રત્યે મૈત્રી કેળવવા માટે

પાંચે પરમેષ્ઠિઓ પ્રત્યે ભક્તિવાળા બનવું જોઈએ.

જીવમૈત્રીથી મોહજય, મોહજયથી મનનો જય,

મનોજયથી ઇંદ્રિયોનો જય અને

ઇંદ્રિયોના જયથી બ્રહ્મવ્રતનું પાલન સુલભ બને છે.

## મોહરાજના ચાર શસ્ત્રો

મોહરાજનું પ્રથમ શસ્ત્ર પરિગ્રહની વાસના છે, તેથી જ લાંચ રૂશ્વતથી ૯૦% સરકારી અમલદારો વશ કરી શકાય. બીજું શસ્ત્ર મૈથુનસંજ્ઞા, જે વડે ૧૦૦% વશ કરી શકાય. ત્રીજું શસ્ત્ર શાસ્ત્રવિરુદ્ધ પ્રવચન છે, એથી નાસ્તિક વર્ગને નિર્ભય બનાવી શકાય છે તથા લોકોને સાવ દૂર કરવાના મિથ્યા પ્રલોભનોથી અને શાસ્ત્રવિરુદ્ધ ઉપદેશ આપીને નગરના પ્રજાજનોને સર્વથા વશ કરી શકાય છે. ચોથું શસ્ત્ર અભક્ષ્યનું ભક્ષણ છે, તેમાં પણ રાત્રિભોજન મુખ્ય છે. અભક્ષ્ય એટલે માંસ, ઈંડા, કંદમૂળ, દ્વિદળ આદિ. એનાથી પ્રજાને સાવ સહેલાઈથી ધર્મવિરુદ્ધ બનાવી શકાય.

લઘુતામાં પ્રભુતા છે.

લઘુ બનવાથી મોહરાજની જાળમાંથી છટકી શકાય છે.

'દૃશ્યમાત્ર ઝાંઝવાના નીર જેવું અસત્ છે.'

એમ ભાવવાથી દૃશ્ય પદાર્થ ઉપર મોહ ન થાય.

અહીં 'મોહ' એટલે આત્મા - આત્મીયતાની બુદ્ધિ.

જ્યાં સ્વામી તરીકે મોહ રૂપી ચોર છે, તેને ત્યાં...

દુર્બુદ્ધિ રૂપી નાર, દુર્નીતિ રૂપી નૌ વૃંદારૂઢ શેષ સુભટ,

મંત્રી રૂપે મિથ્યાત્વ, ૪ કષાય રૂપી લુંટારા,

સ્મર રૂપી તસ્કર, હાસ્ય આદિ ષટ્ક ચોરટા તથા

અશાતા રૂપી સૈન્ય હોય છે.

સમ્યગ્દર્શન ઇચ્છા કરવાવાળા જીવો

જગતના સર્વ જીવો તરફ ભાવથી અનુકંપાવાળા હોઈ

'આખું જગત રાગ-દ્વેષનો ક્ષય કરી મોક્ષને મેળવો'

એવી ઇચ્છાવાળા હોય છે.

તીર્થંકરોની અનુકંપા પરોપકારપ્રધાન દૃષ્ટિવાળી હોય છે.

'હું આ બધાને સાચા પ્રકાશ આપવા દ્વારા અજ્ઞાન અને

મોહના અંધકારમાંથી ઉદ્ધાર કરનારો થાઉં'

આવા પરોપકાર દૃષ્ટિના ધ્યેયથી કરાતી

સાધનાને કારણે જ તીર્થંકર ગોત્ર ઉપાર્જન કરે છે.

જેટલો મોહનો હ્રાસ અને ગુણોનો આવિર્ભાવ,

તેટલું ભગવાનની આજ્ઞાનું પાલન કર્યું, એમ ગણાય.

સ્વર્ગથી આવનારમાં રાગનું, નરકથી આવનારમાં દ્વેષનું તથા
તિર્યંચ ગતિમાંથી આવનારમાં મોહનું પ્રાધાન્ય હોય છે.

મોહનો પ્રતિપક્ષ વિતર્ક - કલ્પના છે.

બધાનું મૂળ અવિદ્યા છે, જૈનદર્શનમાં તેને 'મોહ' અને
બૌદ્ધ દર્શનમાં તેને જ 'તૃષ્ણા' કહે છે.

અવિદ્યા = તમસ. પ્રકૃતિ, મહત્, અહંકાર અને
પાંચ તન્માત્રાઓમાં આત્મત્વની ભ્રાંતિ.

અસ્મિતા = મોહ. અણિમા, મહિમા, લઘિમા, ગરિમા,
પ્રાપ્તિ, પ્રાકામ્ય, ઈશિત્વ, વશિત્વનો અહંકાર.

રાગ = મહામોહ. શબ્દાદિ પાંચ લૌકિક તથા
અલૌકિક વિષયોમાં આસક્તિ.

દ્વેષ = તામિસ્ત્ર. અહંકારના ૮ તથા
રાગના ૧૦ મળી કુલ ૧૮ ભેદ તામિસ્ત્રના છે.

અભિનિવેશ = મહાતામિસ્ત્ર - અંધતામિસ્ત્ર. રાગ અને
અહંકારની પૂર્તિ થવા છતાં મનમાં તે ચાલી જવાનો
ભય ઊભો રહે છે, તેથી ભયના પણ (૧૮) ભેદ છે.

'હું આત્મા છું, રાગ-દ્વેષ અને
મોહ - ક્ષોભરહિત મારો સ્વભાવ છે' એમ સમજવો,
પછી તેમાં જ સમાઈ જવું તથા મોહ - ક્ષોભરહિત
આત્મપરિણતિએ સ્થિર રહેવું, એ ધર્મનું તાત્પર્ય છે.

આ સંસાર દુઃખરૂપ છે, પાપરૂપ છે તથા
અજ્ઞાન, મોહથી ભરેલો - કર્મના નિયમથી બંધાયેલો છે.

સર્વ પાપોનું મૂળ મિથ્યાત્વ છે.

તેની અભિવ્યક્તિ અજ્ઞાન અને મોહ વડે થાય છે.
આત્મતત્ત્વનું ગ્રહણ અને જ્ઞાન વડે અજ્ઞાન ટળ્યાં પછી
પણ મોહ નડે છે. 'ગ્રહણ વડે સર્વજ્ઞ - સર્વદર્શી અને
જ્ઞાન વડે એક અને સમાન છે'
એમ જાણવા છતાં તેનો જે અમલ કરી શકાતો નથી,
તેના કારણ રૂપે અનંતાનુબંધી - અપ્રત્યાખ્યાની -
પ્રત્યાખ્યાની આદિ કષાયો અને પ્રમાદ છે.

મિથ્યાત્વ અને અજ્ઞાનાદિનું જોર ટળ્યાં પછી જે કષાય
મોહનીય ન જાય, ત્યાં સુધી આચરણ સુધરી શકતું નથી.

## ત્રિપદીનાં ધર્મોમાં રહેલ સામર્થ્ય

ઉત્પાદ - વ્યય ધર્મોમાં ધ્રૌવ્ય ધર્મથી થતાં
મોહ અને મૂર્છાને નિવારવાનું સામર્થ્ય છે અને
ધ્રૌવ્ય ધર્મમાં ઉત્પાદ - વ્યય ધર્મો વડે થતાં
રાગ-દ્વેષના ભાવોને નિવારવાનું સામર્થ્ય છે.
એ રીતે રાગ-દ્વેષ અને મોહ,
જે ચિત્તના સંસારવૃદ્ધિકારક પરિણામો છે, તેનું નિવારણ
ઉત્પાદ - વ્યય - ધ્રૌવ્યયુક્ત વસ્તુસ્વભાવના ચિન્તનમાં છે.
રાગ-દ્વેષ, રતિ - અરતિ, હર્ષ - શોક આદિ
દ્વંદ્વોના ઉત્પાદક ઉત્પાદ અને વ્યય ધર્મો છે, તેમાં
ધ્રૌવ્ય ધર્મનું આલંબન ભળવાથી દ્વંદ્વોમાં માધ્યસ્થ્ય પેદા થાય
અને એકલા ધ્રૌવ્ય ધર્મના સ્વીકારથી થતાં
મોહ અને મૂર્છાને નિવારવાનું
સામર્થ્ય ઉત્પાદ તથા વ્યય ધર્મના ચિન્તનમાં રહેલું છે.
આરાધક મોહવૃદ્ધિ ન થાય, તે માટે કર્મના નિયમનું
આરાધન અને ઇંદ્રિયસુખનો મોહ ક્ષણિકરૂપ છે.

## રાગ-દ્વેષ અને મોહથી મુક્ત થવાનો ઉપાય

## વસ્તુસ્વભાવ રૂપ ધર્મના સ્વીકારમાં રહેલો છે.

એ સ્વીકાર કરવાથી જીવને કરવાનું કાંઈ રહેતું નથી. માત્ર જાણવાનું, સ્વીકારવાનું અને જાણી લઈ સ્વીકાર કરીને તે જ્ઞાન અને શ્રદ્ધામાં સ્થિર રહેવાનું છે.

એ સ્થિરતા એ જ ચારિત્ર છે.

બુદ્ધિના સર્વ દોષો એ પ્રજ્ઞાપરાધ છે,

જે અતિયોગ, હીનયોગ કે વિપરીતયોગનું મૂળ છે.

પ્રજ્ઞાપરાધનું નિવારણ કરવાનો પ્રયાસ કરી પછી વિષય - કષાયની આધિક્યતાદિ યોગોનું નિરસન કરવું. આમ કરવાથી ત્રિદોષ શમે છે અને ત્રિગુણ વધે છે. રાગ, દ્વેષ, મોહ = ત્રિદોષ. જ્ઞાન, દર્શન, ચારિત્ર = ત્રિગુણ.

અહીં પ્રકરણના સાધક છે : પશુ - વીર અને દિવ્ય.

જે મોહપાશથી બંધાયેલા છે, તે પશુ છે,

અદ્વૈત જ્ઞાનની તલવારથી મોહપાશને તોડનારા વીર છે,

સહજપણે અદ્વૈત જ્ઞાન પામનારા દિવ્ય સાધકો છે.

આત્મા રાગ-દ્વેષ અને મોહથી બંધાયેલો છે.

આપણામાંથી પ્રથમ દ્વેષ જવો જોઈએ અને
પછી રાગ ઓછો કરવો જોઈએ. રાગ સ્વ ઉપર છે.
રાગ-દ્વેષ બંનેનું મૂળ મોહ છે. આત્માનું સ્વસંવેદન
જ્ઞાન વધતાં, મોહ આપોઆપ વિલય પામી જાય છે.

સમ્યગ્દર્શનથી દ્વેષ, સમ્યગ્જ્ઞાનથી રાગ અને
સમ્યક્ચારિત્રથી મોહ જાય છે.

અશુદ્ધ ભાવનાથી રાગ-દ્વેષ, અજ્ઞાન, મોહ, માયા,
કપટ, દંભ, લોભ, આળસ વગેરે માનવમાં વધે છે.

રાગ-દ્વેષ તથા મોહ એ જીવના અજ્ઞાનમય પરિણામ છે.
તેને ચિદ્વિકાર કે ચિદાભાસ પણ કહે છે.

વૈરાગ્ય તે રાગ-દ્વેષ અને મોહની દશાથી ભિન્નતા.

રાગ-દ્વેષની ઉત્પત્તિ મોહથી છે અને
અજ્ઞાન એ મોહનો ઉત્તેજક - સહાયક છે.
રાગ મમકારરૂપ છે - દ્વેષ અહંકારરૂપ છે.
એ બંનેનો નાશ આત્મા-અનાત્માના વિવેકથી થાય છે.

નરકમાં જવાના ત્રણ દરવાજા છે : કામ, ક્રોધ, લોભ.

કામવાસના એ ભયંકર વાસના છે, તેથી

શારીરિક, માનસિક, આધ્યાત્મિક શક્તિ નાશ પામે છે.

તે શમે નહીં, ત્યાં સુધી રોગ શમે નહીં.

ભોગમાં અંકુશ રાખો, તો રોગ નાશ પામે.

એક વીર્યના ટીપામાં મનુષ્ય ઉત્પન્ન કરવાની શક્તિ છે,

તેના હજારો ટીપાં નિરર્થક નાશ પામે,

તો મનુષ્ય ઊભો કેમ થઈ શકે?

વિચારો નિર્મળ બનાવો, વીર્ય આરોગ્ય વધે.

કામ માંગે છે, જ્યારે સંતો આપે છે,

તેથી સંતોપરિશ્રમ કામનો મહા વિરોધી છે.

'स्त्री-धन-नास्तिक-वैरिचरित्रं न श्रवणीयं।'

તે અનુક્રમે કામ, લોભ, અનાશ્વાસ, ક્રોધની વૃદ્ધિ કરે છે.

કામને વસવાનો ગઢ ઇંદ્રિયો, મન અને બુદ્ધિ.

કામ - ક્રોધ - લોભ અને મોહને જીતવા માટે

કામિની, કંચન, નાસ્તિક, વૈરીની કથા સર્વદા વર્જવી.

# ખરો આંધળો કોણ?

જેને આંખે દેખાતું ન હોય, તે આંધળો નહિ પણ જેને
આંખો હોવા છતાં જેની આંખમાં કામ જ ભરેલ છે,
તે જ ખરો આંધળો છે.

અજ્ઞાનનું મૂળ અહંકૃતિ છે અને તે કંચન (લોભ) તથા
કામિની અથવા કામ - રતિ બેથી પોષાય છે,
તેથી અહંકૃતિથી છૂટવા માટે તે બેનો સંગ ત્યાજ્ય છે.

કામનાઓને શાંત કરવાનો સાચો ઉપાય બે પ્રશ્નો છે:
કામના કોને થાય છે? તે ક્યાં ઉત્પન્ન થાય છે?
આના ઉત્તર મળતાં જ કામનાનાં મૂળ ઊખડી જાય છે.

કામ - ક્રોધાદિથી મુક્ત થવા નિર્લેપ રહો.
મનની કામ - ક્રોધાદિ રૂપે બદલાતી યા ઉત્પન્ન થતી
અવસ્થા સાથે આત્મા રસપૂર્વક ન ભળતાં તટસ્થ ભાવે
મનની અવસ્થાનો સાક્ષી રહેવાથી બંધનથી મુક્ત થવાય.
'શરીર - મનની બધી પ્રવૃત્તિ એક સંચાની ગતિ જેવી છે'
એમ સમજનાર આત્મસ્વરૂપમાં સમભાવે સ્થિર રહે.

## અધિકાર મંત્ર

'પૂર્ણ બ્રહ્મમાંથી પૂર્ણ જગતને લઈ લો,
તો જે અવશેષ રહેશે, તે પણ પૂર્ણ છે.'
તેનો અન્વય દરેકની સાથે જોડવાનો છે.
તે પૂર્ણ છે અને હવે તું પણ પૂર્ણ થા.
પૂર્ણથી પૂર્ણ ઉલેચાઈ આવે છે.
અત્યાર સુધી જીવનમાં કામ-ક્રોધ, રાગ-દ્વેષ,
લોભ-મોહ વસાવ્યાં છે, હવે એક ડગલું આગળ વધો.
તમારા જીવનમાં ઈશ્વરને વસાવો નહીં
જીવનના પ્રત્યેક ક્ષણને ઈશ્વરથી વસાવો.
ઘડી બે ઘડી સંસારમાં રહી જાવ અને પછી મરી જાવ.
જન્મ-મરણના આ ચક્રમાંથી છૂટવાનો એક જ ઉપાય
બ્રહ્મવિદ્યા છે, તે જ ઉપનિષદ અને મોક્ષનું રહસ્ય છે,
માનવ જીવનની સફળતા છે, જીવનનો પરમ પુરુષાર્થ છે,
અત્યારે અંધકાર દેખાય છે, તે પ્રભાત થવાનાં ચિહ્નો છે.
ઉપનિષદમાં આવતી બ્રહ્મવિદ્યા એ કામધેનુ છે.

એક વાર મન મરે, એટલે મુક્તિ મળે.

કામ-ક્રોધ મહામલ્લ છે, તેની સાથે કુસ્તી કરવાની છે.
અત્યંત સાવધ રહેશો, તો જ તે બન્નેને મારી શકશો.
પંચમુખ ક્રોધ, અતિમુખ કામ અને ગરુડમુખ કુબુદ્ધિ [illegible] છે.

કામ ૧૧ સ્થળે રહેલો છે: ૧૦ ઇંદ્રિયો અને મન.

કામ રાવણ છે, તેને ૧૦ ઇંદ્રિયો રૂપી ૧૦ માથા છે.

'રામ' શબ્દનો એક અન્ય અર્થ શાંતિ, દયા, પ્રેમ છે
તથા 'રાવણ'નો અન્ય અર્થ ક્રોધ, ક્રૌર્ય, તિરસ્કાર છે.

રામના બ્રહ્માસ્ત્ર દ્વારા રાવણ મરે છે.

તેનો અર્થ કામ-ક્રોધ આદિ મસ્તકોનો છેદ કરવા માટે
ભક્તિ આદિ બ્રહ્મબાણ દ્વારા જ સમર્થ થવાય છે.

'૧૦ મુખવાળો' એટલે અસત્યવાદી.

૧૧ ઇંદ્રિયો ધ્યાનમાં એકત્ર થયે સાક્ષાત્કાર થાય છે.

દરેક ઇંદ્રિયોને ભક્તિરસમાં તરબોળ કરી દો,
પછી વિષય રૂપી પવન તેને અસ્થિર કરી શકશે નહીં.
કામ સૌ પ્રથમ આંખમાં અને પછી મનમાં આવે છે.

તરંગ જેવા કામ - ક્રોધ કુસંગથી સમુદ્ર સમાન બને છે.

બલિ એ સૌથી શ્રેષ્ઠ બલિદાન છે.

આત્મબલિ અર્થાત્ પોતાના માનનો નાશ કરવો અથવા
બીજે ક્રમે કામ - ક્રોધાદિ શત્રુઓનો બલિ આપવો તે.

કામ - ક્રોધાદિના ભાવથી અશાતાનો ઉદય થાય છે.

ગૃહસ્થ કામ-ક્રોધનો દાસ છે, તેથી તેનું તપ નિરર્થક છે.

દશો દિશામાં રહેલા પ્રાણીમાત્ર ઉપર અગાધ પ્રેમનો
અભ્યાસ કરવાથી કામ - ક્રોધ - દોષોનું શમન થઈ જાય.

સત્ત્વને આકાશ સાથે, રજસ્‌ને વાયુ અને તેજ સાથે
અને તમસ્‌ને જળ અને પૃથ્વી સાથે સંબંધ છે.

ક્રોધ - માન - માયા - લોભ આદિક વિષયો તે
રજસ્ અને તમસ્ ગુણને આધારે રહેલ છે.

જ્યારે જ્યારે રજસ્ અને તમસ્ મોળા પડે છે,
ત્યારે કામ - ક્રોધાદિ આપોઆપ મોળા પડે છે.

'બ્રહ્મચારી સદા શુચિ.'

કામ-ક્રોધાદિરત જીવો જળ-સ્નાનાદિ કરે, તો ય અશુચિ.

ક્રોધને શબ્દબ્રહ્મ હણે છે અને કામને પરબ્રહ્મ મારે છે.

કામનો પ્રતિપક્ષ પરબ્રહ્મ - ક્રોધનો પ્રતિપક્ષ શબ્દબ્રહ્મ
તથા દર્પનો પ્રતિપક્ષ સગુણબ્રહ્મ છે.

'ગીતા'માં કહ્યું છે કે: સ્થૂલ શરીર છોડવાની પહેલાં જે મનુષ્ય કામ અને ક્રોધથી ઉત્પન્ન થનારો વેગ સહન કરી લેવા શક્તિમાન થાય, તે જ યોગી છે.

સંતોમાં મોટાં લાગે આપણે સમદૃષ્ટિ, દુ:ખી પ્રત્યે
અનુકંપા અને કામ - ક્રોધના વેગથી મુક્તિ જોઈશું.

સંતોની નિર્વિકારતા = ક્રોધાદિ વિકારોથી રહિતપણું.

'મુનિ' એટલે દુ:ખમાં ઉદ્વેગરહિત, સુખમાં સ્પૃહારહિત, ભય, રાગ અને ક્રોધરહિત સ્થિર બુદ્ધિવાળો હોય તે.

સાધુ માટે આવશ્યક બે મૌલિક ગુણ:

વિનય - સહનશીલતાનું સેવન તથા કામ-ક્રોધ ત્યાગ.

'મત્સર' એટલે ક્રોધ - માનનું મિશ્રણ. રાગ ત્યાં હિંસા.

'જહ મમ ન પિયં દુક્ખં જાણિય એમેવ સવ્વજીવાણં |
ન હણઇ ન હણાવેઇ ય સમમણઇ તેણ સો સમણો ||'

કામ - ક્રોધાદિ વૃત્તિઓ જ મલિનતાનું મૂળ છે.
તે વૃત્તિઓનું ઉન્મૂલન કરવું એટલે દોષો દૂર કરવા.

આ દુનિયામાં ઝેર તો હાજરાહજૂર છે.
વીંછીનું ડંખીલું ઝેર, સર્પનું હલાહલ ઝેર, પરન્તુ
એનાથી પણ ચઢીયાતું છે ક્રોધ અને કામનું ઝેર,
ઈર્ષા અને વેરનું ઝેર તથા અનીતિ અને પાપનું ઝેર.
એ ઝેરનાં પારખાં સૌએ એક યા બીજી રીતે ચાખ્યાં છે.
એનો ડંખ સર્પના ઝેરની માફક મારે છે અવશ્ય પણ
રીબાવી રીબાવીને, મન - શરીરની અનેક યાતનાઓના
ઉકળતા ચરૂમાં ખદબદાવીને, એટલે જ આ ગરલ - ઝેરને
જોવું હોય, તો આપણે નરી આંખે જોઈ શકીએ છીએ.

પરહિતાભિઘ્નાદિ ક્રોધ - વેર વગેરે છે અને
સ્વાત્મહિતાભિઘ્નાદિ કામ - સ્નેહાદિ વગેરે છે.

કાયામાં વિષયાનંદ હોય, ત્યાં શુદ્ધ બ્રહ્માનંદ ન આવે.
બ્રહ્મચર્ય અને ક્ષમા દ્વારા કામ અને ક્રોધનો નાશ કરો.
કામ = પાણીમાં કાળો રંગ. ક્રોધ = ગરમ ઉકળતું પાણી.

૯ કાંકરીની રમત = ૪ અંતઃકરણ + ૫ ઈંદ્રિયો.

પહેલી કાંકરી મનને સ્થિર કરવાની છે,
બીજી સ્થિર ચિત્તે શબ્દને - સોઽહંને ધારણા કરવાની છે.
ત્રીજી અને ચોથી કાંકરી નિત્યાનિત્યનો વિવેક કરી
અહંકારને ઉખેડવાની છે. છેલ્લી પાંચમી ૫ ઈંદ્રિયોને વશ
કરીને કામ - ક્રોધાદિ ષડ્‌રિપુઓનો નાશ કરવાની છે.
આમ અનાસક્તપણે ખેલનારા અને પોતાની જાતને
જીતનારા જ જીવનની આખરી બાજી જીતી જાય છે.

અંતર્મુખી નિવૃત્તિ એ જ વસ્તુતઃ નિવૃત્તિ છે.

નિવૃત્તિનો ઉદ્દેશ કામ - ક્રોધાદિનું વિશોધન છે,
નિષ્ક્રિયતા નહીં.

વૃત્તિને વિશુદ્ધ કરવા કામ - ક્રોધાદિની નિવૃત્તિ કરવી.
જેમ જળમાં મેલ ધોવાની અને અગ્નિમાં મેલ બાળવાની
શક્તિ છે, તેમ ભાવનારૂપી જળમાં કામ તથા ક્રોધાદિના
વાસનારૂપી મેલને ધોવાની અને ધ્યાનરૂપી અગ્નિમાં
કર્મકષાયરૂપી કચરાને બાળવાની શક્તિ રહેલી જ છે.

Imp ભવોદધિથી જે જીવોને તારે, તે તીર્થ.

હિંસાદિ પાપસ્થાનો અને ક્રોધાદિ કષાયો
જેનાથી દૂર થાય, તે પ્રત્યેક સાધનને 'તીર્થ' કહેવાય.
સ્થાવર તીર્થ વડે પણ હિંસાદિ - કામક્રોધાદિ દોષો ટળે,
તેથી તે પણ તીર્થ કહેવાય છે. સ્થાવર તીર્થની ભક્તિ પણ
ધર્મ અને પાપત્યાગની પ્રેરણા જગાવે છે,
તેથી જંગમ તીર્થને પણ સ્થાવર તીર્થ પૂજ્ય બને છે.

તીર્થ દ્વારા ત્રણ કાર્ય થાય:

(૧) કષાયદાહ ટળે (૨) વિષયતૃષા હરે (3) કર્મમળ ગળે.
એ ત્રણેનો નાશ કરવાની તાકાત ભાવતીર્થમાં છે.
મહાવીરને મૃગજળ તરફ ખેંચી જનાર કોઈ હોય, તો
તે કામ છે - ક્રોધ છે.
કામ - ક્રોધ ભારે ખાઉધરા અર્થાત્ 'મહાશન: |' છે.
'ભગવાન સર્વ જીવોના દુઃખ દૂર કરે'
આવી સદ્ભાવનામાં જ આરાધના રહેલી છે અને
એજ કામ - ક્રોધાદિ ષડ્રિપુઓનો સાચો પ્રતિકાર છે.

શાંતિ = રાગ - દ્વેષની નિવૃત્તિ.

સુખમાં રાગ અને દુઃખમાં દ્વેષ ન કરવો, તટસ્થ રહેવું, એનું નામ શાંતિ. રાગ તથા દ્વેષરહિત આ અવસ્થા એટલે જ વીતરાગતા અને વીતરાગતા એટલે શાંતિ.

ધર્મ = સમતા, સમભાવ, શાંતિ.

અધર્મ = રાગ, દ્વેષ, ક્રોધ, લોભ, મોહ, મમતા, અહંભાવ.

રાગ-દ્વેષથી પર આચરણ, તે જ સાચું જ્ઞાન.

જ્ઞાન વિનાનું વિજ્ઞાન જીવનને બરબાદ કરનારું છે.

રાગ-દ્વેષથી પર હોય, તેને તન-મનમાં કોઈ દર્દ થતું નથી.

જીવનના આત્માને રાગ અને દ્વેષ, મોહ અને માયા, તૃષ્ણા અને લોભથી મુક્ત કરો, એનાથી ચઢિયાતી બીજી કોઈ પૂજા, કોઈ ભક્તિ શ્રેષ્ઠ નથી.

દ્વેષ માટે હાથમાં તલવાર લેવી પડે છે, કિન્તુ સ્નેહ - પ્રેમ માટે એક કોડીનું ય ખર્ચ નથી.

માત્ર દિલ સાફ કરવું પડે છે અને એ માટે જે ત્યાગ જરૂરી હોય, તે કરવો પડે છે.

દ્વેષની ઉત્પત્તિ રાગભાવમાંથી, રાગની મોહભાવમાંથી
અને મોહની ઉત્પત્તિ અજ્ઞાનમાંથી થાય છે.
તેથી એક અજ્ઞાનના નિગ્રહથી બીજા
મોહ, રાગ અને દ્વેષ - ત્રણે દોષોનો નિગ્રહ થાય છે,
તેમ એક દ્વેષનો નિગ્રહ કરવા માટે
મૈત્રીભાવ કેળવવાથી દ્વેષભાવ જાય છે અને
રાગભાવનો નિગ્રહ થાય છે, કેમકે
દ્વેષના નિગ્રહમાં રાગભાવ બાધક થાય છે.
આઠ અને મદ, રાગ અને દ્વેષ, કામ અને ક્રોધ તથા
તેને ઉત્પન્ન કરનાર મોહકર્મ એ જીવોનો દુશ્મન છે.
વૈરાગ્યથી રાગ, મૈત્રીથી દ્વેષ, જ્ઞાનથી મોહ નાશ પામે.
તેથી દ્વેષ દૂર કરવા રાગ દૂર કરવો,
રાગ દૂર કરવા મોહ દૂર કરવો અને
મોહ દૂર કરવા અજ્ઞાન હટાવવું અતિ આવશ્યક છે.
રાગ ક્લિષ્ટ છે - ખરાબ છે, કેમકે તે
જીવોને અજ્ઞાન અને મોહમાં ઘણા કર્મોથી ભારે કરે છે.

રાગ આનંદ છે, ક્રોધમૂલક વસ્તુ વિષમય છે.

The root cause of hate (દ્વેષ) is unpleasant object.

Hate is ugly, an object is not.

To know hate as ugly is to know its nature as it really is.

It is an insigt into reality.

Its characteristic function is poisoning.

Both these passions are necessarily accompanied by मोह or delusion as opposed to अमोह / wisdom. characteristic function of मोह is to hide the truth about an object, a mental or material object and that is, ethically, an undesirable activity.

'પ્રવચનસાર' શાસ્ત્રમાં કહ્યું છે કે :

રાગ, દ્વેષ અને મોહ એ બંધનાં કારણ છે.

મોહ = દરેક ઉપર ગુણનું લેબલ લગાવે તે મિથ્યામતિ.
મોહ = મિથ્યાત્વ અને દ્વેષ. એ બન્ને સરખાં, ઝેર છે.
તે મોહ ભવભ્રમણના હેતુભૂત પાપ કર્મ બંધાવનાર છે.
વિષય, કષાય, મિથ્યાત્વ અને પરિગ્રહાદિકમાં અનુરાગ છે,
તે મોહ અને દ્વેષરૂપ તથા નરક - નિગોદાદિનો હેતુ છે.

સમકીતિ જીવ અન્ય અજ્ઞાની, મિથ્યાદૃષ્ટિ અથવા
પાપી જીવ પ્રત્યે પણ દ્વેષભાવ કરતો નથી.

મિથ્યાત્વ અને જ્ઞાનાવરણાદિ કર્મને
વશવર્તી જીવો આત્માને ભૂલી રહ્યાં છે,
તેમની સાથે વેરથી શું બગડવાનું છે ? તેમની વિપરીત
બુદ્ધિ જ તેમને મારી રહી છે, તેથી દયાભાવ જ રહે છે.
રાગ એ ગુણ અને ગુણી - ઉભય પ્રત્યે ઢળવાનો છે.
સર્વ જીવ પ્રત્યે મૈત્રીભાવ રાખતો સમ્યગ્દૃષ્ટિ જીવ
કોઈના ઉપર પણ વેર ધરતો નથી.

## રાગના બે પ્રકારો : શુભ અને અશુભ.

રાગ-દ્વેષ રહિતને મધ્યસ્થ પરિણતિ ટકી રહે છે.
રાગ રોગનો હેતુ છે. રાગ જતાવાથી આરોગ્ય મળે છે.
દ્વેષ અજ્ઞાન - અબોધિનો હેતુ છે.
દ્વેષ જતાવાથી બોધિની પ્રાપ્તિ થાય છે.
મોહ અસમાધિનું કારણ છે.
મોહ જતાવાથી સમાધિનો લાભ થાય છે.
રાગ-દ્વેષ - મોહ જતાવાથી ભાવઆરોગ્ય - મુક્તિ મળે છે,
બોધિ અને સમાધિ સુલભ બને છે.
આરોગ્ય માટે રાગને, બોધિ માટે દ્વેષને, સમાધિ માટે
મોહને જતવો જોઈએ. એ ત્રણે ઉપર વિજય મેળવવા
‘ॐ अर्हं सिद्धचक्राय નમો નમઃ ।’ મંત્ર છે.
આ મંત્રમાં... (૧) ॐ = રાગ-દ્વેષ-મોહ જતાવે.
(૨) अर्हं = આરોગ્ય, બોધિ, સમાધિ અપાવે.
(3) सिद्धचक्राय = દર્શન, જ્ઞાન, ચારિત્ર ભાવ આપે.
(૪) નમો નમઃ = મોક્ષને અપાવે છે.

મિથ્યાદૃષ્ટિ જીવમાં સંસારપરિભ્રમણના કારણભૂત
રાગ - દ્વેષ અને મોહભાવ રહેલ છે.

નવીન કર્મબંધના હેતુ ત્રણ ભાવ છે : રાગ - દ્વેષ - મોહ.

(૧) રાગપક્ષ - કામ, મત્સર, સ્પૃહા, તૃષ્ણા તથા લોભ.

(૨) દ્વેષપક્ષ - ક્રોધ, ઈર્ષા, અસૂયા, દ્રોહ તથા અમર્ષ.

(૩) મોહપક્ષ - મિથ્યાભાવ, વિચિકિત્સા, માન તથા પ્રમાદ.

## ક્યાં સુધી આત્મા બંધાય ?

અનંતાનુબંધી કષાયના ઉદયથી રાગ - દ્વેષ ભાવ થાય અને મિથ્યાત્વ મોહના ઉદયથી મોહનો ભાવ જાગે છે.

જ્યાં સુધી આત્માને છોડીને અન્ય વસ્તુમાં અંશ પણ રાગ છે, ત્યાં સુધી પૂર્ણ સ્વરૂપ પ્રગટ થતું નથી. શાસ્ત્રો દ્વારા આત્મસ્વરૂપ જાણ્યાં પછી પણ અન્ય પ્રત્યે રાગ દૂર ન થાય, ત્યાં સુધી આત્મા બંધાય છે. ચિત્તમાંથી રાગ-દ્વેષ દૂર થયાં પછી પણ જો તેમાં પ્રેમ જેવા ભાવાત્મક તત્ત્વને સ્થાન ન મળે, તો તે ખાલી પડેલું ચિત્ત પાછું રાગ-દ્વેષના વાદળોથી ઘેરાઈ જવાનું.

રાગ, દ્વેષ, મોહ - 3 દોષો અનુક્રમે મન, વચન તથા
કાયાની ક્રિયા સાથે સંબંધ ધરાવે છે.

રાગની અભિવ્યક્તિ મુખ્યત્વે મનમાં,
દ્વેષની અભિવ્યક્તિ મુખ્યત્વે વચનમાં અને
મોહની અભિવ્યક્તિ મુખ્યત્વે ક્રિયા દ્વારા થાય છે.

પંચમંગલ જ્ઞાન - દર્શન - ચારિત્ર-સ્વરૂપ હોવાથી તથા
તેમાં મન, વચન અને કાયાની પ્રશસ્ત ક્રિયા હોવાથી
આત્માને દૂષિત કરનાર રાગ, દ્વેષ અને મોહ તથા
શરીરને દૂષિત કરનાર વાત, પિત્ત અને કફનો
નિગ્રહ કરવાની શક્તિ તેમાં રહેલી છે. તેથી આ પંચ
મંગલનું આરાધન આત્માનું ભાવસ્વાસ્થ્ય અને દેહનું
દ્રવ્યસ્વાસ્થ્ય ઉભયને આપવાની શક્તિ ધરાવે છે.

જ્ઞાન મનમાં, સ્તુતિ - સ્તવ વચનમાં અને
પ્રવૃત્તિ કાયા દ્વારા થાય છે.

કફદોષ કાયાની, પિત્તદોષ વચનની અને
વાતદોષ મનની ક્રિયાની સાથે સંબંધ રાખે છે.

શ્રી અચલગઢમંડન આદિનાથસ્વામિને નમઃ | ૫-૫-૨૨

જ્ઞાન - દર્શન - ચારિત્ર એ અભ્યંતર ત્રિફળા છે,
તે ભાવત્રિદોષ રાગ-દ્વેષ તથા મોહનો નાશ કરે છે.
વિચક્ષણ પુરુષ સદા કાળને વિષે આનંદિત છે,
કારણકે તેને પરવસ્તુ પ્રત્યે રાગ-દ્વેષ-મોહ નથી.
પુરુષ રાગ-દ્વેષ-મોહરહિત હોય, તો તેનું વચન સત્ય
અને જો વચન રાગ - દ્વેષ - મોહને પોષનાર ન હોય,
તો તેને કહેનાર પુરુષ સત્ય છે.
આત્માના દુષ્બુદ્ધિ રાગ - દ્વેષ - મોહાદિ દોષો ઘાવ છે.
જેમ શારીરિક રોગ શરીરને અસ્વસ્થ - નિર્બળ બનાવે,
તેમ આ ભાવરોગ આત્મશક્તિને નિર્બળ બનાવે છે.
આ 'હું' અને આ 'મારું,' આવા મોહરૂપ પાણી વડે
મનોવૃત્તિના મૂળને પાણી સીંચવાનું બંધ થવાથી
રાગ-દ્વેષ રૂપી અંકુરાઓ પ્રગટશે નહીં.
રાગ - દ્વેષ સમાન કોઈ વિષ નથી,
ક્રોધ સમાન કોઈ શૂળ તથા લોભ સમાન કોઈ જાળ નથી.

રાગ એટલે સુખનો સંસ્કાર, તેથી ઉત્પન્ન થતી
ચિત્તની વૃત્તિ અને અનુભવેલા તરફ પ્રીતિની લાગણી.
વિકૃત શ્રદ્ધા તે 'રાગ' કહેવાય છે અને
અવિકૃત રાગ તે 'શ્રદ્ધા' કહેવાય છે.
બન્નેમાં સ્નિગ્ધતા સરખી છે, માત્ર પાત્રનો ભેદ છે.
દ્વેષ એટલે અનુભવેલા તરફ અપ્રીતિની લાગણી.
બુદ્ધિમાં દોષદર્શનથી દ્વેષ જાગે છે અને
બુદ્ધિમાં ગુણદર્શનથી વિવેક જાગે છે.

○

Attachment is that which dwells
on pleasure - enjoyment.
Aversion is that which dwells
on pain or misery.
મોહ = The clinging of life.
It flows through its own nature.
consciousness = શક્તિ, ભાન, વિચાર.

શ્રી પંચાસરા પાર્શ્વનાથ પ્રભુના સાંનિધ્યમાં...

જો એક મહાન વસ્તુ મળી,

તે છે સર્વ જીવરાશિ પ્રત્યેનો સ્નેહનો પરિણામ!

દ્વેષ પરિણામનો પીડા કરનાર પોતાના અકુશળના જ સુખ પ્રત્યેનો રાગનો પરિણામ નથી, તે બંનેના મૂળરૂપ અજ્ઞાનના અને મોહના પરિણામ સમૂળ નાશ પામે છે. સર્વનિરપેક્ષ સ્વસુખના વિચારમાં દુઃખ જ છૂપાયેલું છે, આ એક જાતનો વિપર્યાસ કે મોહના જ પરિણામ છે. તેનો નાશ અને તેના કારણે ઉત્પન્ન થતો કેવળ સ્વસુખના જ એક રાગનો પરિણામ અને તેમાંથી ઉત્પન્ન થતો બાળ જીવો પ્રત્યેનો દ્વેષનો પરિણામ સર્વ જીવરાશિ પ્રત્યેના સ્નેહના પરિણામથી વિલય પામે છે અને આત્મા રાગ-દ્વેષ-મોહથી વિમુક્ત બનીને સર્વજ્ઞ-સર્વદર્શી અનંત શક્તિમાન, શુદ્ધ-બુદ્ધ, મુક્ત, સિદ્ધ પરિણામ પામે છે.

સ્નેહ એ આત્મસમદર્શિત્વરૂપ,

પરમાત્મસમદર્શિત્વરૂપ અને સર્વાત્મસમદર્શિત્વરૂપ છે.

'ઈર્ષ્યા' એટલે મત્સર, અદેખાઈ તથા દ્વેષ.

બીજાનું સારું થયું કે પારકાની ચડતી થતી હોય,
તે દેખી ન શકવું, તે ઈર્ષ્યાની વૃત્તિ કહેવાય છે.

## ઈર્ષ્યાને દૂર કરવા શું કરવું ?

ઈર્ષ્યા કે મત્સરને જીતવાનો ખરો ઉપાય પ્રેમ જ છે.
જેના ઉપર પ્રેમ હોય, તેના ઉપર કદી ઈર્ષ્યા થતી નથી.
દરેક મનુષ્ય કાંઈકને કાંઈક કામમાં તો ખ્યાતિ
મેળવવાને લાયક હોય જ છે, કારણકે સુખ, દોલત,
કીર્તિ અને ખ્યાતિ મેળવવાના અનેક સાધનો હોય છે,
જે દરેકને જુદા - જુદા મળેલા હોય જ છે.

ઈર્ષ્યાની પરમ સખી છે નિંદા.

જેના હૃદયમાં ઈર્ષ્યા હોય, તેની જીભમાં નિંદા જરૂર
હોય જ છે, માટે નિંદા છોડવાનો અભ્યાસ કરવો.
તે માટે ફક્ત પોતાના દોષને જોયાં કરવા અને
બીજા સર્વ જીવોની સારી બાજુ જ જોવી.
ખરાબમાં ખરાબ મનુષ્યમાં પે ગુણશોધનવૃત્તિ રાખવી.

ઘણાં ખરા ઝઘડાઓનું મૂળ ઈર્ષ્યા જ હોય છે.
ઈર્ષ્યાએ ઝઘડાઓ કરાવી કેટલાયે પ્રજાઓ અને
વ્યક્તિઓનો આજ સુધીમાં નાશ કરાવ્યો છે.
ઈર્ષ્યા અન્યની સફળતા - ઐશ્વર્યથી અસંતુષ્ટતા આપે.
ઈર્ષ્યાળુને કોઈ કામ કરવું ગમતું નહિ.
જીવનમાં તેનો સઘળો યે આનંદ ખલાસ થાય છે.
નીચ અને નબળા અંતઃકરણમાં જ ઈર્ષ્યાનો વાસ છે.
જે મનુષ્યમાં પોતાનામાં ગુણ હોતાં નહિ,
તે જ બીજાના ગુણની ઈર્ષ્યા કરે છે, કારણકે
મનુષ્યનું મન યા તો પોતાના ગુણોમાં અગર તો
પારકાના દુર્ગુણોમાં જ રાચતું હોય છે.
જેનામાં પોતાનામાં જ ગુણ નહીં હોય,
તે જ મોટેભાગે તો બીજાના દુર્ગુણો જોયાં કરશે.
જે નબળો હશે, તે બીજાના બળની ઈર્ષ્યા કર્યા કરશે.
બીજાના ગુણોને મેળવવાની શક્તિ ન હોય, પારકાના
ગુણોને તે જ ઉતારી પાડી તેની બરોબરી કરવા મથે.

## ઈર્ષાવાન વ્યક્તિ અભાગિયો બનતો કેમ રોકી શકે ?

જેના દિલમાં પવિત્રતા અને શુદ્ધ ચારિત્ર જોઈતું હશે,
તેણે જ્યાં ને ત્યાં સદ્ગુણો શોધી પોતાના
ચારિત્રમાં ઘટાવવાના હોય છે, તેથી ગુણની સ્પર્ધા થાય
પણ ઈર્ષા થતી નથી. ગુણોની હરીફાઈથી તો આત્માની
ઉન્નતિ થાય તથા દોષોની દૃષ્ટિથી અવનતિ થાય છે.

## ઈર્ષાવાન માનવી દયાને પાત્ર બને છે.

બાળકોને જે વસ્તુઓ જોઈને આનંદ થાય છે,
તે વસ્તુઓને જોઈને ઈર્ષાવાન ઘણો ઉદ્વેગ પામે છે.
તેને મન અમૃત ઝેર જેવું, સ્વર્ગ નરક જેવું અને
પૂર્ણિમા અમાવાસ્યા જેવી લાગતી હોય છે.

## ઈર્ષામાંથી ઉત્પન્ન થતાં ભયંકર દોષો

ઝેરની અસર જેમ શરીર ઉપર થાય છે,
તેમ ઈર્ષાની અસર મન ઉપર થાય છે!
ઈર્ષાળુનું મન બેચેન રહે છે, શરીર તંદુરસ્ત રહેતું નથી
અને તેનું મન ખાલી થઈ નબળું પડી જાય છે.

## દૂર કરવા લાયક મુખ્ય દોષો

જૂઠ = કઠોરતા, કર્કશતા, વાચાળતા, વાદશીલતા, માયાશીલતા ઉપરાંત દંભચારિતા - એ સર્વ દોષો છે.

ગુસ્સો = ગર્વિષ્ઠતા, ઈર્ષ્યાળુતા, ચિન્તાતુરતા, નિર્લજ્જતા ઉપરાંત દીનતા - એ સર્વ દોષો છે.

વિકાર = લુબ્ધતા, આસક્તતા, ગૃદ્ધતા, કામરાગતા, મોહમૂઢતા.

મનુષ્યજન્મ દોષોને દૂર કરી ગુણો મેળવવા માટે છે.

આત્મામાં રહેલાં દોષો દાનગુણથી દૂર થાય છે.

૯ પ્રકારનાં પુણ્ય અને ૧૮ પ્રકારનાં પાપ છે, તેમાં એક એક પુણ્ય બબ્બે પાપનો નાશ કરે છે:

અન્નદાનથી હિંસા + અસત્ય, જલદાનથી ચોરી + અબ્રહ્મ, વસ્ત્રદાનથી પરિગ્રહ + ક્રોધ, સ્થાનદાનથી માન + માયા, શયનદાનથી લોભ + રાગ, મનદાનથી દ્વેષ + કલહ, વચનદાનથી અભ્યાખ્યાન + પૈશુન્ય, કાયાના દાનથી રતિ-અરતિ + પરપરિવાદ અને નમસ્કારના દાનથી માયામૃષાવાદ + મિથ્યાત્વશલ્યનો નાશ થાય છે.

(૧) હિંસા + જુઠ દ્વેષ તથા ભયગ્રહોનો નાશ કરે છે.
અન્નદાન વડે ગ્રહોનું રક્ષણ થાય છે.

(૨) ચોરી + મૈથુન દ્વારા ધન અને ભોગતૃષ્ણા જાગે છે.
જલદાન દ્વારા તૃષ્ણા, તાપ અને મલ દૂર થાય છે.

(૩) પરિગ્રહ + ક્રોધ પ્રગટપણે થાય, સંતાપના કારણરૂપ છે.
વસ્ત્રદાન લાજ ઢાંકે છે અને ઠંડી - તાપનું રક્ષણ કરે છે.

(૪) માન + માયા પ્રતિષ્ઠા - અહંકાર - પ્રપંચનું કારણ છે.
આસનદાન શાંતિ, સ્થિરતા, તૃપ્તિનો અનુભવ કરાવે છે.

(૫) લોભ + રાગ પાપપ્રવૃત્તિ અને સંક્લેશ કરાવનાર છે.
શયનદાનથી સંતોષ - શાંતિ મળવાથી સંક્લેશ ટળે છે.

(૬) દ્વેષ + કલહ ઝઘડાનાં કારણ મનપુણ્યથી શમે છે.

(૭) અભ્યાખ્યાન + પૈશુન્ય હિત - પથ્ય વચનથી શમે છે.

(૮) રતિ અને અરતિ તથા પરપરિવાદ -
એ સર્વ કાયાના શુભ વ્યવહારથી શમે છે.

(૯) માયા - મૃષાવાદ તથા મિથ્યાત્વશલ્ય -
આ બે મહાપાપ નમનભાવથી શમે છે.

## પ્રાપ્ત કરવા લાયક મુખ્ય ગુણો

માધ્યસ્થતા = સત્યતા, મધ્યવર્તિતા, ન્યાયનિષ્ઠતા,
નિગ્રહશીલતા – એ સર્વ ગુણો છે.

ઉદારમનતા = દાનશીલતા, પરોપકારિતા, પવિત્રતા,
નિઃસ્વાર્થતા, સંવાદિતા – એ સર્વ ગુણો છે.

સમતા = પ્રસન્નતા, પ્રશાંતતા, સહૃદયતા, શાંતતા,
પ્રશમતા, સમાનતા, નમ્રતા, ક્ષમાશીલતા, નિયમિતતા,
સ્વચ્છતા, સમર્પિતતા – એ સર્વ ગુણો છે.

### રોજ તપાસો : કયા ગુણો કેળવ્યા ?

જે ગુણો આપણામાં ન હોય, તે કેળવવા પ્રયાસ કરવો.
ધૈર્ય, કરુણા, મૈત્રી, પ્રેમ, ઉદારતા, ક્ષમા, સરળતા,
સંતોષ, પ્રામાણિકતાદિ ગુણો એક પછી એક કેળવવા.
દર મહિને એક એક ગુણ લેવો,
તેનું ચિન્તન કરવું અને આચરણમાં ઉતારવા પ્રયત્ન કરવો.
મુખ્ય સદ્ગુણ મળે, તેની સાથે બાળ ગુણો આવે.
રોજ ઓછામાં ઓછો અડધો કલાક ગુણો કેળવવા કાઢવો.

## રોજ તપાસો : ક્યા ક્યા દુર્ગુણ કાઢ્યા ?

દુશ્મન ઉપર જોરથી હુમલો કરવા માટે ગુણો કેળવવા અને સાથે દુર્ગુણ દૂર કરવા પ્રયત્ન કરવો. કામ, ક્રોધ, લોભ, અહંભાવ, માન, માયા વિગેરે દુર્ગુણ છે. બધાનું મૂળ અહંતા - મમતા છે, તેનો નાશ કરવા પ્રયત્ન કરવો.

સાધકને બે પ્રકારના વિઘ્નો છે : બહારના અને અંદરના.

બહારના વિઘ્નોમાં કુસંસર્ગ, ખરાબ ફિલ્મો - વ્યસનો - દોસ્તારો - સંગાતોનો સંસર્ગ ખોટી અસર નિપજાવે જ. મનુષ્યો મોટે ભાગે કુસંગતિથી જ દુરાચારી બન્યા હોય.

કુસંગતિથી અનુક્રમે કામ, ક્રોધ, મોહ, સ્મૃતિભ્રંશ,
બુદ્ધિનાશ અને સર્વનાશ નિપજે છે.

ફોજદારી ગુનાઓની ઉત્પત્તિ અનુક્રમે કામમાંથી ક્રોધ અને ક્રોધમાંથી મોહ, સ્મૃતિભ્રંશ આદિ ઉત્પન્ન થાય છે. કામ - ક્રોધાદિ સહજ રીતે જ દરેકની અંદર હોય છે. અગ્નિને પવનની જેમ કુસંગતિ તેને સળગાવી મૂકે છે. ખરાબ સાંભળવું, જોવું, અંદરના દોષોને વધારી મૂકે છે.

## દુર્જનોના લક્ષણો

તે સરળ ચિત્તવાળા પ્રશાંત મનુષ્યોને મૂર્ખ માને,
ચતુરને ધાઠ અને વિનયવાનને લોભી માને,
ક્ષમાવાનને કમજોર અને સંયમીને કંજૂસ માને,
મધુરભાષીને દીન અને ધર્મિષ્ઠને ઢોંગી માને,
નિઃસ્પૃહીને ઘમંડી અને સંતોષીને ભાગ્યહીન માને.
તે જ્યાં જ્યાં સદ્‌ગુણ દેખે, ત્યાં ત્યાં દોષ લગાવે.

## દુર્જનનું હૃદય અત્યંત મલીન હોય છે.

જેનામાં અહંકાર રૂપી વિપરીત ભાવ, તે મિથ્યાદૃષ્ટિ છે.
પશુવૃત્તિઓના બધાં ચિહ્નો આ મનના પ્રદેશ ઉપર રહેવા પામ્યાં છે, જે તે તે વ્યક્તિઓ સ્વના સંરક્ષણ અર્થે ઉપયોગી - પોતાના બચાવના સ્થાને હતી, જેમ કે:
કપટવૃત્તિ, દ્વેષ, ઈર્ષ્યા, ક્રોધ, વિકારો વગેરે.
વાસનાઓ, ઇચ્છાઓ, રુચિઓ, આવેગો, લાગણીઓ, સ્પૃહાઓ, લાલસાઓ વગેરે પશુમાં, જંગલી મનુષ્યોમાં તથા હાલના કેળવાયેલા માનવમાં સમાનપણે લાગે છે.

સાધક આત્માઓએ વિષય-કષાયથી સદા ડરવું જોઈએ.

વિષયોના દોષ - પરમાર્થ દુઃખ

(૧) સુખ અલ્પ અને કલ્પિત (ખરજવ, બિન્દુ).

દુઃખ અનલ્પ અને ગહન (મેરૂ, સાગર).

(૨) આપાતરમ્ય - પરિણામ દુઃખ.

વધ્ય પશુ, ચોરનું મંડન, સોનાનું ખુટલ વગેરે.

(૩) ગર્ભવાસ - નરક - તિર્યંચાદિનાં દુઃખ.

મૃત્યુ, રોગ, વૃદ્ધાવસ્થા, દાસ્ય અને દારિદ્ર્યનાં દુઃખ.

કષાયોનાં દોષ - પરમાર્થ શત્રુ

(૧) ક્રોધથી ગુણોનો નાશ - સત્વાદિ તપ અને મોક્ષ.

આ લોકમાં વૈરાદિ - પરલોકમાં નરકાદિ.

(૨) માનમુક્તિથી મોક્ષ - માનથી દુર્ગતિનાં દુઃખ.

માન આપનાર અપકારી, અપમાન કરનાર ઉપકારી.

(૩) માયાથી થતાં ધર્મમાં કાયક્લેશ અને બોધિદુર્લભતા.

જ્ઞાનાદિનો લોભ સુખ માટે હોય છે, જ્યારે

ધનાદિનો લોભ દુઃખ માટે હોય છે.

## ચાર કષાયોનો વર્ણ

ક્રોધ-કાળો, માન-રાતો, માયા-નીલો, લોભ-પાંડુઓ(પીળો).

ભવભ્રમણ કરાવવામાં વિષય-કષાય જ મુખ્ય છે.

વિષય-કષાય સામે ભક્તિભજન જ કામ લાગશે.
જગતના કલ્યાણની ભાવના ભક્તિને સહાય કરશે.
વિષય-કષાયથી મનુષ્ય દૂર રહે, તો જીવનની દરેક
ઘટનાઓને આત્મવિષયક, આત્મપોષક બનાવી શકાય,
તેમ સંસારના સર્વ સંબંધો અને કર્તવ્યોને ઈશ્વરના
પ્રણિધાન વડે આત્મદર્શનનાં સાધન બનાવી જ શકાય.

ગુર્વાદિકનો યોગ પામી જે પ્રમાદ કરે, તે તળાવે તરસ્યો,
ભર્યા ઘરમાં ભૂખ્યો, કલ્પતરુ છતાં દરિદ્રી સમજવો.

તેનો જન્મ વિષય-કષાયોમાં રત રહી પશુની જેમ
માતાને ક્લેશ આપનારો - ભૂમિને ભારભૂત થનારો છે.

જેનું નશ્વર તન - મન - ધન - યૌવન
જો દેવ-ગુરુ-સંઘ-સાધર્મિકની સેવામાં ન વપરાય,
તો તેને ભવોદધિમાં ડૂબતાં કોણ ઉગારે?

# વિષય - કષાય

કષાયસેવનથી જીવનમાં દુષ્ટ બુદ્ધિ આવે.
ખરી રીતે કષાયદોષની સૂક્ષ્મમાં સૂક્ષ્મ માત્રાને પણ
અવગણ્યા કરતાં તે વધારે ભયંકર બને છે.
કામ, ક્રોધ અને લોભ આત્મદર્શનથી જ જાય.
સ્વવિષયનું લક્ષ ચૂકીને પરમાં લક્ષ જવું, તે વિષય.
રાગની એકતા આત્મા સાથે કરવાને બદલે
પરલક્ષમાં રાગની એકતા થઈ, તે જ વિષય છે.
રાગ અને રાગનું નિમિત્ત પરવસ્તુ - બંનેને એક કરીને
તેને 'ઇંદ્રિયનો વિષય' કહીને આત્માથી જુદાં કહ્યાં છે.
અવિરતિ - પ્રમાદ - દુષ્ટ યોગો નરક - અનર્થ - ચોરરૂપ છે.
મિથ્યાત્વી જીવ અવિરતિથી પ્રમાદ માને, નરક ન માને.
પ્રમાદ કદંબકને સ્નિગ્ધ મિત્રવૃંદ માને,
કિન્તુ અનર્થનો પ્રવર્તક ન માને.
દુષ્ટ યોગોને બહુધનાર્જનશીલ પુત્ર માને,
કિન્તુ કુલક્ષયકારિ ચોર ન માને.

મહા સુદી ૧૨, રવિવાર, તા. ૧૮. ૨. ૫૧

સ્થળ : સિદ્ધગિરિ તળાટી, જૈન સોસાયટી -
મંદિરના કમ્પાઉન્ડમાં આશરે ક. - ૯૦ ઉપરાંત
શ્રી ચતુર્વિધ સંઘની હાજરીમાં પદપ્રદાનની ક્રિયા થઈ.

તે શુભ પ્રસંગની સ્મૃતિ માટે
નીચેના ૯ અભિગ્રહો ગ્રહણ કરવા ઉત્કંઠા થઈ છે.
આ અભિગ્રહોનો બાર માસ માટે અભ્યાસ કર્યાં બાદ
યાવજ્જીવ કરવાની ભાવના વર્તે છે:

(૧) રોજ ૧ કલાક આગમોનું વાંચન. તે પૂર્ણ થાય, ત્યાં સુધી કોઈપણ વડીલની છાયામાં જ રહેવું.

(૨) કોઈ ત્રીજાની હાજરી સિવાય વિજાતીય વાર્તાલાપ ત્યાગ.

(3) સાધુ અથવા ગૃહસ્થ - કોઈપણ વ્યક્તિ પ્રત્યે ઉગ્ર આક્રોશયુક્ત વચન બોલાય, તો બીજે દિવસે ઉપવાસ.

(૪) કામ - માયા - લોભનિવારણ માટે ઇન્દ્રિયનિગ્રહ.

(૫) માન - મદ - અહં આદિ સર્વ દુષ્ટ દોષનિવારણ માટે કોઈ વડીલની છત્રછાયા - શરણનો અંગીકાર.

(૬) ક્રોધના દોષનિવારણ માટે વાગ્દંડનિગ્રહ.

(૭) ઘ્રાણ - શ્રોત્ર આદિના નિગ્રહ માટે

નિત્યપણે આગમનો સ્વાધ્યાય અને શુભ ધ્યાન.

(૮) આવશ્યક - પ્રતિલેખન વગેરે

સર્વ ક્રિયા સંપૂર્ણ વિધિયુક્ત અને શુદ્ધપણે કરવી.

(૯) શક્ય હોય, ત્યાં સુધી રોજ એક વર લખવું.

આ ૯ ઉપરાંત અન્ય ૯ નિયમ

રોજ સાધુને ગોચરી આપ્યાં પછી જ વાપરૂં.

સાધુને રોજ હિતશિક્ષા આપું.

પ્રતિક્રમણ રોજ માંડલામાં જ તથા ઉભા ઉભા જ કરૂં.

કાયોત્સર્ગ રોજ ઉભા ઉભા જ કરૂં.

સ્થાપનાચાર્યનું પડિલેહણ રોજ કરૂં.

રોજ બે વર રજોહરણ બાંધું.

વસતીમાં પેસતાં - નીસરતાં આવસ્સહી - નિસીહી તથા

ગામમાં પેસતાં - નીસરતાં પગ પ્રમાર્જવાનું ભૂલું નહીં.

ઇચ્છાકાર - મિચ્છાકાર સામાચારી પાળું.

## પ્રવ્રજ્યાપાલનના નિયમોનું સંક્ષિપ્ત ટાંચણ

### જ્ઞાનાચાર

(૧) રોજ નવી ૫ ગાથા લેવી.

(૨) લીધેલી ગાથાનો પાઠ નીચે પ્રમાણે કરવો:
શિયાળો - ૮૦૦, ચોમાસું - ૫૦૦, ઉનાળો - ૩૦૦ ગાથા.

(૩) રોજ એક બાંધી નોકારવાળી તો ગણવી જ.

### દર્શનાચાર

(1) રોજ એક દહેરે તો અચૂક જવું જ.
ત્યાં દેવવંદન અગર ચૈત્યવંદન પણ કરવું જ.

(2) અષ્ટમી - ચતુર્દશીએ ગામના સઘળાં દહેરાં જુહારવાં.

(3) રોજ ગુરુવંદન કરવું જ, ઉપરાંત
અષ્ટમી - ચતુર્દશીએ ગામના બધા જ મુનિરાજને વાંદવા.

### ચારિત્રાચાર

(૧) ઈર્યાસમિતિ પાળવા માટે રસ્તામાં વાત કરું નહીં.

(૨) ખુલ્લાં મુખે પ્રાયઃ ક્યારેય બોલું નહીં અને
પડિલેહણ, પ્રતિક્રમણ કે ગોચરી વખતે બોલું જ નહીં.

(3) નિર્દોષ આહાર તથા પાણી મળે,
ત્યાં સુધી દોષિત ગોચરી કે પાણી લઉં નહીં.
(૪) પૂંજ્યા - પ્રમાર્જ્યા વિના વસ્તુ લઉં - મૂકું નહીં.
(૫) ઉપયોગપૂર્વક વસ્તુને પરઠવું.
'અણુજાણહ જસ્સુગ્ગહો' તથા 3 વાર વોસિરે વોસિરે કહું.
(૬) મન - વચન - કાયાને વશ રાખું અર્થાત્
મન રાગાકુળ થવા દઉં નહીં.
(૭) વચન ક્રોધાકુળ થવા દઉં નહીં અને
(૮) કાયાને ઉન્માદને વશ થવા દઉં નહીં.
પંચમહાવ્રતની પાલના માટેની સજાગતા અર્થે...
(૧) પહેલાં મહાવ્રતે પ્રમાદના યોગે
જીવની વિરાધના થવા દઉં નહીં (જયણા કરું).
(૨) બીજા મહાવ્રતે ક્રોધ - લોભ - ભય અથવા તો
હાસ્યથી પણ જાણી - જોઈને જુઠું બોલું નહીં.
(3) ત્રીજા મહાવ્રતે ગુરુને દેખાડ્યા વિના વાપરું નહીં,
બીજાની વસ્તુ રજા વગર લઉં નહીં.

(૪) ચોથા મહાવ્રતે એકલા સ્ત્રી સાથે વાર્તાલાપ કે
એકલી સ્ત્રીઓને અધ્યયન કરાવવું નહીં.
(૫) પાંચમાં મહાવ્રતે એક વર્ષ ચાલે, તેથી અધિક -
પાત્રા - કાચલી વગેરે ઉપધિ પંદરથી અધિક રાખું નહીં.
(૬) ચાર પ્રકારના આહારની લેશમાત્ર સંનિધિ ન રાખું.
રોગાદિ કારણે દવા વગેરેની જયણા.

## તપાચાર

પ્રત્યેક માસે પાંચ તિથિ જઘન્યથી એકાસણ કરું,
મધ્યમથી આયંબિલ કરું, ઉત્કૃષ્ટથી ઉપવાસ કરું.
રોજ ત્રણથી અધિક વિગઈ વાપરું નહીં.
રોજ ગોચરીનો અભિગ્રહ ધારણ કરું.

## વીર્યાચાર

રોજ દરેક વખતે પરઠવવાની જગ્યા જાતે જોઉં.
માત્રાની કુંડી હાથે જ પરઠવું.
સાધુને રોજેરોજ પાઠ આપું.
રોજેરોજ નવપદજીનું ધ્યાન અચૂકપણે ધરું.

'શિવમસ્તુ સર્વ જગતઃ ।'

જગતના સર્વ જીવોનું હિત થાઓ.

'પરહિત નિરતા ભવન્તુ ભૂતગણાઃ ।'

સર્વ પ્રાણીઓ પરહિતમાં રક્ત બનો.

'દોષાઃ પ્રયાન્તુ નાશં ।'

રાગાદિ, ક્રોધાદિ અને હિંસાદિ દોષો દૂર થાઓ.

'સર્વત્ર સુખી ભવતુ લોકઃ ।'

સર્વ સ્થળે જીવલોક સુખી થાઓ.

'ચિત્તં યસ્ય સ્ફટિકવિમલં નૈવ ગૃહ્ણાતિ રાગં,
કારુણ્યાર્દ્રે મનસિ નિખિલાઃ રોધિતા યેન દોષાઃ ।
અક્રોધેન સ્વમનસિ હતો યેન સંસારશત્રુઃ,
સર્વજ્ઞોઽસૌ ભવતુ ભવતામ્ શ્રેયસે નિશ્ચલાય ।।'

જેમનું સ્ફટિક જેવું નિર્મળ ચિત્ત રાગ ગ્રહતું નથી, જેના કરૂણાર્દ્રથી પવિત્ર મનમાં સર્વ દોષો રોકાયા છે, જેના અક્રોધ વડે સંસારશત્રુ ચોતરફથી હણાયો છે, એવા આ સર્વજ્ઞ ભગવંત કલ્યાણ(નિશ્ચલ મોક્ષ) માટે થાઓ.

'ઉત્તરાધ્યયન સૂત્ર' ૧૨, ૪૪માં કહ્યું છે કે:

તપ રૂપી અગ્નિ, જીવ રૂપી અગ્નિકુંડ તથા
મન-વચન-કાયાના યોગ રૂપી શરીર એ છાણાં છે,
આઠ કર્મ લાકડા રૂપે અને સંયમચર્યા એ શાંતિપાઠ છે.
આ રીતે ઋષિઓ દ્વારા પ્રશંસિત યજ્ઞ હું કરું છું.

તપસ્યા એ જ અગ્નિ.

યજ્ઞમાં સર્વ જીવોનું ભક્ષણ કરવાવાળા અગ્નિનું
કોઈ પ્રયોજન નથી, તપસ્યા એ જ અગ્નિ છે.
પૃથ્વીને ખોદીને કુંડ બનાવવાની આવશ્યકતા જ નથી,
કેમકે જીવાત્મા એ જ અગ્નિકુંડ છે, વળી
લાકડાની બનાવેલી કડછીનું યે કોઈ પ્રયોજન નથી,
મન-વચન-કાયાના વ્યાપારો જ કડછીનું કામ કરશે.
ઈંધન સળગાવવાને બદલે શો ફાયદો થવાનો ?
પાપના કર્મો તથા દુષ્ટ કૃત્યોને જ સળગાવવા છે.
આ જ યજ્ઞ સંયમરૂપ, શાંતિરૂપ, સુખરૂપ છે અને
ઋષિઓએ આ જ યજ્ઞની પ્રશંસા કરી છે.

તપના મુખ્ય બે પ્રકાર : છ બાહ્ય તથા છ આંતર.
તે બંનેમાં ઈંદ્રિયો તથા મનના માલિક થવાનો પ્રયત્ન છે.
૬ બાહ્ય = અનશન, ઉણોદરી, વૃત્તિસંક્ષેપ, રસપરિત્યાગ,
કાયક્લેશ, સંલીનતા તથા ૬ આંતર = પ્રાયશ્ચિત, વિનય,
વૈયાવચ્ચ, સ્વાધ્યાય, શુભ ધ્યાન તથા કાયોત્સર્ગ.
તપ એ જીવનો સ્વભાવ હોવાથી સહજ અને સરળ છે.

તપ એક પ્રકારનો તાપ છે, અગ્નિ છે,
આપણી વીર્યશક્તિનું ઉર્ધ્વગમન છે.
અગ્નિનો સ્વભાવ જ ઊંચે જવાનો છે.
અનાદિ કાળથી શક્તિને નીચેની બાજુ લઈ જવાની
આદત પડી ગઈ, તેથી તપ કષ્ટપ્રદ લાગે છે.
તે આદતને બદલવા માટે તેનો નિરોધ અથવા
વિરોધ કરવાને બદલે તેનો મૂક સ્વીકાર કરી લેવો,
એ જ સરળ ઉપાય છે.
નિરોધાદિ દ્વારા આદતને શક્તિ અપાય છે, તે મળતી
બંધ થઈ જશે એટલે આદત આપોઆપ પલટાઈ જશે.

## ૧૨ પ્રકારના તપની સમજણીમાં

### ૬ પ્રકારના બાહ્યતપ

'તપમાં પ્રથમ અનશન = આહારનો ત્યાગ છે,' તેનો અર્થ
૫ ઇંદ્રિયો + મનના સૌ વિષયોનો ત્યાગ સમજવાનો છે.
ઉપવાસ એ આત્માની સમીપે વસવાની ક્રિયા છે.

બીજા ઉણોદરી તપમાં શરીર - મન - ઇંદ્રિયોને આહાર
આપવા છતાં તેના ચરમ સ્થિતિ આવતાં પહેલાં
તે આહારને લેતો રોકી લેવાથી આત્માનું બળ વધે છે.
ઉણોદરી = ભીતરમાં અટકવું, ચરમ સીમા સુધી ન પહોંચવું.
ઉણોદરી કેળવવાથી આત્મસંયમી બનાય છે.

ત્રીજા વૃત્તિસંક્ષેપ તપમાં વૃત્તિમાત્રનો સંક્ષેપ કરવાનો છે.
પ્રત્યેક વૃત્તિને સ્વ - સ્વ કેન્દ્રો સાથે સંબદ્ધ રાખવી,
કિન્તુ બુદ્ધિને તેમાં માત્ર સાક્ષીભૂત રાખવી.
વૃત્તિસંક્ષેપ = પ્રત્યેક વૃત્તિને એના કેન્દ્ર પર જ સંક્ષિપ્ત
કરવી - ભૂખ લાગે તો પેટથી લાગવી, મનથી નહીં.
જે ઇંદ્રિયનું જે કાર્ય છે, તે જ કાર્ય તેના પાસેથી લેવું.

ચોથા રસત્યાગમાં રસ કોઈ બાહ્ય વસ્તુમાં નહિ, પરન્તુ આપણી વૃત્તિઓમાં છે, તેથી તેમાં જ સાક્ષીભાવ કેળવવો.

રસપરિત્યાગ = સ્વયંમાં છૂપા સ્વરસને પ્રગાઢ કરી લેવો. જીભથી સ્વાદ લેવામાં મનને ન પરોવવું, તટસ્થ રહેવું.

કાયક્લેશમાં 'કાયા જ ક્લેશરૂપ કે કષ્ટરૂપ છે' એમ માનીને તેને શાંતિથી સહી લેવા, એ તપરૂપ છે.

કાયક્લેશ = કાયા એટલે ક્લેશ - શરીર એટલે દુ:ખ છે, એમ માની દુ:ખની સ્વીકૃતિ કરી મનને અલિપ્ત રાખવું.

છઠ્ઠું બાહ્યતપ સંલીનતા એ સ્વશક્તિના સંચયરૂપ છે.

આસનજય પણ 'સંલીનતા'નો જ પ્રકાર છે.

સંલીનતા એ અભ્યંતર તપમાં જવા માટે સેતુસ્વરૂપ છે.

સંલીનતા = તલ્લીનતાની જેમ સંલીનતામાં જ વ્યક્તિ સ્વમાં લીન થઈને માત્ર આત્મા જ રહી જાય છે.

આ છ પ્રકારના તપનું ક્રમશ:

સેવન એ રક્તવાહિની નાડીઓનું શોધન કરે છે.

એ બાદ જ અભ્યંતર તપનો વાસ્તવિક અધિકાર મળે.

આ ક્રમનો ભંગ કરીને જો આભ્યંતર - અંતિમ કોટિના
તપનું સેવન કરે, તો વિક્ષિપ્ત કે સંમૂઢ દશાને પામે છે.
સંજ્વલનમાં આત્માભિમુખી અંતર્યાત્રા હોય છે,
તેથી તે બાહ્યતપ હોવા છતાં આભ્યંતરનો સેતુ બને છે.

## છ પ્રકારના આભ્યંતર તપ

આમાં પ્રધાનતા માનસિક અને આધ્યાત્મિક શોધનની છે.
આભ્યંતર તપનો પ્રારંભ પ્રાયશ્ચિત્તથી હોય છે.
પ્રાયશ્ચિત એ પશ્ચાત્તાપરૂપ નહીં પણ અહંકારગાલનરૂપ છે.
પશ્ચાત્તાપવાળો પોતાના આત્મામાં ભૂલ જોતો નથી પણ
બહારના કોઈ કર્મમાં જ ભૂલને જુએ છે, તેથી થઈ
ગયેલ ભૂલ માટે માત્ર માફી માંગી છૂટી જવાનું હોય છે
અને વારંવાર ભૂલ કરવાનું અને માફી માંગવાનું થવાથી
અહંકારપોષક એક રૂઢિ માત્ર બની જાય છે.
પ્રાયશ્ચિત્ત = ભૂલ જ ન હોય, એમ ચેતના જાગ્રત કરવી.
પ્રાયશ્ચિત દ્વારા અહંકાર ગળે છે અને પછી જ
ખરા આભ્યંતર વિનય તપનું પાલન હોય છે.

જીવના જીવત્વનો આદર તે 'વિનય' છે.

વિનય = સદ્ગુરુને સમસ્તભાવે સ્વીકારવા તે. એમ લાગે કે 'મારાં વિરુદ્ધ સર્વ સાચા છે;' ત્યારે વિનય પેદા થાય.

ત્રીજું વૈયાવચ્ચ તપ સેવા દ્વારા પુણ્ય મેળવવા માટે કે કોઈ કાર્યની સિદ્ધિ માટે નહીં પણ કર્મક્ષય માટે છે.

વૈયાવૃત્ય = સેવા. એનો મારાં ઉપર કોઈ ઉપકાર હતો, કોઈ ઋણ હતું, તે સેવાથી ઘટે, એમ સાચી સેવા છે.

કોઈ પ્રયોજનથી સેવા કરવી, તે સેવા નહીં,

કિન્તુ ઋણમુક્તિ માટે પ્રયત્ન કરવો, તે સેવા છે.

ચોથા સ્વાધ્યાય તપમાં સ્વ = આત્મા, તેની સન્મુખ થવા જે કોઈ સત્શાસ્ત્ર - અધ્યયન થાય, તે લેવાનું છે.

સ્વાધ્યાય = સ્વનું અધ્યયન, આત્માનું વાચન.

'હું કોણ છું' એ જાણવું, તે સ્વાધ્યાય છે.

પાંચમું તપ ધ્યાન પણ આત્મધ્યાન અર્થમાં લેવાનું છે. આ એક પ્રક્રિયા છે. અહીં આત્મા કેવળ સમજાતો જ નહીં, કિન્તુ તે સાધકને અનુભવાય પણ છે.

શરીરાદિ બાહ્ય પદાર્થો સાથે જે એકતા કરી છે, તે સત્ય કે પારમાર્થિક નથી, પરન્તુ આત્મા કે પરમાત્મા સાથે જે એકતા - અભેદનો અનુભવ તે જ સત્ય છે અને તે ધ્યાનજન્ય તપ દ્વારા સાધી શકાય છે. પૂર્વના પ્રકરણો પણ આ ધ્યાનતપની પરિકર્મણા રૂપ સમજવાના છે. શરીરાદિથી પૃથક્ ભાવ અનુભવવાના અભ્યાસ માટે બધાં પ્રકરણના તપોનું આસેવન કરવાનું છે.

એ રીતે તપના બધા પ્રકરણો પરસ્પરનાં પૂરક અને એકબીજાને પૂર્ણ સહાયક છે.

અંતિમ અને છઠ્ઠું આભ્યંતર તપ છે: કાયોત્સર્ગ.

વ્યક્તિ જ્યારે પૂર્ણ ધ્યાનસ્થ થઈ જાય છે, ત્યારે કાયાનો બોધ - કાયાનું સ્મરણ જ મટી જાય છે અને વ્યક્તિ ઊંડા અવચેતન મનમાં ઉતરી જાય છે.

કાયોત્સર્ગમાં કાયભાવનો સદંતર ત્યાગ છે અને આત્માનુભૂતિનો તીવ્ર અભ્યાસ છે.

કાયોત્સર્ગ = 'હું શરીર નહીં, આત્મા છું' એવો બોધ.

કાયક્લેશમાં કાયાજનિત ક્લેશોને સહવાનો
અભ્યાસ રહેલ હોવાથી તે બાહ્ય તપ છે,
કાયોત્સર્ગ તપમાં સમગ્ર કાયભાવ અને દેહાધ્યાસનો
ત્યાગ કરવાની અંતરંગ ક્રિયા હોવાથી તે અભ્યંતર તપ છે.

કાયોત્સર્ગની મુખ્ય વસ્તુ એ છે કે
જે જેવું છે, તે તેવું માનવું, તે રીતે જાણવું અને જોવું.

'શરીર એ પાંચ ભૂતોનું બનેલું છે, જ્યારે
આત્મા એ જ્ઞાન - દર્શન - ઉપયોગસ્વરૂપ છે.'
એ રીતે કાયાદિની માલિકીનો ત્યાગ અને પોતે માત્ર
જ્ઞાન - દર્શન રૂપ ચૈતન્ય છે, તેવું અનુભવવું.

'આંખમાં જે પ્રકાશ છે, તે સૂર્યનો છે.
હાથ - પગ - પેટમાં જે માટી છે, તે પૃથ્વીની છે. શરીરમાં
શ્વાસ - પવનાદિ છે, તે આકાશાદિ ભૂત - ભૌતિક છે.
તે બધું બાહ્ય વિશ્વનું છે, જગતનું છે, આત્માનું નહીં.'
કાયોત્સર્ગ દ્વારા એવું સતત ભાન અને સ્મરણ થતાં
આત્માનો ગાઢ અભ્યાસ સધાય છે.

કાયોત્સર્ગ એ દેહાધ્યાસ ઘટાડવાની અને
આત્માધ્યાસ વધારવાની તપ:ક્રિયા છે.

'કેવળ આ શરીરનો જ નહીં પણ સમગ્ર આ વિશ્વનો
સંચાલક આત્મા છે, આત્મતત્ત્વ છે અને તે હું પોતે છું,
મારું સાચું તાત્ત્વિક સ્વરૂપ તે છે.'

સુતાં પહેલાં અને સવારે ઉઠતી વખતે
આ લક્ષનું ચિન્તન - મનન ખૂબ જ સહાયક બને છે,
તેથી નિદ્રા અને જાગૃતિમાં આ લક્ષ કાયમ રહે છે
અને મરણ વખતે
ચિત્તની સમાધિ અને સ્વસ્થતા પણ ટકી રહે છે.

કાયોત્સર્ગ, ધ્યાન અને સ્વાધ્યાયાદિ અભ્યંતર તપના
પ્રકારો એક રીતે સમાધિમરણ પામવાના પૂર્વાભ્યાસરૂપ છે.

તપ જેમ જેમ અભ્યસ્ત થતો જાય, તેમ તેમ સંયમ
અને અહિંસાનું પાલન પણ શુદ્ધ થતું જાય છે.

તપ વગર સિદ્ધિ મળે નહીં.

જેણે તપ કર્યું છે, તેને સર્વત્ર પ્રભુદર્શન થાય છે.

શરીરને અને મનને તપાવે, તે તપ.

તપ માટે ઉત્તરાધ્યયન સૂત્ર - અ - ૩૦, ગાથા - ૩૦માં

ટૂંકી વ્યાખ્યા આપતાં કહ્યું છે કે:

દેવ, ગુરૂ, ધર્મ, મોક્ષ અને તેના સાધનો પ્રત્યે

અંતરનો આદરભાવ તે વિનય,

દેવ - ગુરૂ અને ધર્મની સેવા તે વૈયાવચ્ચ,

આત્મોન્નતિ કરનાર શાસ્ત્રોનું અધ્યયન તે સ્વાધ્યાય,

મનને અશુભથી રોકવા શુભવૃત્તિમાં એકાગ્રતા કરવું, તે

ધ્યાન અને લોકસમૂહનો ત્યાગ કરી એકાકીભાવે વિચરવું

તથા કાયાનું મમત્વ છોડી આત્મભાવે રહેવું, તે વ્યુત્સર્ગ,

જે કામ કરવા યોગ્ય નથી, એવું કામ થઈ જતાં એની

વિશુદ્ધિ માટે યથોચિત અનુષ્ઠાન કરવું, તે પ્રાયશ્ચિત્ત.

ઉત્તરાધ્યયન સૂત્ર - અ - ૯, ગાથા - ૩૫માં કહ્યું છે કે:

હે પુરૂષ! તું આત્માની સાથે જ યુદ્ધ કર.

બહારના શત્રુઓ સાથે શા માટે લડે છે?

આત્મા વડે જ આત્માને જીતવાથી સાચું સુખ મળે છે.

'यथाशक्तिविधानेन नियमात् सफलप्रदः ।' સૂક્તિ:
યથાશક્તિ તપ કરવાથી નિશ્ચે સફળતા મળે છે.

## તપ એટલે શું ? તે શું કરે ?

કાયોત્સર્ગ એ તપ છે, અલ્પભાષણ એ તપ છે અને
ક્રોધમાં જીવોને ન દુભવવા, તે પણ તપ છે.
જે ગુસ્સો કરે - નિંદા કરે,
તેના ઉપર પણ સદ્ભાવ રાખવો, એ પણ તપ છે.
જે તપ ન કરે, તેનું જલ્દી પતન થાય છે.
દાનથી ધનનો મેલ અને તપથી તનનો મેલ જાય છે.

## યથાશક્તિ તપવિધાનનું માહાત્મ્ય

વાસ્તવિક અવસ્થા - ભક્તિ ચિત્તશુદ્ધિની અપેક્ષા રાખે
અને ચિત્તશુદ્ધિ ઔચિત્યના પાલનની અપેક્ષા રાખે.
પૂર્ણ આજ્ઞાપાલન - તેનો અર્થ અન્યૂનાતિરિક્ત કરવો.
શક્તિથી ઓછું પણ નહીં અને
અધિક પણ નહીં, તે આજ્ઞાનું પૂર્ણ પાલન છે.
આત્માનુભૂતિ પર્યંત પહોંચવા ક્રમિક પાલન જરૂરી છે.

## સ્વરૂપલીનતા એ જ તપ.

જીવ અખંડ સ્વભાવની રૂચિના ઘોલનમાં
આહારની ઇચ્છા સહેજે તૂટી જાય છે,
અને ઇચ્છાનો નિરોધ કરી સ્વરૂપમાં લીનતા થવા,
તેને પ્રભુ ભગવાને 'તપ' કહ્યું છે.

બાહ્ય તપ આભ્યંતર તપના હેતુરૂપે ગ્રાહ્ય છે.
બાહ્ય તપની ઉત્કૃષ્ટતા આભ્યંતર તપની ઉત્કૃષ્ટતામાં પરિણમે.

અનશન પ્રાયશ્ચિત્તનો હેતુ છે.
ઉણોદરી વિનયનો, વૃત્તિસંક્ષેપ વૈયાવચ્ચનો, રસત્યાગ
સ્વાધ્યાયનો, કાયક્લેશ કાયોત્સર્ગનો અને સંલીનતા
એ ધ્યાનનો અંતરંગ હેતુ છે, માટે અનિવાર્ય છે.

સંયમમાં અને નિયમમાં રહેવું, તે તપ છે.

શ્રી દમદંત જેવો સમભાવ, શ્રી મેતાર્ય જેવો દયાભાવ,
શ્રી કાલિકસૂરિ જેવો સમવાદ, શ્રી ધર્મરૂચિ સમ અનવદ્ય,
શ્રી ચિલાતીપુત્ર જેવો સમાસ, શ્રી ઈલાપુત્ર સમ પરિજ્ઞા
અને શ્રી તેતલીપુત્ર સમ પ્રત્યાખ્યાન પ્રશસ્ય છે.

તપ એ ચિકિત્સાક્રિયા એટલે કે દુષ્કૃતગર્હા છે.

'ચતુર્દશ્યાં વિશિષ્ટાયામપિ મે નો મનોઽભવેત્ ।
વિશિષ્ટં તુ તપઃ સ્વલ્પં, હા હા મે કીદૃશી ગતિઃ ॥'

અર્થાત્: ચતુર્દશી જેવી વિશેષ તિથિમાં પણ મારું મન તપમાં વિશેષ રક્ત - સંબંધિત થતું નથી કે લાગતું નથી, આથી હું જાણું છું કે હાય હાય, મારી કેવી ગતિ થશે! મનને વિષે પ્રેરક - પ્રેર્યતાભાવ છે, આત્માથી પ્રેરાય છે- ઇંદ્રિયોને પ્રેરે છે. આથી શીખવાનું છે કે વિશિષ્ટ શુભ ભાવથી બાહ્ય તપો નથી કરતાં, તેની નિન્દા કરવામાં જો ના આવે, તો જરૂર તે આત્મા ઊંચી ગતિ પામે છે,

પરંતુ તપ જો ભૂલવાને માટે થતો હોય,
તો તે ભવની વૃદ્ધિ કરનારો બને છે.

'તપથી ભવભ્રમણ ટળે, તપથી ભવભય જાય,
વિવેકે ભવભય ટળે, અવિવેકે તે થાય.'

કર્મને નિમિત્તે કષ્ટ સહન કરવું, તે તપ નથી પણ ભાવને કર્મવિપાકને સમતા વડે સહવાથી તપ થાય છે.

શારીરિક તપ      વાચિક તપ      માનસ તપ

'દેવદ્વિજગુરુપ્રાજ્ઞ - પૂજનં શૌચમાર્જવમ્ ।
બ્રહ્મચર્યમહિંસા ચ, શારીરં તપ ઉચ્યતે ॥'

ભગવાન, બ્રાહ્મણ, ગુરુ મહારાજ અને ડાહ્યાં માણસની પૂજા કરવી, પવિત્રતા અને સરળતા રાખવી તથા બ્રહ્મચર્ય રાખી અહિંસા પાળવી, તે શારીરિક તપ કહેવાય છે.

'અનુદ્વેગકરં વાક્યં, સત્યં પ્રિયહિતં ચ યત્ ।
સ્વાધ્યાયાભ્યસનં ચૈવ, વાઙ્મયં તપ ઉચ્યતે ॥'

કોઈને ઉદ્વેગ ન થાય એવું, સત્ય - પ્રિય - હિતકારી વચન બોલવું તથા સ્વાધ્યાય - અભ્યાસ કરવો, તે વાણીનો તપ કહેવાય છે.

'મનઃપ્રસાદઃ સૌમ્યત્વં, મૌનમાત્મ વિનિગ્રહઃ ।
ભાવસંશુદ્ધિરિત્યેતત્, તપો માનસમુચ્યતે ॥'

મનની પ્રસન્નતા - સૌમ્યતા ટકાવી રાખવી, મૌન કરવું, આત્માને કાબુમાં રાખવો તથા ભાવશુદ્ધિ જાળવવી, તે મનનો તપ કહેવાય છે.

તપ : શરીર - મન - વચન દ્વારા થાય.

શારીરિક તપ એટલે દેહ - ગુરૂની ભક્તિ કરવી.

વાચિક તપ એટલે શાસ્ત્ર - સ્વાધ્યાય - મંત્રજાપ કરવો.

માનસિક તપ એટલે ભાવોની પવિત્રતા રાખવી.

પૃથ્વી તમામ જડ પદાર્થોને ગુરુત્વાકર્ષણથી જોરે જકડી રાખે છે, તેવી જ રીતે આપણા આત્માને આ દેહ પીંજરામાં જકડી રાખે છે. તેને છોડાવવાનો એક ઉત્તમ ઉપાય તપ છે.

તપ એ વાતની સાબિતી છે કે આત્મા દેહની નહીં, પરન્તુ આત્માની આજ્ઞામાં છે.

ચિત્તની એકાગ્રતાપૂર્વકની વિચારણા એ જ પરમ તપ.

તપની ક્રિયા સંયમ અને સમતાબદ્ધ શક્તિ છે.

તપની ચરિતાર્થતા સંયમ અને સમતાબદ્ધ છે.

સામાન્ય રીતે તપ સાથે ક્રોધ અને સત્ય સાથે શેખાઈ કે 'હું જ સાચો' એવી શેખી જોડાયેલ રહે છે, પરન્તુ તે તપ અને સત્યનું વાસ્તવિક સ્વરૂપ નથી.

અહીં પ્રકરણનાં તપમાં અનશન આદિ શારીરિક તપ છે,
સ્વાધ્યાય એ આપણી વાણીનું તપ છે અને
મંત્રજાપ એ આપણા મનનું તપ છે, પરન્તુ
ઇચ્છાનિરોધ તો મહાન તપ છે.
તેનું તાત્પર્ય સ્વસુખવિષયક ઇચ્છાને
સર્વસુખવિષયક ઇચ્છામાં પલટવી, એ જ મોટું તપ છે.
સ્વસુખવિષયક ઇચ્છા એ મળ છે,
સર્વસુખવિષયક ઇચ્છા એ તેનું શોધન છે.
તપ = શુષ્કતા, વિલાસ = સ્નિગ્ધતા એ ભ્રમણા છે.
તપ પાછળ તૃપ્તિ - શાંતિના ઝરા ઉભરાતાં રહે છે.
તપ એ માત્ર દેહદમન નહિ તથા
ત્યાગ એ માત્ર વસ્તુનો વિલય નહિ.
તપથી વાસના તૂટે છે અને ત્યાગથી વૈરાગ્ય જાગે છે.
બાહ્ય તપ રૂપાળું છે, તો આંતર તપ સુવાસ છે.
બાહ્ય તપથી ભલે નિર્મળતા - સ્વસ્થતા સ્વતઃ મળે,
તેમ અંતરંગ તપથી હૃદયની સુકુમાર વૃત્તિઓ ખીલે છે.

ભગવાન મહાવીરની સર્વ સિદ્ધિમાં

જે સિદ્ધિ ઉડીને આંખે વળગીને હૃદયના તારેતાર ઝણઝણાવી નાંખનાર તેવા ધર્મનું મૂળ છે: અહિંસા અને તપ.

હિંસા કરીને કોઈને પીડા કરવી, તે પાપ છે.

અહિંસાના પાલન વગર ધર્મ હોઈ શકે જ નહીં, કારણકે ધર્મનું મૂળ દયા, અનુકંપા, પ્રેમ, સહાનુભૂતિ છે, ક્રૂરતા, ક્રોધ, વૈર કે ધિક્કાર નહિ. મનુષ્યની ઊંચાઈનું માપ તેના દયા અને પ્રેમભાવના માપથી નીકળે છે. બ્રહ્મચર્ય ઉપરનો ભાર, તપ-વ્રતોનો આગ્રહ અને બધા અહિંસક આચારધર્મો - એ જૈન ધર્મનો નિચોડ છે. અહિંસાની ભાવના હૃદયના માર્ગે જ પ્રગટ થાય છે, માટે ભગવાન વારે ક્ષમાપના - શુભેચ્છા વડે, મન-ઈંદ્રિયોને દમવા વડે હૃદયને અત્યંત નિર્મળ રાખવાનો બોધ કર્યો.

જો આપણે હૃદયની સાફસૂફી પ્રત્યે બેદરકાર રહીશું, તો રસ્તો ભૂલીશું, પ્રકાશ બુઝાઈ જશે, અજ્ઞાન અને મોહનો અંધકાર અવેળાનું ફરી વળશે.

## તપભાવના

ચઉનાણ, સુરમહિત, તદ્ભવ મુક્તિગામી તથા સર્વ તીર્થંકરો પણ પોતાના જીવનમાં તપ આદરે છે. જેઓ તપને પરમધર્મ માનતા નથી અને ખાવા-પીવામાં ગાંડાતુર બનેલા રહે છે, તેમને અંત અવસ્થામાં પ્રબળ દાહ થાય છે. ખાવા-પીવામાં ભાન ભૂલાઈ જતાં ફાવે તેમ ઠાંસ્યું રહે, તેથી અંત સમયે ઝાડાનો રોગ થાય છે.

ઝાડો છૂટવાની સાથે પ્રાણ પણ છૂટી જાય છે. તેથી આત્મા શિયાળવો સરલ જ તિર્યંચ ગતિમાં જાય.

આવી દીનદશાની પ્રાપ્તિ ન થાય, માટે ખાવા ઉપર કાબૂ રાખી, તપને શ્રેષ્ઠ ધર્મ તરીકે કબૂલ કરવો ઘટે. 'ઈચ્છા સહિત ખાવામાં આવે, તો શિયાળીયો થાય' એ કથનનું તાત્પર્ય આ રીતે ખરું જોતાં તો આહારસંજ્ઞા ઉપર કાબૂ અને અંકુશ રાખવા માટેનું જ હોવું જોઈએ, નહીં કે મરતી વખતે પાણી છાંટીને મારી નાંખવા માટેનું. 'આહારસંજ્ઞા વધારો નહીં અને તપ કરવાની ટેવ રાખો.'

તપ, અહિંસા અને સત્ય આદિ
ધર્મની પાછળ પણ જો વિવેકને ન લાવે,
તો તે ધર્મ તરફ તેમને ય ધૃણા ઉત્પન્ન થવા લાગશે.
જો તપધર્મની પાછળ મુક્તિનો ઈરાદો ન હોય અને
આરોગ્ય - યશ આદિ પૌદ્ગલિક ધ્યેય હોય,
તે ધર્મ તરફ જૈનોની દૃષ્ટિ ય ધૃણાત્મક જ હોય, અન્યથા
તેઓ વિવેકને ધર્મના મૂળ તરીકે સમજ્યા ન જ ગણાય.
તપરૂપી અગ્નિ, કર્મરૂપી પશુ,
બ્રહ્મચર્યરૂપી સ્નાન, હિત - મિત - પથ્ય - સત્ય વાણી,
હૃદયમાં પરોપકાર, મનમાં અનિત્ય - અશરણ - એકત્વ
- અન્યત્વ - સંસાર - અશુચિ - આશ્રવ - સંવર - નિર્જરા -
લોકસ્વરૂપ - ધર્મ - બોધિદુર્લભ તથા મૈત્રી - પ્રમોદ - કારુણ્ય
- માધ્યસ્થ્ય ભાવના તથા જે બુદ્ધિ ધર્મમાં સ્થિર રહેશે,
તે સફળ જીવો આરાધક થઈને જીવનને સફળ કરશે.
<u>દાન</u> ધનના રાગને અને <u>શીલ</u> યૌવનના રાગને બાળે છે,
<u>તપ</u> શરીરના અને <u>ભાવ</u> સ્વજનના રાગને બાળે છે.

પ્રશ્ન: મેં ઘણો અભ્યાસ કર્યો છે, પરંતુ
'તપ' શું કહેવાય, તેની મને ખબર નથી. તપ શું છે?

ઉત્તર: તમે કહો છો કે 'મેં ઘણો અભ્યાસ કરેલો છે'
તો એ 'મેં' શબ્દ ક્યાંથી ઊઠે છે, તેની જો બરાબર
શોધ કરી શકો, તો તે મોટામાં મોટું 'તપ' છે.
જ્યારે આપણે કોઈ મંત્રનો જપ કરીએ છીએ,
ત્યારે એ અવાજ ક્યાંથી નીકળે છે,
ત્યાં જો મનને એકાગ્ર કરી શકીએ,
તો તે પણ 'તપ' જ છે.

તમે તમારા મનને પાછું વાળો, તેના મૂળની જ શોધ કરી,
બધા વિચાર ક્યાંથી ઉત્પન્ન થાય છે, તેની તપાસ કરી,
તે મૂળ જડશે એ જ આનંદમય - પ્રકાશમય આત્મા છે.
તપથી મન તથા દેહની શુદ્ધિ થાય છે.
જ્ઞાન-દર્શનથી તપ-ત્યાગ પ્રત્યે સ્થિરભાવ રહે છે.
જ્ઞાન અને દર્શન નેત્રનાં સ્થાને છે,
તપ અને ત્યાગ હાથ અને પગનાં સ્થાને છે.

# તપ છે શાંતિનો છડીદાર.

બળતો અગ્નિ એકે દિશા કે ખૂણાને
એમ બાળ્યા વિના છોડતો નથી, તેમ તપ પણ
મનુષ્યજીવનની એકે દિશા કે ખૂણો છોડતો નથી,
પરન્તુ જ્યાં જ્યાં નકામો કચરો હોય,
નકામા વિકૃતદ્રવ્ય બોજો હોય અથવા તો
નકામા કે હાનિકારક ટેવરૂપી ઝાડઝાલા હોય,
ત્યાં પહોંચી જઈ, એને બાળી સફાચટ કરે,
ત્યારે જ તેને શાંતિ થાય છે.
સઘળા કચરાને બાળી દીધા પછી જ તપ
શાન્ત થા ઉદ્દેશ્ય થાય છે અને પછી
એ મનુષ્યના જીવનમાં સંપૂર્ણ શાંતિ પ્રગટે છે.
તપ એ શાંતિ અને સમતા,
સંતોષ અને સમાધિનો છડીદાર છે.
શાંતિથી વિચાર કરી શકાય,
એ પણ કાંઈ ઓછો તેનો લાભ કે તપ નથી.

તપ = યોગમય હૃદયની વિચારણા.

તપ = દુઃખ સહન કરવાની શક્તિ.

તપ = ઇંદ્રિયોને જીતવા માટેનું અનુષ્ઠાન.

ઇંદ્રિયોને સ્વાધીન કરવા જે કષ્ટ ભોગવવું પડે, તે તપ.

તપ = તિતિક્ષા, વિચારપૂર્વકનું વર્તન, સમત્વની સાધના.

તપના મૂળમાં વિચાર અને જ્ઞાન છે.

ઇચ્છા જન્મે પછી પોતાના ધ્યેયમાંથી ચલિત થયાં વિના જે માનવી કાર્યરત રહે, તે કાર્યનું જ નામ 'તપ'.

'જ્ઞાનસાર'માં કહ્યું છે તેમ:

'જ્ઞાનમેવ બુધાઃ પ્રાહુઃ કર્મણાં તાપનાત્ તપઃ।'

બાહ્ય તપ અંતર્મુખતામાં સહાયક, તે ઉપચારથી 'તપ' છે.

અભ્યંતર તપ સંયમના પ્રાણભૂત છે, જ્યારે બાહ્ય તપ સંયમના શરીરરૂપ છે.

નમસ્કાર મંત્ર કે સામાયિક એ અભ્યંતર તપ છે.

આષાઢ ચાતુર્માસ, પર્યુષણની અઠ્ઠાઈ, સંવત્સરી વગેરે પર્વના દિવસે તપ કરવાથી પર્વનું બહુમાન થાય છે.

નાડિયાદ, ફાગણ સુદ ૪, શનિવાર

તપનો મર્મ સમજાય, તે માટે શાસ્ત્રોમાં લખ્યું છે કે:

શરીર, ઇંદ્રિયો અને મનની

વહેતી શક્તિને બચાવનાર 'તપ' છે.

તપ એ શરીર, ઇંદ્રિય, મનનો શોધક અને પોષક છે.

જે તપસ્વી નથી, તે દુઃખી જ થાય છે.

તપસ્વીને દુઃખનું કારણ રહેતું જ નથી.

તપથી અંતઃકરણની વિશુદ્ધિ થાય છે.

તપની શક્તિથી અપાર બહુ ઉપાયરૂપ બની જાય છે.

નિર્ગર્વતા, નિર્મત્સરતા, ભૂતદયા, નમ્રતા અને

પરોપકાર - એ સૌ ઉપાયના અનુપાન છે.

કર્મો ખસે, તો જ્ઞાન જાગ્રત થાય.

તેને દૂર કરવાના સાધનોમાં તપ મુખ્ય છે.

તપથી આત્મા શુદ્ધ અને જ્ઞાન જાગ્રત થાય છે, કિન્તુ

જ્ઞાન અને તપનો આ સંબંધ પાશ્ચાત્ય તત્ત્વજ્ઞાનમાં કે

ભૌતિક વિજ્ઞાનવાદમાં દેખાવામાં આવતો નથી.

## તપધર્મ એટલે...

પરમાત્મ રૂપ આત્મતત્ત્વ ઉપર બહુમાન સહિત રુચિ પ્રગટવાથી આત્મા તરફ આકર્ષિત થતા જાય તે.

### બાહ્ય - અભ્યંતર તપભેદ

કર્મને તપાવનાર હોવાને લીધે તપ તે જ્ઞાન જ છે, તેથી અંતરંગ તપ જ ઇષ્ટ છે. અનશનાદિ બાહ્ય તપ અંતરંગ તપને વધારનાર હોય, તો જ ઇષ્ટ છે. પ્રાયશ્ચિત્ત આદિ ભેદવાળા જ્ઞાનવિશેષ રૂપ અંતરંગ તપને પુષ્ટ કરનાર હોવાથી બાહ્ય તપ પણ તપ ગણાય છે. પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવચ્ચ, સ્વાધ્યાય, ધ્યાન તથા કાયોત્સર્ગ એ છ અંતરંગ તપ છે, કેમકે તેમાં જ્ઞાન વિશેષ સહકારી છે.

પ્રાયશ્ચિત્ત તપમાં પાપવિપાકની કટુતાનું જ્ઞાન છે.

વિનય તપમાં ગુણવિશેષની હિતકરતાનું જ્ઞાન છે.

વૈયાવચ્ચ તપમાં પાત્રવિશેષની ઉપકારકતાનું જ્ઞાન છે.

કાયોત્સર્ગ તો સાક્ષાત જ્ઞાનસ્વરૂપ છે,

કેમકે કાયોત્સર્ગ વડે આત્માનુભૂતિ થાય છે.

તપ એટલે કષ્ટ, પુરુષાર્થ, મનન નહીં,
બુદ્ધિપૂર્વક થતો અખંડ ઉદ્યમ.
દરેક પ્રાપ્તિ જે ચીજ માંગે છે:
તપ અને શ્રમ અથવા તપ અને ત્યાગ.
એ બન્નેને છૂપું બળ પૂરનાર તત્ત્વ ભક્તિ છે.
ભક્તિ એ કોઈ પ્રશંસાના શબ્દોનું ઉચ્ચારણ નહીં,
પરંતુ ઇષ્ટ તરફ ગતિ કરવાની શક્તિ છે.
જૈન અને જનમાં જે માત્રા અધિક છે.
ભક્તિ આકાશગામી કલ્પનાશક્તિ અને તપ-પુરુષાર્થ.
એ જે પાંખો જ જનને જૈન બનાવે છે.

## તપથી આધ્યાત્મિક ઉત્કર્ષ

ઉપવાસાદિ દ્વારા દેહદમન તે બાહ્ય તપ નહીં,
ધ્યાન, પ્રાયશ્ચિત, વિનય, સેવાસુશ્રૂષા અને સ્વાધ્યાય
દ્વારા ચિત્તનું સંશોધન તે આભ્યંતર તપ કહેવાય છે.
બંને તપની પ્રકૃષ્ટ આરાધના મુક્તિની પ્રાપ્તિ કરાવે છે.
તપ વિના આધ્યાત્મિક ઉત્કર્ષ અશક્ય છે.

## શાને શરીર વડે તપ અને સંયમમાં ઉદ્યમ કરવો?

'કૃમિકુળ કરતી કામિની, ગઈ દશાને સ્થાન,
દશાને દેવદર્શન હુઆ, લાગી લવની ભ્રાંત.'

શરીર અસ્થિર છે, છતાં
તે વડે સ્થિર એવું મોક્ષસુખ પ્રાપ્ત થઈ શકે છે.
શરીર મલીન છે, છતાં
તે વડે શુદ્ધ એવું આત્મસ્વરૂપ પામી શકાય છે.
શરીર નિર્ગુણ - નિઃસાર છે, છતાં
તે વડે સારભૂત કેવળજ્ઞાનાદિ ગુણ મેળવી શકાય છે.
માટે સ્થિર મોક્ષસુખ, શુદ્ધ આત્મસ્વરૂપ અને
સારભૂત કેવળજ્ઞાનાદિ ગુણો પ્રાપ્ત કરવા માટે
શરીર વડે તપ - સંયમમાં ઉદ્યમ કરવો.
શુદ્ધ ભાવયુક્ત તપ આત્મશક્તિઓને ઉત્પન્ન કરે
તથા સાધકની ચિત્તવૃત્તિઓનો રોધ કરે.
જે તપ કરવાથી કષાયોનો રોધ, કામવાસનાની નિવૃત્તિ
અને શુદ્ધ સ્વરૂપનું ધ્યાન થાય, તે તપ શુદ્ધ છે.

'तीव्रस्तपघंटीऽयं, क्षमाकर्कटीकान्वितः ।
धृतिहस्तो मनः कीलं कर्मधान्यानि चूरयेत् ॥'

<u>અર્થાત્</u>: તપ રૂપી આ ઘંટી કર્મ રૂપી ધાન્યને દળે છે.
મન રૂપી ખીલો, ધૃતિ રૂપી હાથો અને
ક્ષમા રૂપી મર્કટીથી યુક્ત એવી તે ઘંટી છે.
જે પ્રકારના પડમાં ઉપરનું પડ બાહ્ય તપ છે અને
નીચેનું પડ અભ્યંતર તપ છે. કર્મ પીસાઈ જાય છે.
બાહ્ય તપ રેચક છે, અભ્યંતર તપ ઉદ્દીપક છે.
<u>કર્મમળના સંચય વડે ઉત્પન્ન થયેલ અજીર્ણ
બાર પ્રકારના તપ દ્વારા દૂર થાય</u> છે.
જ્ઞાન એ પ્રકાશ આપનાર, તપ એ કચરો કાઢનાર
અને સંયમ એ નવા કચરાને આવતો અટકાવનાર છે.
સંયમ રૂપી દૂધને તપ રૂપી અગ્નિથી ઉકાળી
જ્ઞાન રૂપી સાકર ભેળવવાથી મધુર બને છે.
જ્ઞાન પણ સંયમ-તપના પ્રમાણમાં હોય, તો ગુણ કરે.
દૂધ કરતાં ખાંડ વધી જાય, તો કફ-અજીર્ણ કરે.

જ્ઞાનીઓ કહે છે: 'જ્ઞાનયોગ: તપ: શુદ્ધમ્ |'

શુદ્ધ તપ એ જ્ઞાનયોગ સ્વરૂપ છે,
જ્ઞાન એ પાપના પશ્ચાત્તાપરૂપ છે,
જ્ઞાનીના વિનયરૂપ છે તથા ગુરુજનની વૈયાવચ્ચરૂપ છે.
સ્વાધ્યાય, ધ્યાન અને કાયાના ઉત્સર્ગરૂપ છે.
તપ વડે નિકાચિત કર્મોનો પણ ક્ષય થાય છે.
જ્ઞાનસ્વરૂપ શુદ્ધ તપ એ જ ભાવનિર્જરા છે.
દેહદમન તે તપ નહિ પણ જ્ઞાનદશા તે તપ છે.
જેમ ચંદનની સાથે સુગંધ જોડાયેલી છે, તેમ
શુદ્ધ જ્ઞાનની સાથે તપ જોડાયેલો છે.
શારીરિક એટલે બાહ્ય તપના બધા પ્રકારોનું
સેવન ચારે પ્રકારના આહારના ત્યાગથી થાય,
તેથી છ પ્રકારમાં પ્રથમ એવું અનશન મુખ્ય છે.
યોગનો હેતુ મનની સમાધિ, તપનું શ્રેષ્ઠ કારણ યોગ,
તપ એ મોક્ષસુખરૂપી વેલડીનું મૂળ છે,
તેથી કંઈક મનની સમાધિ ધરવા કર !

તપ માટે એક સામાન્ય નિયમ છે કે :

ઉદરના બે ભાગ અન્નથી, એક ભાગ જળથી ભરવા
અને પેટનો એક ભાગ વાયુ માટે ખાલી રાખવો.
અન્નનો પ્રભાવ મન ઉપર પડે છે, તેથી
અન્ન સાત્વિક - ન્યાયનીતિપૂર્વક મેળવેલું હોવું જોઈએ.
નિષ્કામ તપ સાત્વિક, સકામ તપ રાજસિક, અજ્ઞાન તપ
તામસિક છે, પછી ભલે તે શરીર - વચન - મન સંબંધી હો.
વિષયોને જીતવા બાહ્ય - કષાયોને જીતવા આભ્યંતર તપ.
એક વડે શરીરની અને જ્ઞાન વડે મનની શુદ્ધિ થાય છે.
બાહ્યાંતર તપ વડે સૌથી પ્રધાન ફટકો પડે છે જીભને.
તપથી જીભને જીતવા - ખાવા ઉપર કાબૂ આવે છે.
હાથ - પગ, પેટ, માથું દુઃખે બહુ જીભ ગાજે તેટલું બોલે કે
ખાય, છતાં ન થાકે. એક તપ વડે જ તેના ઉપર કાબૂ
મેળવી શકાય. વિષય પર કાબૂ મેળવવાનું તપ અનશન
અને કષાય ઉપર કાબૂ મેળવવા માટે પ્રાયશ્ચિત.
મિચ્છામિ દુક્કડં એ બહુ તપ છે.

અભ્યંતર તપમાં ધ્યાન એ સર્વશ્રેષ્ઠ તપ છે.

અંતરાત્મભાવમાં રહીને શુદ્ધ પરમાત્માનું ધ્યાન યોગીના આત્માને પરમાત્મસ્વરૂપ બનાવે છે.

શાસ્ત્રમાં ઘોર, દુષ્કર, દુશ્ચર કયો તપ કોને કહ્યો છે?

પ્રાણીમાત્ર ઉપર સમત્વ બુદ્ધિ, નિર્વૈર ભાવના, મન, વચન, કાયાથી સાવદ્ય-અસત પ્રવૃત્તિનો ત્યાગ અને દુશ્ચર બ્રહ્મવ્રતના ધારકને શાસ્ત્રમાં ઘોર તપ કહ્યો છે.

આપીડન, પ્રપીડન, નિષ્પીડન એટલે તપશ્ચર્યાથી કેવળ દેહદમન જ નહીં, કિન્તુ આત્મશોધન કરવાનું છે. માત્ર દુઃખને સહન કરવાની શક્તિ મળવી, એ તપનું ફળ નથી, કિન્તુ ચિત્તશુદ્ધિ + આધ્યાત્મિક સુખનો અનુભવ તે તપનું ધ્યેય છે. ચિત્તક્લેશ નિવારણ માટે કાયક્લેશ ઉપાદેય છે, આત્મવિરાધના + સંયમવિરાધના ત્યાજ્ય છે. તિતિક્ષાભાવ કેળવવા માટે કાયક્લેશ પણ આવશ્યક છે.

'તપ' એટલે ધર્મપાલનાર્થે કષ્ટ સહવું.

તપનું અજીર્ણ ક્રોધ તથા જ્ઞાનનું અજીર્ણ અહંકાર છે.

# <u>અલગ પ્રકારના તપ</u>

અનુચિત કાર્યોનું પ્રાયશ્ચિત કરવું,
ફરી એવું ન કરવાનો સંકલ્પ કરવો, સદ્ગુણ વધે અને
તેને ઉપાર્જન કરવા માટે પ્રેરણા મળે,
તેમાં વિનય - વૈયાવચ્ચાદિ કાર્ય કરવા, સદ્ગુણો વધે
તેવી શાસ્ત્રાભ્યાસ કરવો, ચિત્તની એકાગ્રતા વધે અને
મમત્વાદિ ઘટે, તેવો પુરુષાર્થ - તે તપના જ પ્રકાર છે.

એક તપસ્વીના ત્યાગથી બાળકોનો લોભ મટે છે,
એક તપસ્વીના તપથી બાળકોનો મોહ ઘટે છે તથા
એક તપસ્વીના શીલથી બાળકોની વાસના શમે છે.
એકની દીક્ષાથી બાળ બધા વાસ્તવમાં નહીં તો પણ
ભાવના અને આદર્શમાં દીક્ષિત બને છે. પવિત્રતા
એકની પણ તેથી બાળ બધાનું જીવન પવિત્ર થાય છે,
અને દુનિયા આધ્યાત્મિક વિકાસમાં આગળ વધે છે.
દીક્ષાની ક્રિયા જ્યાં સુધી વિદ્યમાન રહેશે, ત્યાં સુધી
ત્યાગની ભાવના માનવોના દિલમાં દૃઢ કરનારી દીક્ષા છે.

## વૃત્તિનિરોધ મોટું તપ છે.

સદાચાર એ સંયમ અને તપ બન્નેને આવરી લે છે,
તપથી પૂર્વસંચિત કર્મ જાય, સંયમથી ક્રિયાઓ રોકાય છે.
અશુદ્ધ પ્રવૃત્તિઓનું નિવારણ સંયમથી થાય અને
અશુદ્ધ વૃત્તિનું નિવારણ તપથી થાય છે.
ધર્મનું પ્રથમ પગથિયું જ્ઞાન, બીજું દર્શન અને ત્રીજું
પગથિયું ચારિત્ર છે. જ્ઞાન તથા દર્શન આત્માનું અને
ચારિત્ર આચરણનું, તે ધર્મ 3 પ્રકારે ઉપલક્ષિત છે.
એક અહિંસામાં આત્માના ત્રણે ગુણ આવી જાય છે.
સંયમ-તપ અહિંસાના જ વિધાયક-નિષેધક સ્વરૂપ છે.
બાળજીવને પ્રથમ ધર્મક્રિયામાં પ્રીતિ ઉપજાવવી, પછી
ધર્મમાં દૃઢતા જાણીને શક્તિ મુજબ પચ્ચક્ખાણ કરાવવું.

### ઉપધાન તપમાં સમાવિષ્ટ છે...

(૧) એક લાખ નવકાર (૨) ૮૦૦૦ લોગસ્સ
(૩) ૧૫૦૦ શક્રસ્તવ (૪) ૯૦૦૦ ખમાસમણા
(૫) ૧૬૦૦ વાંદણા (૬) નિત્ય પ્રતિક્રમણ, પ્રતિલેખનાદિ.

# ઉપધાન તપ શા માટે કરવું?

સમ્યગ્જ્ઞાનથી દર્શનશુદ્ધિ, દર્શનથી આત્મસ્વરૂપદર્શિત્વ, તે વડે અનંતાનુબંધી કષાયચોકડીનો - તીવ્ર રાગદ્વેષનો અભાવ,

તે વડે ઈંદ્રિયોનું દમન અને કષાયોનો નિગ્રહ

અર્થાત્ વિષય - કષાય ઉપર વિજય.

એથી ગ્રન્થિભેદ - સમ્યક્ત્વલાભ - સર્વત્ર અપ્રતિબદ્ધતા, વિવેક, હેયોપાદેય વસ્તુવિચારમાં અત્યંત બદ્ધ લક્ષ્યતા, પવિત્ર - ઉત્તમ એવા અહિંસા લક્ષણ દશવિધ યતિધર્મ કરવા - કરાવવામાં આસક્તચિત્તતા, ઉત્તમ ક્ષાન્તિ, માર્દવ, આર્જવ, બાહ્યાંતર સર્વ સંગ પરિત્યાગ, બાહ્યાંતર અતિ ઉગ્ર - ઘોર - વીર - દુષ્કર તપ ચારિત્રાનુષ્ઠાનમાં રક્તતા, સત્તર પ્રકારના સંયમાનુષ્ઠાન પરિપાલનમાં બદ્ધૈકલક્ષ્યતા, સર્વોત્તમ સત્ત્વોદ્રિક્ત, છ જીવનિકાયહિત, અનિગૂહિત બળ - વીર્ય તથા પરાક્રમ, પુરિસક્કાર પરિશીલનપૂર્વકના સર્વોત્તમ સ્વાધ્યાય - ધ્યાનરૂપી અગ્નિથી પાપકર્મમલનું પ્રક્ષાલન થાય છે, તે કારણથી ઉપધાન તપ કરવું જોઈએ.

દુઃખને માંગો અને સુખને ત્યાગો.

ત્યાગે તેની આગે અને માંગે તેને ભાગે.

સંસારમાં દેહ હોવા છતાં દુઃખને ન ઈચ્છવા,
એ કેવળ તાપરૂપ હોઈને વધુ દુઃખ સ્વરૂપ છે. એ
તાપનું ઔષધ તપ છે કે જેમાં દુઃખને માંગવાનું હોય છે.
તપ વડે તાપ જાય છે, માટે તપ એ કર્તવ્ય છે.

તપ = દેહમાં દુઃખ આવે, તેને પ્રસન્નતાથી વેઠવા.

તપથી બાહ્ય દુઃખ છે અને આંતર સુખ છે.
તપના અભાવમાં બાહ્યથી સુખ - અભ્યંતરમાં દુઃખ છે.
બુદ્ધિથી સહુ પર જે આત્મતત્ત્વ છે, તેને પ્રાપ્ત કરાવનાર
તપ જ છે અને તપ 'નામ'માં પર્યવસાન પામે છે.
જે તપ કરે છે, તે 'નામ' દ્વારા ઊર્ધ્વગતિ પામે છે.
જે તપ ન કરે, તે પતન દ્વારા અધોગતિને પામે છે.
સર્વ જીવો સાથે હૃદયપૂર્વકની પ્રીતિ કરવાની છે.
દુઃખ સહન કરીને જે કોઈ ભક્તિ કરે તથા
સર્વ જીવોમાં સદ્ભાવ રાખે, તે 'તપ' કહેવાય.

તપ સાથે થતાં જાપથી તપે વિષય-કષાયો.

તપની સાથે સાથે થતી જપની ક્રિયા
સાધકના મનને વધારે ઊંડાણમાં લઈ જાય છે અને
પરમ પુરુષો સાથે માનસિક સંબંધ કરાવી આપે છે.
તે સંબંધ પ્રતિદિન વધતો રહીને સર્વ અંતરાયોનું
નિવારણ કરી આત્માને નિષ્કલંક કરી આપે છે.

તપ તલવારનું કામ કરે છે, જપ ઢાલનું કામ કરે છે.

સંસારવૃક્ષનું મૂળ કષાય અને તેનું મૂળ વિષય છે.

ફક્ત શરીરને જ કૃશ કરવાથી મુક્તિ નથી,
કર્મોને અને કષાયને કૃશ કરવાથી મુક્તિ છે.

બારે પ્રકારોમાં કયો તપ ભાવથી નજીક ?

ઉપવાસની જેમ જ બારે પ્રકારના તપમાંથી
કોઈપણ તપનું સેવન બધા પ્રકારના લાભ આપે જ છે.
તપના બધાં ભેદોમાં ઈચ્છાનિરોધ અનુસ્યૂત છે.
ભાવથી નજીક તે નજીક છે,
ભાવથી દૂર - તે દેહથી નજીક રહે, તો પણ દૂર છે.

તપનું પહેલું સૂત્ર : ભૌતિક શરીર સાથે તાદાત્મ્ય તોડો.

એ તોડીને જ તપના જગતમાં પ્રવેશ થઈ શકે.

તપનું પૂરું સૂત્ર : 'હું દેહશરીર નહિ, પ્રભુશરીર છું'.

તપનું પ્રથમ સૂત્ર 'હું શરીર નહિ' એ નિષેધાત્મક છે.

બીજું સૂત્ર 'હું પ્રભુશક્તિસ્વરૂપ છું' એ વિધેયાત્મક છે.

હકારાત્મક સૂત્રની અભાવ નકારાત્મક સૂત્ર નિર્બળ છે.

તેને બળવાન બનાવવા માટે 'હું પ્રભુ છું, ઊર્જા છું'

એ હકારાત્મક સૂત્રની જરૂર છે.

તપની મૂળ પ્રક્રિયા પ્રભુઊર્જાની સાથે તાદાત્મ્ય જોડવાની

અને ભૌતિક શરીર સાથે તાદાત્મ્ય તોડવાની છે.

ભોગની યાત્રા મૃત્યુની - યોગની યાત્રા અમૃતત્વની છે.

શરીર સાથેના તાદાત્મ્યને તોડીને જ તપની શરૂઆત થાય.

'હું અતીન્દ્રિય છું પણ ઐંદ્રિયક નહીં' તથા

'હું ભૌતિકશરીર નહીં, પરન્તુ પ્રભુશરીર છું.'

એ સંયમ અને તપના હકારાત્મક સૂત્રો છે.

જોર તો હકારાત્મક સૂત્ર ઉપર જ આપવાનું છે.

## બાહ્ય તપ પ્રધાન શા માટે ?

આપણે બાહ્ય છીએ, તેથી આપણા માટે બાહ્ય તપ પ્રધાન છે.

આભામંડળ ભૌતિક શરીરમાંથી પેદા થતું નથી,
ભૌતિક શરીરના માધ્યમ દ્વારા તે પ્રકટ થતું રહે છે.
તેનું મૂળ શરીર તો સૂક્ષ્મ રહે છે. તપનું કાર્ય સૂક્ષ્મ
શરીર ઉપર જ થાય છે. સૂક્ષ્મ શરીર = ઊર્જા શરીર.
ષટ્ચક્રો પણ ઊર્જા શરીરમાં છે. તેને correspond
કરનારાં દરેક સ્થાનો ભૌતિક શરીરમાં છે, ખરેખર જ.

તપ વિષયમુક્તિરૂપ છે. ૐ 18-4-72

તે ઇચ્છાનિરોધ, ઇચ્છાનિવૃત્તિ અને આત્મરતિરૂપ છે.
વિષયાસક્તિના ત્યાગના મૂળમાં ઇચ્છાનિરોધ રહેલો છે.

તપ એ જળ વિનાનું સ્નાન છે.

તપ અંતરંગ ચેતનાને તપાવે છે, જ્ઞાનજ્યોતિ પ્રકટાવે છે.
'श्रमण: श्राम्यति तपस्यति इति श्रमण: ।' - નિયમસાર
તપથી કર્મની નિર્જરા થતાં દુઃખમુક્તિ થાય છે તથા
દુઃખમુક્તિ એ તો માનવનો પરમ પુરુષાર્થ છે.

## મનની એકાગ્રતા એટલે તપ.

પંડિત ગણપતિ શાસ્ત્રીને મહર્ષિ રમણે તેમના એક પ્રશ્નનો જે ઉત્તર આપ્યો, તે 'તપ'ને સમજવાર્થે મહત્વનો છે.

પ્રશ્ન : મેં ઘણાં ગ્રન્થોનો અભ્યાસ કર્યો છે. ઈતિહાસ, પુરાણ, ઉપનિષદો, ગીતા વગેરેનું ઠીક ઠીક જ્ઞાન ધરાવું છું, પરન્તુ 'તપ' કોને કહેવાય, તેની મને સમજણ પડતી નથી.

ઉત્તર: તમે કહો છો કે 'મેં અભ્યાસ કર્યો છે' એમાં 'મેં' શબ્દ ક્યાંથી ઉઠે છે, તેની બરાબર શોધ કરી શકો, તો તમે તપ કર્યું છે, એમ કહેવાય. જ્યારે કોઈ મંત્રનો જપ કરતાં હોઈએ, ત્યારે તે અવાજ જ્યાંથી ઉદય થાય, ત્યાં મનને એકાગ્ર કરીએ, તો એ તપ છે.

### તપ કરે, તેનું પતન નથી.

સર્વમાં સદ્ભાવ રાખશો, તો સર્વ તરફથી તે મળશે.

સર્વમાં સદ્ભાવ રાખવો, તે એટલે તપ છે.

૨૨ પ્રકારના તપથી પરપદાર્થની ઈચ્છાનો ત્યાગ થાય છે.

ભગવાન મહાવીરની છદ્મસ્થાવસ્થાનો પરિચય

માગસર વદ ૧૦ થી વૈશાખ સુદ ૧૦ - તેમણે

<u>૧૨॥ વર્ષ અને એક પક્ષમાં કરેલા તપશ્ચર્યાની વિગત:</u>

(તપના અખંડ દિવસો ૧૧ વર્ષ, ૬ મહિના, ૨૫ દિવસ)

૧ વાર છ માસી તપ,

૧ વાર પાંચ દિવસ ન્યૂન એવું છ માસી તપ,

૯ વાર ચાર માસી તપ, ૨ વાર ત્રણ માસી તપ,

૨ વાર ૨॥ માસી તપ, ૬ વાર બે માસી તપ,

૨ વાર ૧॥ માસી તપ, ૧૨ વાર ૧ માસી તપ,

૭૨ વાર અર્ધ માસી તપ,

૧૨ અટ્ઠમ - ૨૨૯ છટ્ઠ,

૧ વાર ૧૦ દિવસની સર્વતોભદ્ર પ્રતિમા,

૧ વાર ૪ દિવસની મહાભદ્ર પ્રતિમા,

૧ વાર ૨ દિવસની ભદ્ર પ્રતિમા, ૧ અહોરાત્રિ પ્રતિમા,

૧ વાર દીક્ષા ગ્રહણ કરી તે દિવસે ઉપવાસ.

૧૨॥ વર્ષ તથા ૧ પખવાડીયામાં ફક્ત <u>૩૪૯</u> પારણા.

# સંયમ અને તપની જુગલબંધી

સંયમ એ માત્ર સંવર રૂપ છે,
તપ એ સંવર - નિર્જરા ઉભય સ્વરૂપ છે.
સંયમથી વિષયવૃત્તિ કાબુમાં આવે છે,
તપથી કષાયભાવ નાબુદ થાય છે.
સંયમ વડે ભોગવાસના જીતાય છે,
તપ વડે ભેદવાસના નાશ પામે છે.
સંયમ ઈંદ્રિયનિગ્રહરૂપ હોવાથી વિષયવૈરાગ્ય કેળવે છે,
તપ મનોનિગ્રહરૂપ હોવાથી કષાયનો ત્યાગ કરાવે છે.
સંયમ વડે ઈંદ્રિયજય થાય, તપ વડે મનોજય કરાય.
સંયમ એ વાસનાનાં - તપ એ ઈચ્છાનાં નિરોધરૂપ છે.
અહિંસાપાલનાર્થે ત્રણે યોગોની વિશુદ્ધિ જોઈએ,
તપ - સંયમ વડે મન - વચનના યોગો જ શુદ્ધ બને છે
તથા અહિંસા વડે કાયયોગની વિશુદ્ધિ કેળવાય છે.
જેમ બાહ્ય તપ અભ્યંતર તપનો ઉપબૃંહક છે, તેમ
બાહ્ય ભક્તિ એ આંતર ભક્તિની ઉત્તેજક છે.

સૌથી મોટો તપ = શ્રી જિનેશ્વરદેવોની આજ્ઞાનું પાલન.

પ્રભુ આજ્ઞા એ ઇચ્છારૂપી રોગનું પરમ ઔષધ છે.

તપધર્મની શુદ્ધિ એ છે કે :

કર્મસર્જિત વિભાવસ્વરૂપમાં રાચવું નહીં,
પરંતુ આત્મસ્વરૂપમાં રમણતા કરવી.

તપના દિવસોમાં સામાન્યથી શીલપાલન અને વિશિષ્ટ
સ્વરૂપરમણ રૂપ બ્રહ્મચર્યનું પાલન હોવું જોઇએ.

શક્તિ મુજબ દ્રવ્યભાવ જિનપૂજા અને
ક્રોધાદિ કષાયોનો નિગ્રહ - એ તપને શોભાવનાર છે.

તપસ્વીને આધીન કોણ?

ક્રોધ, માન, માયા કે લોભને આધીન તપસ્વી ન હોય,
પરંતુ તે ચારે તપસ્વીને આધીન રહે છે, તેથી
તપ એ સર્વ ધર્મમાં રાજાના સ્થાને છે.

આત્મરમણતા કરનાર તપસ્વીથી કષાયો દૂર રહે છે.

તપગુણથી ખુદ પોતે શોભે, તે આરાધક અને
જે તપગુણને શોભાવે, તે પ્રભાવક.

તપ એ કર્મનો ઉદય નહીં પણ ક્ષય - ક્ષયોપશમ છે.

તપનું ફળ પણ સંવર - નિર્જરા છે,
તેથી સ્વરૂપની ઉપલબ્ધિ સહજ બને છે.

જે વ્યક્તિ અસંયમી છે, પાપી છે, દુરાચારી છે તથા જેનું મન ચંચળ છે, તે ઊભો રહે, તો ય ચાલે છે, ચંચળ છે પણ જે નિશ્ચલ છે, ઉદાત્ત છે, સંયમી છે તથા સદાચારી છે, તે ચાલતો રહે છતાં સ્થિર છે. સર્વ વ્રતો જીવદયા માટે છે, માટે દાનધર્મમાં સમાય અથવા સર્વ વ્રતો પચ્ચખ્ખાણરૂપ છે, તેથી તપધર્મમાં પણ સમાઈ જાય છે. ચોથું વ્રત શીલધર્મમાં સમાય છે.

જીવનના કલ્યાણ માટે જાતે તપવું, તે તપ.

ઉપવાસ, ઉપાસના, મૌન, ધ્યાન દ્વારા પોતાના અંગત જીવનને તપાસી, તેમાં રહેલી ત્રુટિઓ દૂર કરી અને જીવનને સ્વચ્છ અને પવિત્ર કરવાનો પ્રયત્ન કરવો, તે તપનું ઉત્તમ ધ્યેય છે. તપ માટે અભ્યાસ જરૂરી છે અને અભ્યાસના મહેલમાં તો ખુદ પ્રભુનો વાસ છે.

## તપ એટલે...

મનની શુદ્ધતા + ચિત્તની પ્રસન્નતા જે દ્વારા વધે તે.

બ્રહ્મચર્ય પણ તપ છે, સત્ય પણ તપ છે.

તે વડે મન, ચિત્ત તથા બુદ્ધિની મલિનતા દૂર થાય છે.

'નાઽતપસ્વિનો યોગઃ સિધ્યતિ ।
ભવતાપેન તપ્તાનાં યોગઃ પરમૌષધમ્ ।'

અર્થાત્: અતપસ્વીને યોગ સિદ્ધ થતો નથી.
સંસારના તાપથી તપેલાંને યોગ - એ પરમ ઔષધ છે.

વિચારપૂર્વકનું વર્તન એ પણ તપ જ છે.

તપ એટલે સહનશીલતા, વિઘ્નજય, દૃઢ ઇચ્છાશક્તિ.

રોગ જેમ આકરો, તેમ દવા પણ આકરી.

નારકીના જીવો ઉપવાસ કરે, પશુના ભવોમાં ભૂખ્યું જાય,
ભૂંડના ભવમાં નિર્દોષ ભોજન કરે, તોય કર્મ ના છૂટે.
'કેવી રીતે આહારમાંથી મુક્ત થાઉં અને
ક્યારે અણાહારી પદને પામું' એ ભાવનાપૂર્વકના
ઉપવાસ, આયંબિલ વગેરે કર્મરોગનાં પરમ ઔષધ બને.

## અનેક પ્રકારના તપ

દીપ્તતપ = man invincible = અજેય મહારાજ.

તપ્તતપ = તેજોલેશ્યા. મહાતપ = દીર્ઘતપ.

દીર્ઘતપ = ભદ્રતપ[2], મહાભદ્રતપ[4], સર્વતોભદ્રતપ[10] = ૧૬.

ઘોરતપ = અનેક પ્રકારના અભિગ્રહયુક્ત તથા

જીવન પર્યંત છઠ્ઠ - અઠ્ઠમના સતત તપ.

જલ્લતપ = શરીરનો મેલ ન ઉતારવાનો નિયમ.

ઘોર ગુણ = નિરતિચાર ચારિત્રપાલન.

ઘોર પરાક્રમ = માથે ખેરના અંગારા રાખી

એક લાખ યોદ્ધાઓ સાથે યુદ્ધ કરવું સહેલું છે,

પરન્તુ આત્મા સાથે લડીને વિજય મેળવવો કઠિન છે.

મનોબલી = અંતર્મુહૂર્તમાં શ્રુતસાગરનું અવગાહન કરે.

વચનબલી = સર્વ શાસ્ત્રો કંઠસ્થ કરી શકે.

કાયબલી = ડુંગરને ડોલાવે.

'ધ્યાન' એટલે પ્રભુઆરાધનો જાપ.

તપ એ જપ + ધ્યાન સાથે મળીને લબ્ધિઓ પ્રગટાવે છે.

## તપધર્મ : નવતત્ત્વ ગાથા - ૫

'નાણં ચ દંસણં ચેવ ચરિત્તં ચ તવો તહા ।
વીરિયં ઉવઓગો ય, એયં જીવસ્સ લક્ખણં ॥'

## તપ : દ્રવ્ય અને ભાવ

૧૨ પ્રકારનો તપ એટલે નિર્જરાતત્ત્વ.

ઇચ્છાનિરોધ તે તપ - નિશ્ચય તપ.

'તાપયતિ અષ્ટ પ્રકારં કર્મ ઇતિ તપઃ ।' અર્થાત્:
આઠ પ્રકારના કર્મને તપાવે, માટે 'તપ' કહેવાય છે.

'તાપયન્તે રસાદિધાતવઃ કર્માણિ વા અનેનેતિ તપઃ ।'
રસ રુધિર માંસ મેદ અસ્થિ મજ્જા શુક્રાદિ ધાતુઓને વા
આઠ પ્રકારના કર્મોને તપાવે યા બાળે, તે તપ. બાર
ભેદમાંથી કોઈપણ એક ભેદવાળો તપ જિનમાર્ગમાં હોય
તથા જિન શિવાય અન્ય દર્શનમાં તે હોતો નથી.

કર્મથી છૂટવા, સ્વરૂપ તરફ જવા આત્માની
બળપૂર્વક પ્રયત્ન, તે તપવીર્ય - સ્ફુરવીર્ય - લબ્ધિવીર્ય
- યોગ - ઉત્સાહ - બળ - પરાક્રમ - શક્તિ - વીર્ય છે.

## <u>વીશ સ્થાનક તપવિધિ - પ્રભાવ</u>

'કર્મ તપાવે ચીકણાં, ભાવમંગલ તપ જાણ;
પચાસ લબ્ધિ ઉપજે, જય જય તપ ગુણખાણ.'

સમતા સહિતનો તપ નિકાચિત કર્મનો પણ ક્ષય કરે છે.
અગ્નિ વડે સુવર્ણ, તેમ તપ વડે જીવશુદ્ધિ થાય છે.
તપથી દ્રવ્ય તથા ભાવલક્ષ્મી મળે, ભવસંતતિનો ક્ષય,
રોગનું નિર્મૂલન, કર્મનો અંત, વિઘ્નોનો વિનાશ,
ઇંદ્રિયોનું દમન, ઇષ્ટની સિદ્ધિ, દેવોનું આકર્ષણ,
કામવિકારનો નાશ તથા મંગળની પરંપરા સર્જાય છે.
<u>પ્રથમ જિનેશ્વરે વર્ષ પર્યંત ઉપવાસ કર્યા</u> અને
<u>ચરમ જિનેશ્વરે છ માસ પર્યંત ઉપવાસ કર્યા.</u>
જે સાધ્ય દૂર, દુરારાધ્ય અને દેવોને પણ દુર્લભ હોય,
તે તપ વડે સાધ્ય થાય. તપનો પ્રભાવ અચિન્ત્ય છે.
શ્રીપાળરાજાનો કોઢ રોગ નાશ થયે કાયા કંચનવર્ણી થઈ.
દૃઢપ્રહારી, ચિલાતી પુત્ર તથા દ્વારિકામાં દ્વૈપાયને ૧૨
વર્ષ પર્યંત આયંબિલ કર્યા અને ઉપસર્ગ અટક્યાં.

ચિત્તરૂપી કરંડીયો, ઇંદ્રિયોરૂપી વિવર, વાંછારૂપ પવનનું ભક્ષણ, તેથી રાગાદિ રૂપ ભુજંગ વધે છે. તેને ભૂખ્યા રાખવાથી નાશ પામે તથા અનનુભૂત સુખ પ્રગટે છે.

<u>તપમાં મંદતા એટલે ઉપસર્ગોની સહ્યતા.</u>

કુગ્રહોની પીડાનો અને દુર્નિમિત્તાદિક દોષોનો ક્ષય તથા શુભ સંપદાઓની પ્રાપ્તિ - એ તપમંગળના ફળ છે.

અઠ્ઠમના પ્રભાવે માગધ - વરદામ - પ્રભાસ
ગંગા - સિંધુ - અધિષ્ઠાયક દેવો - ચક્રવર્તીને વશ થાય છે,
હરિનૈગમેષીને દેવો સેવે છે.

<u>તપથી જુના બંધનો કપાઈ જાય છે.</u>

ઇંદ્રિયોમાં જિહ્વા જતી, તેથી જગત જીત્યું.
જિહ્વા મૌન, મિતાહાર અને ઉપવાસથી જીતાય છે.

<u>તપથી દેવતાઓ પણ દાસ થાય.</u>

'સર્વ મંગળમાં પહેલું મંગળ, કર્મ નિકાચિત ટાળે,
ક્ષમા સહિત જે આહારનિરીહતા, આતમઋદ્ધિ નિહાળે,
તે ભવમુક્તિ આપી જિનવર... <u>તપ પદને પૂજીજે...'</u>

તપમાં વચમાં આવવું માને અંતરાય.

તપ કરવાના ઉપદેશના અવર્ણવાદથી કે
અવર્ણ કરવાવાળાઓના પરિચયથી આત્મકલ્યાણ માટે,
સદ્ગતિ કે સમાધાન્ય સુખાર્થે તપ કરનારની ટીકા કરનાર
એવો અંતરાય ઉપાર્જે કે જન્માંતરમાં તપના મહિમાનું
અવર્ણ, આચરણ કે અનુમોદન પણ એને ન મળે.

ભોગોપભોગની અભિલાષા છતાં તેનાં
સાધનો ન મળે કે કર્મબંધથી બચવાની બુદ્ધિ ન હોય,
તો જરૂર અંતરાય ગણાય.

મોક્ષના સાધન તરીકે તપ અત્યંત ઉપયોગી જાણવું.

રૂઢિ ન માનવું, તે હઠ - કદાગ્રહ છે કે...

નવા કર્મોના રોકાણ અને જુના કર્મોના ક્ષય માટેનો
ઉપદેશ ક્ષયોપશમ કે ક્ષાયિકભાવ છે, ઔદયિક નહીં.
ઉપદેશકને અંતરાયનો બંધ અને શ્રોતાને ઉદય નહિ.

તપમાં જેમ રસનેન્દ્રિયના ભોગનો ત્યાગ છે, તેમ
બ્રહ્મચર્યમાં સ્પર્શનેન્દ્રિયના ભોગનો ત્યાગ છે.

## કેવા તપને કષ્ટ ન કહેવાય ?

જે તપથી શ્રોત્રાદિ ઈંદ્રિયોને હાનિ - નુકસાન ન થાય,
જે કરવાથી મન આદિ નિરપેક્ષ બને,
આર્ત - રૌદ્રમાં ન પ્રવેશે, જે કરવાથી મોક્ષ આદિ માટે
પ્રતિદિન કરાતાં સ્વાધ્યાય - ધ્યાન - પ્રતિક્રમણાદિ
યોગોની હાનિ થાય નહીં, તેને કષ્ટ કોઈ કહે નહીં.
એક બાજુ દુઃખરૂપ કાર્ય પણ પરિણામે જો સુખનો
શેવધિ હોય, તો તે દુઃખ ન કહેવાય. આત્માને લાગેલાં
કર્મો શોધનારું તપ અંતરાયરૂપ - દુઃખરૂપ છે નહીં.
દાન આદિ થાય ધનવ્યયથી, શીલ આદિ થાય દેહદમનથી
અને તપ આદિ થાય વિશિષ્ટ દેહદમનથી.

કર્મક્ષય કરવા તપ જેવો ઉપયોગી બીજો રસ્તો નથી.

તપ એ કોઈ બંધન અથવા અંતરાયનો ઉદય નથી.
પુદ્ગલાનંદી, ઈંદ્રિયારામી, આહારાદિના કીડા જેવા માનવ
'નહીં ખવાયેલ દ્રાક્ષ ખાટી છે - દુઃખરૂપ છે'
એમ માની તપથી દૂર રહે છે.

જો ગુરુ ઉપર દ્વેષ, માત્સર્ય કે નિહ્નવ, તો ગુરુ ન મળે,
કારણ કે તેનો અર્થ એવો થાય કે:
તપ ઉપર દ્વેષ નહિ પણ તેને કરનાર ઉપર દ્વેષ છે.
લંઘન ક્રિયા એ આરાધન ક્રિયા છે, કિન્તુ
તપ કરવાની બુદ્ધિ કે ઇચ્છા વિના ખાવાની જ બુદ્ધિ
અને ઇચ્છા છતાં ભૂખ્યું રહેવું પડે, તે લાંઘણ ક્રિયા,
તેમાંય પણ અકામ નિર્જરા જરૂર થાય.
અકામ નિર્જરા બાલતપ થઈ દેવાનુબંધના હેતુ છે.
મોક્ષનું પ્રબળ સાધન અને આત્મકલ્યાણનો હેતુ એવા
તપસ્યાને 'લંઘન ક્રિયા'ના નામે નહીં ઉડાવતાં,
તેમાં પ્રવર્તવું અને પ્રવર્તાવવું - એ જ હિતકર છે.

## તપશ્ચર્યા - એક મહાન સદ્ગુરુ

સંસારમાં ભટકાવનાર કર્મ છે. તેનો છેદ કરવા માટે
શાસ્ત્રોક્ત જે કોઈ ક્રિયા થાય, તે તપયુક્ત જ છે.
ચારિત્ર તથા તપગુણમાં કટિબદ્ધ રહેનાર જીવોને જ
પરમિતને જણાવનાર અવધિજ્ઞાન આદિ તપનો ઉદય.

ખાનપાન, ગાનતાન, વિષયકષાયમાં ગુલતાન ન રહેવું, કેમકે તીર્થંકરો - ગણધરો - ચક્રવર્તીઓ - બળદેવો - સુંદરી આદિ ૧૬ સતીઓ - બાહુબલિ આદિ મુનિઓ પણ તપગુણમાં કટિબદ્ધ રહેનાર જણ્યો હોય છે - ત્યાં, તો આપણને પણ તપની જરૂર હોય છે.

૩ કે ૪ જ્ઞાનવાળા, તે જ ભવમાં મોક્ષે જવાવાળા, રત્નત્રયની અત્યંત શુદ્ધ દશા ઉપર રહેલાં, દેવેન્દ્રો અને નરેન્દ્રોથી પૂજિત અરિહંતપદોને પણ જો તપની જરૂર પડે છે, તો બાળ સામાન્યજનોને કેમ નહીં? તપસ્યા કરવા નહીં ટેવાયેલાંને તપદશા આકરી પડે.

'આવશ્યક નિર્યુક્તિ'માં કહ્યું છે કે:

તપણું પચ્ચક્ખાણ એકવિધ એકવિધ.

આહારાદિકના ત્યાગ બતાવનાર કે આહારાદિને ભાવનાર - હંમેશ દરેક ષડાવશ્યક કરનારો ગણાય છે. એકવિધ એકવિધ ભાંગાને પણ સંવર સ્વરૂપ માનેલ છે. પચ્ચક્ખાણરૂપગુણની શુદ્ધિથી કર્મના નિર્જરાની અધિકતા છે.

મુક્તિમાર્ગે અભાવ જેમ તપ એ મહાસાધન છે.

'પારણાંદિકની ચિંતા કરીએ, તો
અતિચાર લાગે, તેથી તપ ન કરવું' એમ વિચારવું,
તે વિપરીત શ્રદ્ધા છે - વિરુદ્ધ પ્રરૂપણા છે.

અતિચારનો અભાવ કરીને તપ જેવા
મહાન વ્રતને ન કરવાનો ઉપદેશ ઉત્સૂત્ર પ્રરૂપણા છે.

કોઈપણ તપનું પચ્ચખ્ખાણ એ તો ઉત્તરગુણ રૂપ છે.

જિનકલ્પી સ્થવિરકલ્પના મુનિઓ કે શ્રાવકોને માત્ર મનથી
લાગેલાં અતિચારોનું પ્રાયશ્ચિત માત્ર મિચ્છામિ દુક્કડં છે,
કિન્તુ તેઓને કાયાથી થયેલાં વ્રતોના અતિચારનાં
૨૮ ઉપવાસ સુધીનું પ્રાયશ્ચિત છે.

વસ્ત્રનો ઘણો મેલ માત્ર પાણીના સંયોગે જ દૂર થાય
અને શેષ માટે ક્ષારાદિકની જરૂર છે, તેમ અહીં પણ
સમ્યગ્દર્શનરૂપી ક્ષાર સહિત તપરૂપી જલની જરૂર છે.

દર્શન વિશ્વાસકારક છે, જ્ઞાન પ્રકાશકારક છે,
તપ નિર્જરાકારક છે તથા ચારિત્ર આવરોધકારક છે.

કર્મોને તોડવા કે રોકવાનું સામર્થ્ય
નિર્જરાના ભેદ તરીકે ૧૨ પ્રકારની તપશ્ચર્યા જ છે.
જ્ઞાની શ્વાસોચ્છ્વાસમાં કર્મ ખપાવે,
તેમાં કારણ જ્ઞાન નહીં પણ ગુપ્તિ છે.
અહીં યોગોથી થતાં પ્રાણાતિપાતાદિ આશ્રવરૂપ
અશુભ વ્યાપારને રોકે, તો જ સંવર - સંવર. ગુપ્તિરૂપ
સંવરનું સામર્થ્ય કર્મના ક્ષયમાં પ્રબળ નિમિત્ત છે.
પ્રત્યાખ્યાનથી તૃષ્ણાનો છેદ, તૃષ્ણાછેદથી અનુપમ શાંતિ,
અનુપમ શાંતિથી અપૂર્વ નિર્જરા, તેથી અપૂર્વ પ્રત્યાખ્યાન.
ઉપચાર કર્મનો કારણોમાં - અહીં રત્ન ઉપરાંત અન્ય
સાધનની જરૂર તે તપ, તેનાથી ચિરકાળના સંચિત
નિધત્ત નહીં નિકાચિત કર્મોનો ક્ષય થઈને
અવ્યાબાધ સુખસ્વરૂપ મોક્ષસુખની શ્રેણી પ્રાપ્ત થાય છે.
કર્મનો બંધ રાગ-દ્વેષના તારતમ્ય ઉપર આધાર રાખે છે.
રસના આદિનું દુર્જયપણું તપ આડે આવે છે.
રાગ-દ્વેષના કારણોમાં મુખ્ય ભાગ શરીર ભજવે છે.

તંદુલમત્સ્ય આહારસંજ્ઞાથી જ અસંખ્ય કષ્ટો ભોગવે છે.

જપ કરવામાં તલ્લીન રહેનારને
સરસ - નીરસ, સુરભિ - દુરભિ, મિષ્ટ - કટુ,
સ્નિગ્ધ - રૂક્ષ આદિ રાગ-દ્વેષ હોતાં નથી.

આયંબિલ - નીવિ - એકાસણાં - ઉપવાસની ટેવવાળા જ સમભાવ રાખી શકે છે. ટેવ વિનાનાને ખોરાક ઉપર, ભાજન ઉપર, પીરસનાર - રાંધનાર ઉપર તીવ્ર - અશુભ ધ્યાન થાય છે. તેઓ અપૂર્વ ભોજનને જ ઝંખે છે અને આખો વખત ક્રોધથી ધમધમે છે. જપઆરાધકને આહાર આદિનો સંયોગ ન થાય, તો ય પેટ બળ્યું લાગતું નથી. 'પેટ બળ્યું, તેણે ગામ બાળ્યું' એ ક્રોધનું વચન છે. જપઆરાધકને સ્નિગ્ધ બદલે રૂક્ષ, મિષ્ટ બદલે અમિષ્ટ, સંસ્કૃત બદલે અસંસ્કૃત લેવામાં પણ સંક્લેશ નથી, કિન્તુ તત્પરતા રહે છે. આહાર વિના ય તેઓની બુદ્ધિ પવિત્ર, હૃદય શુદ્ધ, મન શાંત રહી શકે છે તથા તેઓ મહિનાઓ સુધી શુભ ધ્યાનમગ્ન રહી શકે છે.

મહિનાઓ સુધી વિગઈઓવાળા આહારની છાંયાએ પણ ન જવું, છતાં સતત શુભ ધ્યાનની સરિતામાં સ્નાન કરવાનું સૌભાગ્ય તપસ્વી સજ્જનોને જ સર્જાયેલું હોય!

તપની ટેવ વગરનાને સરસ આહાર મળે, તો પણ તેના થોડી ન્યૂનતાને અંશ પણ સહન ન કરી શકે.

તપની ટેવ વગરનાને ભાગુ શાક ભજ્યાનો ભડકો હોય છે, તપધરાઉત્તમને તપસ્યામાં તરબોળતા - અનશનમાં આદરતા.

ઇન્દ્રિયોની આસક્તિના અસીમ અગ્નિકુંડમાં આત્માને હોમેલાંને રસનાને જીતવા રૂપી જવાંમર્દીનું ગ્રહણ સ્વપ્ને પણ ન હોય. અન્ય ઇંદ્રિયોને પોષનાર રસનેન્દ્રિય છે.

સર્વ ઇંદ્રિયોનું દમન ઇષ્ટ હોય, તે જ રસનાને દમે. રસનાને જીતવા, તે જ સર્વને જીતવા બરાબર છે.

અન્ય ઇંદ્રિયોની આસક્તિ મનને બાળે, શરીરને નહીં. ચામડાની ઝૂંપડીની કાળજુની આગનો ભડકો ભપકી ઉઠે છે. તપરૂપી મહાતીર્થમાં તરબોળ થએલાં તારકાત્માને શરીરની કૃશતા, જ્વર, ક્ષીણતા, ઉલ્ટીના શંકાદિ ઘણું નહિ.

## નમસ્કરણીય બ્રહ્મચારિણ આત્માઓ

દેવ - દાનવ - ગાંધર્વ - યક્ષ - રાક્ષસ - કિન્નર - સુર - અસુર - મનુષ્ય નમસ્કરણીય બ્રહ્મચારિણ આત્મા છે. વાનર સમ ચપળ મનમાં મનની શુદ્ધિ જ અવિદ્યમાન અહીં ગુપ્તિનો સદુપાય પણ ક્ષણવત્, ક્ષણમાત્રમાં તેવા તલ્લીનું પ્રગટ થાય છે, તે મહામલ્લને મચ્છરની માફક મસળી નાશ કરી શકે છે. ઘૃતાદિ વિગઈઓરૂપ રસમય પદાર્થો બ્રહ્મચારીઓએ વગર કારણે ઉપયોગમાં લેવા જ નહીં. જો તે પદાર્થો ખાવામાં આવે, તો તે ખાનારને વિગઈઓના તે રસો મોહનું દેદીપ્યમાનપણું કરનાર છે. અન્ય ઇંદ્રિયોના વિકારોની વૃદ્ધિ એમ રસનાથી થાય, તેમ માનસિક વિકલ્પોનો રાફડો પણ રસનાથી જ છે.

પરબ્રહ્મનું પરમ કારણ, ચારિત્રના પ્રાણરૂપ બ્રહ્મચર્ય માટે તપ ન કરવાવાળા સમર્થ ન થઈ શકે. ઇંદ્રિય અને માનસિક વિકારો બ્રહ્મના પ્રતિપક્ષી છે. વિગઈઓ જરૂર છોડવી. મન સાધ્યું, તેણે સઘળું સાધ્યું.

સાધુઓ દુર્ગતિથી ડરેલાં છે. સ્ત્રીપુત્ર - ધનધાન્ય - આરંભ - પરિગ્રહ - વિષય - કષાયના ત્યાગરૂપ સાધુપણું છે.

દુર્ગતિના ડર વિના સાધુપણું લેવાય જ નહીં.

તેથી સાધુ પણ જો વિગઈથી બનેલાં પદાર્થો ખાય છે, તો વિકાર ને મોહ ઉદય કરવાનો સ્વભાવ છે જેનો, એવી વિગઈઓ વિકાર કરે, જે બળાત્કારે દુર્ગતિએ લઈ જાય છે. વિગઈ રસનેન્દ્રિયની આસક્તિ કરનાર છે. ઈંદ્રિયો મનના દલાલ - ઈન્દ્રિયવિકાર મનના દબાવ છે.

આસક્તિથી રસ, રસથી વિકાર, વિકારથી દુર્ગતિ.

રસના જીતવાથી બ્રહ્મચર્ય - બ્રહ્મચર્યથી મનગુપ્તિ.

તપસ્યાથી ભડકે તે ભગવાનની છત્રછાયાથી ભડકનારા છે.

સ્વતંત્રપણે જીતવું મુશ્કેલ, મૂળ કારણને જીતવાથી સહેલ. ભોજના જોરે આવેલો જાય. પુદ્ગલવૃદ્ધિ રૂપ મોહનો ઉદય.

જીવનું પ્રથમ કાર્ય આહારપર્યાપ્તિએ પર્યાપ્તો.

વિગ્રહ ગતિમાં જો ચાર સમય, સમુદ્ઘાતમાં આઠ સમય, શૈલેશી - અયોગીપણા વખતે પાંચ હ્રસ્વાક્ષર સમય.

ઉપયોગે ભય સંજ્ઞા, પ્રવૃત્તિએ આહારસંજ્ઞા.

શરીર એ શ્રાપ અને કર્મનું કેદખાનું છે.

શરીર-ઈંદ્રિય-વિષયની ઇચ્છા નહીં, એકમાત્ર આહારની. તૈજસના તાપથી તરફડાટ. ભોજનઆહારમાંથી મલ છૂટે, રસ ન છૂટે. મલત્યાગે નહીં પણ રસત્યાગે બંધાયો છે. શરીર એ સંકટ છે, સંકડામણ - કુરામણ છે, શરીર એ જન્મ-મરણના સ્થાનરૂપ છે. શરીરધારણ એ જન્મનું જન્મ અને શરીરવિયોગ એ જન્મનું મરણ. સમ્યગ દર્શનના આદરની જેમ રસનાને જીતાવનાર તપનો પણ આદર કરવો જોઈએ. કર્મની તથા કરવામાં સમાન હોવું.

પાંચે ઈંદ્રિયો ભલે દુશ્મની નહીં, પરન્તુ
જન્મનાં અનંત ભવમાં અંતરાય કરનારી છે.

સહસ્ત્રવેધીના હાથમાં બાણને બદલે સોય,
દેવતાના પરવાના ચિત્રકારને પીંછીના બદલે જો ભાલ,
સેંકડો ગાઉ જઈ શકનાર કાસદને ભાંગી ઊંટના બદલે
બકરાની સવારી. દોરવામાં સાધન - પરમાર્થથી બાધન.

તપધર્મને અંગે ઉત્તરાધ્યયન સૂત્ર, આવશ્યક નિર્યુક્તિ,
શ્રી તત્ત્વાર્થ સૂત્ર, વિશેષાવશ્યક ભાષ્ય, ધર્મબિન્દુ,
દશ વૈકાલિક સૂત્ર ઉપરાંત ચૂલિકા, શ્રી કલ્પસૂત્ર તથા
નવ તત્ત્વાદિમાં અનેક શાસ્ત્રપાઠો આપેલાં છે.

કર્મશુદ્ધિ માટે તપ ઉપાદાન નહીં, નિમિત્ત કારણ છે.

તપ એ ગુણરૂપ નહીં, કિન્તુ ધર્મરૂપ છે.

અનશન વગેરે બાહ્ય તપો આહારના નિષેધ, સંક્ષેપ કે
ઓછાશ માટે છે તથા શરીર - ઇંદ્રિય વગેરેના પીડન,
સંલેખનારૂપ છે, તે પુદ્ગલની સાથે સંબંધ ધરાવે છે.

નામકર્મ એ પુદ્ગલકર્મની પ્રકૃતિ છે.

યોગોની સ્થિરતા અને શુભતાને ઉદ્દેશીને થતો અભ્યંતર
તપ પણ પુદ્ગલની અપેક્ષા રાખે છે. વ્રતાદિમાં લાગેલાં
અને વ્રતાદિને ધારણ કરનાર પ્રત્યે વિનય - ભક્તિ
તપ પણ પુદ્ગલાપેક્ષ છે.

જેવું લક્ષણ તપ, ત્યાં તપ અનાહારી પણ લેવાનો છે.
કર્મક્ષય માટે કરાતાં બાહ્ય - અભ્યંતર તપ ભિન્ન જ છે.

કયા દેવીએ કયું તપ કરી દેવીપણું પ્રાપ્ત કર્યું?

રોહિણી : કનકાવલિ, રત્નાવલિ, મુક્તાવલિ તપ.

ગંગા : સિંહનિષ્ક્રીડિત. સોભાગ્યા : ચંદ્રપ્રતિમા.

મંદપુણ્યિકા : જ્ઞાન, પાંચમ, અરિહંતાદિ પદ આરાધના.

સર્વસંપદા : રત્ન મુગટ - વજ્ર મુગટ.

શ્રુતદેવી : પ્રકીર્ણક તપ - પંચાશક તપ.

શાંતિદેવી : સર્વાંગ સુંદર તપ.

કાલી : નિરુજ શેખર, પરમ ભૂષણ તપ.

સિદ્ધાયિકા : આયતિજનક - સૌભાગ્ય તપ તથા
તેમણે કલ્પવૃક્ષ નામના તપ કર્યા હતાં.

અષ્ટક તથા પંચાશકમાં કહ્યું છે કે:

ભવ્યોને હિતકારક પ્રકીર્ણક તપ છે. જેઓ વ્યુત્પન્ન બુદ્ધિવાળા નથી, તેઓ સૌને પણ તપમાં જોડવા માટે પ્રધાન સ્થાની અહીંત અવ્યુત્પન્ન મતિવાળાને પ્રકીર્ણક તપ અત્યંત હિતકારી છે, તેથી અનુક્રમે માર્ગાનુસારી - ભાવશુદ્ધિ - ચારિત્ર અને મોક્ષ મળે છે.

## તીર્થંકરની માતા જે ૧૪ મહાસ્વપ્નો જૂએ છે,
## તેમાં... બારમું સ્વપ્ન દેવવિમાન.



નવોદિત સૂર્યબિંબ સમાન પ્રભાસ્વર, અગરૂ અને
લોબાનની સુગંધથી સુવાસિત એવું દેવવિમાન
આ સ્વપ્નના ફળરૂપે એમ સૂચવે છે કેઃ

આ બાળકનો પૂર્વજન્મ દેવલોકમાં થયો હશે,
જેથી તેની પુણ્યરાશિને તે ભોગવીને આવી રહ્યો છે.



: ત્રણ વાતને રોજે છોડોઃ ક્રોધ, લોભ અને મમતા :
ત્રણ વસ્તુની કદર કરોઃ સૌજન્ય, નમ્રતા તથા શીલ.
કામથી કર્મ - ક્રોધથી જ્ઞાન - લોભથી ભક્તિ હણાય છે.
ભક્તિ વધે, ત્યારે અભિમાન મરે તથા દીનતા આવે છે,
કિન્તુ અભિમાન વધે, તો માનજો કે ભક્તિમાં અવશ્ય ભૂલ છે.
કામ - ક્રોધ - માન - માયા - લોભ - મોહ - મદ - મત્સર આદિ
શત્રુઓનો નાશ કરવા અરિહંતનું નામ જપો, બેડો પાર થશે.

www.fiestadesigns.in